सत्यमेव जयते

**GJTP010000802022**

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૭–૦૨–૨૦૨૨ | | |
| કેસ નોંધણી તારીખ | ૦૭–૦૨–૨૦૨૨ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૦–૦૬–૨૦૨૬ | | |
| **અવધિ** | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૪ | ૧૩ |
| **આંક** | | | |

---

નામદાર સુપ્રિમ કોર્ટના **SUO MOTO WRIT (CRL) NO.(S)**1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર **VI** ના 179 **A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પફોર્મા મુજબ.

---

**– : : ફોર્મ– ''એ'' : : –**

**મે.મહેરબાન તાપી જીલ્લાના સ્પે.જજ(પોકસો) અને અધિક સેશન્સ જજ(એ.બી.ભોજક)સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાપી, મુ:વ્યારા.**

**<u>પોકસો(સ્પે.) કેસ નં: ૦૨/૨૦૨૨</u>**

<u>ચુકાદા તારીખ:–**૨૦/૦૬/૨૦૨૬**</u>

(સોનગઢ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૪૦૦ ૪૨૧૧૦૯૫/૨૦૨૧)

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | | શ્રી સરકાર(સ્ટેટ ઓફ ગુજરાત)<br>મુળ ફરીયાદી:–**** |
| **ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. સ્પે. પબ્લિક પ્રોસીકયુર** | | **શ્રી એસ.બી.પંચોલી** |
| **આરોપી** | **૧**<br><br><br>**૨** | **બલીરામભાઈ ગમનભાઈ ઉર્ફે ગમુભાઈ કોંકણી,**<br>ઉ.અ.વ.૪૦, ધંધો: ખેતી,<br>**અનિતાબેન ઉર્ફે અનુબેન વા/ઓ બલીરામ કોંકણી,**<br>ઉ.વ.આ.૩૭, ધંધો: ઘરકામ,<br>બંને રહે. આંબા,<br>તા.સોનગઢ, જી. તાપી. |

| | | |
|---|---|---|
| **આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. વકીલશ્રી** | | શ્રી **એન.એસ.પ્રધાન** |

**– : : ફોર્મ– ''બી'' : : –**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૦૫/૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૮/૧૨/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૨/૨૦૨૨ |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૦/૦૪/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૫/૦૫/૨૦૨૨ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | – |
| ચુકાદાની તારીખ | **૨૦/૦૬/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો, | –– |

**– : આરોપીની વિગત : -**

| **ક્રમ** | **આરોપીનુ નામ** | **ધરપકડ કર્યાની તારીખ** | **જામીન મુકત કર્યાની તારીખ** | **કયા ગુનાનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ** | **નિર્દોષ કે દોષિત** | **સજા જે ફરમાવામાં આવેલ હોય** | **ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે, ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કેદમાં રહેલ** |
|---|---|---|---|---|---|---|---|
| **૧**<br><br>**૨** | **બલીરામભાઈ ગમનભાઈ ઉર્ફે ગમુભાઈ કોંકણી,**<br><br>**અનિતાબેન** | ૨૯/ ૧૨/ ૨૦૨૧<br><br>૨૯/ | ૧૭/ ૧૨/ ૨૦૨૨<br><br>૨૧/ | ઈ.પી.કો. કલમ– ૩૭૬(૨) (એન), ૩૫૪એ (૧)(i) | **આખરી હુકમ** | **––** | **––** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **ઉર્ફે અનુબેન વા/ઓ બલીરામ કોંકણી,** | ૧૨/ ૨૦૨૧ | ૦૭/ ૨૦૨૨ | (II)(III), ૩૫૪ (બી), ૫૦૬(૧) , ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૬, ૧૦, ૧૪, ૧૭ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ ની કલમ- ૬૬(ઈ) | **મુ જ બ** | | |

**-: : ફોર્મ- ''સી'' : : -**

**-: ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે મૌખિક પુરાવા : -**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા : -**

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૩ | ''ટી'' ''એફ'' ભીલની સોંગદ પરની જુબાની | ભોગ બનનાર/ ફરીયાદી |
| ૨ | ૨૭ | ''એફ'' સામાભાઈ ભીલની સોંગદ પરની જુબાની | ભો.બ. ના પિતા |
| ૩ | ૨૯ | ''આર'' ''એફ'' ભીલની સોંગદ પરની જુબાની | ભો.બ. ના માતા |
| ૪ | ૩૭ | આમીરભાઈ સુરેશભાઈ વસાવાની સોંગદ પરની જુબાની | ભો.બ. નો મિત્ર |
| ૫ | ૪૩ | હરીશભાઈ સ્વામીનાથ ગુપ્તાની સોંગદ પરની જુબાની | ભો.બ. લીધેલ મોબાઈલ શોપના માલીક |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૪૫ | મુનીર હુસેન રફીક હુસેન ખૌજાની સોંગદ પરની જુબાની | મોબાઈલ શોપમા નોકરી કરનાર |
| ૭ | ૪૯ | ઉમેદભાઈ ભગુભાઈ ગામીતની સોંગદ પરની જુબાની | આરોપીએ લીધેલ મોબાઈલ શોપના સાહેદ |
| ૮ | ૫૧ | આશીષભાઈ અર્જુનભાઈ ગામીતની સોંગદ પરની જુબાની | સાહેદ |
| ૯ | ૫૬ | દિનેશભાઈ દામજીભાઈ ભીલની સોંગદ પરની જુબાની | સાહેદ |
| ૧૦ | ૬૧ | કપીલાબેન મહેન્દ્રભાઈ કોંકણીની સોંગદ પરની જુબાની | આરોપીની બહેન |
| ૧૧ | ૬૨ | મહેન્દ્રભાઈ દેવજીભાઈ કોંકણીની સોંગદ પરની જુબાની | આરોપીની બહેનના પતિ |
| ૧૨ | ૬૩ | છનીયાભાઈ ચામડીયાભાઈ ગામીતની સોંગદ પરની જુબાની | મકાન માલીક |
| ૧૩ | ૬૮ | મહીમાબેન પરમેલભાઈ વળવીની સોંગદ પરની જુબાની | તલાટી કમ મંત્રી |
| ૧૪ | ૭૦ | અજયસિંહ જશવતંસિંહ રાઠોડની સોંગદ પરની જુબાની | નકશો બનાવનાર |
| ૧૫ | ૭૭ | ડો. દિલીપભાઈ શિવાજીભાઈ ગામીતની સોંગદ પરની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૧૬ | ૮૭ | પ્રતાપભાઈ પોપટભાઈ મેરની સોંગદ પરની જુબાની | સ્થળ સ્થિતિનો નકશો બનાવનાર |
| ૧૭ | ૯૦ | ભરતભાઈ સખારામભાઈ કોંકણીની સોંગદ પરની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની | |
| ૧૮ | ૯૧ | હર્ષાબેન સુભાષભાઈ કોંકણીની સોંગદ પરની જુબાની | આરોપી નં.૨ નો ભાઈ |
| ૧૯ | ૯૫ | ડો.રોશનીબેન કવીદાસ ભગતની સોંગદ પરની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૨૦ | ૧૦૫ | ચંદુભાઈ વેચીયાભાઈ ગામીતની સોંગદ પરની જુબાની | આંબા પ્રા.શાળા ના આચાર્ય |
| ૨૧ | ૧૦૮ | ભાવેશભાઈ ભગવાનભાઈ ટાંકની સોંગદ પરની જુબાની | તલાટી કમ મંત્રી |
| ૨૨ | ૧૧૨ | પૂર્વા વ્રજેશભાઈ ધનેશાની સોંગદ પરની જુબાની | ફરીયાદ નોંધનાર |
| ૨૩ | ૧૨૩ | સતીષભાઈ જયંતિભાઈ બગથરીયાની સોંગદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૨૪ | ૧૩૭ | કિશોરભાઈ અમરસિંહભાઈ સોંદરવાની સોંગદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૨૫ | ૧૪૨ | હિતેશભાઈ કિશોરભાઈ શાહની સોંગદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૨૬ | ૧૬૩ | નગીનભાઈ દલાભાઈ ચૌધરીની સોંગદ પરની જુબાની | પી.એસ.ઓ. |
| ૨૭ | ૧૬૭ | નયન સુરેશભાઈ ચૌહાણની સોંગદ પરની જુબાની | ત.ક.અ. |
| ૨૮ | ૧૭૪ | રામજી લક્ષ્મણભાઈ માવાણીની સોંગદ પરની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**(બી) બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા : –**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) અદાલત તરફે મૌખિક પુરાવા : –

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| – | – | – | – |

–: ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા : –

(એ) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા : –

| અનુ. નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરીયાદ |
| ૨ | ૧૫ | ભોગબનનારનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૩ | ૨૮ | ભોગબનનારના પિતાનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૪ | ૩૦ | ભોગબનનારની માતાનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૫ | ૩૮ | ભોગબનનારના મિત્રનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૬ | ૪૪ | ભોગબનનારે લીધેલ મોબાઈલ શોપના માલીકનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૭ | ૪૬ | મોબાઈલ શોપમા નોકરી કરનાર સાહેદનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૮ | ૫૦ | આરોપીએ લીધેલ મોબાઈલ શોપના માલીકનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૯ | ૫૨ | સાહેદ આશીષભાઈનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન |
| ૧૦ | ૭૧ | મામલતદારશ્રી સોનગઢનાઓને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા લખેલ યાદી |
| ૧૧ | ૭૨ | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૧૨ | ૮૮ | વિસ્તરણ અધિકારી પંચાયત જામખડી વિભાગ તા.સોનગઢ , જી.તાપીનો પત્ર |
| ૧૩ | ૮૯ | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૧૪ | ૯૭ | સ્ત્રીરોગ નિષ્ણાંતશ્રી,જનરલ હોસ્પીટલ,વ્યારાનાઓને ભોગ |

| | | |
|---|---|---|
| | | બનનારની મેડીકલ ચકાસણી કરવા કરેલ યાદી |
| ૧૫ | ૯૯ | ભોગ બનનારનુ એનેક્ષર –૧ ( જનરલ હોસ્પી.વ્યારા) |
| ૧૬ | ૧૦૦ | ભોગ બનનારનુ એમ.એલ.સી.સર્ટી. તથા હીસ્ટ્રી. ( જનરલ હોસ્પી.વ્યારા) |
| ૧૭ | ૧૦૬ | ભોગ બનનારનુ શાળા પ્રવેશફોર્મની નકલ |
| ૧૮ | ૧૦૭ | ભોગ બનનારનુ જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ(તલાટી કમ મંત્રી ગ્રામપંચાયત આંબા) |
| ૧૯ | ૧૦૯ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર (તલાટી ક્મ મંત્રી ગ્રામપંચાયત આંબા) |
| ૨૦ | ૧૧૦ | ભોગ બનનારનુ શાળાના જનરલ રજીસ્ટરની નકલ |
| ૨૧ | ૧૧૩ | એફ.આઇ.આર.ની નકલ |
| ૨૨ | ૧૨૪ | આરોપીઓના શરીરસ્થિતીનુ કરેલ પંચનામુ |
| ૨૩ | ૧૨૫ | ભોગ બનનારના કપડાનુ કરેલ પંચનામુ (પો.ઇ.શ્રી સોનગઢ દ્વારા) |
| ૨૪ | ૧૨૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨૫ | ૧૩૮ | રીકન્સટ્રકશન પંચનામુ |
| ૨૬ | ૧૩૯ | આરોપી પાસેથી મળેલ સીમકાર્ડ પંચનામુ |
| ૨૭ | ૧૪૦ | વિડીયોગ્રાફીની ડી.વી.ડી. કબ્જે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૮ | ૧૪૩ | ડીસ્કવરી પંચનામુ (પો.ઇ.શ્રી સોનગઢ દ્વારા) |
| ૨૯ | ૧૪૪ | ડીસ્કવરી પંચનામુ (ના.પ.અધિ.શ્રી વ્યારા વિભાગ દ્વારા) |
| ૩૦ | ૧૪૫ | ભોગ બનનારના કપડાનુ કરેલ પંચનામુ (ના.પ.અધિ.શ્રી વ્યારા વિભાગ દ્વારા) |
| ૩૧ | ૧૬૫ | મામલતદારશ્રી સોનગઢનાઓએ આરોપીઓનુ ઓળખ પરેડનુ કરેલ પંચાનામાની નકલ |
| ૩૨ | ૧૬૮ | તાલુકા પંચાયત અધિ.શ્રી સોનગઢ નાઓને સરકારી પંચો મેળવવા કરેલ યાદી |
| ૩૩ | ૧૬૯ | એફ.એસ.એલ. તાપી નાઓએ આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩૪ | ૧૭૫ | ચીફ ઓફીસરશ્રી,સોનગઢ નાઓને સરકારી પંચો મેળવવા કરેલ યાદી |
| ૩૫ | ૧૭૬ | આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા સોનગઢ નાઓને |

| | | |
|---|---|---|
| | | સરકારી પંચો મેળવવા કરેલ યાદી |
| ૩૬ | ૧૭૭ | પ્રાયોજના વહીવટદારશ્રી તા.સોનગઢ નાઓને સરકારી પંચો મેળવવા કરેલ યાદી |
| ૩૭ | ૧૭૮ | મેડીકલ ઓફીસરશ્રી રેફરલ હોસ્પી.સોનગઢનાઓને ભોગ બનનારનુ મેડીકલ ચકાસણી કરવા કરેલ યાદી |
| ૩૮ | ૧૭૯ | મેડીકલ ઓફીસરશ્રી રેફરલ હોસ્પી.સોનગઢનાઓને આરોપીનુ મેડીકલ ચકાસણી કરવા કરેલ યાદી |
| ૩૯ | ૧૮૦ | ભારતીય પુરાવા અધિ. ૧૮૭૨ ની કલમ ૬૫ (બી) ની જોગવાઈનુ પ્રમાણપત્ર |
| ૪૦ | ૧૮૧ | રવાનગી પત્રક ની નકલ |
| ૪૧ | ૧૮૨ | રવાનગી પત્રક ની નકલ |
| ૪૨ | ૧૮૩ | રવાનગી પત્રક ની નકલ |
| ૪૩ | ૧૮૪ | એફ.એસ.એલ.સુરત ખાતે મુદ્દામાલ મોકલેલ તે અંગેની પહોંચ |
| ૪૪ | ૧૮૫ | એફ.એસ.એલ.સુરત ખાતે મુદ્દામાલ મોકલેલ તે અંગેની પહોંચ |
| ૪૫ | ૧૮૬ | એફ.એસ.એલ.સુરત ખાતે મુદ્દામાલ મોકલેલ તે અંગેની પહોંચ |
| ૪૬ | ૧૮૭ | એફ.એસ.એલ.સુરત ખાતે મુદ્દામાલ મોકલેલ તે અંગેની પહોંચ |
| ૪૭ | ૧૮૮ | એફ.એસ.એલ નો પત્ર |
| ૪૮ | ૧૮૯ | એફ.એસ.એલ નો પત્ર |
| ૪૯ | ૧૯૦ | એફ.એસ.એલ. નો પત્ર |
| ૫૦ | ૧૯૧ | એફ.એસ.એલ. નો પત્ર |
| ૫૧ | ૧૯૨ | એફ.એસ.એલ. નો પત્ર |
| ૫૨ | ૧૯૩ | એફ.એસ.એલ. નો રીપોર્ટ |
| ૫૩ | ૧૯૪ | કલમ ૬૫ બી(૪)(સી) નુ સર્ટીફીકેટ |
| ૫૪ | ૧૯૫ | એફ.એસ.એલ. એક્ઝામીંનેશન રીપોર્ટ |
| ૫૫ | ૧૯૬ | ભૌતીકશાસ્ત્ર વિભાગનો અહેવાલ |
| ૫૬ | ૧૯૭ | રસાયણશાસ્ત્ર વિભાગનો અહેવાલ |

| | | |
|---|---|---|
| ૫૭ | ૧૯૮ | બાયોલોજી પરીક્ષણનો અહેવાલ |
| ૫૮ | ૧૯૯ | સીરોલોજીકલ પ્રુથ્થકરણ અહેવાલ |
| ૫૯ | ૨૦૦ | એફ.એસ.એલ. કચેરી તરફથી પૃથ્થકરણ થઈને આવેલ DVD-R EXH-AF |
| ૬૦ | ૨૦૧ | એફ.એસ.એલ. કચેરી તરફથી પૃથ્થકરણ થઈને આવેલ DVD-R EXH-AG |
| ૬૧ | ૨૦૨ | એફ.એસ.એલ. કચેરી તરફથી પૃથ્થકરણ થઈને આવેલ DVD-R EXH-AH |
| ૬૨ | ૨૦૩ | મોબાઈલ બીલની સર્ટીફાઇડ કોપી |
| ૬૩ | ૨૦૪ | આરોપી બલીરામની મો.સા. GJ.26.P.1796 નુ આર.ટી.ઓ. દ્વારા આપેલ નકલ |
| ૬૪ | ૨૦૫ | વોડાફોન કંપની તરફથી મળેલ યાદી તથા મોબાઈલ નંબરોના ૬૫ (બી)(૪)(સી) મુજબના અસલ સર્ટી. |
| ૬૫ | ૨૦૬ | જીઓ કંપની તરફથી મળેલ યાદી તથા મોબાઈલ નંબરોના ૬૫ (બી)(૪)(સી) મુજબના અસલ સર્ટી. |
| ૬૬ | ૨૦૭ | આરોપી બલીરામના મોબાઈલ નં.૯૯૭૯૯૪૦*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૬૭ | ૨૦૮ | આરોપી બલીરામના મોબાઈલ નં.૮૧૪૧૧૨૨*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૬૮ | ૨૦૯ | આરોપી બલીરામના મોબાઈલ નં.૮૯૮૦૦૫૪*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૬૯ | ૨૧૦ | આરોપી બલીરામ પાસેના મોબાઈલ નં.૭૦૬૯૨૧૪*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૭૦ | ૨૧૧ | આરોપી બલીરામ પાસેના મોબાઈલ નં.૯૧૧૨૪૫૫*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૭૧ | ૨૧૨ | આરોપી અનિતાબેનના મોબાઈલ નં.૯૭૨૬૭૫૬*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |
| ૭૨ | ૨૧૩ | ભોગબનનારના મોબાઈલ નં.૯૭૭૩૨૬૮***ના સર્ટીફાઇડ CDR |
| ૭૩ | ૨૧૪ | ભોગબનનારના ઘરના મોબાઈલ નં.૯૩૧૩૭૩૨*** ના સર્ટીફાઇડ CDR |
| ૭૪ | ૨૧૫ | ભોગબનનારના પિતાના મોબાઈલ નં.૯૮૨૫૨૪૭*** ના સર્ટીફાઇડ CDR/SDR/CAF |

| | | |
|---|---|---|
| ૭૫ | ૨૧૬ | સાહેદ અમીર વસાવાના મોબાઈલ નં.૯૨૬૫૧૪૨*** ના સર્ટીફાઈડ CDR/SDR/CAF |

**( બી) બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા : –**

| અનુ. નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

**( સી) અદાલત** તરફે દસ્તાવેજી પુરાવા **:–**

| અનુ. નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

**નોંધ :–** બચાવપક્ષ તરફે કે કોર્ટ ધ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**(ડી) મુદ્દામાલ : –**

**<u>મુદ્દામાલ પાવતી નં. ૩૪ થી ૪૩ વિગત</u>**

| અનુક્રમ નંબર | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ થી ૩૧ | સેમસંગ કંપનીનો મોબાઈલ નંગ–૧, નોકીયા કંપનીનો મોબાઈલ નંગ–૧, ઓઢણી, ટોપ, લેગીસ, નીકર, ઈનર, જીયો કંપનીનો ફોન નંગ–૧, ગાદલુ, શેતરજી, બળેલા અવશેષો, કંટ્રોલ સેમ્પલ, અર્ધ બળેલા અવશેષો, હીરો કંપનીન મો.સા., સીમકાર્ડ, ટી–શર્ટ, લોવર, જાગીયો, શર્ટ, પેન્ટ, જાંગીયો, ટોપ, ક્રેપી, ઈનર, નિકર, ક્રેપી, ઈજાર, નિકર, પ્રથમ ડી.વી.ડી., ત્રીજી ડી.વી.ડી, પાંચમી ડી.વી.ડી. |

-----------------------------------

**ચાર્જ :–** ઇ.પી.કો.કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪એ(૧)(।)(॥)(।॥), ૩૫૪ (બી), ૫૦૬(૧), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬, ૧૦, ૧૪, ૧૭ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ) મુજબ.

-----------------------------------

## –:: ચુકાદો ::–

(૧) હાલનો કેસ **જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨** (હવે પછી સદરહુ કલમ ને "**પોકસો એકટ**" થી ઓળખવામાં આવશે) અન્વયેનો હોય જે ધ્યાને રાખતા પોક્સો એકટની કલમ–૩૩(૭) અન્વયે ભોગ બનનાર બાળકની ઓળખ કોઈ પણ સમયે જાહેર ન થાય તેનું ધ્યાન રાખતા, હાલના ચુકાદામાં ભોગ બનનાર બાળક તથા તેણીના પિતામાતાના નામથી ભોગ બનનાર બાળકની ઓળખ છતી ન થાય તે હેતુથી ગુપ્ત રાખવામાં આવેલ છે.

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ આશરે કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન તથા તે પહેલા મોજે સોનગઢ ટાઉનમાં આરોપી બલીરામભાઈના બહેન કપીલાબેનના ઘરે થાણાથી ઉ.કી.મી.૧ તથા આરોપીના ખેતરના કાચા ઝુપડામાં આરોપી નં.૧ એ ફરીયાદી/ભોગ બનનાર સગીરા સાથે વર્ષ–૨૦૨૧ ના મે મહીનામાં અલગ અલગ દિવસે બે વાર પોતાના ખેતરમાં બનાવેલ કાચા ઝુપડામાં ભોગ બનનારને તેણીના કપડા વગરના ફોટા પાડવા દેશે તો તેણીને સારા પૈસા મળશે તેવી લાલચ આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી પોતાના મોબાઈલમાં અશ્લીલ વિડીયો ઉતારી આરોપી નં.૨ ઝુપડાની બહાર ઉભા રહી ધ્યાન રાખી મદદગારી કરેલ તેમજ તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ આરોપી નં.૧ તથા આરોપી નં.૨ એ ભોગબનનારને બેંકમાં કે.વાય.સી. કરાવવાના બહાને પોતાની હીરો ડીલક્ષ મોટર

સાયકલ નં.જીજે–૨૬–પી–૧૭૯૬ ઉપર સોનગઢ ખાતે લઈ જઈ આરોપી નં. ૧ ના બહેનના બંધ ઘરે લઈ જઈ ઠંડુ પીણુ પીવડાવી આરોપી નં.૧ નાએ ભોગબનનારના શરીર પરના કપડા ઉતારી આરોપી નં.૧ નાએ ભોગબનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી તથા આરોપી નં.૨ ને ઓપો કંપનીના મોબાઈલમાં અશ્લીલ વીડીયો ઉતારી તે મોબાઈલ ફોન આરોપી નં.૧ નાએ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી સળગાવી દઈ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ, જે બાબતે આરોપી વિરૂધ્ધ સોનગઢ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.ન. ૧૧૮૨૪૦૦ ૪૨૧૧૦૯૫/૨૦૨૧ થી ઇ.પી.કો. કલમ–૩૫૪ (બી), ૩૭૬(૨)(એન), ૫૦૬, ૨૦૧ તથા પોકસો એકટની કલમ–૪, ૫ (એલ), ૬, ૮, ૧૭ તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઇ) મુજબ ગુનો દાખલ કરેલ.

(૩) આ કામે આરોપીઓ વિરુધ્ધની ફરિયાદની તપાસના અંતે આરોપી વિરુદ્ધ .પી.કો. કલમ–૩૫૪ (બી), ૩૭૬(૨)(એન), ૫૦૬, ૨૦૧ તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૭ તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઇ) મુજબના ગુનાનો પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ આ ગુનાનું ચાર્જશીટ સ્પેશયલ કોર્ટ, વ્યારા માં કરવામાં આવેલ છે. જે પોકસો કેસ **નં.૦૨ /૨૦૨૨** થી નોંધવામાં આવેલ છે. અત્રેની અદાલતથી આ કામે આરોપીને હાજર થવા સમન્સ ઈશ્યુ કરતા તે બજી જતા, આરોપીઓ હાજર થતા, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરીને, **આંક–૦૯** થી આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ –૩૭૬(૨) (એન), ૩૫૪એ(૧)(।)(॥)(।।।), ૩૫૪ (બી), ૫૦૬(૧), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬, ૧૦, ૧૪, ૧૭

તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ) મુજબ ગુનો કરેલાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. સદર તહોમત નામાના ગુના બાબતે આરોપીઓનું નિવેદન આંક–૧૦ તથા આંક –૧૧ થી લેતા, આરોપીઓ તરફે ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપીઓ વિરુધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત **''ફોર્મ–સી''** મુજબ ના સાક્ષી ઓનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાની **આંક–૨૧૭** થી પુરસીસ રજુ થતાં ફરીયાદ પક્ષના પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી તરફે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે અને વધુ માં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ, ફરીયાદી અને પોલીસે ખોટી રીતે ચાર્જશીટ કરી અમો આરોપી ઓ ને સદર ગુનામાં સંડોવી દીધેલ છે.''

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.ઈ/ચા.પી.પી.શ્રી એસ.બી.પંચોલી નાઓએ તેમની દલીલમા જણાવેલ છે કે, આ કામે ફરીયાદી, ભોગબનનાર જેવા મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષ કેસને અનુરૂપ સોંગદ પુરાવો આપેલ છે તથા પોતાની બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદપક્ષ ની હકિકતોનો સ્વીકાર કરેલ છે તેમજ મેડીકલ ઓફીસરો તથા પંચ સાહેદો તથા પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને પુરુ સમર્થન મળેલ છે. જે સમગ્ર પુરાવો એકત્ર રીતે ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ નિઃશંક પણે સાબીત કરેલો હોય આરોપીઓને યોગ્ય સજા થવા રજુઆત કરેલ છે.

(૬) જ્યારે આરોપીઓ તરફે વિ.વ.શ્રી એન.એસ.પ્રધાને મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામે મહત્વના સાહેદોનો પુરાવો પૃથ્થક રીતે ધ્યાને લેતાં, મહત્વના સાહેદ તે ભોગબનનારે પોતાના સોંગદ પરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસથી વિરુધ્ધ હકિકતો જણાવેલ છે અને આરોપીઓ તરફે ઉલટતપાસમાં ફરીયાદ પક્ષના કેસથી તદન વિરુધ્ધ હકિકતોનો સ્વીકાર કરે છે. આરોપી નં.૧ નાએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરેલ ન હોવા છતાં ખોટો કેસ કરેલ છે. ભોગબનનારે ફરીયાદ પક્ષના કેસથી જુદી હકિકત જણાવેલ છે.

આ ઉપરાંત આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષની કેટલીક હકિકતો જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં ફરીયાદપક્ષની વિરૂદ્ધ હકિકતો જણાવેલ છે. જે ધ્યાને લેતા ફરીયાદીનો પુરાવો ભરોસાપાત્ર જણાય આવે તેમ ન હોય આરોપીઓ વિરૂદ્ધના કેસ ને સમર્થનકારી જુબાની આપેલ નથી. આમ, મહત્વના સાહેદ ભોગબનનાર/ ફરીયાદી, ભોગબનનારના માતાપિતા મેડીકલ ઓફીસરો તથા અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલો છે. જેથી અન્ય સાહેદો પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના ફરજના ભાગ રુપે કરેલ કાર્યવાહીને સ્વાભાવિક સમર્થન કરેલ છે. તે સંજોગોમાં મુખ્ય સાહેદોના પુરાવાના અભાવના સંજોગોમાં અન્ય સાહેદોના સહાયક પુરાવાને આધાર બનાવી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિઃશંકપણે, શંકારહીત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ છે.

(૭) આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**મુદ્દા નં.૧:–**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,બનાવ સમયે ભોગ બનનાર સગીરવયના હતા ?

**મુદ્દા નં.ર:–**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ એ તા.૩૧/પ/ર૦ર૧ ના રોજ આશરે કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન તથા તે પહેલા મોજે સોનગઢ ટાઉનમાં પોતાના ખેતરના કાચા ઝુપડામા વર્ષ–ર૦ર૧ ના મે મહીનામાં ભોગબનનાર સગીરા સાથે અલગ અલગ દિવસે બે વાર તેણીના કપડા વગરના ફોટા પાડવા દેશે તો તેણીને સારા પૈસા મળશે તેવી લાલચ આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી પોતાના મોબાઈલમાં અશ્લીલ વિડીયો ઉતારેલ તથા આરોપી નં.ર એ ઝુંપડાની બહાર ઉભા રહી ધ્યાન રાખી મદદગારી કરેલ. તેમજ તા.૩૧/પ/ર૦ર૧ ના રોજ આરોપી નં.૧ તથા આરોપી નં.ર નાએ ભોગબનનારને બેંકમાં કે.વાય.સી. કરાવવાના બહાને પોતાની મોટર સાયકલ ઉપર સોનગઢ ખાતે લઈ જઈ આરોપી નં. ૧ ના બહેનના બંધ ઘરે લઈ જઈ ઠંડુ પીણુ પીવડાવી આરોપી નં.૧ એ ભોગબનનારના શરીર પરના કપડા ઉતારી તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી તથા આરોપી નં.ર ને ઓપો કંપનીના મોબાઈલમાં અશ્લીલ વીડીયો ઉતારી તે મોબાઈલ ફોન આરોપી નં.૧ એ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી સળગાવી દઈ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.કલમ–૩૭૬(ર)(એન), ૩પ૪એ(૧)(।)(।।) (।।।), ૩પ૪ (બી), પ૦૬(૧), ૧૧૪ તથા પોકસો એકટની

કલમ–૬, ૧૦, ૧૪, ૧૭ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ) અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૩:–**

શું હુકમ?

**(૭.૧)** આ કામે ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:૧: હકારાત્મક,

:૨: નકારાત્મક,

:૩: આખરી હુકમ પ્રમાણે.

**<u>–:: કા ર ણો ::–</u>**

(૮) કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ ચોકકસ, વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવા રજુ કરી આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબની હકિકતો નિઃશંકપણે પુરવાર કરવી ફરજિયાત છે અને જો આરોપીના બચાવમા કોઈ નિર્બળતા હોય તો તેનો લાભ ફરિયાદપક્ષને મળી જતો નથી કે તેનાથી ફરિયાદપક્ષના પુરાવાનો બોજો ઓછો થતો નથી અને જયાં સુધી આરોપી વિરુધ્ધનો ગુન્હો નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી ને નિર્દોષ માનવાનુ અનુમાન પ્રાપ્ત થાય છે. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરિયાદપક્ષે કેટલા સાહેદો તપાસ્યા તે સાહેદોની સંખ્યા મહત્વની હોતી નથી પરંતુ, સાહેદ કેટલી હદે વિશ્વસનીય છે તે મહત્વની હોય છે તેમજ કાયદાનો આ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે સગા– સબંધી ઓના પુરાવા માત્ર એટલા માટે ડીસ્કાર્ડ કરી શકાય નહી કે તેઓ સગા–સંબંધી છે પરંતુ, તેઓના પુરાવાનુ કાળજીપૂર્વક વિશ્લેષણ કરવાનું રહે છે. વધુમાં, સાક્ષીઓના પુરાવામાં નજીવી બાબત તફાવત હોય તે સ્વાભાવિક છે અને નજીવા તફાવતનો લાભ આરોપી ને મળશે નહી.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સોગંદ ઉપરની જુબાનીનો પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો. ફરીયાદપક્ષના તથા આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા કુલ–૨૮ સાહેદો તપાસવા માં આવેલ છે. જેમાં મહત્વના સાહેદો ભોગબનનાર/ફરીયાદી, ભોગબનનારના માતા– પિતાને તપાસવામાં આવેલ છે તથા આ કામે તબીબી પુરાવા માટે બે ડોકટર સાહેદોને તપાસવામાં આવેલ છે તેમજ ભોગબનનારના જન્મ તારીખ પુરવાર કરવા માટે તલાટી કમ મંત્રી તથા સ્કુલના આચાર્યને તપાસવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર/પોલીસ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલો છે. ભોગબનનાર તથા આરોપીના કપડા રજુ તથા આરોપીને અટક કર્યાના તથા ગુનો બન્યાની ગુનાવાળી જગ્યાના પંચ સાહેદનો પુરાવો મળી એમ કુલ–૨૮ સાહેદોનો મૌખીક પુરાવો રજુ કરેલો છે જે નીચે મુજબનો છે.

**<u>:: – મૌખિક/રજુ થયેલ પુરાવો–::</u>**

**(૧૦)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧ ભોગબનનાર /ફરીયાદી** આંક– ૧૩ ની સોંગદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, અમે લોકો શરૂઆતથી જ ખ્રિસ્તી ધર્મ પાળીએ છીએ. અમે મંદિરે જતા નથી. અમે ચર્ચમાં જઈએ છીએ. અમે દર રવિવારે ચર્ચમાં જતા દરરોજ જતા નહિ. આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપીઓનું ઓળખું છું તે આંબા ગામના છે તેમને આંબા ગામમાં ખેતર આવેલુ છે. તે બન્ને પતિ–પત્ની છે. બલીરામને માછલીનું તળાવ પણ છે. બલીરામ ચર્ચમાં પાસ્ટર પણ છે. હું તેને નાનપણથી ઓળખુ છું. હું તેને ચર્ચમાં જતી તેથી ઓળખતી. બલીરામની છોકરી મારી સાથે ભણતી તે રીતે પણ તેને ઓળખુ છું. અમે બલીરામને મામા કહેતા. તે સિવાય મારે બલીરામને ત્યાં આવવા જવાનું થતુ નહિ. હું જયારે દસમાં ધોરણમાં ભણતી હતી અને લોકડાઉન થઈ ગયેલ હતુ ત્યારે બલીરામના ખેતરે મજુરીએ ગયેલ. હું મારી દાદી ''આઈ'' સાથે મજુરીએ ગયેલી. ત્યારે તેના

ખેતરમાં મકાઈ વાવેલી હતી. અમે એટલે કે હું અને દાદી મજુરી કરીને બપોરે જમી લીધેલ તે પછી તેના ખેતરમાં જે તળાવ હતુ ત્યાં હતા ત્યારે બલીરામ અને તેની પત્નીએ મને બોલાવેલ. તેમણે મને એવું કહેલ કે એક વીડીયો બનાવવાનો છે તું આવાની છો. આવુ મને બલીરામે કહેલ. તેમણે મને એવું કહેલ કે વીડીયો અને ફોટા બનાવશું તેના પૈસા મળશે. તો મેં કહેલ કે હું મારા પપ્પાને પુછીને કહું. પણ તેણે મને એવું કહેલ કે આ વાત હમણા કહેવાની નહિ આપણે ફોટા અને વીડીયોબનાવી લઈએ અને ધીમેધીમે આગળ વધીએ પછી કહેવાનું. મારી સાથે બલીરામ આ વાત કરતો હતો ત્યારે દાદી ઘરે જતા રહેલ હતા. પછી હું ઘરે આવતી રહેલ. હું ઘરે જતી રહેલ તેના પછી ત્રણ કે ચાર વાગ્યે તેણે મારી મમ્મીના મોબાઈલમાં ફોન કરેલો. મારી મમ્મીના મોબાઈલ નંબર તેની પાસે હતા. ફોન બલીરામે કરેલ. તેમણે એવું કહેલ કે આધારકાર્ડ લઈને તમારી છોકરીને મોકલો. છોકરીને ખેતરે મોકલો. તો મારી મમ્મીએ એવું કહેલ કે તે રસોઈ કરે છે હમણા નહિ આવે તો તેણે કહેલ કે થોડુક જ કામ છે તે તરત જ પાછી આવતી રહેશે તે પછી હું મારુ આધારકાર્ડ લઈને બલીરામના ખેતરે ગયેલ. હું લગભગ સાંજના સાડા ચારેક વાગ્યે બલીરામના ખેતરે ગયેલ. ખેતરે બલીરામ અને તેની પત્ની હતા. પછી તેમણે મને કહેલ કે આપણે તારા ફોટા પાડીને મોકલી આપી. ફોટા કયાં મોકલાવના તેવું કહેલ નહિ. તે પછી મારા ફોટા પાડેલા. જેમાં બે ફોટા કપડા પહેરેલા હતા. તે પછી મારો વીડીયો બનાવેલો હતો. તેણે વીડીયો મારી સાથે શારીરીર સબંધ બાંધેલો તેનો વીડીયો બનાવેલો. બલીરામે મારી સાથે શરીરી સબંધ ખેતરમાં તેમનું જે ઘર હતું તેમાં બાંધેલો. મારી સાથે શરીરસબંધ ખાટલા પર બાંધેલો. મેં ના પાડતી હતી પણ તેણે જબરજસ્તી કરેલી. તે સમયે અનિતા બહારથી કોઈ આવે નહિ

તે માટે બહાર હતી. બલીરામે મોબાઈલ ચાલુ કરીને મુકી દીધેલ હતો. મને ખબર હતી કે વીડીયો ઉતરી રહેલ છે. મેં તે વીડીયો જોયેલ નહિ. તે પછી હું ઘરે આવતી રહેલ. મેં આ બનાવની વાત ઘરે કોઈને કરેલ નહિ. હું ઘરે ગયેલ તેના બે–ત્રણ દિવસ પછી મને ફરી બોલીરામની પત્નીએ બોલાવેલ. બલીરામની પત્નીએ ફોન કરીને બોલાવેલ. તેણે મારી મમ્મીના મોબાઈલ પર ફોન કરેલો. જે મારી મમ્મીના મોબાઈલ પર ફોન આવતા હતા તે નંબર મને ખબર નથી. બલીરામની પત્નીએ મને ગણિતની નવનીત જે તેની છોકરીની મારી પાસે હતી તે આપી જવા કહેલ. પછી હું તેના ઘરે કે જે ખેતરમાં આવેલું છે ત્યાં ગયેલ. ત્યારે બલીરામે એવું કહેલ કે વીડીયો સારો નથી આવ્યો એટલે આપણે બીજો વીડીયો ઉતારવો છે. તે સમયે તેની છોકરી ત્યાં ન હતી. જેથી મેં કંઈ કહેલ નહિ. તે પછી બલીરામે મારી જોડે શરીરસબંધ બાંધેલા. ત્યારે પણ તેની પત્ની બહાર હતી. અમે સોનગઢ ગયા તેના અઠવાડીયા પહેલા શરીરસબંધ બાંધેલો હતો. બીજી વાર શરીરસબંધ બાંધેલો ત્યારે ખાટલા પર મોબાઈલ મુકી દીધેલો અને વીડીયો બનાવેલો. તે વીડીયો મેં જોયેલો નહિ. આ બનાવ પણ સાંજના ૪ થી ૫ ના ગાળામાં બનેલો. તે પછી હું ઘરે આવતી રહેલ. મેં ઘરે કોઈને વાત કરેલ નહિ.

તે બાદ બે–ત્રણ દિવસ પછી મારા પપ્પા પર બલીરામનો ફોન આવેલો. બોલીરામનો તે ફોન સવારે આવેલો. તેણે એવું કહેલ કે તમારી છોકરીનું કેવાયસી કરાવવાનું છે એટલે સોનગઢ લઈ જવાની છે. બલીરામ મારા પપ્પાને પણ ઓળખતા હતા. ચર્ચમાં જતા હોવાથી ઓળખતા હતા. બલીરામ પાસે મારા પપ્પાના મોબાઈલ નંબર પણ હતા. મને મારા પપ્પાના મોબાઈલ નંબર ખબર નથી. મને બલીરામના મોબાઈલ નંબર યાદ નથી કે અનિતાનો મોબાઈલ નંબર પણ યાદ નથી. મારા પપ્પાએ બલીરામને કહેલ કે સારૂ

તમે લઈ જજો. પછી તે લોકો સવારના દસ–સાડા દસે બલીરામ અને તેની પત્ની અનિતા અમારા ઘરે આવેલા. તેઓ બાઈક લઈને આવેલા હતા. અમે બાઈક પર બેસીને સોનગઢ ગયેલા. જેમાં બલીરામ બાઈક ચલાવતો હતો વચ્ચે હું બેસેલ અને તે પછી તેની પત્ની અનિતા બેસેલ. અમે સોનગઢ અગિયાર સાડા અગિયારે પહોંચેલા. અમે તેની બહેન કપિલાના ઘરે સોનગઢમાં દેવજીપુરામાં ગયેલ. તેની બહેનના ઘરે તાળુ હતુ. પરંતુ બલીરામ પાસે ચાવી હતી. તેણે તાળુ ખોલેલ અને અમે ઘરમાં ગયેલા. અમે ઘરમાં ગયેલા થોડીવાર બેસેલ તે પછી બલીરામતની પત્નીએ કહેલ કે હું ઘરમાં પાણી ભરવા જાવ છું તે પાણી ભરીને આવેલ તે પછી મને બલીરામે કહેલ કે આપણે વીડીયો અને ફોટા પાડીએ. તે પછીએ બલીરામે મારા કપડા ઉતારી નાખેલા. **પછી મારી સાથે શારીરીક સબંધ બાંધેલો અને મારા કપડા વગરના ફોટા પાડેલા. મારા વીડીયો અને ફોટા ઉતાર્યા બાદ મારા કાકાના છોકરાને ફોન કરેલો.** મેં આ ફોન બલીરામના ફોનમાંથી કરેલો. મેં કાકાના છોકરાને ફોન કરેલો તેનું નામ અમીર છે. આ ફોન મેં કપિલાબેનના ઘરેથી કરેલો. **મારા જયારે કપડા વગરના ફોટા અને શરીરસબંધ બાંધેલ ત્યારે મેં કાંઈ કહેલ નહિ.** ફોટા બલીરામની પત્નીએ પાડેલા. મેં તે ફોટા જોયેલા. વીડીયો પણ તેની પત્નીએ ઉતારેલ તે મેં જોયેલ. તે પછી અમે બેંક ઓફ બરોડામાં ગયેલ. બેંકમાં હું ગયેલ નહિ બલીરામ ગયેલો. હું અને અનિતા બહાર ઉભા રહેલા. પછી તેણે એવું કહેલ કે આજે કેવાયસી નથી કરતા. અમે બેંકે બાર સાડા બારે પહોંચેલા. તે પછી મારા કાકાનો છોકરો બેંકની સામે આવેલો. મેં મારા કાકાના છોકરાને એમ જ ફોન કરેલો. આ કાકાનો છોકરો જે આવેલો તે ખેરવાડા રહેતો હતો ત્યાંથી આવેલો. તે બાઈક લઈને આવેલો. મેં મારા કાકાના છોકરાને કહેલ કે મારે મોબાઈલ જોઈએ છે. મારા પપ્પા ના પાડતા હતા તેથી મારા કાકાના

છોકરાને કહેલ. તો તેણે મને કહેલ કે મારી પાસે પૈસા નથી. તો મેં કહેલ કે રહેવા દે. તો બલીરામની પત્નીએ કહેલ કે અમારી પાસે પૈસા છે અત્યારે મોબાઈલ લે પછી પૈસા આપી દે જે. જેથી અમે બે હજાર રૂપિયાનો મોબાઈલ લીધેલો. અમે સોનગઢમાંથી મોબાઈલ ખરીદેલો. તે દુકાનનું નામ મને ખબર નથી. અમે જીયો કંપનીનો મોબાઈલ લીધેલો. જેમાં નવું સીમકાર્ડ લીધેલ તેના નંબર મને ખબર નથી. તે સીમકાર્ડ બલીરામના નામે લીધેલું. તે મોબાઈલ મેં રાખેલો. **મેં આ મોબાઈલની વાત ઘરમાં કોઈને કરેલ નહિ.** મારી મમ્મી એવું કહેતા હતા કે ઘરે મોબાઈલ હોય તો તારે શું લેવાની જરૂર છે એટલે મેં ઘરે કોઈને કહેલ નહિ. મારા કાકાનો છોકરો અમારી સાથે મોબાઈલ લેવામાં હતો. મોબાઈલ લઈને અમે નાસ્તો કરવા હોટલમાં ગયેલા. તે હોટલનું નામ મને ખબર નથી. તે હોટલ બસ સ્ટેશનની સામે આવેલ હતી. નાસ્તો કરવા હું, બલીરામ તેની પત્ની અને મારા કાકાનો છોકરો એટલા ગયેલા. અમે એકથી બે ના ગાળામાં નાસ્તો કરવા ગયેલા. તે પછી હું મારા કાકાના છોકરા સાથે બાગમાં બેસવા ગયેલ ત્યારે બલીરામ અને તેની પત્ની બજારમાં ગયેલા. હું અડધો કલાક મારા કાકાના છોકરા સાથે બેસેલી. મેં મારા કાકાના છોકરાની કોઈ વાત કરેલ નહિ. તે પછી બલીરામે મારા કાકાના છોકરાને ફોન કરેલ. તે પછી અમે બન્ને બસ સ્ટેન્ડે ગયેલ. તે પછી બાઈકમાં બેસીને અમે ઘરે આવતા રહેલા અને મારા કાકાનો છોકરો તેના ઘરે જતો રહેલો. મને બલીરામ અને તેની પત્ની મારા મુકીને જતા રહેલા. **મેં ઘરે આવીને કોઈ વાત મારા ઘરનાને કરેલ નહિ.** ત્રણેક દિવસ પછી મારી મમ્મીને ફોનની ખબર પડી ગયેલ. મારી મમ્મીએ મારી પાસે ફોન જોયેલો. મેં ફોન ચાર્જિંગમાં મુકેલ ત્યારે જોયેલો. મેં ફોન લીધેલ ત્યારેથી તેને ચાર્જિંગમાં મુકેલો ન હતો. મારી ઘરે કોઈ ન હતુ ત્યારે

મેં ફોન ચાર્જિંગમાં મુકેલો ત્યારે મારી મમ્મી આવી ગયેલ અને અચાનક જોઈ ગયેલ. હું આ ફોનથી મારા કાકાના છોકરા સાથે વાતચીત કરતી. તે સિવાય હું બીજા કોઈને સાથે વાતચીત કરતી નહિ. **મારી મમ્મીએ મોબાઈલ તોડી નાખેલ. મેં તેને કહેલ કે મને કાકાના છોકરાએ મોબાઈલ લઈ આપેલ છે.** તો મને પુછેલ કે કેમ લઈ આપેલો છે. તો મેં કહેલ કે તમને કીધું તમે નતા લાવી આપતા અને મે કાકાના છોકરાને કીધુ તેણે લાવી આપેલ. પછી કંઈ થયેલ નહિ. **આ સોનગઢનો બનાવ તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ બનેલો.** તે પછી મારી સાથે કંઈ થયેલ નથી.

મેં હાલની ફરિયાદ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ આપેલી છે. મને મારા મમ્મી પપ્પા એવું પુછતા હતા કે તું કેમ શાંત શાંત રહે છે. કેમ કે હું કયાંય જતી ન હતી અને મને કોઈ બોલાવે તો પણ હું ના પાડી દેતી હતી. તે પછી મેં ૨૪ મી તારીખે મારી દાદી અને મમ્મીને વાત કરેલી. **મેં મારી જોડે બલીરામ અને તેની પત્નીએ શારીરીક સબંધ બાંધ્યા તે વાત કરેલી.** તે પછી મારી મમ્મએ એવું કહેલ કે તારા પપ્પા આવશે એટલે વાત કરીશું. ૨૫ તારીખે મારા પપ્પા આવેલા. પછી મારી મમ્મીએ અને દાદીએ મારા પપ્પાને વાત કરેલી. તે પછી ૨૬ મી તારીખે બલીરામ અને તેની પત્નીને મારા મમ્મી–પપ્પાએ ફોન પર વાત કરીને બોલાવેલા. તેમને બપોરે બોલાવેલા. તેઓ આવેલા. તો મારા પપ્પાએ તેને કહેલ કે મારી છોકરી આવી વાત કરે છે તમે સાચે જ મારી છોકરી જોડે આવુ કરેલું છે. તો તેમણે ના પાડી દીધેલ. તો મારા પપ્પાએ કહેલ કે તમે સાચે સાચુ કહો નહિતર અમે કેસ કરવા જઈશું. તો બલીરામે કહેલ કે તમારે જે કરવું હોય તે કરો અમારી પાછળ પણ બહું મોટા માણસ છે. તે પછી તેઓ બન્ને ઘરે જતા રહેલા. મોબાઈલ જે જગ્યાએથી લીધેલ હતો તે દુકાન કઈ જગ્યાએ આવેલ છે તે મને જોવાથી

ખબર હતી. તે પછી અમે ૨૭ મી તારીખે સોનગઢ કેસ નોંધાવવા ગયેલ. તો પોલીસે કહેલ કે એક દિવસ રોકાઈ જાવ આપણે આવતીકાલે કેસ નોંધશું. પોલીસે એવું કહેલ કે અપરાધી એટલે કે બલીરામ આવેલો નથી તે આવી જાય પછી નોંધીશું. બલીરામને પોલીસ ફોન કરતી હતી પણ તેનો ફોન લાગતો ન હતો. તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. અમે સાંજ સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલ. તે પછી ઘરે આવતા રહેલા અને બીજે દિવસે ફરી પોલીસ સ્ટેશન સવારે ગયેલા અને મેં ફરિયાદ આપેલી. જે ફરિયાદ રજુ દાખલ **આંક–૧૪** આપવામાં આવે છે. મને પોલીસ તેની બહેનને ત્યાં જયાં શારીરીક સબંધ બાંધેલા તે ઘરે લઈ ગયેલ. તે સમયે તે ઘર ખુલ્લુ હતુ. તે પછી પોલીસ મને સોનગઢ દવાખાને લઈ ગયેલ. ત્યાં ડોકટરે મને મારી સાથે બનેલુ તે પુછેલુ અને મેં તેનો જવાબ લખાવેલો. તે પછી મને તાપી વ્યારામાં ડોકટર પાસે મોકલેલ અને મારી ત્યાં પણ તપાસણી કરેલ. ત્યાં પણ ડોકટરે મારી પુછપરછ કરેલી.

પોલીસે મારી પાસેથી મેં શરીરસબંધ પહેરેલ હેરમ તથા ટી–શર્ટ કબજે લીધેલા. મેં તે સિવાય મોબાઈલ જીયો કંપનીનો કાળા કલરનો રજુ કરેલ. આ મોબાઈલ તે બલીરામની સાથે લેવા ગયેલ તે જ હતો. જે મોબાઈલ મારી દાદી પાસે હતો. તે પછી મને સોનગઢ કોર્ટમાં લઈ ગયેલા. મને ત્રણ કે ચાર દિવસ બાદ લઈ ગયેલા. મને તે તારીખ યાદ નથી. હું મારી મમ્મી, પપ્પા તથા પોલીસ સાથે કોર્ટમાં ગયેલ. ત્યાં જજ સાહેબે મારી પુછપરછ કરેલી. ત્યારે મારી મમ્મી મારી સાથે હતી. જે નિવેદન રજુ દાખલ **આંક–૧૫**. હું ડોકટર પાસે ગયેલી ત્યારે જે કાંઈ બનેલું તે ડોકટરે મારી પાસે લખાવેલું.

**૧૦.૧** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં,

" આંબા ગામે મારા દાદાનુ ઘર છે. હુ આંબા પ્રથામિક શાળામાં ભણેલી છુ. એ વાત ખરી નથી કે આમીર વસાવા તે સમયે આંબા પ્રાથમિક શાળામા ભણતો હતો સાહેદ જણાવે છે કે તે આંબાની સરકારી માધ્યમિક શાળા કે જ્યા ધો–૧૧ તથા ૧૨ ચાલતા હતા ત્યાં ભણતો હતો. આમીર વસાવાના પપ્પાનુ નામ મને ખબર નથી. હુ જયારે આંબા પ્રાથમિકશાળામા અભ્યાસ કરતી ત્યારે હુ કયારેક મારા દાદાનુ ઘર કે જે આંબામા આવેલ છે ત્યા રહેતી. એ વાત ખરી છે કે શનિ–રવિની રજામાં આંબા ગામે મારા દાદાને ઘરે કોઈકોઈવાર રહેવાનુ થતુ. એ વાતની મને ખબર છે કે આમીર ગોવિંદભાઈ વસાવાને ત્યાં રહેતો હતો. એ વાત ખરી છે કે કાંતીબેન પણ ગોવિંદભાઈની સાથે રહેતી હતી સાહેદ જણાવે છે કે તે ગોવિંદભાઈની સાસુ થાય છે. એ વાત ખરી છે કે આંબા ગામમાં ધો–૯ની સગવડ ન હોવાથી મને બારડોલી મુકામે ભણવા મુકવામા આવેલ. હુ બારડોલીમાં હોસ્ટેલમાં રહેતી હતી. હુ બારડોલી ખાતે ઉચ્ચતર માધ્મિક શાળા મઢી નામની શાળામા ભણતી હતી. **એ વાત ખરી છે કે હું ત્યાં ધો–૯માં નાપાસ થયેલ.**

એ વાત ખરી છે કે હું ભીલ જાતિની છુ અને આમીર વસાવા જાતિનો છે .એ વાત ખરી છે કે અમારા બંન્નેની જાતિ અલગ અલગ છે. આમીરના પપ્પાનુ નામ મને ખબર નથી. **એ વાત ખરી છે કે આમીર મારા કાકાનો છોકરો થતો નથી સાહેદ જણાવે છે કે તે ગોવિંદભાઈ વસાવાને ત્યા રહેતો અને હુ ગોવિંદભાઈ વસાવાને કાકા કહેતી તેથી હું આમીરને મારા કાકાનો છોકરો કહુ છુ. આમીર ગોવિંદભાઈનો છોકરો નથી તેવી મને ખબર હતી.** એ વાત ખરી છે કે તા.૩૧–૫–૨૧થી તા.૨૭–૬–૨૧ સુધીમાં મેં મારી પાસેના નંબર ૯૭૭૩૨ ૬**** પરથી આમીરના નંબર ૯૨૬૫૧ ૪**** પર અંદાજે ૧૯૪ વાર મોબાઈલ ફોન પર વાતચીત કરેલી છે અને એસ.એમ.એસ. પણ કરેલા છે. મને તા.ત૩૧–૫–૨૧ની તારીખે કે જે દિવસે મેં સીમકાર્ડ લીધેલુ ત્યારે આમીર મારી સાથે હતો તે બરાબર યાદ છે. એ વાત ખરી છે કે તા.૧–૬–૨૧ના રોજ સવારે ૪:૪૫ થી ૫:૫૮ એટલે કે ૭૩ મીનીટ સુધી મેં આમીર સાથે વાત કરેલી. એ વાત ખરી છે કે મેં તે દિવસે આખા દિવસ દરમ્યાન કુલ

<u>૧૨૧ મિનિટ એટલે કે બે કલાક અને એક મિનિટ વાત કરેલી.</u> હું તા.૩૧–૫–૨૧ થી મારી પાસે જે મોબાઈલ આવેલ તે બાદ આમીર સાથે લાંબા સમય સુધી વાતચીત કરતી તેની મારા મમ્મી પપ્પાને ખબર નથી. એ વાત ખરી છે કે સગાવહાલા એકબીજાને ઘરે રહેવા જતા હોય. હું ૨૦૨૧ની સાલમાં ૧૦માં ધોરણમાં હતી અને મારી પરીક્ષા મેં એપ્રિલ–૨૦૨૨માં આપેલી છે. હવે કહુ છે કે મેં એપ્રિલ ૨૦૨૧મા ધો–૧૦ની પરીક્ષા પાસ કરેલી તે માસ પ્રમોશનમાં મેં પાસ કરેલી. એ વાત ખરી છે કે મે–૨૦૨૧મા હુ ધો–૧૧–૧૨માં હતી. અમારી આંબા ગામની પ્રાથમિક શાળામાં ધો–૧ થી ૮ ભણાવાય છે ધો–૧૧–૧૨ સરકારી માધ્યમીક શાળામા ભણાવાય છે હુ પણ ધો–૧૧–૧૨ સરકારી માધ્યમીક શાળામાં હતી. એ વાત ખરી છે કે હુ જયારે ૯માં ધોરણમાં બારડોલી ભણવા ગયેલ ત્યારે આમીર આંબા ગામમા ૧૨માં ધોરણમા અભ્યાસ કરતો હતો મારા કહેવા મુજબ મારે અને આમીરને એકબીજા સાથે કોઈ પરિચય પણ ન હતો. મારે આમીર સાથે કોઈ લાંબી વાતચીત થતી નહી પણ હુ મારા કાકા ગોવિંદભાઈને ત્યા જતી ત્યારે તે શું લેશન કરે છે તેટલી વાતચીત થતી. હું બારડોલી ગયેલ અને મામાને ઘરે રહેવા ગયેલ ત્યારે પણ મારે આમીર સાથે કોઈ સંપર્ક નહતો. હુ મે–૨૦૨૧માં વેકેશનમાં મારા દાદાને ઘરે ગયેલી ત્યારે મારે આમીર સાથે ફરીથી પરિચય થયેલ. તે સમયે આમીર ગોવિંદભાઈને ત્યાં મહેમાન તરીકે આવેલો હતો તે સમયે તે ગોવિંદભાઈને ત્યાં રહેતો નહતો. <u>મને આમીરના મોબાઈલ નંબર કાકા ગોવિંદભાઈએ આપેલા. મને ગોવિંદકાકાએ સામેથી આમીરના મોબાઈલ નંબર આપેલા.મને કાકાએ શા માટે નંબર આપેલા તે મને ખબર નથી સાહેદ જણાવે છે કે તે નંબર મારાથી ખોવાય ગયેલા.મેં ફરી આમીરના નંબર મારા ભાઈ સાવન પાસે મારી મમ્મીનો મોબાઈલ રહેતો તેમાંથી મેળવેલા.</u> મારો ભાઈ સાવન અને આમીર બંન્ને મિત્ર હતા.આમીર મિત્ર તરીકે મારા ભાઈને કદી અમારે ઘરે મળવા આવતો નહી. હું પણ આમીર સાથે ફ્રેન્ડ તરીકે હતી. મારે આમીર સાથે મિત્રતા તે ગોવિંદકાકાને ત્યા ભણતો ત્યાથી થયેલી. <u>હુ ધો–૮મુ ભણતી ત્યારથી મારે આમીર સાથે ફ્રેન્ડશીપ હતી.</u> મારે ફરી ફ્રેન્ડશીપ મારા મામાને ત્યા ચીમેર ભણતી હતી ત્યારે તે આંબા ગામે લગ્નમા જોયેલો ત્યારથી ફરી

ચાલુ થયેલ. મેં તા.૩૧–૦૫–૨૧ પહેલા કદી આમીરને ફોન કરેલો નહી. મેં તા.૩૧–૦૫–૨૧ના રોજ આમીરને એમ જ ફોન કરેલો. મેં તે દિવસે મારા મમ્મી પપ્પા કોઈને કે.વાય.સીનુ કામ બંધ છે તેવુ જણાવવા ફોન કરેલ નહી. મેં આમીરને ફોન કરેલો તેનુ કારણ એવુ છે કે મને ગોવિંદકાકાએ એવુ કહેલ કે આમીર ગાડીનો હપ્તો ભરવા સોનગઢ આવવાનો છે. મેં ગોવિંદકાકાને હુ સોનગઢ કે.વાય.સી કરાવવા જવાની છુ તેવી વાત કરેલી. અમારે તથા ગોવિંદભાઈ વસાવાને એકબીજાના કુટુંબ સાથે ગાઢ સંબંધો નથી. **અમારા કુટુંબને તથા ગોવિંદભાઈના કુટુંબ ને એકબીજા ક્યા જાય છે તેવુ જણાવવાના સંબંધ નથી.** હુ જયારે તૈયાર થઈને સોનગઢ જવા નીકળેલી ત્યારે ગોવિદભાઈએ મને પુછેલ કે તુ ક્યા જાયછે તો મેં કહેલ કે હુ સોનગઢ કે.વાય.સી કરાવવા જાવ છુ તો તેમણે પુછેલ કે કોની સાથે જાય છે તો મેં તેમને તે પણ કહેલ.કાકાએ મને ત્યારે એવુ કહેલ કે હુ પણ સોનગઢ જવાનો હ તો પણ કામ છે તેથી જવાયુ નથી.મેં તેમને આમીર વિશે પુછેલ નહી પણ તેમને મને સામેથી કહેલ કે આમીર પણ સોનગઢ આવવાનો છે. **મારે તે સમયે આમીર સાથે ફરી ફ્રેન્ડશીપ ચાલુ થઈ ગયેલ તેથી મેં ફરીથી ફોન કરીને આમીરને બોલાવેલો.** આમીરે મને અગાઉ કોઈદિવસ કોઈ ચીજવસ્તુ લઈ દીધેલ નહી.મને અગાઉ આમીરે કોઈ ચીજવસ્તુ લાવી આપેલ નથી તેમ છતા મેં તેને મોબાઈલ લાવી આપવાનુ શા માટે કહેલ તે હુ જણાવી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે ત્યા મોબાઈલ નંબર મોબાઈલ ખરીદતી વખતે આમીરનો આપેલો. મોબાઈલ તથા સીમકાર્ડ બંન્ને એક જ દુકાનેથી ખરીદેલા. **મને મોબાઈલ આમીરે લઈ દીધેલો. એ વાત ખરી છે કે મોબાઈલ મેં આમીર સાથે વાત કરવા માટે લીધેલો. એ વાત ખરી છે કે હુ આમીર સાથે મોબાઈલ પર વાતચીત મારા ઘરે ચોરીછુપીથી કરતી. એ વાત ખરી છે કે જે ૨૦૦૦/– રૂપીયા મોબાઈલ ખરીદવા બલીરામે આમીરને આપેલા તે રકમ આમીરે બલીરામને પાછી પણ આપી દીધેલી છે.** એ વાત ખરી છે કે મને આમીરે મોબાઈલ દીધેલો અને મારી આમીર સાથે ફ્રેન્ડશીપ છે તેની જાણ બલીરામ તથા તેની પત્નીને હતી. એ વાત ખરી છે કે બલીરામે તથા તેની પત્નીએ મારે આમીર સાથે દોસ્તી છે તેની વાત કદી મારા મા–બાપને કરેલ નહી. મારે

આમીર સિવાય પણ બીજા ૨–૩ ફ્રેન્ડ છે.મારા ફ્રેન્ડમાં રાહુલ જે મારા મામાનો છોકરો છે તે, ઈશાન જે મારા પપ્પાની બેન એટલે કે મારી ફઈનો છોકરો છે તે , વિશાલ કે જે પણ મારા પપ્પાની બેનનો એટલે કે મારી ફઈનો છોકરો છે તેની સાથે તેમજ મારા ભાઈ સાવનના બે ફ્રેન્ડ છે તે રાહુલ,ઈશાન,વિશાલ સાથે દોસ્તી છે. આ તમામ પણ ખ્રિસ્તી ધર્મ પાળે છે. આમીર ખ્રિસ્તી ધર્મ પાળતો નથી. ૯૩૧૩૭૩૨***નો મોબાઈલ નંબર મારા ઘરે રહેતો હતો જે મારી મમ્મી વાપરે છે. એ વાત ખરી છે કે આ નંબર પરથી આમીરના મોબાઈલ નંબર પર ૯૨૬૫૧ ૪૨*** પર ઘણીવાર વાતચીત થયેલ છે જેમા તા.૧૮–૪–૨૧ ના રોજ ૭૪ સેકન્ડ, તા.૨૦–૪–૨૧ના રોજ ૯૯ સેકન્ડ, ૪૦૬ સેકન્ડ, ૪૫ સેકન્ડ, ૪૫૯ સેકન્ડ, તેટલી વાતો કરેલી છે. **એ વાત ખરી છે કે આ બધા ફોન મેં આમીરને કરેલા. એ વાત ખરી છે કે તા.૨૧–૪–૨૧ના રોજ મેં રાત્રિના ૨૩:૫૧ થી તા.૨૨–૪–૨૧ના ૦૦:૪૪ સુધી વાતો કરેલી છે. હુ આ વાતો મારા મમ્મી પપ્પાથી ચોરી છુપીથી કરતી.** મેં તા.૨૮–૫–૨૧ના રોજ બપોરે ૧૬:૫૩ કલાકથી ૧૭:૦૪:૩૮ સેકન્ડ સુધી વાતો કરેલી છે. મેં તા.૨૯–૫–૨૧ના રોજ પણ ૧૭:૪૬:૩૪ સેકન્ડથી ૧૭:૫૫:૩૮ સેકન્ડ સુધી પણ આમીર સાથે વાતો કરેલી. **એ વાત ખરી છે કે તા.૩૧–૫–૨૧ના રોજ હુ સોનગઢ જવાનુ જણાવુ છુ તેના આગલા દિવસે એટલે કે તા.૩૦–૫–૨૧ના રોજ સવારના ૯:૩૫:૩૦ થી ૯:૪૨:૫૧ સુધી અને તે બાદ ૯:૫૧:૨૪થી ૯:૫૫:૩૨ સુધી મારે આમીર સાથે મોબાઈલ પર વાતચીત થયેલી અને તેમા હુ સોનગઢ આવુ છુ તેવી જાણ કરેલી અને આમીર પણ સોનગઢ આવે તેવુ નક્કી થયેલુ.**

એ વાત ખરી છે કે આંબા ગામના અમારા ઘરની પાછળ એક ખેતર આવેલ છે.એ વાત ખરી છે કે તે ખેતરમા ભીંડાના પાકમાં પાણી વાળવા માટે સુનીલ છગન ગામીત રહેતો હતો. સાહેદ જણાવે છે કે તેની અટક ગામીત નથી પણ તે ભીલ જાતિનો છે. એ વાત ખરી છે કે તે ખેતરે હુ ઘણીવાર આવતી જતી સાહેદ જણાવે છે કે હુ ત્યાં મજુરી કામે જતી પણ ત્યારે તે ત્યાં નહોય. **મારે સુનીલ સાથે કોઈ પરિચય નહતો મારે કદી તેની સાથે કોઈ વાતચીત થતી નહી.** એ વાત ખરી નથી કે હું આ સુનીલ છગન સાથે

ફરતી હોઉ અને વાતચીત કરતી હોઉ તેથી અમારા ગામના નીલેશ પોસલાભાઈ ભીલે મારા પપ્પાને તે અંગેની જાણ પણ કરેલી. હુ મજુરી કરવા ચોમાસામાં જતી. હું એપ્રિલ મહિનામાં મજુરી કરવા જતી. એ વાત ખરી નથી કે મારે ત્યારે સુનીલ સાથે વાતચીત થતી. એ વાત ખરી નથી કે હુ સુનીલ સાથે બોલતી તે અંગે મને બલીરામ તથા તેની પત્નીએ ઠપકો આપીને રહેલ કે તુ કેમ આ બધા છોકરાઓ સાથે બોલે છે. એ વાત ખરી નથી કે અમારા ગામની ગોચરની જમીનમા ખાખરાના ઝાડ પાસે કોઈ કાકા સાથે બેસેલી મને નિલેશભાઈ જોઈ ગયેલા તેની જાણ પણ મારા પપ્પાને તેમણે કરેલી. એ વાત ખરી નથી કે બલીરામ ભાઈએ પણ આ કાકા સાથે જે મને જોઈ ગયેલા તેની વાત મારા પપ્પાને કરેલી. એ વાત ખરી નથી કે મેં ત્યારે બલીરામને એવુ કહેલ કે મારા પપ્પા મારા ચોપડા તથા બીજી વસ્તુ માટે ખર્ચ કરતા નથી તેથી મારે આ બધા સાથે બોલવુ પડે છે. એ વાત ખરી નથી કે ત્યારે મને બલીરામે એવુ કહેલ કે તારે ચોપડા જોઈતા હોય તો તેના દાન કરનારાઓના નંબર વોટસએપ પર આવે છે જે હુ તને મોકલીશ અને આ દાતાઓ બેંક ખાતામાં પણ તેવી રકમ પણ જમા કરાવી આપે છે. **<u>એ વાત ખરી છે કે ત્યારે મેં તેમને એવુ કીધેલ કે મારા ખાતામાં કે.વાય.સી નથી. એ વાત ખરી છે કે ત્યારે બલીરામે મને એવુ કહેલ કે તમે તમારા પપ્પા સાથે કે.વાય.સી કરી આવજો.</u>** <u>એ વાત ખરી છે કે તે સમયે મેં બલીરામને એવુ કહેલ કે મારા પપ્પા ટ્રેકટર લઈને ખેડવા અને કડીયાકામ કરવા જાય છે.</u> એ વાત ખરી નથી કે મેં ત્યારે બલીરામને એવુ કહેલ કે મામા તમે મારુ કે.વાય.સી કરી આપજો. **<u>એ વાત ખરી છે કે તે સમયે બલીરામને મારુ આધારકાર્ડ આપીને હુ મારા ઘરે જતી રહેલ.એ વાત ખરી છે કે ત્યારે બલીરામે મને એવુ કહેલ કે જો તારા પપ્પા ન આવે તો અમે જવાના છીએ ત્યારે તુ આવજે.એ વાત ખરી છે કે અમે સોનગઢ પહોંચેલા ત્યા બેંક ઓફ બરોડાની સામે જે પીપળાનુ ઝાડ આવેલ છે તેની નીચે હુ, બલીરામ તેની પત્ની તે બધા ઉભા રહેલા અને બલીરામ એકલા બેંકમાં ગયેલા.</u>**એ વાત ખરી છે કે તે સમયે મંડપમાં ૩૦ થી ૪૦ લોકોની લાઈન લાગેલી હતી. **<u>એ વાત ખરી છે કે બલીરામે આવીને એવુ કહેલ કે અહીં બેંકના મંડપમાં બહુ લાઈન છે અને બેંકવાળાએ કહેલ છે કે ૩ થી ૪ દિવસ</u>**

**પછી આવજો.** એ વાત ખરી છે કે જયારે બલીરામ આમારી પાસે પીપળાના ઝાડ પાસે આવેલ તે પહેલા આમીર આવી ચુકેલ હતો અને તે મારી સાથે પીપળાના ઝાડ નીચે જ વાત કરતો હતો. **એ વાત ખરી છે કે ત્યારે બલીરામે એવુ પુછેલ કે આ છોકરો કોણ છે?એ વાત ખરી છે કે ત્યારે બલીરામની પત્નીએ બલીરામને એવુ કહેલ કે આ આમીર છે અને આ બંન્ને જણા લગ્ન કરવાના છે.** એ વાત ખરી નથી કે ત્યારે આમીરે એવુ કહેલ કે મને ૯મા ૧૦મા ધોરણમા ચોપડાઓ આપતો હતો. એ વાત ખરી નથી કે તેણે એવુ પણ કહેલ કે આ વાતની ખબર મારા મમ્મી પપ્પાને પણ છે. **એ વાત ખરી છે કે મેં ત્યારે એવુ પણ કહેલ કે આમીર મને મોબાઈલ પણ લઈ આપવાનો છે. સોનગઢ ગયેલી ત્યારે મારી પાસે કોઈ મોબાઈલ નહતો મેં ત્યારે બલીરામના મોબાઈલ પરથી આમીરને બાર સાડા બારના અરસામા ફોન કરેલો. હુ આમીરને ફોન કરુ છુ તેવી બલીરામને ખબર હતી. મારા આમીર સાથેના દોસ્તી અને સંબંધની ખબર બલીરામને અગાઉથી હતી. આવી જાણ બલીરામને ૨–૩ દિવસ અગાઉથી હતી. સાહેદ જણાવે છે કે હુ આધારકાર્ડ આપવા ગયેલ ત્યારે મેં કહેલુ. મેં મારા તથા આમીર વિશેની જાણ બલીરામને કરેલી. મેં આ વાત બલીરામને નહી પરંતુ તેની પત્નીને કરેલી. એ વાત ખરી છે કે પીપળાના ઝાડથી હુ, બલીરામ, આમીર અને અનિતા તે ચાલતા ચાલતા એક દુકાનમાં ગયેલા પણ ત્યા મોબાઈલ પસંદ ન આવતા સોનગઢ બસ સ્ટેન્ડ પાસે ગયેલા.** એ વાત ખરી છે કે તે સમયે હું, આમીર અને અનિતા ત્રણેય ચાલતા ચાલતા બસ સ્ટેન્ડ પાસેની મોબાઈલની દુકાને ગયેલા અને બલીરામ પાછળથી તેનુ મોટરસાયકલ લઈને આવેલા. એ વાત ખરી નથી કે આ મોબાઈલની દુકાને પ્રથમ હુ , આમીર અને અનિતા એમ ત્રણ જણા ગયેલા અને બલીરામ પાછળથી આવેલા. એ વાત ખરી છે કે તે દુકાનનુ નામ સાંઈ મોબાઈલ દુકાન હતુ. **એ વાત ખરી છે કે ત્યા દુકાનમાં મારા આધારકાર્ડની ઝેરોક્ષ હતી જેમા મારી ઉંમર નાની હતી તેથી બલીરામ પાસેથી આધારકાર્ડ માંગવામા આવેલ અને બલીરામે તે આપેલ. એ વાત ખરી છે કે ત્યારે આમીર જે પૈસા લાવવાનુ ભુલી ગયેલ હોય જેથી બલીરામ પાસેથી તેણે ઉછીના પૈસા માંગેલ. એ વાત ખરી છે કે ત્યારે આમીરે એવુ કહેલ કે તે આ પૈસા બલીરામને**

**પાછા આપી દેશે.** એ વાત ખરી છે કે આ હકીકત મેં પોલીસને પણ લખાવેલી. એ વાત ખરી છે કે મોબાઈલ લીધા પછી અમે બધાએ સાથે નાસ્તો કરેલો. એ વાત ખરી નથી કે મેં ત્યારે બલીરામ અને તેની પત્નીને એવુ કહેલ કે હુ ઘણા સમય પછી આમીરને મળેલ છુ તો અમે ગાર્ડનમાં બેસીએ. **એ વાત ખરી છે કે હુ અને આમીર બંન્ને એકલા ગાર્ડનમાં બેઠેલા હતા.** એ વાત ખરી છે કે તે સમયે બલીરામ અને તેમની પત્ની બજારમા ખરીદી કરવા જતા રહેલા. એ વાત ખરી છે કે મેં જજસાહેબ પાસે પણ આ જ હકીકતો લખાવેલી છે. **એ વાત ખરી છે કે બલીરામ અને તેની પત્નીએ ખરીદી કરી લીધેલ તે બાદ અમે બંન્ને ગાર્ડનમાં ન હતા જેથી બલીરામે આમીરને ફોન કરીને હુ ક્યાં છુ તેવુ પુછેલ અને એવુ પણ કહેલ કે અમે ખરીદી કરી લીધેલ છે તું "ટી" ને એટલે કે મને મોકલી આપ અમારે જવુ છે. એ વાત ખરી છે કે આ ફોન આવતા હુ તરત જ બલીરામ અને તેમની પત્ની પાસે આવતી રહેલ અને તે બંન્ને મને મારા ઘરે મુકી ગયેલ.** એ વાત ખરી છે કે મને ઘરે મુકી ગયા બાદ હુ મારા ઘરે જ રાતે હતી. **એ વાત ખરી છે કે સોનગઢમાં હુ, બલીરામ અને તેની પત્ની બેંક ઓફ બરોડાના પીપળાના ઝાડ નીચે ગયેલ તે બાદ મોબાઈલ લેવા માટે ગયેલ , તે બાદ સોનગઢ બસ સ્ટેન્ડ પાસે આવેલ દુકાને ગયેલ ત્યા મોબાઈલ લઈ નાસ્તો કરી હુ આમીર સાથે બગીચામા બેસેલ અને આમીર સાથે રહેલી અને તે બાદ મને બલીરામે ફોન કરીને બોલાવેલ અને મારા ઘરે મુકી ગયેલ આમ હુ આ જે જગ્યાઓ જણાવુ છુ તે સિવાય બીજે ક્યાંય સોનગઢમા ગયેલ નથી.**

**એ વાત ખરી છે કે આ સોનગઢ ગયેલી અને હુ પાછી આવેલી તેના લગભગ ૬ માસ બાદ હુ મારા ઘરેથી ભાગી ગયેલી ત્યારે મારા પપ્પાને એવુ લાગેલ કે હુ આમીર વસાવા પાસે જતી રહેલ છુ એટલે મારા પપ્પાએ આમીર વસાવાને ફોન કરેલ તો આમીર વસાવાએ એવુ કહેલ કે હુ વાપીમાં છુ અને તમારી છોકરી મારી પાસે નથી તમને વિશ્ર્વાસ ન હોય તો અહી આવીને જોઈ લો.** એ વાત ખરી છે કે ત્યારે મારા પપ્પાને એવી જાણ થઈ ગયેલ કે હુ ગુનખડી ગામે છુ. **એ વાત ખરી નથી કે મારા પપ્પા ત્યારે મને સુનીલ છગનના ગુનખડીના ઘરેથી મારા પપ્પાની માસી જે ગોપાલપુરા રહે છે તેના ઘરે લઈ ગયેલ અને ત્યાથી મારા ઘરે લઈ આવેલ,સાહેદ જણાવે છે કે મારા**

**પપ્પા મને સુનીલ છગનના ગુનખડીના ઘરેથી સીધી અમારા આંબા ગામના ઘરે લઈ આવેલ. એ વાત ખરી છે કે મારા પપ્પાને મારી પાસે મોબાઈલ છે તેવી ખબર પડી ગયેલ.** એ વાત ખરી નથી કે આ મોબાઈલની જાણ બલીરામ અને તેની પત્નીએ કરેલ તેથી ખબર પડેલ, સાહેદ જણાવે છે કે મેં મોબાઈલ ચાર્જીગમા મુકેલો તે મારી મમ્મી જોઈ ગયેલ તેથી ખબર પડેલી. **હુ સુનીલના ઘરે એક દિવસ રોકાયેલ.સુનીલ સાથે હુ કયાય ફરવા ગયેલ નથી.સુનીલ અમારો સગોવહાલો થાય તેથી તેના ઘરે ગયેલી.હુ મારા મમ્મી પપ્પાને કીધા વગર એમ જ નીકળી ગયેલી સાહેદ જણાવે છે કે મને આંબા ગામે મારા મમ્મી પપ્પા સાથે રહેવુ ગમતુ ન હોય જેથી નીકળી ગયેલી.** હવે કહુ છુ કે મારે સ્કુલે જવાનુ હોય ત્યારે મારે બલીરામના ઘર પાસેથી નીકળવુ પડતુ તેથી મને ગમતુ નહતુ માટે હુ આંબા ગામેથી ગુનખડી ગામે સુનીલના ભાભીના ઘરે જતી રહેલી. <u>સુનીલના ભાભીનુ નામ શુ છે તે મને ખબર નથી. સુનીલની ભાભી હુ ગયેલી ત્યારે ઘરે નહતી ત્યારે તે મજુરી કરવા ગયેલી. હુ જયારે ત્યાં ગયેલી ત્યારે સુનીલ પણ ઘરે નહતો.હુ અગાઉ કયારેય સુનીલના ઘરે ગયેલ નહતી તે તેના ઘરના સભ્યોને ઓળખતી નહતી.હુ આમીરને ત્યા એટલા માટે ગયેલ નહતી કે હુ ૨-૩ દિવસથી આમીર સાથે વાતચીત કરતી નહતી.</u>

**<u>સવાલ-તમારે આમીર સાથે પરિચય હતો અને તમે મોબાઈલ પર વાતચીત કરતા હતા જયારે સુનીલ સાથે તમારે કોઈ પરિચય નહતો અને વાતચીત પણ કરતા નહતા તેમજ સુનીલના ઘરનાનો કોઈ પરિચય નહતો તો શા કારણે તમે સુનીલને ત્યા ગયેલા?</u>**

**નોંધ- સાહેદ ઘણીવાર વિચાર્યા પછી પણ જવાબ આપતા નથી.**

એ વાત ખરી છે કે મને મારા મા-બાપ સાથે કોઈ વાતચીત કર્યા સિવાય સુનીલના ઘરે જતા રહેવુ વધુ યોગ્ય લાગેલ. એ વાત ખરી નથી કે મારે સુનીલ સાથે સંબંધ હતા. એ વાત ખરી છે કે હુ સુનીલને ત્યા કીધા વગર એકલી નીકળી ગયેલ. હું દિવસે સાડા દસ અગિયાર વાગે સુનીલના ઘરે હુ રીક્ષામાં નીકળી ગયેલી. **હુ અમારા ગામથી ઝરાલી ચાલીને ગયેલી અને ત્યાથી રીક્ષામા બેસીને સુનીલને ત્યાં ગયેલી મેં સુનીલને કીધેલ નહી કે હુ તેના ઘરે આવુ છુ.** મારા પપ્પાએ દુધ ડેરીમા જે દુધ ભરવા જાય છે તેથી તેને

ખબર પડેલ કે હું ત્યાં છુ. **એ વાત ખરી છે કે તા.૧–૪–૨૧થી તા.૩૧–૫–૨૧ સુધી મેં સુનીલ સાથે મોબાઈલ પર ૫૩૭ વાર મોબાઈલ ફોન પર વાતચીત તથા એસ.એમ.એસ કરેલ છે. <u>એ વાત ખરી છે કે સુનીલ છગનના નંબર ૯૦૨૩૧ ૪૭*** ના હતા. હુ આ સુનીલની સાથે વાતચીત મારા ઘરના મોબાઈલ નં.૯૩૧૩૭ ૩૨*** પરથી કરતી.</u>** હુ સુનીલ સાથે વાતચીત કરુ છુ તેની જાણ મારા મમ્મી પપ્પાને નહતી. <u>***એ વાત ખરી છે કે મેં તા.૩૧–૫–૨૧થી તા.૨૭–૬–૨૧ સુધી એટલે કે મારી પાસે જે જીયોનો મોબાઈલ ૯૭૭૩૨૬૮૮૦૩નો હતો તેમાથી સુનીલ છગનના મોબાઈલ નંબર ૯૦૨૩૧ ૪૭૬૧૦ પર ૧૧૧૯ વાર કોલ્સ તથા એસ.એમ.એસ કરેલા.***</u> મને સુનીલ છગન, આમીર તે સામેથી પણ ફોન કરતા. હુ સુનીલ સાથે કલાકો સાથે શુ વાતો કરતી તેમ પુછતા જણાવુ છુ કે હુ કંઈ વાતો કરતી નહી. એ વાત ખરી નથી કે મારે અને સુનીલને પ્રેમસંબંધ હતો. એ વાત ખરી નથી કે મારે અને આમીરને પ્રેમસંબંધ હતો. હુ આમીર સાથે તુ શુ કરે છે, તે જમી લીધુ કે નહી તેવી વાતો કરતી. એ વાત ખરી નથી કે હુ આમીરની કાળજી કરતી તેથી તેને તેના વિશે પુછતી. એ વાત ખરી નથી કે મારે આમીર અને સુનીલ સાથે પ્રેમસંબંધ હોય હુ કલાકો તેમની સાથે વાતો કરતી તેમ છતા તેમની સાથે પ્રેમસંબંધ નથી તેવુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે મારે સુનીલ સાથે ફોન પર ઝઘડાઓ થતા.

**નોંધ– સાહેદને સુનીલ તથા આમીર સાથે કલાકો શુ વાતચીત કરતા તેમ પુછતા તેઓ તે સવાલના કોઈ જવાબ આપતા નથી.**

**નોંધ– આ સાહેદ જે તેની ઉલટ તપાસમાં પુછાયેલા પ્રશ્નના જવાબમા સીધા જવાબ આપવાના બદલે ફરીયાદમા જે આમીર વિશેની હરકતો લખાયેલ છે તે પ્રમાણે વાકય રચના જે દર્શાવાયેલ છે તે મુજબ જ સમગ્ર વાક્યરચના મુજબ જવાબ આપી રહેલ છે.**

<u>**હુ મનીષાબેન મહેન્દ્રભાઈ કોંકણી જે અમારા ગામના છે તેમને ઓળખુ છુ. હુ અમારા ગામના તારાચંદભાઈ કોંકણીને પણ ઓળખુ છુ. અમારા ગામમાં જે ચુંટણી થયેલ તેમા આ બંન્ને સામસામે ઉભા રહેલ તેની મને ખબર છે.**</u> <u>મનીષાબેનના પતિ મહેન્દ્રભાઈ પોલીસમાં ફરજ બજાવે છે તેની મને ખબર</u>

<u>છે.</u> એ વાત ખરી નથી કે ચુંટણી સમયે મારા પપ્પા અને કુટુંબ મનીષાબેનના સપોર્ટમાં હતા. એ વાત ખરી છે કે મહેન્દ્રભાઈ પોલીસવાળા મારા પપ્પાને સારી રીતે ઓળખે છે. એ વાત ખરી નથી કે મનીષાબેનનુ મકાન અમારા મકાનની બાજુમા આવેલ છે સાહેદ જણાવે છે કે અમારા બંન્નેના મકાન વચ્ચે પાંચથી દસ મીટરનુ અંતર છે અને તેમનુ મકાન બીજા ફળીયામાં આવેલ છે. અમારુ ફળીયુ ભીલ ફળીયા તરીકે ઓળખાય છે અને આ મનીષાબેન મહેન્દ્રભાઈ રહે છે તે ફળીયુ ચંદી ફળીયા તરીકે ઓળખાય છે. એ વાત ખરી નથી કે મહેન્દ્રભાઈ અવાર નવાર તેઓ જયારે રજામાં અમારા ગામમા આવતા ત્યારે અમારા ઘરે પણ આવતા. એ વાત ખરી નથી કે મારા પપ્પા પણ ત્યારે મહેન્દ્રભાઈના ઘરે જતા. મારા પપ્પા અને મહેન્દ્રભાઈ મળતા હોય તો મને ખબર નથી. એ વાત ખરી નથી કે મારા પપ્પાએ હાલની ફરીયાદ આપેલ ત્યારે અમારી સાથે મહેન્દ્રભાઈ પણ સાથે હતા. એ વાત ખરી નથી કે અગાઉ જયારે કોર્ટમા બલીરામ અને અનીતાબેનની જામીન અરજી મુકાયેલ તે સમયે અમારી સાથે કોર્ટમાં આ મહેન્દ્રભાઈ પણ આવેલા. એ વાત ખરી નથી કે મહેન્દ્રભાઈ ફરીયાદ કરવા અને જામીન અરજી સમયે કોર્ટમા અમારી સાથે આવેલ તેમ છતા હુ ખોટુ જણાવુ છુ. **<u>એ વાત ખરી છે કે બલીરામ અને તેના કુટુંબીજનો તારાચંદભાઈ કોંકણીના પક્ષને મદદ કરતા હતા.</u>** <u>એ વાત ખરી નથી કે આ ચુંટણીમાં મનીષાબેન હારી ગયેલા.હવે કહુ છુ કે મનીષાબેન હારી ગયેલા સાહેદ જણાવે છે કે તારાચંદ પણ હારી ગયેલા અને કોઈ ત્રીજો વ્યકિત જ જીતેલ.આ ત્રીજો વ્યકિત જીતી ગયેલ છે તેવી વાત મને મારા પપ્પાએ કરેલ.</u> એ વાત ખરી નથી કે મારા પપ્પાએ મને એવુ પણ કહેલ કે જો તારાચંદ ઉભા રહેલ ન હોત તો અને બલીરામ તેમને મદદ કરતા ન હોત તો મનીષાબેન જીતી જાત. એ વાતની મને ખબર નથી કે મનીષાબેન હારી જતા મહેન્દ્રભાઈએ બલીરામના કુટુંબ સાથે ઝઘડો પણ કરેલ. હું કદી પો.સ્ટે.માં મહેન્દ્રભાઈને મારા જવાબ પહેલા કે તે બાદ મળેલ નથી.

**<u>એ વાત ખરી છે કે મેં મારી ફરીયાદમાં હું બલીરામને ત્યાં મજુરીએ મારી દાદી સાથે ગયેલ ત્યારે તેના ખેતરમાં મકાઈ વાવેલ હતી તેવુ કે બપોરે મારી દાદી સાથે જમી લીધેલ તે પછી તેના ખેતરમા જે તળાવ હતુ ત્યાં</u>**

**બલીરામે અને તેની પત્નીએ મને બોલાવેલ અને વિડીયો અને ફોટા બનાવશુ તેવુ કહેલ ત્યારે મેં મારા પપ્પાને પુછીને કહુ તેવુ જણાવેલ કે ત્યારે તેણે મને એવુ કહેલ કે આ વાત હમણા કહેવાની નહી આપણે ફોટા અને વિડીયો બનાવી લઈએ અને ધીમે ધીમે આગળ વધીએ પછી કહેવાનુ તેવુ લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મારી ફરીયાદ મુજબ આધારકાર્ડ લઈને હું ગયેલ તે પહેલા ઝુંપડામાં બલીરામે મારી સાથે શરીરસંબંધ બાંધી અને તેનો બલીરામની પત્નીએ વિડીયો ઉતારેલ અને ફોટા પાડેલા તેવુ જે લખાવેલ છે તેવો બનાવ બનેલ જયારે જુબાનીમાં મેં આધારકાર્ડ પહેલા કોઈ બનાવ બનેલ હોય તેવુ સરતપાસમાં જણાવેલ નથી.** મારી મમ્મીના મોબાઈલ નંબર મેં ફરીયાદમાં જણાવેલ નથી. **એ વાત ખરી છે કે મેં મારી ફરીયાદમાં મારે બલીરામ સાથે પરિચય ખેતમજુરીએ જતી ત્યારે થયેલ તેવુ જણાવેલ છે પણ તે પહેલાથી હું તેને ઓળખતી હતી તેમજ બલીરામની છોકરી મારી સાથે ભણતી હતી તેવુ મેં ફરીયાદમાં લખાવેલ નથી.**

એ વાત ખરી છે કે મેં મે મહિનામાં ફરીયાદમાં બનાવ કઈ તારીખે બનેલો તેવુ જણાવેલ નથી. **એ વાત ખરી છે કે તેવો કહેવાતો બનાવ કઈ તારીખે બનેલ તે મેં જુબાનીમાં પણ જણાવેલ નથી તેમજ મેજીસ્ટ્રેટ રુબરુના નિવેદનમાં પણ જણાવેલ નથી. હુ જે મારી સાથેના શરીરસંબંધની હકીકત જણાવુ છુ તેમાં આરોપીએ મારી સાથે જબરજસ્તી કરેલી તેની જાણ મેં જે તે સમયે ઘરમાં કોઈને કરેલ ન હતી. એ વાત ખરી છે કે હુ તે સમયે મારુ તમામ કામકાજ સામાન્ય રીતે કરતી હતી. એ વાત ખરી છે કે હું એપ્રિલ મહિનાથી જ સુનીલ છગન અને આમીર વસાવા સાથે મોબાઈલ પર વાતચીત કરતી હતી અને તે મોબાઈલ મારી મમ્મીનો હતો. મને મેડીકલ તપાસણી માટે લઈ ગયેલા ત્યારે મેં ડોકટરને જે હકીકત સોનગઢ હોસ્પિટલમાં લખી આપેલ છે તે મેં જાતે લખેલ નથી પણ મારા પપ્પાએ મને જે લખી આપેલ તેની મેં કોપી કરીને ડોકટરને લખી આપેલ છે.** ***વ્યારા સીવીલ હોસ્પિટલમાં મને જયારે લઈ આવેલ ત્યારે મારા પપ્પાએ ડોકટરને બધુ લખી દીધેલ મેં કંઈ લખી આપેલ નથી.*** સાહેદ જણાવે છે કે હું બોલતી હતી તે ડોકટરે અંગ્રેજીમાં લખેલ. ડોકટરે

અંગ્રેજીમાં શું લખેલ તે મને વાંચી સંભળાવેલ નહી. મેં ડોકટર પાસે જે હકીકત લખાવેલ તે જ હકીકત મેં ફરીયાદમાં લખાવેલ કે કેમ તે મને ખબર નથી. વ્યારા સીવીલ હોસ્પિટલમાં મારા હાથમાંથી લોહી લીધેલ જેથી મારો હાથ દુખતો હતો જેથી મારા પપ્પાએ બનાવની વિગત લખી આપેલ. એ વાત ખરી નથી કે વ્યારા સીવીલ હોસ્પિટલમાં મારુ કોઈ બ્લડ સેમ્પલ લીધેલ નથી. મારી સાથે ૩૧મી મે પહેલા પણ બનાવ બનેલો જે બનાવ એકવાર બનેલો. મારી સાથે મે મહિના અગાઉ કયારેય બીજો કોઈ બનાવ બનેલ નથી. **મારી સાથે ૩૧મી મે પહેલા કોઈ બનાવ બનેલ નથી.** મારી સાથે માર્ચ ૨૦૨૧માં કોઈ બનાવ બનેલ નથી અને મેં ફરીયાદમાં પણ એવુ લખાવેલ નથી. મેં ડોકટર પાસે માર્ચ મહિનામાં કોઈ બનાવ બનેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે માર્ચ મહિનામાં મારી સાથે કોઈ વિડીયો ઉતારેલો હોય કે મારી સાથે કોઈ ખરાબ કામ કરેલ હોય તેવુ બનેલ નથી. તા.૩૧–૫–૨૦૨૧ પહેલા મારી સાથે આરોપીઓ દ્વારા કોઈ બનાવ બનેલ નથી. **ગોવિંદભાઈએ હુ સોનગઢ જતી હતી ત્યારે તું ક્યાં જાય છે તેવુ જે પુછેલ અને મેં કહેલ કે હુ કે.વાય.સી કરવા જવ છુ તેવુ કહેવાનુ કારણ આમીર સોનગઢ આવવાનો છે તે હતુ.** ગોવિંદભાઈને આમીર સોનગઢ આવવાનો છે તેની ખબર હતી જે જાણ મેં કરેલી. **ગોવિંદભાઈ ને મારા તથા આમીરના રીલેશનની ખબર હતી.** ગોવિંદભાઈ મારા મા–બાપને મારા તથા આમીર વચ્ચે સંબંધ છે તેવુ જણાવતા નહી. **રીલેશનનો અર્થ મને ખબર છે.** ***મારી તથા આમીર વચ્ચે પ્રેમસંબંધ હતા.*** બલીરામ મને કદી ખીજવતો હોય તેવુ બનેલ નથી.મેં આવી કોઈ હકીકત ડોકટર પાસે લખાવેલ નથી તેમજ મેં ફરીયાદમાં પણ તેવી હકીકત લખાવેલ નથી. **એ વાત ખરી છે કે મેં કોઈ વિડીયો ક્યારેય જોયેલ નથી.મારા વિડીયો અને ફોટા પાડેલા છે તેવુ મને બલીરામે કહેલુ તેથી મેં લખાવેલ છે.**

એ વાત ખરી છે કે મારે સુનીલ તથા આમીર સાથે સારા સંબંધ હોવા છતા મેં તેમને કોઈ વાત કરેલ નહી. હું સુનીલ તથા આમીર સાથે સામાન્ય રીતે વાતચીત કરતી તેમજ સોનગઢથી આવ્યા બાદ પણ ઘરમા સામાન્ય રીતે રહેતી હતી.એ વાત ખરી છે કે સોનગઢમાં આમીર મને મળેલ ત્યારે પણ અમે

બંન્ને સારી રીતે એકબીજા સાથે હળેલ મળેલ. એ વાત ખરી છે કે હું તે બાદ પણ મારા ઘરમાં મારી રોજિંદી ક્રિયાઓ તથા કામકાજ સામાન્ય રીતે કરતી અને તે દરમ્યાન બધાની સાથે હળીમળીને સામાન્યપણે વાતચીત પણ કરતી. એ વાત ખરી છે કે સોનગઢથી આવ્યા બાદ પણ મારી સાથે કોઈ બનાવ બનેલ નથી. હાલની ફરીયાદનુ કારણ એવુ છે કે સ્કુલ ચાલુ થયા બાદ મને સારુ લાગતુ નહોય હું સુનીલના ઘરે જતી રહેલ એટલે મારી મમ્મીએ મને પુછેલ કે કેમ જતી રહેલ હતી તો મેં તેને આ બલીરામની વાત કરેલ. એ વાત ખરી નથી કે બલીરામ તથા તેની પત્ની તથા મેં સુનીલ વિરુધ્ધ ફરીયાદ ન થાય તેથી મેં ખેટી ઉભી કરેલ છે. એ વાત ખરી છે કે સુનીલ વિરુધ્ધ કોઈ ફરીયાદ મારા મમ્મી પપ્પો કરેલ નથી તેમજ મેં કરેલ નથી તેમજ હુ ભાગીને સુનીલને ઘેર જતી રહેલ તેવી હકીકત મેં ફરીયાદમાં લખાવેલ નથી.હું સુનીલને ત્યાં નાતાલના અઠવાડિયા અગાઉ ગયેલી.હું સુનીલને ત્યાં ત્રણ દિવસ રોકાયેલ નથી સાહેદ જણાવે છે કે હુ સુનીલને ત્યા સવારે ગયેલી અને બીજે દિવસે સવારે પાછી આવેલી. **એ વાત ખરી છે કે હુ સુનીલ સાથે વાતચીત કરતી તેની જાણ મારા પપ્પાને થતા તેમણે મારો મોબાઈલ તોડી નાંખેલો.** ***એ વાત ખરી છે કે તે મોબાઈલ મને સુનીલે આપેલો. મેં આમીર પાસેથી પણ મોબાઈલ લીધેલો.*** **આમીરે જે મને મોબાઈલ લઈ દીધેલ તે મોબાઈલ પોલીસ સ્ટેશનમાં છે.** હું સુનીલને ત્યાંથી આવી તેના અઠવાડિયા પછી ફરીયાદ કરવા ગયેલા. **એ વાત ખરી છે કે મારા આમીર સાથેના સંબંધ વિશે મારા મમ્મી પપ્પાને ખબર નહતી અને તેની વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલ નથી.** એ વાત ખરી નથી કે હુ અને આમીર લગ્ન કરવા માંગીએ છીએ.હુ જે જણાવુ છુ કે મારા પપ્પાએ બલીરામને બોલાવેલા તે સમયે સમાજના કોઈ માણસોને ભેગા કરેલા નહી.સાદેહ જણાવે છે કે મારા મોટા પપ્પા દિનુભાઈ તથા મારી દાદી હાજર હતા. એ વાત ખરી છે કે મારા પપ્પાએ બલીરામને કહેતા તેમણે ના પાડી દીધેલ કે તેણે આવુ કંઈ કરેલ નથી. એ વાત ખરી છે કે પછી સામસામે બોલાચાલી થયેલ. **એ વાત ખરી છે કે બલીરામે એવુ કહેલ કે મેં કંઈ કરેલ નથી તમારે જે કરવુ હોય તે કરો.** એ વાત ખરી નથી કે બલીરામે મારા પપ્પાને એવુ કહેલ કે આમીરે તમારી છોકરીને મોબાઈલ લઈ દીધેલ છે અને તે તેની

સાથે વાતચીત કરે છે. એ વાત ખરી છે કે અનિતાબેને મારા પપ્પાને એમીર સાથે હુ વાતચીત કરુ છુ અને તેણે મને મોબાઈલ લઈ લીધેલ છે તેવી વાત કરેલી. એ વાત ખરી નથી કે તેથી હુ અનિતાબેન પર પણ ગુસ્સે થઈ ગયેલ. **એ વાત ખરી છે કે મેં તેથી એવુ જણાવેલ કે મને તે મોબાઈલ અનિતાબેન અને બલીરામે લઈ દીધેલ છે. એ વાત ખરી છે કે તેથી મારા પપ્પાને એવુ લાગેલ કે બલીરામ અને તેની પત્નીએ મને મોબાઈલ લઈ દઈ અને આમીરનુ નામ લઈ તેમને ગેરમાર્ગે દોરેલ છે.** એ વાત ખરી છે કે મેં તે પછી મારા પપ્પાને એવુ કહેલ કે આ અનિતાબેને અને બલીરામે મારો વિડીયો ઉતારેલ છે. એ વાત ખરી નથી કે બ લીરામે અને તેની પત્નીએ આમીરે મને મોબાઈલ લઈ દીધેલ છે અને હુ તેની સાથે વાત કરુ છુ તેવુ કહી દેતા મેં બલીરામ તથા તેની પત્નીએ મારી સાથે ખ રાબ કૃત્ય કરેલાનુ અને મારો વિડીયો ઉતારેલાની ખોટી હકીકતો ઉભી કરી મારા પપ્પાને કહેલ. એ વાત ખરી છે કે મેં આમીર તથા સુનીલ સાથેના સંબંધોની, મોબાઈલ પર વાતચીતની હકીકતો મારા મમ્મી પપ્પાને જાણ કરેલ નહી.એ વાત ખરી નથી કે મેં ઈશાન, વિશાલ, રાહુલ સાથેના મારા સંબંધોની અને વાતચીતની જાણ મારા મમ્મી પપ્પાને કરેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓ અમારા ફળીયામાં જ રહેતા હોય અને મારા ઘરે આવ જા કરતા હોય હુ તેમની સાથે વાતચીત કરુ છુ તેવી જાણ મારા મમ્મી પપ્પાને હતી. એ વાત ખરી નથી કે તા.૨૬-૧૧-૨૦૨૧ના રોજ પણ હુ મારા ઘરેથી ભાગી ગયેલ. એ વાત ખરી નથી કે તા.૨૬-૧૧-૨૦૨૧ના રોજ હુ મારા ઘરે ન હતી. એ વાત ખરી નથી કે તે સમયે મારા મમ્મી પપ્પાએ પાછળથી બલીરામ અને તેની પત્ની અનિતાને બોલાવેલ અને તેને કહેલ કે "ટી" ને સમજાવો તે વારંવાર ભાગી જાય છે.

**હું સુનીલાબેન ગુલાબભાઈ કોંકણીને ઓળખુ છુ તે અમારા ગામના સરપંચ છે. એ વાત ખરી છે કે આ સુનીલાબેન આરોપી વિરુધ્ધ ફરીયાદ કરવાની ચર્ચા વિચારણ કરવા આવતા હતા.** એ વાત ખરી નથી કે તેઓ મને સમજાવતા કે તારે કેવી રીતે શું બોલવાનુ અને લખાવવાનુ છે. એ વાતની મને ખબર નથી કે સુનીલાબેન અને મહેન્દ્રભાઈને સારુ બને છે કે કેમ? સાહેદ જણાવે છે કે સરપંચ સુનીલાબેન સોનગઢમાં રહે છે. મારે કદી

તેની સાથે જવાનુ થયેલ નથી. આ સુનીલાબેન જયારે અમે પો.સ્ટે.માં ફરીયાદ કરવા ગયેલા ત્યારે અમારી સાથે આવેલા. હું ફરીયાદ આપવા ગયેલ ત્યારે સુનીલાબેન મારી સાથે જ બેઠા હતા.સુનીલાબેન ત્યાં મારી સાથે લગભગ અડધો કલાક બેસેલા. ફરીયાદ આપવા સોનગઢ પો.સ્ટે.માં અમે બપોરના બારથી સાડાબારના ગાળામાં ગયેલા. ફરીયાદ આપવા માટે મારી સાથે મારા મમ્મી ,પપ્પા, સુનીલાબેન, મારા પપ્પાની બેન અરુણા જે મારી ફઈ થાય છે તે મારા મોટા પપ્પા દિનુભાઈ તેટલા ગયેલા. અમે પો.સ્ટે.માં અંદાજે એક કલાક રોકાયેલા. તે બાદ અમે ઘરે જતા રહેલા. **એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "તો મારી મમ્મીએ એવું કહેલ કે તે રસોઈ કરે છે હમણા નહિ આવે તો તેણે કહેલ કે થોડુક જ કામ છે તે તરત જ પાછી આવતી રહેશે " લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "પછી તેમણે મને કહેલ કે આપણે તારા ફોટા પાડીને મોકલી આપી. ફોટા કયાં મોકલાવના તેવું કહેલ નહિ. તે પછી મારા ફોટા પાડેલા. જેમાં બે ફોટા કપડા પહેરેલા હતા." લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " બલીરામે મોબાઈલ ચાલુ કરીને મુકી દીધેલ હતો. મને ખબર હતી કે વીડીયો ઉતરી રહેલ છે. મેં તે વીડીયો જોયેલ નહિ." લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "બે–ત્રણ દિવસ પછી મને ફરી બોલીરામની પત્નીએ બોલાવેલ. બલીરામની પત્નીએ ફોન કરીને બોલાવેલ. તેણે મારી મમ્મીના મોબાઈલ પર ફોન કરેલો. જે મારી મમ્મીના મોબાઈલ પર ફોન આવતા હતા તે નંબર મને ખબર નથી. " લખાવેલ**

**છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "બલીરામની પત્ની એ મને ગણિતની નવનીત જે તેની છોકરીની મારી પાસે હતી તે આપી જવા કહેલ પછી હું તેના ઘરે કે જે ખેતરમાં આવેલું છે ત્યાં ગયેલ. " લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " ત્યારે બલીરામે એવું કહેલ કે વીડીયો સારો નથી આવ્યો એટલે આપણે બીજો વીડીયો ઉતારવો છે. તે સમયે તેની છોકરી ત્યાં ન હતી. જેથી મેં કંઈ કહેલ નહિ." લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

**એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " અમે સોનગઢ ગયા તેના અઠવાડીયા પહેલા શરીરસબંધ બાંધેલો હતો. બીજી વાર શરીરસબંધ બાં ધેલો ત્યારે ખાટલા પર મોબાઈલ મુકી દીધેલો અને વીડીયો બનાવેલો. તે વીડીયો મેં જોયેલો નહિ." લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.**

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "તે બાદ બે–ત્રણ દિવસ પછી મારા પપ્પા પર બલીરામનો ફોન આવેલો. બોલીરામનો તે ફોન સવારે આવેલો. તેણે એવું કહેલ કે તમારી છોકરીનું કેવાયસી કરાવવાનું છે એટલે સોનગઢ લઈ જવાની છે. બલીરામ મારા પપ્પાને પણ ઓળખતા હતા. ચર્ચમાં જતા હોવાથી ઓળખતા હતા. બલીરામ પાસે મારા પપ્પાના મોબાઈલ નંબર પણ હતા. મને મારા પપ્પાના મોબાઈલ નંબર ખબર નથી. મને બલીરામના મોબાઈલ નંબર યાદ નથી કે અનિતાનો મોબાઈલ નંબર પણ યાદ નથી. મારા પપ્પાએ બલીરામને કહેલ કે સારૂ તમે લઈ જજો." લખાવેલ છે

તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " અમે તેની બહેન કપિલાના ઘરે સોનગઢમાં દેવજીપુરામાં ગયેલ."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " તે પછી મને બલીરામે કહેલ કે આપણે વીડીયો અને ફોટા પાડીએ."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે બલીરામની બહેનને ત્યા ઠંડુ પીણુ પીધેલ હોય તેવુ બનેલ ન હોય તેથી મેં સરતપાસમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે તે ઠંડુ પીણુ કયુ હતુ, કયા કલરનુ હતુ તે પણ મેં ફરીયાદમાં જણાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "તે પછી મારા કાકાનો છોકરો બેંક ની સામે આવેલો. મેં મારા કાકાના છોકરાને એમ જ ફોન કરેલો. આ કાકાનો છોકરો જે આવેલો તે ખેરવાડા રહેતો હતો ત્યાંથી આવેલો. તે બાઈક લઈને આવેલો." લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "મારા પપ્પા ના પાડતા હતા તેથી મારા કાકાના છોકરાને કહેલ "લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "તો મેં કહેલ કે રહેવા દે. તો બલીરામની પત્નીએ કહેલ કે અમારી પાસે પૈસા છે અત્યારે મોબાઈલ લે

પછી પૈસા આપી દે જે. જેથી અમે બે હજાર રૂપિયાનો મોબાઈલ લીધેલો. "લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે ". અમે સોનગઢમાંથી મોબાઈલ ખરીદેલો. તે દુકાનનું નામ મને ખબર નથી. અમે જીયો કંપનીનો મોબાઈલ લીધેલો. જેમાં નવું સીમકાર્ડ લીધેલ તેના નંબર મને ખબર નથી. તે સીમકાર્ડ બલીરામના નામે લીધેલું. તે મોબાઈલ મેં રાખેલો. મેં આ મોબાઈલની વાત ઘરમાં કોઈને કરેલ નહિ. મારી મમ્મી એવું કહેતા હતા કે ઘરે મોબાઈલ હોય તો તારે શું લેવાની જરૂર છે એટલે મેં ઘરે કોઈને કહેલ નહિ."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " મોબાઈલ લઈને અમે નાસ્તો કરવા હોટલમાં ગયેલા. તે હોટલનું નામ મને ખબર નથી. તે હોટલ બસ સ્ટેશનની સામે આવેલ હતી. નાસ્તો કરવા હું, બલીરામ તેની પત્ની અને મારા કાકાનો છોકરો એટલા ગયેલા. અમે એકથી બે ના ગાળામાં નાસ્તો કરવા ગયેલા."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " તે પછી હું મારા કાકાના છોકરા સાથે બાગમાં બેસવા ગયેલ ત્યારે બલીરામ અને તેની પત્ની બજારમાં ગયેલા. હું અડધો કલાક મારા કાકાના છોકરા સાથે બેસેલી. મેં મારા કાકાના છોકરાની કોઈ વાત કરેલ નહિ.તે પછી બલીરામે મારા કાકાના છોકરાને ફોન કરેલ. તે પછી અમે બન્ને બસ સ્ટેન્ડે ગયેલ. તે પછી બાઈકમાં બેસીને અમે ઘરે આવતા રહેલા અને મારા કાકાનો છોકરો તેના ઘરે જતો રહેલો. "લખાવેલ છે

તેવી હકીકત મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે "ત્રણેક દિવસ પછી મારી મમ્મીને ફોનની ખબર પડી ગયેલ. મારી મમ્મીએ મારી પાસે ફોન જોયેલો. મેં ફોન ચાર્જિંગમાં મુકેલ ત્યારે જોયેલો. મેં ફોન લીધેલ ત્યારેથી તેને ચાર્જિંગમાં મુકેલો ન હતો. મારી ઘરે કોઈ ન હતુ ત્યારે મેં ફોન ચાર્જિંગમાં મુકેલો ત્યારે મારી મમ્મી આવી ગયેલ અને અચાનક જોઈ ગયેલ. હું આ ફોનથી મારા કાકાના છોકરા સાથે વાતચીત કરતી. તે સિવાય હું બીજા કોઈને સાથે વાતચીત કરતી નહિ. મારી મમ્મીએ મોબાઈલ તોડી નાખેલ. મેં તેને કહેલ કે મને કાકાના છોકરાએ મોબાઈલ લઈ આપેલ છે. તો મને પુછેલ કે કેમ લઈ આપેલો છે. તો મેં કહેલ કે તમને કીધું તમે નતા લાવી આપતા અને મે કાકાના છોકરાને કીધુ તેણે લાવી આપેલ. પછી કંઈ થયેલ નહિ."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " તે પછી ર૬ મી તારીખે બલીરામ અને તેની પત્નીને મારા મમ્મી–પપ્પાએ ફોન પર વાત કરીને બોલાવેલા. તેમને બપોરે બોલાવેલા. તેઓ આવેલા. તો મારા પપ્પાએ તેને કહેલ કે મારી છોકરી આવી વાત કરે છે તમે સાચે જ મારી છોકરી જોડે આવુ કરેલું છે. તો તેમણે ના પાડી દીધેલ. તો મારા પપ્પાએ કહેલ કે તમે સાચે સાચુ કહો નહિતર અમે કેસ કરવા જઈશું."લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જે " તે પછી અમે ર૭ મી તારીખે સોનગઢ કેસ નોંધાવવા ગયેલ. તો પોલીસે કહેલ કે એક દિવસ રોકાઈ

જાવ આપણે આવતીકાલે કેસ નોંધશું. પોલીસે એવું કહેલ કે અપરાધી એટલ ે કે બલીરામ આવેલો નથી તે આવી જાય પછી નોંધીશું. બલીરામને પોલીસ ફોન કરતી હતી પણ તેનો ફોન લાગતો ન હતો. તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. અમે સાંજ સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલ. તે પછી ઘરે આવતા રહેલા અને બીજે દિવસે ફરી પોલીસ સ્ટેશન સવારે ગયેલા "લખાવેલ છે તેવી હકીકત મારી ફરીયાદમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂના સી.આર.પી.સી.કલમ ૧૬૪ના નિવેદનમાં લખાવેલ નથી.

સોનગઢ ડોકટર પાસે હુ મારા મમ્મી પપ્પા સાથે ગયેલી. મેં ડોકટરને સોનગઢમાં કંઈ લખીને આપેલ નહી સાહેદ જણાવે છે કે મારા પપ્પાએ લખીને આપેલુ મેં તેમા સહી કરેલી. મારા પપ્પાએ શુ લખેલ તે મેં વાંચેલ નહી. તાપી વ્યારામા જયારે અમે મારા ચેકઅપ માટે આવેલા તે સમયે મારા પપ્પાએ ડોકટરને શુ બનેલ છે તે લખીને આપેલુ. એ વાત ખરી છે કે ડોકટરે મારા પપ્પાની પુછપરછ કરીને લખી દીધેલ. ''

**(૧૧).** ફરીયાદપક્ષે સાહેદ **નં–૨ ભોગબનનારના પિતા**ને આંક –૨૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેણીએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

'' આ કામના આરોપી બલીરામભાઈ ગમનભાઈ કોંકણી તથા તેમના પત્ની અનીતાબહેન બલીરામભાઈ જેઓ અમારા ગામમાં આવેલ ચર્ચ માં પાસ્ટર તરીકે સેવા આપતા આવેલા છે જેઓ આજ રોજ કોર્ટમાં હાજર છે જેમને હું ઓળખુ છુ. સોથી મોટી ભોગબનનાર ''ટી'' છે જેની **જન્મ તારીખ ૫/૦૨/૨૦૦૫ છે** બનાવ સમયે તેણી ધોરણ–૧૧ મા પ્રાથમિક શાળા આંબામાં અભ્યાસ કરતી હતી. તા.૨૫–૧૨–૨૧ ના રોજ નાતાલનો તહેવાર હોવાથી તા.૨૪–૧૨–૨૧ ના રોજ હું તથા મારી સાથે મારી માસીની દિકરી તથા જમાઈ સવારના ચારેક વાગ્યે ગામ આવવા માટે નિકળેલ અને બીજા દિવસે સવારના સાંતેક વાગ્યે ઘરે પહોચેલ તે વખતે મારી મમ્મી ઘરે આવેલ ત્યારે મારી પત્નીએ મને જણાવેલ કે ભોગબનનાર દિકરી ગુમ સુમ રહે છે અને

આપણા ગામના પાસ્ટર બલીરામભાઇએ ખેતરમાં આવેલ ઝુપડામાં તથા તેની બહેન ના મકાનમાં ખરાબ કામ કરેલ છે. જેથી મે મારી દિકરીને પુછતા મારી ભોગબનનાર દિકરીએ જણાવેલ કે તે મકાઇના ખેતરે કામ કરવા ગયેલી ત્યારે પાસ્ટર બલીરામે મને કહેલ કે વીડીઓ અને ફોટા મોકલવાથી પૈસા મળે છે અને ચારેક વાગ્યે ફોન કરીને ખેતરે બોલાવેલ અને તેની સાથે દુષ્કર્મ કરેલ તે પછી તે ઘરે આવતી રહેલ તેના થોડા દિવસ પછી પાછો બલીરામની ઘરવાળી અનીતાબહેને મારી ઘરવાળીને ફોન કરેલ અને નવનીત ચોપડી લઇને ખેતરે બોલાવેલ અને તે બલીરામના ખેતરે ગયેલ તે દિવસે પણ તેની સાથે બલીરામે દુષ્કર્મ કરેલ. તે પછી બેન્કમાં કે.વાય.સી કરવા માટે બલીરામે મને ફોન કરેલો હતો એટલે મે મારી પત્નીને મારી દિકરીને બલીરામ સાથે જવા કહેલ તેઓ ગાડી લઇને મારી દિકરીને બોલાવવા આવેલા હતા.મારી દીકરીને કે.વાય.સી કરવા લઇ ગયેલ નહિ પરંતુ ડાઇરેક્ટ તેની બહેનના ઘરે સોનગઢમાં દેવજીપુરા ગામમાં લઇ ગયેલ અને તેની સાથે ત્યાં પણ દુષ્કર્મ કરેલ તે પછી બેન્કમાં લઇ ગયેલ પણ બેન્કવાળાએ કહેલ કે આજે કે.વાય.સી નું કામ બંધ છે તે પછી મારી દીકરીએ અમીર વસાવાને ફોન કરેલ અને અમીર બેન્ક પાસે આવેલો ત્યારે મારી છોકરીએ કહેલ કે મારે મોબાઇલ જોઇએ છીએ તો અમીરે કહેલ કે મારી પાસે હાલ પૈસા નથી તો તને કેવી રીતે મોબાઇલ લઇ દઉ ત્યારે તેની બાજુમાં અનીતાબહેન અને બલીરામ ઉભા હતા જેમાં અનીતા એ મારી દિકરીને કહેલ કે અમે તેને મોબાઇલ લઇ આપીએ અને દુકાનમાં જઇને રુ.૨૦૦૦/–આપી મોબાઇલ લઇ આપેલ તેમજ બલીરામે પોતાના નામનું સીમ કાર્ડ મારી પુત્રીને લઇ આપેલ. મારી દિકરીએ આ બન્નેએ કહેલ કે અમે તને મોબાઇલ લઇને આપેલ છે તે તારે કોઇને કહેવાનું નથી.આ તમામ હકીકત મારી દીકરીએ મને જણાવેલ

**મને આ જાણ થતા તા.૨૬–૧૨–૨૧ ના રોજ બલીરામને ફોન કરેલ અને કહેલ કે તુ અને તારી પત્ની મારા ઘરે આવો જેથી તે બન્ને મારા ઘરે આવેલા અને મે તેને કહેલ કે મારી દિકરીએ મને એવુ કહેલ છે કે તમે મારી દિકરી સાથે ખોટુ કામ કરેલ છે અને કે.વાય.સી કરવાના બહાને લઇ ગયા ત્યારે પણ તેની સાથે ખોટુ કામ કરેલ છે. તો તેમણે કહેલ કે આને ઘણો**

**<u>સમય થઇ ગયેલ છે એટલે કે પાંચ છ મહિના થઇ ગયેલ છે તારાથી જે થાય તે કરીલે હું પહોચેલો માણસ છુ તે પછી અમે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યાં ફરિયાદ મારી દિકરી ભોગબનનારે નોંધાવેલ</u>** પોલીસે મારી પુછ પરછ કરેલ જેમાં મે આવી હકીકત લખાવેલ. મારી દિકરીને જવાબ નોંધાવવા કોર્ટમાં લઇ ગયેલા અને મેડીકલ કરાવવા માટે લઇ ગયેલ અને મને પણ કોર્ટમાં લઇ ગયેલા મે પણ કોર્ટમાં નિવેદન નોધાવેલ મને મારુ સી.આર.પી.સી ક.૧૬૪.નું નિવેદન નોંધેલ જે નિવેદન **આંક – ૨૮** તે બાદ પોલીસે વીડીઓ ગ્રાફી કરીને નિવેદન લીધેલ જેમા પણ મે આવુ જ જણાવેલ. મારી દિકરીને જ્યારે દવાખાને મેડીકલ માટે લાવેલા ત્યારે મારી દિકરીને હાથમાં ઈન્જેક્સન આપેલ હતુ તેથી તે લખી શકતી ન હતી જેથી મે તેના બદલે નિવેદન લખી આપેલ અને મે પોલીસના કહેવાથી લખી આપેલ<u>. મારી દિકરીની જન્મ નોંધ કરાવેલ જેમાં મે તેનું નામ ટીન્કી લખાવેલ પરંતુ શાળામાં દાખલ કરતી વખતે તેનું નામ ફેરવી નાંખેલ અને પોલીસે તે બાબતે મારી પુછ પરછ કરી મારુ નિવેદન નોંધેલ.</u>મે પોલીસને તેમના માંગવાથી મારી દિકરીના આધાર કાર્ડની નકલ અને જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ નકલ આપેલ. મને મારી દીકરીએ દુષ્કર્મ તેની સાથે થયેલ છે તે સિવાય બીજી કોઇ વાત કરેલ નહિ. મારી દિકરી સાથે આ સિવાય બીજુ કંઇ બનેલ નથી અને આ સિવાય મને મારી દિકરીએ બીજુ કંઇ કહેલ નથી.

**<u>સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકતમાં જણાવતા વિ. વ. એ. પી. પી.શ્રીએ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસની પરવાનગી આપતા ઉલટતપાસમાં જણાવેલ છે કે,</u>** એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુ ના તા.૨૮–૧૨–૨૧.ના નિવેદનમાં એવુ લખાવેલ કે મારી દિકરીએ મને એવુ પણ કહેલ કે આરોપી બલીરામે તેની સાથે તેના ખેતરની ઓરડીમાં જે શારીરીક સંબંધ બાંધેલ ત્યારે તેનો વીડીઓ ઉતારેલ તેમજ તે પછી પણ શારીરીક સંબંધ બાંધતી વખતે અનીતા બહેને વીડીઓ ઉતારેલ તેમજ સોનગઢ મુકામે બલીરામની બહેનના ઘરે તેની સાથે જે શારીરીક સંબંધ બાંધેલ ત્યારે પણ અનીતા બહેને તેનો વિડીઓ ઉતારેલ.

**૧૧.૧** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ભોગ બનનારના પિતાની ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" હું મનિષાબેન મહેન્દ્રભાઈ કોંકણીને ઓળખુ છુ તેઓ અમારા ગામના છે. હું તારાચંદ ને કોંકણીને ઓળખુ છુ તેમને મેં જોયેલા છે. મને આ મનિષાબેન અમારી ગ્રામપંચાયતની ચુંટણીમાં ઉભા રહેલા તેની મને ખબર છે. <u>એ વાત ખરી નથી કે, તે ચુંટણીમાં હું અને મારૂ કુટુંબ મનીષાબેનના પક્ષમાં હતા સાહેદ જણાવે છેકે, તારાચંદના પક્ષમાં હતુ.</u> હું મનિષાબેના પતિ મહેન્દ્રભાઈ ને ઓળખુ છુ. તેઓ પોલીસમાં ફરજ બજાવે છે. એ વાત ખરી છે કે, મનિષાબેનનુ મકાન જે ફળીયામાં છે તે ફળીયુ અને મારૂ મકાન જે ફળીયામાં છે તે ફળીયુ તેમ બંને ફળીયા બાજુબાજુમાં આવેલા છે. **<u>હું જે બનાવનુ જણાવુ છુ તે બનાવ માર્ચ મહિનામાં બનેલો.</u>** તે સમયે હું બરોડા તરફ કામે ગયેલ હતો. હું કડિયા કામ કરૂ છુ. હું અંદાજે એકાદ મહિનો મારા કામના સ્થળે રહી વચ્ચે ઘરે આવુ છુ.

હું બહાર મજુરીકામે ગયેલો ત્યારે મારી પત્ની પણ છુટક કામ માટે જતી. મારી પત્ની ગામમાં જ મજુરીકામ માટે જતી. **<u>હું જે માર્ચ–૨૦૨૧ નો સમયગાળો જણાવુ છુ ત્યારે લોકડાઉન હતુ અને શાળાઓ બંધ હતી અને તે સમયગાળામાં મારી દિકરીએ સ્કુલે જવાનુ ન હતુ.</u>** <u>મારી ભોગબનનાર દિકરીનો જન્મ અમે કામરેજની બાજુમાં એક ગામડામાં શેરડી કાપવા ગયેલા ત્યાં થયેલો.</u> મને તે ગામનુ નામ ખબર નથી. પરંતુ તે કદાચ ઉભેડ હતુ. **<u>મારી દિકરીનો જન્મ લગભગ તા.૨/૫/૨૦૦૫ ના રોજ થયેલો.</u>** <u>મારી દિકરીનો જન્મ ફેબ્રુઆરી મહિનામાં થયેલો. તે સમયે શિયાળો હતો.</u> મારી જન્મની નોંધ ઉભેડ ગ્રામપંચાયતમાં કરાવેલ નહીં. સાહેદ જણાવે છેકે, મારી છોકરીના જન્મની નોંધ અમારી ગ્રામપંચાયતમાં કરાવેલ. <u>નોંધ કરાવવા મારા પપ્પા</u>

ગયેલા. મારા પપ્પાએ દિકરીનો જન્મ ઉભેડ ગામે થયેલ છે તેવુ તલાટી–કમ મંત્રીને કહેલુ. આ ભોગબનનાર દિકરી આજથી આશરે સોળ સત્તર વર્ષ પહેલા જન્મેલી. હું જે માર્ચમાં બનાવ બનેલાનુ જણાવુ છુ ત્યારથી નાતાલ સુધી અંદાજે ચારથી પાંચવાર ઘરે આવેલો. હું જયારે કોઈ વાર મારી દિકરીને મળતો. સાહેદ જણાવે છેકે, શાળા ચાલુ થઈ જતા મારી દિકરી ચિમેર ગામે તેના મામાને ત્યાં જતી રહેલી. મારી દિકરી જુન કે જુલાઈ–૨૦૨૧ થી ચિમેર ગામે તેના મામાને ત્યાં જતી રહેલ અને અમે અમારી દિકરીને મળવા ચિમેર ગામે જતા. મારી દિકરી તેના મામાને ત્યાં રહેતી હતી. મારી દિકરી ધોરણ–૧૦ માં માસ પ્રમોશનમાં પાસ થયેલી તે પછી પાછી અમારા ઘરે ભણવા આવી ગયેલી. તે સમયે તે રોજ સ્કુલે જતી હતી. મારી દિકરી તે સમયગાળામાં ઘરનુ કામકાજ પણ કરતી હતી અને મારી પત્ની અને કુટુંબના સભ્યો સાથે અને હું આવુ ત્યારે મારી સાથે વાતચીત પણ કરતી હતી. તે અમારા ફળીયામાં જે બીજી સ્ત્રીઓ તથા તેની બહેનપણીઓ હોય તેમની સાથે બોલતી ચાલતી અને તેમના ઘરે આવતી જતી. તે અમારા ફળીયામાં રમવા પણ જતી. મારી દિકરી તેની શાળા જુન જુલાઈ ૨૦૨૧ માં ચાલુ થયેલ તેના ત્રણેક મહિના પછી તેનુ વર્તન બદલાયેલ, તે કોઈકવાર ખીજવાઈ જતી, કોઈકવાર છાનીમાની બેસી રહેતી અને એક વાર ઘરેથી ભાગી પણ ગયેલી. તે નાતાલના અઠવાડિયા અગાઉ ભાગી ગયેલી. હું મારી છોકરીના આવા વર્તન અંગે કંઈ પુછેલ નહીં. સાહેદ જણાવે છે કે, મેં મારી ઘરવાળીને ફોન પર પુછેલ કે તે કેમ આવુ કરે છે પણ મારી ઘરવાળીએ મને કંઈ કહેલ નહીં. મારી છોકરી ભાગી ગયેલાનુ જણાવુ છુ ત્યારે પણ તેની સ્કુલ ચાલુ હતી. મારી છોકરીને અમે કોઈ દવાખાને તેના વર્તન બદલની સારવાર માટે લઈ ગયેલા નહીં. મારી દિકરીની અમારા ફળીયામાં રહેતી કઈકઈ છોકરીઓ તેની

<u>ફ્રેન્ડ છે તેની મને ખબર નથી. સાહેદ જણાવે છેકે, આરોપીની દિકરી તેની ફ્રેન્ડ હતી અને તે અમારા ઘરે કોઈકોઈક વાર આવતી હતી.</u> હું જયારે મુજરી કામેથી મારા ઘરે આવલો હોઉં ત્યારે આરોપીની છોકરીને મારા ઘરે આવેલી પણ હું તે સમય ન કહી શકુ. આરોપીની છોકરી મારી છોકરીના કલાસમાં ભણતી હતી. મને તે છોકરીના નામની ખબર નથી. મારા ફળીયાની કઈ છોકરીઓ મારી દિકરીની ફ્રેન્ડ હતી અને તે અમારા ઘરે આવતી હતી તેમા એકનુ નામ ટાલી છે બીજી છોકરીઓનુ નામ યાદ નથી. મારી દિકરીને અમારા ફળીયાના કોઈ છોકરાઓ સાથે દોસ્તી હતી કે કેમ તેની મને ખબર નથી. ઈશાન, રાહુલ, વિશાલ, આમીર, સુનિલ તે મારી ભોગબનનાર દિકરીના મિત્ર હતા. વિશાલ મારા કાકાની દિકરીનો દિકરો થાય છે. આમીર મારા બનેવી ગોવિંદનો ભત્રીજો થાય. આમીરનો કાકો ગોવિંદ, કાંતિમામીને ત્યાં ઘરજમાઈ આવેલો છે. આમીર, કાંતિબેનને ત્યાં રહેતો હતો. અને કાંતિબેન અમારા ફળીયામાં રહે છે. આમીર સાથે મારી દિકરી જયારે અગાઉ ભણવા જતી ત્યારે ફોન પર વાતચીત કરતી હતી અને રૂબરૂ પણ વાતચીત કરતી. મારી દિકરીને આમીર સાથે પ્રેમ સબંધ હોય તેની વાતચીત મને કરેલી નહીં. મારા ઘરે ત્રણ ચાર વર્ષથી મોબાઈલ ફોન છે જે મારી પત્ની પાસે રહે છે. મારી પાસે પણ મોબાઈલ ફોન છે. એ વાત ખરી છેકે, મારી ભોગબનનાર દિકરી મારી પત્નીનો મોબાઈલ વાપરતી હતી. મારી તથા મારી પત્ની પાસે જીઓ કંપનીના મોબાઈલ ફોન હતા. મારી પત્ની સવારના સાડા સાત પોણા આઠ વાગ્યે મજુરી કામે જાય અને એક દોઢ વાગ્યે પાછી આવતી રહે તે પછી ઘરે જ રહે.

એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દિકરી આમીર સાથે બોલતી હતી તે અમને ગમતુ ન હતુ. એવાત ખરી છેકે, અમારી અમારી જ્ઞાતિનો નથી. સાહેદ જણાવે છેકે, તે વસાવા જ્ઞાતિનો છે અને અમે ભીલ જ્ઞાતિના છે. એ વાત ખરી

છે કે, હું મારી દિકરીને આમીર સાથે વાતો કરવાની ના પાડતો. સાહેદ જણાવે છેકે, હું તેને જણાવતો કે તારે આટલી લાંબી લાંબી વાતો તેની સાથે નહીં કરવાની. મારી છોકરી આમીર સાથે ફોન પર લાંબીલાબી વાતો કરતી હતી તેવી જાણ મને મારી નાની દિકરીએ હાલની ફરીયાદ કરેલ તે બાદ કહેતી હતી પણ અમે માનતા ન હતા. મારા ભાઈનું નામ રણજીત છે જે અમારા ઘરથી અડધો કિલોમીટર દુર રહે છે. મારે પપ્પા પણ છે. મારા પપ્પા મમ્મીબંને જણા મારા ભાઈ સાથે રહે છે. મારા પપ્પા–મમ્મી પાંચેક વર્ષથી તેની સાથે અલગથી રહે છે. તે અગાઉ અમે બંને ભાઈઓ ભેગા રહેતા હતા. મારા મમ્મી–પપ્પા ખેતમજુરી કરે છે. મારા મમ્મી–પપ્પા મજુરીકામે જયા ત્યારે તેઓ મારા ભાઈને ત્યાંથી મજુરીકામે જાય છે અને તેના ઘરે સાંજે પાછા આવે છે. મારા ઘરે જે મોબાઈલ રહેતો હતો તેનો નંબર–૯૩૧૩૭૩૨××× હતો. આ નંબર હાલ નથી. **<u>સાહેદ જણાવે છે કે, મે મોબાઈલ તોડી સીમ કાઢી ઘાસમાં નાંખી દીધેલ.</u>** એ વાત ખરી છે કે, તે સમયે હું મારી દિકરીને ખીજાયેલો. <u>મારી દિકરી પાસેથી મોબાઈલ મળેલ જે મેં તોડી નાંખેલો.</u> મેં તે મોબાઈલ જે મારી દિકરીએ ચાર્જીંગમાં મુકેલ હતો જે મારી પત્ની જોઈ ગયેલ અને તેણે લઈ લીધેલ અને મને વાત કરેલ તે પછી મેં તે મોબાઈલ તોડેલ. સાહેદ જણાવે છે કે, તે મેં નાતાલ પછી તોડેલો. જે મેં ફરીયાદ કર્યા પહેલા તોડેલો. હું નાતાલના દિવસે સવારના ચાર સાડા ચાર વાગ્યે ઘરે આવેલો. ઘરે બધા સુતા હતા. મારી ભોગબનનાર દિકરી પાસે મોબાઈલ મળી આવેલ છે તેવી જાણ મારી પત્નીએ નાતાલ–૨૦૨૧ વિત્યાના દશેક દિવસ બાદ કરેલી. એ વાત ખરી છે કે, મને મારી દિકરીએ ત્યારે કહેલ તેને મોબાઈલ બલીરામે લઈ આપેલ છે. એ વાત ખરી છે કે, મારી દિકરી ભાગીને ગુનખડી ગામે ગયેલી. હું ત્યારે વડોદરા કામ પર હતો. મને મારી

ઘરવાળી ફોન પર તે જાણ કરેલી. હું તે સમયે ઘરે આવેલ નહીં. મારી દિકરી શાળા છુટયા બાદ ઘરેથી નિકળી ગયેલ તે દિવસે તે ઘરે આવેલ નહીં.મારી દિકરી ગુનખડી ગયેલ છે તેવી જાણ મને આમીરે કરેલ. મારી દિકરી ઘરે ન આવતા મારા ઘરના તેને શોધતા હતા એટલે મેં આમીરને ફોન કરેલ તો આમીરે મને કહેલ કે, તમારી દિકરી સુનિલ સાથે બોલે છે એટલે મેં મારા ગોપાલપુરા વાળા મામાના દિકરા કિર્તનને મોકલેલ. સુનિલ ગુનખડી હતો તે મે કિર્તનને પુછેલ નહીં પણ મારી છોકરી ત્યાં મળી આવેલ. અમારે ખેતીની જમીન છે. સુનિલ પણ ભીલ જાતિનો છે અને ભીંડા તોડવાની મજુરીએ આવતો તેમાંથી ઓળખાણ થયેલી. મારી દિકરી અને સુનિલ ફોન પર વાતચીત કરતા હતા. મારી દિકરી અને સુનિલને મિત્રતા હતી. મને જે તે સમયે મારી દિકરી અને સુનિલના સબંધ વિશે ખબર ન હતી. મને તે સબંધની જાણ આમીરે કરેલી. આમીરે મને તે જ સમયે એવુ જણાવેલુ કે, મારી છોકરી ફોનથી સુનિલ સાથે વાતચીત કરે છે. મારી દિકરી ગુનખડી એક રાત રોકાયેલી બીજા દિવસે તેને અમારા ઘરે લઈ આવેલા. મારી દિકરી ગુનખડીથી પરત આવી ગયા બાદ હું તે સમયે મારા ઘરે આવેલ નહીં પણ નાતાના દિવસે જ ઘરે આવેલો. મારી છોકરી ઘર છોડીને કીધા વગર જતી રહેલ અને પાછી મળી આવેલ ત્યારે મારે ઘરે જવાનુ જરૂરી જણાંયેલ નહીં. સાહેદ જણાવે છેકે, શેઠ હિસાબ ન આપે અને નાતાલ કરવા ઘરે આવવાનુ હતુ જેથી હું તે સમયે ઘરે આવેલ નહીં. મારી છોકરી પાસે અંદાજે ત્રણેક મોબાઈલ મળી આવેલ. આમાથી એક પણ મોબાઈલ અમે લઈ આપેલ નથી. મેં બે મોબાઈલ તોડેલા. મારી છોકરીએ મને એવુ કહેલુ કે, આમીરને મોબાઈલ લઈ દેવાનુ કીધેલુ પણ આમીર પાસે પૈસા ન હતા જેથી બલીરામે કહેલ કે, હું હમણા પૈસા આપી દઉ છુ અને આમીરે તે પૈસા બલીરામને આપી દેવાના. એ વાત ખરી

છે કે, મારી છોકરીએ તે સમયે તે મોબાઈલ તેને આમીરે લઈ આપેલ તેમ કહેલ. મારી છોકરી પાસે જે ત્રણ મોબાઈલ હતા તેમાંથી બલીરામ કે અનિતા સાથે ફોન પર વાતચીત થતી ન હતી. એ વાત ખરી છે કે, મારી છોકરીને આમીરે ફોન લઈ આપેલ તેથી આમીર સાથે ફોન પર વાતચીત કરતી હતી અને સુનિલે ફોન લઈ આપેલ જેથી સુનિલ સાથે ફોન પર વાતચીત કરતી હતી. એ વાત ખરી છે કે, મારી છોકરી સવારે સાતથી બાર સ્કુલે જતી ત્યાર બાદ તે ઘરે રહેતી અને મારી પત્ની બપોર બાદથી પણ ઘરે જ હોય જેથી મારી છોકરી બપોરના સમયે કોઈની સાથે તેની પાસે રહેલ મોબાઈલમાંથી વાતચીત કરે તો મારી પત્નીને ખબર પડે. મારી પત્નીએ મને મારી છોકરી દિવસ દરમ્યાન કોઈની સાથે ફોન પર વાતચીત કરે છે તેની જાણ મને કરેલી નહીં. મારી દિકરી મોબાઈલ ફોન પર વાતો કરતી પણ ઘરમાં મારી પત્ની સાથે વાતચીત કરતી ન હતી. સાહેદ જણાવે છેકે, મારી પત્ની તેને કોઈ કામ ચીધે તો સામે બોલતી અને ગોળો બોલતી. મારી પત્ની એવુ કહેતી કે, તેને કામ ચીધે તો જ તેનો મગજ બગડતો બાકી સીધી રહે.

મારી દિકરી જે સોનગઢ ગયેલાનુ જણાવુ છે તે તા.૩૧/૫/૨૧ તારીખ હતી. તે સમયે હું મારા ઘરે ન હતો. બલીરામ અને તેની પત્ની મારી દિકરીને સોનગઢ મોટર સાયકલ પર લઈ ગયેલા છે તેવી જાણ મારી પત્નીએ મને ફોન પર કરેલી. સોનગઢથી આવ્યા બાદ મારી દિકરી સ્કુલે પણ જતી અને ઘરમાં પણ સારી રીતે રહેતી હતી. મારી દિકરીએ મને એવુ કહેલ સોનગઢ જતા પહેલા તેણે આમીરને ફોન કરેલો. મારી દિકરીએ તે ફોન કદાચ અમારા ઘરના મોબાઈલ ફોન પરથી કરેલો હશે. મારી દિકરીએ મને એવુ કહેલ કે, સોનગઢમાં જયારે બલીરામ અને તેની પત્ની ખરીદી કરવા ગયેલા ત્યારે મારી દિકરી અને આમીર બગીચામાં બેસેલા હતા. સોનગઢમાં આમીર

કેટલા વાગ્યે પહોંચેલો તે મને આમીરે કહેલ નથી તેમજ મારી દિકરીએ પણ કહેલ નથી. સોનગઢમાં આમીર તેને બરોડા બેંક પાસે મળેલો. તે કેટલા વાગ્યે મળેલો તે કહેલ નહીં. મારી દિકરીનુ બેન્ક ઓફ બરોડામાં એકાઉન્ટ છે. મારી દિકરીનુ બેંકનુ ખાતુ ૨૦૧૦–૧૧ ની સાલમાં ખોલેલુ. મારી દિકરીના ખાતામાં કે.વાય.સી. કરવાનુ છે તેવી જાણ ૨૦૧૯ કે ૨૦ માં જયારે હું મારી દિકરીને બેંકે લઈ ગયેલ ત્યારે બેંકવાળાએ કહેલ તે બેંક સોનગઢ આવેલી છે. મેં ચર્ચમાં જઈને વાત કરેલ કે, મારે મારી છોકરીનુ કે.વાય.સી. કરાવવાનુ છે પણ મને ટાઈમ મળતો નથી તેથી કે.વાય.સી. કરાવવાનુ હતુ. મેં ચર્ચમાં વાત કરેલી એટલે બલીરામે કહેલ કે, અમે કે.વાય.સી. કરવા જવાના છીએ એટલે મારી છોકરી પણ ગયેલી. સાહેદ જણાવે છે કે, બલીરામે મને ફોન કરેલો. મારી દિકરીના આ ખાતાનુ કે.વાય.સી. જુન–૨૦૨૨ માં કરાવેલ છે. મે–૨૦૨૧ માં લોકડાઉન હતુ તેની મને ખબર છે. મેં જયારે આમીરને મારી છોકરી ઘર છોડીન જતી રહેલ તે માટે ફોન કરેલો ત્યારે તેણે મને તે મારી છોકરીને સોનગઢ માં તા.૩૧/૫/૨૧ ના રોજ મળેલો હોયો કે મોબાઈલ લેવા તેની જોડ હોય કે તેની સાથે હોય કે તેઓએ બગીચામાં દિવસ પસાર કરેલો હોય તેવી કોઈ વાત કરેલી નહીં. એવુ બનેલ નથી કે, હાલની ફરીયાદ કરેલ તેના ત્રણેક દિવસ અગાઉ મારી પત્નીએ મોબાઈલ તોડી નાંખ્યો હોય. મારી પત્નીએ મને કદી વાત કરેલ નથી કે, તેણે મારી ભોગબનનાર દિકરીને ફોન પર વાતચીત કરતા જોયેલ હોય. મારો દિકરો સાવન મારી ભોગબનનાર દિકરી કરતા દોઢ વર્ષ નાનો છે. મારા ઘરે મારી મમ્મી દિકરીઓ મારી પત્નીથી અલગ રૂમમાં સુતી. જો મારી દિકરી રાત્રે કોઈની સાથે વાતચીત કરતી હોય તો મારી પત્નીને ખબર ન પડે. અમારે ઢોર છે. મારી દિકરી કદી ઢોર ચરાવવા જતી નહીં. અમે ઢોરને બાંધી રાખીએ છીએ. અમારે તથા ગોવિંદભાઈને એકબીજા સાથે

બોલવાના સારા સબંધ હતા. હાલની ફરીયાદ કરવા ગયેલા ત્યારે મહેન્દ્રભાઈ અમારી સાથે આવેલા નહીં. મારા મોટા પપ્પાના દિકરાનું નામ દિનુભાઈ છે. ફરીયાદ કરવામાં હું, મારા પત્ની, મારી ભોગબનનાર દિકરી, મારી મમ્મી ઈન્દુબેન, તે ઉપરાંત મારી માસી રમણીબેન અને મારો મોટા પપ્પાનો છોકરો દિનુભાઈ ગયેલા. કહેવાતા બનાવની જાણ મારી દિકરીએ અમને કરેલ તેના એક દિવસ પછી અમે ફરીયાદ કરવા ગયેલા. મારી દિકરીએ મને નાતાલ પહેલા બનાવની કોઈ જાણ કરેલી ન હતી. એ વાત ખરી છે કે, નાતાલના બે ત્રણ દિવસ પહેલા મારી પત્નીને મારી ભોગબનનાર દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલો તેવુ કહેલ નથી. એવુ બનેલુ કે, મોબાઈલ મારી દિકરીએ ચાર્જીંગમાં મુકેલો હતો અને મારી પત્ની જોઈ ગયેલી. મારી

પત્નીએ આવો મોબાઈલ મારા આવ્યાના આગલા દિવસે જોયેલો. મને મારી પત્નીએ નાતાલમાં આવતા મારી ભોગબનનાર દિકરી પાસથી મોબાઈલ મળી આવેલ છે તેવુ કહેલુ. હું ગુસ્સે થયેલ અને મેં મોબાઈલ તોડી નાંખેલ. એ વાત ખરી છે કે, ત્યારે મારી દિકરીએ એવુ કહેલ કે, તમે મને મોબાઈલ લઈ આપતા ન હતા જેથી મેં આમીરને કહેલ અને આમીરે મોબાઈલ લઈ આપેલ છે. મોબાઈલ મારી દિકરી પાસેથી મળી આવ્યાની જાણ મેં કે મારી પત્નીએ મારી મમ્મી તથા મારા ભાઈને કરેલી નહીં. હવે કહુ છુ કે, મોબાઈલ તોડી નાખ્યા બાદ મારી મમ્મી તથા ભાઈને જાણ કરેલી. મારી દિકરી પાસેથી મોબાઈલ મળી આવતા હું અને મારી પત્ની તેને ખીજાયેલા. મારી પત્નીએ મને મારી દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ છે તેની જાણ ફોનથી કરેલી નહીં. એ વાત ખરી છે કે, હુ જયારે મારી દિકરીને ખીજાયેલો ત્યારે પ્રથમ તેણે કહેલ કે, ફોન તેને બલીરામે લઈ આપેલ છે. એ વાત ખરી છે કે, એટલે મે બલીરામ તથા તેના પત્નીને બોલાવેલા. એ વાત ખરી છે કે, ત્યારે દિનુભાઈ પણ હતા.

એ વાત ખરી છે કે, બલીરામ તેની પત્ની સાથે આવેલો. ત્યારે પુછેલ કે કેમ મારી છોકરીને મોબાઈલ લઈ આપેલ છે. એ વાત ખરી છે કે, બલીરામે અને તેની પત્નીએ એવુ કહેલ કે, મોબાઈલ આમીરે લઈ આપેલ છે અને આમીર સોનગઢ આવેલો ત્યારે આમીર પૈસા ન હતા તેથી અમે તેને ખાલી પૈસા આપેલા. એ વાત ખરી છે કે, ત્યારે અનિતાએ કહેલ કે, તમારી છોકરી અને આમીર વચ્ચે સબંધ છે અને મારી છોકરી ગુસ્સે થઈ ગયેલી. એ વાત ખરી છે કે, તે વખતે મને ખબર પડેલ કે મારી દિકરી વારં વાર સુનિલ સાથે ફોન પર વાતચીત કરતી હતી. એ વાત ખરી છે કે, મારી છોકરી બારડોલીના મઢીમાં ભણતી હતી અને તે નવમાં ધોરણમાં નાપાસ થયેલી. એ વાત ખરી નથી કે, ત્યાં આમીર તેને મળવા જતો અને તે બહાર ફરવા જતી હતી. એ વાત ખરી છેકે, તેથી અમે તેને મઢીમાં ઉઠાડીને ચીમેર, મામા લતીફભાઈને ત્યાં ભણવા મુકી દીધેલ. એ વાત મને ખબર નથીકે, ત્યાં આમીર તેને મળવા જતો અને નોટબુક–પેન આપતો એ વાત ખરી નથી કે, તેમાંથી ભોગબનનાર અને તેના મામા વચ્ચે ઝઘડો થયેલો. ચીમેરમાં ધોરણ–૧૦ માસ પ્રમોશનમાં પાસ થતા તેને ઘરે લઈ આવેલા. આબામાં મારી છોકરીનુ અડમીશન જુનમાં લીધેલુ. એ વાત ખરી નથી કે, તે સમયે મારો દિકરો તે સમયે મારી દિકરી સાથે તે જ સ્કુલમાં ભણતો હતો. અ વાત ખરી છે કે, મારી પત્ની મારી ભોગબનનાર દિકરીને પણ મજુરીએ સાથે લઈ જતી હતી. સાહેદ જણાવે છેકે, રજા હોય ત્યારે લઈ જાય. ભોગબનનાર આખો દિવસ મારી પત્ની સાથે રહેતી અને રાત્રે પણ ઘરમાં સાથે સુતી હતી. સાહેદ જણાવે છેકે, અલગ રૂમમાં સુતી હતી. મારી ભોગબનનાર દિકરી પત્નીથી છુટી પડતી ન હતી. મારી પત્ની સવારે સાડા પાંચ છ વાગ્યે ઉઠી જતી હતી. મારી દિકરી જો સવારના સમયગાળા દરમ્યાન કોઈની સાથે વાતચીત કરે તો મારી

પત્નીને ખબર ન પડે. સાહેદ જણાવે છે કે, તે રસોઈ કરવા રસોડામાં જતી રહે. મારી દિકરીએ મને એવુ કહેલ નથી કે, આ મોબાઈલ જે તેણે ચાર્જગમાં મુકેલ અને મારી પત્નીને મળી આવેલ છે તે તેને બે ત્રણ દિવસ પહેલા લઈ આપેલ છે. મારી દિકરી જયારે સાતમુ ભણી અને આમારી અગ્યિારમુ ભણતો ત્યારથી મારી દિકરી આમીરને ઓળખતી હતી. મારા દિયર રણજીતભાઈનુ ઘર અને આમીરના કાકા ગોવિદભાઈનુ ઘર બાજુબાજુમાં છે. એવુ બનેલ નથી કે, મારી દિકરી ઉનાળામાં તેના દાદાના ઘરે વેકેશન કરવા ગયેલી. સાહેદ જણાવે છે કે, તે અમારે ત્યાં જ રહેતી હતી. એ વાત ખરી છે કે, મારો મોબાઈલ મારા દિકરા સાવાન પાસે રહેતો હતો. અને મારી પત્ની તેનો મોબાઈલ મારી ભોગબનનાર દિકરીને આપતી ન હતી. સાવન હાલ અગ્યિાર ધોરણમાં ભણે છે જે મારી ભોગબનનાર દિકરી કરતા નાનો છે. મારા ઘરની બાજુમાં ગોવિંદભાઈનુ ઘર આવેલુ નથી. મને એ હકીકતની જાણ નથી કે, મારી દિકરીને તથા આમીરને સબંધ હોય તેની જાણ ગોવિંદભાઈને હતી કે કેમ. મારી દિકરી સોનગઢ ગયેલી ત્યારે આમીર અમારા ગામમાં રહેતો ન હતો, તે કીમ રહેતો હતો. આમીર ખિસ્તી ધર્મ પાળે છે કે કેમ તેની મને ખબર નથી. હું નિલેશભાઈ પોસલાભાઈને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, નિલેશભાઈ એ એ મને એવુ કહેલ કે, તમારી ભોગબનનાર દિકરી ઢોર ચરાવવા આવનારા લોકો સાથે વાતચીત કરે છે. મારી દિકરી કદી ભીંડાના ખેતરમાં મજુરીએ જતી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારી દિકરી પત્ની સિવાય બીજા કોઈની સાથે મજુરીએ જતી નથી. સાહેદ જણાવે છેકે, મારી દિકરી મારી મમ્મી સાથે મજુરીએ જતી. મારી દિકરી મારા મમ્મી સાથે કોનાકોના ખેતરે મજુરીએ જતી તે હું કહી ન શકુ. મારી દિકરી બલીરામના ખેતરે મુજરી કામે ગયેલ તેવુ મારી પત્નીએ કહેલ. મારી વીસ–પચ્ચીસ દિવસ મજુરી

કામે ગયેલી. મારી દિકરી ફેબ્રુઆરી–૨૦૨૧ માં મજુરી કામે ગયેલી. મારી દિકરી દશમુ ધોરણ ચીમેરમાં ભણતી હતી. માસ પ્રમોશન મળવાનુ છે તેવો નિર્ણય માર્ચ–૨૦૨૧ માં થયેલો. સાહેદ જણાવે છેકે, મારી છોકરી માર્ચ મહિના પછી મજુરીએ જતી. મારી દિકરી એકલી મજુરી કામે નહી જતી. મારી દિકરી સાથે મારી પત્ની અથવા મારી મમ્મી મજુરીકામે જતા. મારી દિકરી હું જે બલીરામના ખેતરે મજુરી કામે ગયાનુ જણાવુ છે તે સિવાય બીજા ત્રણ ચાર જણાને ત્યાં મજુરી કામે ગયેલી. બલીરામનુ ખેતર આઠ દશ વિઘાનુ છે. મકાઈનુ વાવેતર ડિસેમ્બર મહિનામાં થાય અને સાડા ત્રણ મહિનામાં પાક થઈ જાય. એ વાત ખરી છે કે, પહેલા મકાઈના ડોડા વાઢવાના રહે તે પછી મકાઈનુ ઝાડવુ વાઢવાનુ રહે. મારી છોકરી મકાઈનુ ઝાડવુ વાઢવા ગયેલી. બલીરામના ખેતરમાં બે કયારીમાં ખેતી કરેલી હતી. એ વાત ખરી છે કે, મારી દિકરી અને તેની મમ્મી બાજુબાજુ માં મકાઈ વાઢતા હોય છે. મકાઈ વાઢવા જાય ત્યારે સવારના સાડા સાત વાગ્યે જાય અને બપોરે આવી જાય. તે પછી મજુરીએ જવાનુ ન થાય. મારી દિકરી આમીર સાથે બગીચામાં ગયેલી હતી અને જતા સમયે બલીરામે આમીરને ફોન કરી કહેલ કે, તુ ''ટી''ને મોકલી આપ અને તે પછી આમીર તેને મુકી ગયેલ. એ વાત ખરી છે કે, બલીરામે અને અનિતાએ મારી દિકરીને આમીર સોનગઢમાં મળેલો અને મારી દિકરી આમીર સાથે હતી તેવી વાત તેમણે અમને કહેલી નહીં તેમજ મારી છોકરીએ પણ કહેલી નહી. એ વાત ખરી છે કે, મારી દિકરીને ગુનખડી ગામે જવાનુ કારણ એ હતુ કે તેને અમારી સાથે રહેવુ ગમતુ ન હતુ. હું કોઈકોઈક વાર દુધ ભરવા જતો. ચુટણીમાં મનિષાબેન હારી ગયેલા. હું મારી દિકરી સાથે હોસ્પીટલમાં ગયેલ ત્યારે મારી પત્ની પણ મારી સાથે હતી. સાહેદ જણાવે છેકે, મારી પત્ની સોનગઢ હોસ્પીટલ ગયા ત્યારે જ અમારી સાથે હતી વ્યારા

હોસ્પીટલમાં સાથે ન હતી. એ વાત ખરી છે કે, ડોકટરને મેં બનાવની વિગત લખી આપેલી. એ વાત ખરી છે કે, મેં બલીરામને બોલાવેલ ત્યારે બલીરામે કહેલ કે, તમારી છોકરી ખોટુ બોલે છે. એ વાત ખરી છે કે, આ પ્રકરણ મારી દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ ત્યારથી શરૂ થયેલુ છે. હું સુનિલાબેન ગુલાબભાઈ કોંકણીને ઓળખુ છુ તે અમારા ગામના સરપંચ છે. એ વાત ખરી છેકે, બલીરામ અને તેની પત્નીના ગયા બાદ સુનિલાબેન અમારા ઘરે આવેલા. એ વાત ખરી છેકે, અમે પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરવા ગયેલા ત્યારે સુનિલાબેન પોલીસ સ્ટેશનમાં અમને મળેલા. એ વાત ખરી નથી કે, અમે ફરીયાદ દાખલ કરવા ગયેલા તે દિવસે બલીરામને પોલીસ સ્ટેશનમા લાવેલા. સાહેદ જણાવે છેકે, બલીરામને બીજા દિવસે પો.સ્ટે.માં બોલાવેલા. બલીરામનો અમારા પર ફોન આવતો તે મજુર બોલાવવા માટે ફોન કરતો. મને બલીરામનો મોબાઈલ નંબર મોઢે યાદ નથી. સાહેદ જણાવે છેકે, પોલીસને મારા મોબાઈલમાંથી બલીરામનો મોબાઈલ નંબર જોઈને આપેલો. એ વાત ખરી છે કે, મને મારી છોકરીએ મોબાઈલની વાતચીત કરેલી તે સિવાય બીજી કોઈ વાતચીત કરેલી નહીં. એ વાત ખરી છે કે,અમે બલીરામને મોબાઈલ માટે જ બોલાવેલો. એ વાત ખરી છે કે, તે સમયે મને બલીરામે સુનિલ છગનભાઈ વિશે પણ વાતચીત થયેલી. અમે ફરીયાદ આપવા સવારે દશેક વાગ્યે ગયેલા અને સાંજે પાંચેક વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલા. સાહેદ જણાવે છે કે, તે દિવસે ફરીયાદ નોંધેલ નહીં બીજા દિવસે ફરીયાદ નોંધેલી. પોલીસે એવુ કહેલ કે, ઘણો લાંબો સમય થઈ ગયેલ છે જેથી ફરીયાદ નહીં નોંધાય તેમ વિચાર કરીનએ આવો પછી તમારા માટે દરવાજો ખુલ્લા છે. એ વાત ખરી છે કે, ફરીયાદની હકીકતન મે પોલીસને કહેલ. અમે સોમવારે ફરીયાદ કરવા ગયેલા પણ ફરીયાદ બીજા દિવસે નોંધેલ. સાહેદ

જણાવે છે કે, તે રાત્રે બલીરામને લઈ આવેલા અને બીજા દિવસે ફરીયાદ નોધેલી ત્યારે બલીરામ ત્યાં હાજર હતો. હવે કહુ છુ કે, બીજા દિવસે અમારી ફરીયાદ નોંધવાની ચાલુ કરેલી અને તે પછી ના બીજા દિવસે સવારના ચાર વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રહેલા અને તે દરમ્યાન રાત્રે એકાદ વાગ્યે આરોપી બલીરામ અને અનિતાને લઈ આવેલા. એ વાત ખરી નથી કે, અમને પોલીસ સ્ટેશનમાં સાથેસાથે બેસાડેલા. ફરીયાદ મેં લખાવેલી. સાહેદ જણાવે છેકે, મે અને છોકરીએ બંનેએ સાથે ફરીયાદ લખાવેલી. પોલીસે અમારી પુછપરછ અમે જે પોલીસ સ્ટેશનમાં હતા ત્યારેજ કરી લીધેલી. તે સમયે મારી, મારી ભોગબનનાર દિકરી, મારી પત્નીની, મારી મમ્મીની, મારી મમ્મીબે રમણીબેનની, દિનુભાઈની પુછપરછ કરેલી. મારી બહેન અરૂણા ત્યાં પોલીસ સ્ટેશને આવી પણ તેની પુછપરછ કરેલી કે કેમ તેની ખબર નથી. એ વાત ખરી નથી કે, અમે ફરીયાદ વિલંબ અગે અમારા નિવેદનમાં કોઈ ખુલાસો કરેલ નથી. સાહેદ જણાવે છે કે, અમને બનાવની ખબર ન હતી અમારી દિકરીએ નાતાલના દિવસે બનાવની વાત મારી મમ્મી અને પત્ની કરતા થયેલ. અમને સવારે ચાર વાગ્યે પોલીસ ઘરે મુકવા આવેલી. ફરીયાદ નોંધાવ્યા બાદ અમે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગયેલા નથી. ફરીયાદ લખાવ્યાના ચારપાંચ દિવસ પછી કોર્ટમાં ગયેલા. સાહેદ જણાવે છે કે, બીજી કે ત્રીજી જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ કોર્ટમાં ગયેલા. એ વાત ખરી છે કે, હું અને મારી પત્ની અને મારી ભોગબનનાર દિકરી ત્રણેય કોર્ટમાં ગયેલા. કોર્ટમાં અમે નિવેદન આપવા માંગીએ છીએ તેવુ અમે કહેલ નહીં પોલીસે અમને કહેલ. જજ સાહેબે જયારે અમારૂ એક એક કરીને અમારૂ નિવેદન નોંધેલ ત્યારે પોલીસવાળા ત્યાં હાજર હતા. એ વાત ખરી નથી કે, ત્યારે ત્યાં એક મધ્યમ બાંધાના પોલીસવાળા સાહેબ એવુ કહેતા હતા કે, આ બલીરામ

અને તેની પત્નીને આપણે ફીટ કરી દેવાના છે. હવે કહુ છુ કે, અમારૂ જજ સાહેબે નિવેદન નોંધેલ ત્યારે પોલીસવાળા ત્યાં ન હતા. એ વાત ખરી નથી કે, મહેન્દ્રભાઈએ અમને એવુ જણાવેલ કે, કેસ કરીને આપેણે બલીરામ અને તેના આખા ખાનદાનને ફીટ કરી દેવુ છે. એ વાત ખરી છે કે, બલીરામના કુટુબને અને મનીષાબેનના કુટુબને ચુંટણીના કારણે ઝઘડો થયેલો તેની મને ખબર છે. એ વાત ખરી નથી કે, પોલીસે મારૂ નામ–સરનામુ ઉંમર પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો ત્યારે મારી દિકરી અને મારા પત્ની હાજર ન હતા. સાહેદ જણાવે છેકે, એક એક જણને બોલાવતા હતા. જે અધિકારીએ જવાબ લીધેલ તે અધિકારીએ પોલીસનો ડ્રેસ પહેરેલો. મારો જવાબ મારી પત્નીનો જવાબ અને મારી દિકરીનો જવાબ પોલીસવાળા મેડમે લીધેલો. સાહેદ જણાવે છેકે, મેડમે ઘરે આવીને વિડિયો રેકોડીંગ કરીને જવાબ લીધેલો. પોલીસ સ્ટેશનમા પુરૂષ સાહેબે જવાબ લીધેલા. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશનમાંથી આવ્યા બાદ મારી છોકરી પહેલાની જેમ રહે છે તેને કોઈ તકલીફ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી મારી દિકરી હોય તેણે જે ખોટી ફરીયાદ આપેલ હોય તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, મેં સોગંદ પર ખોટી હકીકતો જણાવેલી છે. એ વાત ખરી નથી કે, મને સત્ય હકીકતની જાણ હોવા છતાં તે હકીકત હું છુપાવી રહેલ છુ. એ વાત ખરી નથી કે, મારી દિકરીના ઘણા છોકરાઓ મિત્ર હોય તેણે તેની સાથે મારા મોબાઈલથી અવાર નવાર વાતચીત કરતી હોય તેમજ તેણી ઘરેથી ભાગી ગયેલ હોય આ તમામ હકીકત જાણવા છતાં હું તે હકીકત છુપાવુ છુ. એ વાત ખરી છે કે, મેં સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તેની મને કોઈ જાત માહિતી નથી. ''

**(૧૨).** ફરિયાદપક્ષે **સાહેદ નં–૩ ભોગબનનારની માતા**ને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસેલ છે તેણીએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે**,**

" ફરિયાદી મારી દિકરી છે જેમાં સોથી મોટી હાલની ભોગબનનાર ''ટી'' છે મારી દીકરીનો જન્મ ઉતરાયણના સમયમાં થયેલો વર્ષ યાદ નથી. મારિ દીકરી હાલ કેટલા વર્ષની છે તેની મને ખબર નથી ફરિયાદમાં લખેલુ હશે. મારિ દીકરી ધોરણ –૧૧ ભણેલી છે. મારી દીકરી એક વાર નાપાસ થયેલી છે.

**નોંધ – સાહેદ જે જવાબ આપે છે ત્યારે તેના પતિ પણ કોર્ટ રુમમાં હાજર છે આ સાહેદ તેને પુછાતા પ્રશ્ન અંગે જવાબ આપતા પહેલા તેના પતિ સામે જોતા હોય અને તેમને આંખના ઈશારાથી જવાબ પુછતા હોય જેથી તેમને તે અંગે સુચના આપી અને તેમના પતિને સાહેદની પાછળ ખુરશી આપી બેસાડતા તેઓ સાહેદને પુછતા પ્રશ્નનો જવાબ આપી રહેલ છે જેથી તેમને તેવા જવાબ ન આપવા અને જો ફરિવાર આવુ કરશે તો કોર્ટ રુમની બહાર મોકલી આપવામાં આવશે તેવી તાકીદ કરવામાં આવે છે.** મારી દિકરી હાલ ૧૧– માં ધોરણમાં ભણે છે. તે અમારા ગામની શાળામાં ભણે છે તે શાળાનું નામ મને આવડતુ નથી.હાલની ફરિયાદ મારી દીકરી ભોગબનનાર ''ટી'' એ કરેલ છે જે તેણે બલીરામ અને અનીતા વિરુદ્ધ કરેલ છે.તે બન્ને પતિ પત્ની છે.આજથી આશરે એકાદ વર્ષ પહેલા મારિ દીકરી મજુરી કામે બલીરામના ખેતરમાં ગયેલી.મારી દીકરીએ તેને બલીરામે તેના ખેતરમાં બોલાવેલી બલીરામે તેને એવુ કહેલ કે આપણે વીડીઓ બનાવશુ તો પૈસા મળશે કેવો વીડીઓ બનાવશે તેવી કોઈ વાત કરેલી નહિ.તે પછી બલીરામે આધાર કાર્ડ લઈને મારી છોકરીને ખેતરમાં બોલાવેલ જ્યાં બલીરામનું નાનુ મકાન છે ત્યાં બોલાવેલ ત્યાં બલીરામ અને તેની પત્ની બન્ને હાજર હતા મારી દિકરી સાથે ખોટુ કામ કરેલ એટલેકે મારી દિકરી સાથે ખોટો સંબંધ બાંધેલો.તે પછી બીજા દિવસે મને ફોન કરીને બલીરામની પત્નીએ મને પુછેલ કે તમારી દિકરી ''ટી '' ઘરે છે જો હોય તો તેને બેન્કની બુક લઈને મારે ત્યાં મોકલો તો મે તેને

પુછેલ કે ત્યાં કેટલા માણસો છે જો વધારે માણસો હોય તો હું મારી દિકરીને મોકલુ અને રાત પડે તે પહેલા મારી દીકરીને પાછી મોકલી દેવાની. મારી દિકરીને મે મોકલેલ તે પછી બીજા માણસોને તેમણે ખેતરેથી મોકલી દિધેલ અને મારી છોકરીને ત્યાં રાખેલ તે દિવસે પણ મારી દિકરી સાથે ખોટો સંબંધ બાંધેલ અને તેને વીડીઓ અનીતાએ ઉતારેલ મારી દિકરી તે પછી ઘરે આવેલ અને તેના અઠવાડીઆ પછી બલીરામે મારા મોબાઇલ ફોન ઉપર ફોન કરેલો અને તેણે કહેલ કે હું સોનગઢ આવેલ છુ તમારી દીકરીને સોનગઢ મોકલવી હોય તો મોકલો.મારિ દિકરીનું બેન્કનું ખાતુ બંધ હતુ તેથી ચાલુ કરાવવા માટે તેણે કહેલ.તે પછી પતિ પત્ની મારિ દીકરીને ટુ વિલર ઉપર લઇ ગયેલા.મારિ દીકરીને બલીરામ તેની બહેનનું ઘર જે સોનગઢમાં આવેલ તે તેના ઘરે લઇ ગયેલા. ત્યાં મારી દીકરીના કપડા ઉતારીને ખોટો સંબંધ બાંધેલો અને અનીતાએ તેનો વીડીઓ ઉતારેલ.તે પછી મારિ દીકરીને બેન્ક પાસે લઇ ગયેલા અને કહેલ કે તુ અહિ ઉભી રહે તેઓ બેન્કમાં ગયેલા અને પછી એવુ કહેલ કે આજે બેન્ક બંધ છે તે પછી તેઓ આવતા રહેલા.મારી દિકરીએ તેમને એવુ કહેલ કે મારે મોબાઇલ લેવો છે ત્યારે અનીતાએ એવુ કહેલ કે તને મોબાઇલ લઇ આપીએ છીએ.અને બલીરામે મારી દિકરીને તેના ડોક્યુમેન્ટ ઉપર મોબાઇલ અને સીમ કાર્ડ લઇ આપેલ.તેમણે મારિ દીકરીને એવુ કહેલ કે આ મોબાઇલ કોઇને બતાવતી નહિ.

સોનગઢથી બે ત્રણ દિવસ બાદ આવ્યા બાદ મે મારી દિકરીને ચર્ચમાં આવવા કિધેલ પણ તે આવતી ન હતી જેથી હું તેને કેમ આવતી નથી તેવુ પુછતી હતી. મારિ દિકરી ઘરમાં ગુમ સુમ રહેતી હતી મે તેને પુછેલ કે કેમ તુ ગુમ સુમ રહે છે તે પછી મારિ દિકરી એ મને એવુ કહેલ કે બલીરામ અને અનીતાએ મારા કપડા ઉતારી ત્રણ વાર શરીર સબંધ બાંધેલ છે.તે પછી હું વિચારતી હતી કે મારે આ વાત કોને કરવી. મને મારિ દિકરીએ વાત કરેલ તેના બીજા દિવસે જ મારા પતિ નાતાલ કરવા ઘરે આવેલા હતા અને મે મારા પતિને આ વાત કરેલ મારા પતિએ મારી દિકરીને પુછેલ. મારી દિકરીને મારા પતિને પણ આ વાત કરેલ. મારી દિકરીએ મને જ્યારે વાત કરેલી હતી ત્યારે

મારી સાસુ ઈન્દુ બહેન પણ હાજર હતા અને તેમણે પણ મારિ દિકરીએ જે વાત કરેલ તે પણ સાંભળેલ.

મારા પતિએ આ વાત સાંભળીને બલીરામને ફોન કરેલો અને અમારા ઘરે બોલાવેલ તે પછી બલીરામ અને અનીતા મારા ઘરે આવેલા તો મારા પતિએ તેને કહેલ કે મારી છોકરી કહે છે કે તે એની સાથે આવુ કરેલ છે તે સાચુ છે તો બલીરામે કહેલ કે ઘણો સમય થઈ ગયેલ છે અને તે વાત તુ ભુલી જા મારી આગળ પાછળ બહુ મોટા માણસો છે તેવી રીતે ધમકી આપેલ.તે પછી મારી દિકરીએ ફરિયાદ કરેલ જે સોનગઢ પોલીસ સ્ટેશનમાં કરેલી પોલીસે મારી પુછ પરછ કરેલ તેમા મે આવી હકીકત લખાવેલ પછી મને સોનગઢ કોર્ટમાં લઇ ગયેલા જ્યાં મે તેમને બનાવની બધી હકીકત લખાવેલ મને આજ રોજ મારુ સી.આર.પી.સી. ની ક.૧૬૪.નું નિવેદન બતાવતા તેમા મારા અંગુઠાનુ નિશાન છે તે ઓળખુ છુ જે નિવેદન મે લખાવેલ છે.જે નિવેદન રજુ દાખલ **આંક–૩૦** હું અનિતા અને બલીરામને ઓળખુ છુ જે આજ રોજ કોર્ટમાં હાજર છે જે તે જ છે.પોલીસે મને જે પુછ પરછ કરેલી અને મે જે જવાબ આપેલા તેની પોલીસે વીડીઓ ગ્રાફી કરેલી.

**નોંધ – આ સાહેદની પોલીસ રુબરુ ની પુછપરછ તથા મેજીસ્ટ્રેટ રુબરુની પુછ પરછ ગુજરાતી ભાષામાં થયેલી છે પરંતુ હાલ સમગ્ર સરતપાસમાં તેણીએ તેને ગુજરાતી ભાષામાં પુછેલા પ્રશ્નનાં જવાબ આપેલા નથી પરંતુ તેણે કોંકણી ભાષામાં રુપાંતર કરી પ્રશ્ન પુછાતા કોંકણી ભાષામાં જવાબ આપેલ છે અને તેનું ગુજરાતી ભાષાંતર શ્રી પાલવેની મદદથી કરી જવાબ નોંધાયેલા છે સાહેદ તેમને પુછાતા પ્રશ્નના જવાબ પણ આઈ કોન્ટેક કરી આપતા નથી અને અલગ દિશામાં જોઈને જવાબ આપી રહેલ છે.જે વતૃણુકની નોંધ લેવામાં આવે છે.**''

**૧૨.૧.**બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

"હું મનિષાબેન મહેન્દ્રભાઈ કોંકણીને ઓળખુ છુ તેઓ અમારા ગામના છે. હું તારાચંદને કોંકણીને નામથી જાણુ છુ પણ જોઈને ઓળખતી નથી. મને આ મનિષાબેન અમારી ગ્રામપંચાયતની ચુંટણીમાં ઉભા રહેલા તેની મને ખબર છે.

એ વાત ખરી નથી કે, તે ચુંટણીમાં હું અને મારૂ કુટુંબ મનીષાબેનના પક્ષમાં હતા. હું મનિષાબેના પતિ મહેન્દ્રભાઈને ઓળખુ છુ તેઓ પોલીસમાં ફરજ બજાવે છે. એ વાત ખરી નથી કે, ચુંટણીના સમયગાળામાં મહેન્દ્રભાઈ ઘણીવાર મારા પતિ સાથે વાતચિત કરવા અમારા ઘરે આવતા. એ વાત ખરી છે કે, મનિષાબેનનુ મકાન જે ફળીયામાં છે તે ફળીયુ અને મારૂ મકાન જે ફળીયામાં છે તે ફળીયુ તેમ બંને ફળીયા બાજુબાજુમાં આવેલા છે.હું જે બનાવનુ જણાવુ છુ તે ઉનાળામાં બનેલો.

સવાલ :- તમે જે ઉનાળામાં બનાવ બનેલાનુ જણાવો છો અને નાતાલ સમયે તમારા પતિ ઘરે આવેલા આ સમયગાળામાં તમારા પતિ ઘરે હતા કે મજુરીકામ અર્થે બહાર હતા ?

જવાબ :- મારા પતિ ઉનાળાથી મજુરીકામ માટે બહાર ગયેલા અને નાતાલ પર આવેલ તે સમયગાળામાં મારા પતિ ઘરે ન હતા.

મારા પતિ જયારે મજુરીકામ માટે ગયેલા ત્યારે મારી ભોગબનનાર દિકરી, મારો નાનો દિકરો, મારી નાની દિકરી તથા હું એટલાજ રહેતા હતા. મારી સાસુ અમારી ભેગા રહેતા ન હતા તે મારા બેન ભેગા રહેતા હતા. મારા ઘણી બહાર મજુરીકામે ગયેલા ત્યારે હું પણ છુટક કામ માટે જતી. હું ગામમાં જ મજુરીકામ માટે જતી. હું જે ૨૦૨૧ નો સમયગાળો જણાવુ છુ ત્યારે લોકડાઉન હતુ અને શાળાઓ બંધ હતી અને તે સમયગાળામાં મારી દિકરીએ સ્કુલે જવાનુ ન હતુ. મારી ભોગબનનાર દિકરીનો જન્મ અમે બરડોલી તાલુકાના એક ગામમાં મજુરીએ ગયેલા તે ગામમાં થયેલો મને તે ગામનુ નામ ખબર નથી. મારી દિકરીનો જન્મ શિયાળામાં થયેલ. આ ભોગબનનાર દિકરી આજથી તેર વર્ષ પહેલા જન્મેલી. મારી દિકરી ઉનાળાથી લઈ હાલમાં ફરીયાદી કરેલ છે તે સમયગાળા દરમ્યાન ઘરનુ તમામ કામકાજ કરતી

તે અમારા સાથે વાતચીત કરતી. તે અમારા ફળીયામાં જે બીજી સ્ત્રીઓ તથા તેની બહેનપણીઓ હોય તેમની સાથે બોલતી ચાલતી અને તેમના ઘરે આવતી જતી. તે અમારા ફળીયામાં રમવા પણ જતી. મારી દિકરીનુ વર્તન જે ઉનાળા પહેલા હતુ તેવુ સામાન્ય હાલની ફરીયાદ થયેલ તેવુ હતુ. તેમજ હાલની ફરીયાદ થયા બાદ તેનુ જે ગયા વર્ષના ઉનાળા વખતે વર્તન હતુ તેવુ જ હાલ પણ છે. મારી દિકરીની બહેનપણીમાં ડીષી, બીજી છોકરીઓનુ નામ યાદ નથી. મારી દિકરીને અમારા ફળીયાના કોઈ છોકરાઓ સાથે દોસ્તી નથી. ઈશાન, રાહુલ, વિશાલ જ મારી ભોગબનનાર દિકરીના મિત્ર હોય તો તેની મને ખબર નથી. હવે કહુ છુ કે, આ રાહુલ, ઈશાન, વિશાલ જે મારી ભોગબનનાર દિકરી સાથે ભણતા હોય અને અમારા ફળીયામાં રહેતા હોય મારી દિકરી સાથે બોલે છે. એવુ બનેલ નથી કે, રાહુલના પપ્પા અરવિંદભાઈએ મને બહેન બનાવેલ હોય. હું આમીરને ઓળખુ છુ.

સવાલ :– અમારી તમારો કઈ રીતે સગો થાય છે ?

જવાબ :– સાહેદ ઘણીવાર વિચાર્યાબાદ સ્પષ્ટતા કરી શકતા નથી. તે બાદ જણાવે છે કે, સગામાં શું થાય તેની મને ખબર નથી. આમીરનો મામો ગોવિંદ, કાંતિબેનને ત્યાં કે જે મારી માસી છે તેને ત્યાં ઘરજમાઈ તરીકે આવેલો છે. આમીર, કાંતિબેનને ત્યાં રહેતો હતો. અને કાંતિબેન અમારા ફળીયામાં રહે છે. આમીર સાથે મારી દિકરીને કોઈ સબંધ ન હતો. મારી દિકરી કદી કોઈ માબાઈલ વાપરતી ન હતી. મારા ઘરમાં મોબાઈલ રહેતો હતો જે મારી પાસે રહેતો હતો. તે મોબાઈલ મારી ભોગબનનાર દિકરી વાપરતી ન હતી. સાહેદ જણાવે છે કે, અમે તેને મોબાઈલ આપતા ન હતા.

એ વાત ખરી નથી કે મારી ભોગબનનાર દિકરી આમીર સાથે બોલતી હતી તે અમને ગમતુ ન હતુ. માર દિયરનુ નામ રણજીત છે જે અમારા ઘરથી

એકાદ કિલોમીટર દુર રહે છે. મારે સસરા પણ છે. મારા સસરા ઘરે રહે છે. મારા સસરા ગામમાં ખેતીકામની મજુરીએ જાય છે. મારી સાસુ પણ મજુરીકામે જાય છે. મારા સાસુ–સસરા મજુરીકામે જયા ત્યારે તેઓ મારા દિયરને ત્યાંથી મજુરીકામે જાય છે. મારા ઘરે જે મોબાઈલ રહેતો હતો તેનો નંબર મને ખબર નથી. મારી દિકરી પાસેથી મોબાઈલ મળેલ જે મેં તોડી નાં ખેલો. મેં તે મોબાઈલ નાતાલના બે–ત્રણ દિવસ પહેલા તોડી નાંખેલ ત્યારે મારા પતિ મજુરીકામેથી પરત આવેલા ન હતા. મને આ મોબાઈલ બલીરામે લઈ આપેલ છે તેવુ મને મારી ભોગબનનાર દિકરીએ કહેલુ. મારી છોકરીએ તે સમયે તે મોબાઈલ તને આમીરે લઈ આપેલ, તે આમીરને બગીચામાં મળેલ હોય તેવુ ત્યારે કહેલ નહીં. આ મોબાઈલ તેની પાસે કેટલા સમયથી છે તેવુ કહેલ નહીં. મોબાઈલ પરથી કોની સાથે વાતચીત કરે છે તેવુ પણ કહેલ નહીં. હું સવારે નવ વાગ્યે મજુરીએ જતી બપોરે બાર વાગ્યે પાછી આવતી તે પછી હું ઘરે જ રહેતી. મેં ઉનાળાથી હાલની ફરીયાદ કરેલ તેના ત્રણેક દિવસ અગાઉ જે મેં મોબાઈલ તોડી નાંખ્યો તે સાતેક મહિનાના ગાળામાં મેં મારી ભોગબનનાર દિકરીને મોબાઈલ ફોનથી કોઈની સાથે વાતચીત કરતા જોયેલ નથી. મારી દિકરી મારી સાથે જ એક રૂમમાં સુતી. હું અને મારા ત્રણેય બાળકો એજ રૂમમાં અલગ અલગ ખાટલામાં સુતા હતા. જો મારી દિકરી રાત્રે કોઈની સાથે વાતચીત કરતી હોય તો મને ખબર પડે. અમારે ઢોર છે. મારી દિકરી કદી ઢોર ચરાવવા જતી નહીં. અમે ઢોરને બાંધી રાખીએ છીએ. અમારે તથા ગોવિંદભાઈને એકબીજા સાથે બોલવાના સારા સબંધ હતા. હાલની ફરીયાદી કરવા ગયેલા ત્યારે મહેન્દ્રભાઈ અમારી સાથે આવેલા નહીં. મારા જેઠનુ નામ દિનુભાઈ છે. ફરીયાદ કરવામાં હું, મારા પતિ, મારી ભોગબનનાર દિકરી, મારી સાસુ ઈન્દુબેન, તે ઉપરાંત મારી

બે માસી સાસુ ગુલીબેન તથા રમણીબેન તેટલા ગયેલા. કહેવાતા બનાવની જાણ મારી દિકરીએ મને અમે ફરીયાદ કરવા ગયેલા ત્યારે કરેલી. મારી દિકરીએ મને નાતાલ પહેલા બનાવની કોઈ જાણ કરેલી ન હતી. એ વાત ખરી છે કે, તે પહેલા તેનો મોબાઈલ બે ત્રણ દિવસ અગાઉ મળી આવેલો. એવુ બનેલુ કે, મોબાઈલ મારી દિકરીએ ચાર્જીંગમાં મુકેલો હતો અને હું જોઈ ગયેલી. મને મારી દિકરીએ એવુ કહેલ નથી કે, મને કાકાના છોકરાએ મોબાઈલ લઈ આપેલો છે કેમ કે તમે લઈ આપતા ન હતા. મેં દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ છે તેવુ મે મારી સાસુને કે મારા દિયરને કહેલ નહીં. હવે કહુ છુ કે, મોબાઈલ તોડી નાખ્યા બાદ મારી સાસુ તથા બેનને જાણ કરેલી. મારી દિકરી પાસેથી મોબાઈલ મળી આવતા હું તેને ખીજાયેલી. મેં મારા પતિને દિકરી પાસે થી મોબાઈલ મળી આવેલ છે તેની જાણ ફોનથી કરેલી નહીં. મારા પતિ નાતાલના દિવસે રાત્રે આવેલા. મેં બીજા દિવસે સવારે દિકરી પાસે મોબાઈલ મળી આવેલ છે તેવુ મારા પતિને જણાવેલુ. મારા પતિ મારી દિકરી પાસે મોબાઈલ મળી આવતા ખીજાયેલા નહીં. હવે કહુ છુ કે, ખીજવાયેલા. ત પતિએ બીલરામને ફોન કરીને બોલાવેલો. મારા પતિએ બીલીરામ તેની પત્ની સાથે આવેલ ત્યારે પુછેલ કે કેમ મારી છોકરીને મોબાઈલ લઈ આપેલ છે. એ વાત ખરી નથી કે, બલીરામે અને તેની પત્નીએ એવુ કહેલ કે, મોબાઈલ આમીરે લઈ આપેલ છે. એ વાત ખરી નથી કે, મારા પતિને તે સમયે ખબર પડેલી કે મારી દિકરી આખો દિવસ આમીર સાથે ફોન પર વાતચીત કરતી હતી. એ વાત ખરી નથી કે, તે વખતે મારા પતિને ખબર પડેલ કે મારી દિકરી વારંવાર સુનિલ સાથે ફોન પર વાતચીત કરતી હતી. એ વાત ખરી નથી કે, મારી દિકરી હાલની ફરીયાદ કરેલ તેના સાત આઠ મહિના પહેલા ઘરેથી ભાગીને સુનિલને ત્યાં રહેવા જતી રહેલી. એ વાત ખરી છે કે, મારી છોકરી

બારડોલીના મઢીમાં ભણતી હતી અને તે નવમાં ધોરણમાં નાપાસ થયેલી. એ વાત ખરી નથી કે, ત્યાં આમીર તેને મળવા જતો અને તે બહાર ફરવા જતી હતી. એ વાત ખરી છેકે, તેથી અમે તેને મઢીમાં ઉઠાડીને ચીમેર, મામા લતીફભાઈને ત્યાં ભણવા મુકી દીધેલ. એ વાત ખરી નથીકે, ત્યાં આમીર તેને મળવા જતો અને નોટબુક–પેન આપતો જે માંથી ભોગબનનાર અને તેના મામા વચ્ચે ઝઘડો થયેલો. ચીમેરમાં ધોરણ–૧૦ પાસ થતા તેને ઘરે લઈ આવેલા. તે કોરોનામાં ધોરણ–૧૦ પાસ થઈ જતા તેને અમારા ઘરે લઈ આવેલા. હું બપોરના બાર વાગ્યા પછી હું કાયમ ઘરે જ હોંઉ અને મારી દિકરી પણ કાયમ મારી સાથે હોય જેથી મારી દિકરી જો કોઈની સાથે મોબાઈલ ફોન પર વાત કરતી હોય તો મને ખબર પડે. ભોગબનનાર સવારે મારી સાથે મજુરીએ આવતી. મારૂ કહેવુ છે કે, ભોગબનનાર આખો દિવસ મારી સાથે રહેતી અને રાત્રે પણ મારી સાથે સુતી હતી. મારી ભોગબનનાર દિકરી મારાથી છુટી પડતી ન હતી. મારી દિકરી જો સવારના સમયગાળા દરમ્યાન કોઈની સાથે વાતચીત કરે તો મને ખબર પડે. સાહેદ જણાવે છે કે, મારી દિકરી પાસે કોઈ મોબાઈલ ફોન ન હતો મારી પાસે મોબાઈલ ફોન હતો. મારી દિકરીએ મને કહેલ કે, આ મોબાઈલ જે તેણે ચાર્જગમાં મુકેલ અને મને મળી આવેલ છે તે તેને બે ત્રણ દિવસ પહેલા લઈ આપેલ છે. સાહેદ જણાવે છે કે, આ મોબાઈલ બલીરામે લઈ આપેલ હતો તે હતો. મારી દિકરી જયારે સાતમુ ભણી અને આમારી અગ્યિારમુ ભણતો ત્યારથી મારી દિકરી આમીરને ઓળખતી હતી. મારા દિયર રણજીતભાઈનુ ઘર અને આમીરના મામા ગોવિદભાઈનુ ઘર બાજુબાજુમાં છે. એવુ બનેલ નથી કે, મારી દિકરી ઉનાળામાં તેના દાદાના ઘરે વેકેશન કરવા ગયેલી. સાહેદ જણાવે છે કે, તે મારે ત્યાં જ રહેતી હતી. એ વાત ખરી છે કે, મારો મોબાઈલ મારા દિકરા સાવાન પાસે રહેતો હતો. સાહેદ

જણાવે છેકે, હું મારો મોબાઈલ મારી ભોગબનનાર દિકરીને આપતી ન હતી. સાવન હાલ અગ્યિાર ધોરણમાં ભણે છે જે મારી ભોગબનનાર દિકરી કરતા નાનો છે. તે ભોગબનનાર દિકરી કરતા ત્રણેક વર્ષ નાનો છે. ૨૦૨૧ ની સાલની શરૂઆતમાં આંબા ગામમાં કોઈના લગ્ન હોય તેવુ બનેલ નથી. મારા અને મારા પતિ પાસે કઈ કંપનીના મોબાઈલ હતા તેની મને ખબર નથી. મારી દિકરી સોનગઢ કઈ તારીખે ગયેલ તેની મને ખબર નથી. મારી દિકરીએ મને એવી જાણ કરેલી નથી કે, તેણી સોનગઢ જયારે બલીરામ સાથે જવા નિકળેલ તે પહેલા તેણે મારા મોબાઈલ પરથી આમીરને ફોન કરીને સોનગઢ આવવા કહેલ. માર કહેવા મુજબ બલીરામ અને તેની પત્ની મોટર સાયકલ પર મારી ભોગબનનાર દિકરીને સોનગઢ લઈ જવા માટે નિકળેલા. મારા ઘરની બાજુમાં ગોવિંદભાઈનુ ઘર આવેલુ નથી. મને એ હકીકતની જાણ નથી કે, મારી દિકરીને તથા આમીરને સબંધ હોય તેની જાણ ગોવિંદભાઈને હતી કે કેમ. મારી દિકરી સોનગઢ ગયેલી ત્યારે આમીર અમારા ગામમાં રહેતો ન હતો, તે કીમ રહેતો હતો તેની પણ મને ખબર નથી. મને મારી છોકરીએ એવુ કહેલ નથી કે, આ મોબાઈલ તેને આમીરે લઈ ધીધેલ કે મોબાઈલ લેવા આમીર તેની સાથે હતો કે આ મોબાઈલ તેણે આમીર સાથે વાતચીત કરવા માટે લીધેલ કે તે તેની સાથે ચોરી છુપીથી વાતચીત કરતી હતી કે બે હજાર રૂપિયા જે તે સમયે આમીર પાસે ન હતા તેથી આમીરન તે રકમ બલીરામે આપેલ અને તે પછી તે રકમ આમીરે બલીરામને ચુકવી આપેલી. સાહેદ જણાવે કે, દિકરીએ મને અમે જણાવેલુ કે, આમીર તેને સોનગઢ મળેલો. આમીર ખિસ્તી ધર્મ પાળે છે કે કેમ તેની મને ખબર નથી. હું નિલેશભાઈ પોસલાભાઈને ઓળખતી નથી. હું સુનિલ છગન ગામીતને પણ ઓળખતી નથી. મારી દિકરી કદી ભીંડાના

ખેતરમાં મજુરીએ જતી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી દિકરી મારા સિવાય બીજા કોઈની સાથે મજુરીએ જતી નથી તે મારી સાથેજ મજુરીએ આવે છે. મારી દિકરીનુ ખાતુ બંધ થઈ ગયેલ જેથી તેના ખાતામાં કે.વાય.સી. કરવાનુ હતુ. મારી છોકરીનુ ખાતુ કઈ બેંકમાં હતુ તેની મને ખબર નથી. ખાતામાં કે.વાય.સી. કરવાનુ બલીરામે કીધેલુ, મારી છોકરી તે ભણવા જતી હતી ત્યારે તેને એવુ કહેલ હશે. મારી છોકરીએ દશમુ ધોરણ ચીમેરમાંથી કરેલ તેની સ્કુલનુ નામ મને ખબર નથી. મારી છોકરીએ અમને એવુ કહેલ કે, સોનગઢમાં બલીરામ અને તેની પત્ની ખરીદી કરવા જતા રહેલા, મારી દિકરી આમીર સાથે બગીચામાં ગયેલી હતીઅને જતા સમયે બલીરામે આમીરને ફોન કરી કહેલ કે, તુ ''ટી''ને મોકલી આપ અને તે પછી આમીર તેને મુકી ગયેલ. એ વાત ખરી છે કે, બલીરામે અને અનિતાએ મારી દિકરીને આમીર સોનગઢમાં મળેલો અને મારી દિકરી આમીર સાથે હતી તેવી વાત તેમણે મને કહેલી નહીં. એવુ બનેલ નથી કે, મારી છોકરી પાસેથી મોબાઈલ મળી આવેલ તેના છએક માસ પહેલા ગુનખડી ગામે ભાગી ગયેલી. એ વાત ખરી નથી કે, તેની જાણ મારા પતિને પણ હતી. ગોપાળપુરામાં મારા પતિની મામી રહે છે. એવુ બનેલ નથી કે, મારી દિકરીને મારા પતિની મામી સુનિલના ઘરેથી ઘરે લઈ આવેલી. એ વાત ખરી નથી કે, મારી દિકરીને ગુનખડી ગામે જવાનુ કારણ એ હતુ કે તેને અમારી સાથે રહેવુ ગમતુ ન હતુ. મારા પતિ કદી દુધ ભરવા જતા નથી. સાહેદ જણાવે છેકે, હું દુધ ભરવા જાવ છુ. ચુટણીમાં મનિષાબેન હારી ગયેલા કે કેમ તેની મને ખબર નથી. દીનુભાઈ મારો સગો જેઠ નથી. મારા સાસુ સસરા મારા દિયર સાથે રહે છે તેનુ કારણ તે નાનો દિકરો છે. મારા સાસુ સસરા કદી અમારી સાથે રહેતા નથી. હું મારી દિકરી સાથે હોસ્પીટલમાં ગયેલી. હું હોસ્પીટલમાં બહાર હતી જેથી મારા પતિને

ડૉકટર પુછતા હોય અને મારા પતિએ કંઈ લખી દીધેલ હોય તેની મને ખબર નથી. મારા પતિએ મોબાઈલ તોડી નાંખેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારા પતિએ બલીરામને બોલાવેલ ત્યારે બલીરામે કહેલ કે, તમારી છોકરી ખોટુ બોલે છે. એ વાત ખરી નથી કે, ત્યારે અનિતાબેને એવુ કહેલ કે, ભોગબનનાર આમીર સાથે વાતચીત કરે છે તેથી મારી છોકરી ગુસ્સે થયેલ. એ વાત ખરી નથી કે, તે સમયે મારી દિકરીએ એવુ કહેલ કે, તેને અનિતા અને બલીરામે મોબાઈલ લઈ દીધેલ છે. એ વાત ખરી છે કે, આ પ્રક્રરણ મારી દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ ત્યારથી શરૂ થયેલુ છે. હું સુનિલાબેન ગુલાબભાઈ કોંકણીને ઓળખુ છુ તે અમારા ગામના સરપંચ છે. એ વાત ખરી નથી કે, બલીરામ અને તેની પત્નીના ગયા બાદ સુનિલાબેન અમારા ઘરે આવેલા. એ વાત ખરી નથી કે, અમે પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરવા ગયેલા ત્યારે સુનિલાબેન પોલીસ સ્ટેશનમાં અમને મળેલા. એ વાત ખરી નથી કે, અમે ફરીયાદ દાખલ કરવા ગયેલા તે દિવસ બલીરામને પોલીસ સ્ટેશનમાં લાવેલા. સાહેદ જણાવે છેકે, બલીરામને બીજા દિવસે પો.સ્ટે.માં બોલાવેલા. બલીરામનો અમારા પર ફોન આવતો તે મજુર બોલાવવા માટે ફોન કરતો. મને બલીરામનો મોબાઈલ નંબર ખબર નથી. મારા મોબાઈલમાં બલીરામનો મોબાઈલ સેવ નથી. બલીરામ મારા મોબાઈલ પર કાયમ ફોન કરતો. મારા પતિ ભણેલા છે. મારી ભોગબનનાર દિકરી પણ ભણેલી છે. સાવનને પણ મોબાઈલ નંબરની ખબર પડે. અમારા ઘરમાંથી કોઈએ બલીરામનો નંબર પોલીસને આપેલો કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મને મારી છોકરીએ મોબાઈલની વાતચીત કરેલી તે સિવાય બીજી કોઈ વાતચીત કરેલી નહીં. એ વાત ખરી છે કે, અમે બલીરામને મોબાઈલ માટે જ બોલાવેલો. એ વાત ખરી નથી કે,

તે સમયે મારા પતિને અને બલીરામને સુનિલ છગનભાઈ વિશે પણ વાતચીત થયેલી. અમે ફરીયાદ આપવા ગયેલા ત્યારે આખો દિવસ પોલીસ સ્ટેશનમાં રોકાયેલા. એ વાત ખરી નથીકે, ફરીયાદ મારા પતિએ નોંધાવેલી. અમે ફરીયાદ લખાવવા સોનગઢ પોલીસ સ્ટેશન સવારના નવેક વાગ્યે ગયેલા. અમે નાતાલના બીજા દિવસે ફરીયાદ લખાવવા ગયેલા. અમે તે દિવસે સાંજે પાંચ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલા. એ વાત ખરી નથી કે, ત્યો પોલીસ મારી, મારા પતિ, મારી ભોગબનનાર દિકરી કે મારી સાસુની પુછપરછ એક સાથે કરતી હતી. એ વાત ખરી છે કે, અમે ફરીયાદ વિલંબ અગે અમારા નિવેદનમાં કોઈ ખુલાસો કરેલ નથી. અમે ફરીયાદ નોંધાવેલ તે દિવસે સાંજે પાંચ વાગ્યા પછી ઘરે આવતા રહેલા અને બીજા દિવસે સવારે સોનગઢ પોલીસ સ્ટેશન નવેક વાગ્યે પહોંચી ગયેલા. બીજા દિવસે અમે પોલીસ સ્ટેશનમાં મારા પતિ, હું, મારી ભોગબનનાર દિકરી એમ અમે ત્રણ જણા ગયેલા. અમે તે બીજા દિવસે બપોરે બારેક વાગ્યે ઘરે પરત ફરેલા. અમે જયારે આ બીજા દિવસે પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે બલીરામ તથા તેના પત્ની અનિતા પોલીસ સ્ટેશનમાં હાજર હતા. અમે બીજા દિવસે સવારે નવેક વાગ્યે પોલીસ સ્ટેશન પહોંચેલા. એ વાત ખરી છે કે, મારી દિકરીએ ફરીયાદ લખાવેલ ત્યારે તેના પપ્પા સાથે હતા. પોલીસ સ્ટેશનમાં જે અમે બીજા દિવસે બપોરના બારેક વાગ્યાના અરસામાં પરત આવી ગયેલ તે બાદ ફરીવાર આ કેસ બાબતે પોલીસ સ્ટેશનમાં જવાનુ થયેલ નથી. અમે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા તે પહેલા કોઈની પાસે ફરીયાદ તૈયાર કરાવીને ગયેલા હોય તેવુ બનેલ નથી. એ વાતની મને ખબર નથી કે, ત્યારે ત્યાં એક મધ્યમ બાંધાના પોલીસવાળા સાહેબ એવુ કહેતા હતા કે, આ બલીરામ અને તેની પત્નીને આપણે ફીટ કરી દેવાના છે. એ વાત ખરી નથી કે,

મહેન્દ્રભાઈએ અમને એવુ જણાવેલ કે, કેસ કરીને આપેણે બલીરામ અને તેના આખા ખાનદાનને ફીટ કરી દેવુ છે. એ વાતની મને ખબર નથી કે, બલીરામના કુટુબને અને મનીષાબેનના કુટુબને ચુંટણીના કારણે ઝઘડો થયેલો કે કેમ ? એ વાત ખરી નથી કે, પોલીસે મારૂ નામ-સરનામુ ઉંમર પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો ત્યારે મારી દિકરી અને મારા પતિ પણ હતા. તે સિવાય બીજુ કોઈ ન હતુ. જે અધિકારીએ જવાબ લીધેલ તે અધિકારીએ પોલીસનો ડ્રેસ પહેરેલો. જવાબ લીધેલ ત્યારે કોઈ સ્ત્રી પોલીસ ન હતી. હવે કહુ છુ કે, પોલીસવાળી એક બહેન પણ હતી. તે પોલીસવાળી બહેને પોલીસનો ડ્રેસ પહેરેલો હતો. એ વાત ખરી નથી કે, મને ગુજરાતી બરાબર આવડતુ ન હોય જેથી મારા પતિ પોલીસને જવાબ લખાવતા હતા. સાહેદ જણાવે છેકે, મારી છોકરી કહે તેમ જવાબ આપતી હતી. મારી પુછપરછ પુરૂષ પોલીસ કરતા હતા. તે મને ગુજરાતીમાં પુછતો હતો અને હું ગુજરાતીમાં જવાબ આપતી હતી. એ વાત ખરી છે કે, મને ગુજરાતીમાં પુછે તો મને ગુજરાતીમાં જવાબ આપતા આવડે છે.

<u>નોંધ:-સાહેદને ગુજરાતી આવડે છે તેવુ સ્વીકારે છે તેમ છતાં જુબાનીની શરૂઆતમાં ગુજરાતી ભાષા આવડતી નથી તેવુ કહી દુભાષીયાની મદદ લેવડાવેલ છે. જેથી હવે પછીની જુબાની ગુજરાતી ભાષામાં પુછી ડાયરેકટ જુબાની નોંધવામાં આવેલ છે.</u>

એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશનમાંથી આવ્યા બાદ મારી છોકરી પહેલાની જેમ રહે છે તેને કોઈ તકલીફ નથી. એ વાત ખરી છે કે, હોસ્પીલમાં મારા પતિ મારી દિકરી સાથે ફરતા હતા. સાહેદ જણાવે છે કે, હું બહાર ઉભી હતી. એ વાત ખરી નથી કે, ફરીયાદી મારી દિકરી હોય તેણે જે ખોટી ફરીયાદ આપેલ હોય તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપુ છુ.

એ વાત ખરી નથી કે, મેં સોગંદ પર ખોટી હકીકતો જણાવેલી છે. એ વાત ખરી નથી કે, મને સત્ય હકીકતની જાણ હોવા છતાં તે હકીકત હું છુપાવી રહેલ છુ. એ વાત ખરી નથી કે, મારી દિકરીના ઘણા છોકરાઓ મિત્ર હોય તેણે તેની સાથે મારા મોબાઈલથી અવાર નવાર વાતચીત કરતી હોય તેમજ તેણી ઘરેથી ભાગી ગયેલ હોય આ તમામ હકીકત જાણવા છતાં હું તે હકીકત છુપાવુ છુ. એ વાત ખરી છે કે, મેં સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તેની મને કોઈ જાત માહિતી નથી. ”

(૧૩). ફરિયાદપક્ષે **સાહેદ નં–૪ ભોગબનનારના મિત્ર અમીર ભાઈ સુરેશભાઈ વસાવા**ને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેણીએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું મારી માસી દિનુબેન વસાવા સાથે રહુ છુ. ધોરણ–૧ થી ૩ ખેરવાડા ગામમાં અભ્યાસ કરેલ અને ચાર થી સાત ગામમાં આવેલ આશ્રમશાળામાં કરેલ. ધોરણ–૮ થી ૧૦ ગામમાં આવેલ બીજી શાળામાં અભ્યાસ કરેલ. મને પોલીસે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ભોગબનનાર ''ટી'' ની ફરીયાદ બાબતે પુછપરછ માટે બોલાવેલ. ભોગબનનાર ''ટી'' મારી ફ્રેડન્સ થયા છે અને હું તેની સાથે મોબાઈલ ઉપર વાતચીત કરતો હતો. હું આંબા ગામે મારી માસીને ત્યાં રહેતો ત્યારે ખ્રિસ્તી ધર્મ પાળતો હતો જેથી રવિવારે ચર્ચમાં પણ જતો હતો. હું આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપીઓને ઓળખુ છુ જેમાં આરોપી બલીરામ ચર્ચમાં પાસ્તર હતા અને અને આરોપી અનિતાબેન તેમના પત્ની છે.

ગઈ તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ હું કીમ ચાર રસ્તા પાસે આવેલ પારલેજી બિસ્કીટની કંપનીમાં મજુરી કામે ગયેલ તે વખતે ભોગબનનાર ''ટી'' નો સવારે સાતેક વાગ્યે મારા મોબાઈલ ઉપર ફોન આવેલ અને મને કહેલ કે, હું

બેકના કામ અર્થે સોનગઢ આવેલ છુ અને મને સોનગઢ આવ તેવુ કહેતા હું મારા મિત્ર સાથે માંડવી સુધી બસમાં આવેલ અને મારી માસીના દિકરા દિપકને માંડવી લેવા માટે બોલાવેલ અને તે મોટર સાયકલ લઈને આવેલો અને દિપક સાથે હું મારા ઘર ખેરવાડા ગામે ગયેલ અને દિપકને ઘરે ઉતારી દિપકની મોટર સાયકલ પર હું તથા મારો મિત્ર સુનિલ મોટર સાયકલ લઈને સોનગઢ ગયેલા. તે પછી ભોગબનનાર ''ટી'' નો મારા પર ફરીથી ફોન આવેલ અને પુછેલ કે કેટલે આવેલો છો તેમ પુછતા મેં ઉકાઈ આવી ગયેલ છુ તેમ જણાવેલ. તે પછી સોનગઢ બેંક ઓફ બરોડા પાસે મારો મિત્ર સુનિલ મને ઉતારીને ગાંધીનગર ખાતે જતો રહેલ. તે પછી ત્યાં ભોગબનનાર તથા આરોપી બલીરામ તથા તેની પત્ની અનિતાબેન મને ત્યાં બેંક ઓફ બરોડા પાસે મળેલ. તે બાદ ભોગબનનારે મને કહેલ કે, મારે મોબાઈલ લેવો છે જેથી મેં કહેલ કે હાલમાં મારી પાસે પૈસા નથી. જેથી આરોપી બલીરામે અમને કહેલ કે, હું તમને મોબાઈલ લઈ આપુ છુ પછીથી મને પૈસા આપી દેજો. તે બાદ બેંક ઓફ બરોડાથી થોડે દુર બાજુમાં મોબાઈલની દુકાન આવેલ. દુકાનનુ નામ મને ખબર નથી. તે દુકાનમાં જીઓનો મોબાઈલ ન હતો જેથી અમે બીજી દુકાને ગયેલા. તે દુકાન બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ હતી. તે દુકાને બલીરામ બાઈક લઈને આવેલા. જયારે હું, અનિતાબેન, ભોગબનનાર ચાલીને તે દુકાને ગયેલા. તે દુકાનનુ નામ ક્રિષ્ના અથવા સાંઈ નામ હતુ. જયાં જીઓનો મોબાઈલ હતો. અને પંદર સો વાળો મોબાઈલ લીધેલો. મોબાઈલની સાથે સીમકાર્ડ પણ લીધેલો. સીમકાર્ડ લેવા માટે ડોકયુમેન્ટ બલીરામે આપેલા. જેમાં તેણે તેનો આધાર કાર્ડ આપેલો. આ મોબાઈલ લીધા બાદ અમો બધા અંબિકા હોટલમાં નાસ્તો કરવા ગયેલા. નાસ્તો કરતા હતા ત્યારે બલીરામે અમોને કહેલ કે, અમે બજારમાં જઈએ છીએ ત્યાં સુધી

તમે વાતો કરો. તે પછી હું તથા ભોગબનનાર સોનગઢ ચાટ બજાર પાસે આવેલ પાર્કમાં ગયેલા. તે પછી થોડો સમય બાદ બલીરામનો મારા પર ફોન આવેલ અને કહેલ કે, હવે આપણે જવાનુ છે તો બસ સ્ટેન્ડ પાસે આવો જેથી હું તથા ભોગબનનાર બસ સ્ટેન્ડ પાસે ગયેલા. હું અને ભોગબનનાર બસ સ્ટેન્ડ પાસે પહોંચેલા ત્યારે બલીરામ અને તેની પત્ની આવી ગયેલા. તે પછી બલીરામ અને તેની પત્ની ગામ જવા નિકળી ગયેલા અને હું મારા મિત્ર સુનિલ સાથે નિકળી ગયેલ. હું મારા ગામ ખેરવાડા આવેલ. પછી મારા ભાઈ દિપક સાથે માંડવી ગયેલ અને માંડવીથી કીમ ચાર રસ્તા પાસે મારી કંપની પર જતો રહેલો.

તે પછી પાંચ માસ બાદ પચ્ચીસ તારીખે ભોગબનનારના પપ્પાનો ફોન મારા પર આવેલો તે સમયે હું મારા ઘર ખેરવાડા મુકામે હતો. તેમણે મને એવુ કહેલ કે, ભોગબનનાર સોનગઢ આવેલી ત્યારે તમે મોબાઈલ લઈ દીધેલ. તો મેં હા પાડેલી. મેં તેમને એવુ કહેલ કે, પૈસા મોબાઈલના મેં આપેલા પણ ડોકયુમેન્ટ બલીરામે આપેલા. તેમણે મને બીજુ કંઈ કહેલ નહીં. તે જ દિવસ થોડા સમય પછી ભોગબનનારના પિતાનો ફોન આવેલો. તેમણે મને કહેલ કે, મારી ભોગબનનાર દિકરા વિડિયો અને ફોટા પાડેલા છે તે સિવાય બીજુ કાંઈ કહેલ નહીં. પોલીસે મારી પુછપરછ કરેલી. તેમાં મેં આવી હકીકત લખાવેલ. તે સિવાય બીજુ કાંઈ જાણવા મળેલ નહીં. પોલીસ મને સોનગઢ કોર્ટમાં લઈ ગયેલી ત્યાં જજ સાહેબે મારી પુછપરછ કરેલી જેમાં મેં નિવેદન લખાવેલ. મને આજરોજ મારૂ જજ સાહેબે જે સોંગદ ઉપર નિવેદન નોંધેલ જે બતાવવામાં આવેલ છે જે મેં લખાવેલ છે જેમાં મારી સહી છે. જે નિવેદનની કોપીને પુરાવામાં રજુ દાખલ આંક–(પી.ડબલ્યુ.–૪) –૩૮. ''

**૧૩.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" મને સોનગઢ કોર્ટમાં પોલીસવાળા નિવેદન લેવા સવારના દશ વાગ્યે લઈ ગયેલા. તે તારીખ તથા મહિનો મને યાદ નથી. મને પોલીસવાળાએ ફોન કરીને બોલાવેલ. મેં પોલીસને હું જજ પાસે નિવેદન નોંધાવવા માગું છુ તેવુ જાહેર કરેલ નહીં. મને પોલીસે એવુ કહેલ કે, તારૂ નિવેદન જે અમે લખેલ છે તેવુ તારે જજ સાહેબ પાસે લખાવવાનુ છે. તે દિવસે હું મારા ગામ ખેરવાડા થી સીધો સોનગઢ પોલીસ સ્ટેશન ગયેલ. હું પોલીસ સ્ટેશન સવારે દશ વાગ્યે પહોંચેલો. હુ પોલીસ સ્ટેશનમાં પાંચેક મીનીટ રોકાયેલો. મને પોલીસવાળા તેમની બાઈક ઉપર લઈ ગયેલા. કોર્ટમાં લગભગ ચાર કલાક રહેલ. હું પોલીસ સ્ટેશનમાંથી નિકળીને ચાર કલાક સુધી કોર્ટમાં રહેલ. તે સમયે અમે કોર્ટની બહાર બેસેલા હતા. મારા સિવાય બે મોબાઈલવાળા હતા. તે દિવસે ભોગબનનાર કે તેમના પપ્પા ન હતા. મારો તે દિવસે જજ સાહેબે જવાબ લીધેલો. તે દિવસે મારો જવાબ લીધા બાદ મારે ફરીવાર જજ સાહેબ પાસે જવાનુ બનેલ નથી. હું સોનગઢ કોર્ટમાં એક જ દિવસ અને એકજ વાર ગયેલ છુ તે સિવાય મારે બીજીવાર જવાનુ થયેલ નથી. હું જયારે સોનગઢ કોર્ટમાં ગયેલ ત્યારે પોલીસવાળાએ મને એક લખાણ આપેલ અને મને કહેલ કે આમા સહી કરી દે જેથી મે સહી કરેલી તે બાદ હું મારા ઘરે જતો રહેલ. તે બાદ મારે પોલીસ સ્ટેશનમાં જવાનુ બનેલ નથી.

હું ભોગબનનારને જયારે હું ધોરણ-૧૧ હતો ત્યારથી ઓળખુ છુ. હું અગ્યિારમાં ધોરણમાં ભણતો હતો ત્યારે ભોગબનનાર આઠમા ધોરણમાં ભણતી હતી. અમે બંને એકજ સ્કુલમાં ભણતા હતા. સાહેદ જણાવે છેકે, ધોરણ-૧૧, ૧૨ સવારમાં ચાલતા હતા અને ધોરણ-૧ થી

૮ બપોરના દશ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી ચાલુ રહેતા હતા. એ વાત ખરી છે કે, ભોગબનનાર ભીલ જાતિની છે અને હું વસાવા જાતિનો છુ અને અમે બંનેની જાતિ અલગ અલગ છે. હું ભોગબનનારના કાકાનો દિકરો થતો નથી કે તેમનો કોઈ સંબધી નથી. મારો મોબાઈલ નંબર–૯૨૬૫૧૪૨૦૨૯ છે. મને ભોગબનનાર કે તેમના પપ્પાનો મોબાઈલ નંબર ખબર નથી. મારા મોબાઈલમાં જે તે સમયે તેમના મોબાઈલ નંબર સેવ હતા. હું મારો આ મોબાઈલ ૨૦૧૯ થી વાપરૂ છુ. દિપક મારા માસીનો દિકરો થાય છે. મારે સગોભાઈ પણ છે. તેનુ નામ ભાવાન છે. તે સિવાય મારે બીજો કોઈ ભાઈ નથી. દિપકના પપ્પાનુ નામ સુરેશભાઈ છે અને તે વસાવા છે. એ વાત ખરી છે કે, હું જે મોબાઈલ વાપરતો હતો તે દિપક સુરેશ વસાવાના નામે ખરીદાયેલ. મારો મોબાઈલ ઓપ્પોનો હતો અને તેમાં સીમ જીયોનુ હતુ. મારૂ સીમકાર્ડ જે સોનગઢમાંથી લીધેલ. સોનગઢમાં મોબાઈલમાં સીમકાર્ડ કઈ કઈ દુકાનમાં થી મળે તેની મને ખબર છે. હું અગ્યિાર ધોરણ ભણેલ છુ. મને લખતા વાંચતા આવડે છે. ગોવિંદભાઈ વસાવા મારા માસીનો છોકરો થાય છે. તે મારો ભાઈ થાય છે. ગોવિંદભાઈ ઘરજમાઈ ગયેલ છે. ગોવિંદભાઈના ઘરે આંબા ગામે હું એક વર્ષ રહેલો. ગોવિંદભાઈનુ ઘર અને ભોગબનનારનુ ઘર એકજ ફળીયામા આવેલુ છે. ગોવિંદભાઈનુ ઘર તથા ભોગબનનારનુ ઘર અંદાજે પચાસ મીટર જેટલુ થાય. ફરીયાદીના ઘરેથી સોનગઢ જવુ હોય તો ગોવિંદભાઈનુ ઘર વચ્ચે આવે નહીં. આંબા ગામમાં નવમુ તથા દશમુ ધોરણ ન હતુ. મારે ભોગબનનારે સાથે હું આંબા ગામે ભણવા ગયેલ ત્યારે થયેલી. તે સમયે હું ભોગબનનાર સાથે કોઈ વાતચીતનો સબંધ ધરાવતો ન હતો. હવે કહુ છુ કે, તે સમયે અમારા વચ્ચે દોસ્તી હતી. ભોગબનનાર તે બાદ ભણવા માટે બારડોલી જતી રહેલ હોય તો તેની મને ખબર નથી. તે માધ્યમીક શાળા

મઢીમાં ભણતી હોય તો તેની મને ખબર નથી. તે નવમા ધોરણમાં નાપાસ થયેલી તેની પણ મને ખબર નથી. ભોગબનનાર તે બાદ ચીમેર ભણવા ગયેલી તેની મને ખબર છે. એ વાત ખરી નથી કે, ભોગબનનાર માધ્યમીક શાળા મઢી માં ભણતી હતી ત્યારે હું તેના સંપર્કમાં હતો. હું કદી ભોગબનનારે તેના મામાને ત્યાં ચીમેર મળવા જતો નહીં. હું કદી નોટબુક–પેન આપવા જતો નહીં. હું આંબા હતો ત્યારે ભોગબનનારે રૂબરૂ મળેલો તે સિવાય ભોગબનનાર સાથે સંપર્કમાં ન હતો. હું ભોગબનનારને તેના મામા ચીમેર એકવાર મળેલ તે સિવાય ભોગબનનાર સાથે કોઈ સંપર્કમાં ન હતો. મેં ભોગબનનારને મારા મોબાઈલ નંબર આપેલા નહીં. મારે તેની સાથે અગાઉ કયારેય મોબાઈલ ફોન પર વાતચીત થતી ન હતી. હવે કહુ છુ કે, ભોગબનનાર જયારે ચીમેર ભણતી હતી ત્યારથી મારે તેની સાથે મોબાઈલ ઉપર વાતચીત ચાલતી હતી. ત્યારે ભોગબનનાર તેના મામાના મોબાઈલ ઉપરથી વાતચીત કરતી હતી. મને ભોગબનનારે એવુ જણાવેલ નથી કે, ભોગબનનારને તેના મામાને ત્યાં મારા કારણે ઝઘડો થયેલો. ભોગબનનાર ચીમેરથી તેના પપ્પાના ઘરે પરત કયારે આવેલી તેની મને ખબર નથી. ભોગબનનાર દશમુ ધોરણ પાસ થતા સુધી ચીમરે રહેલી તેની મને ખબર નથી. ભોગબનનાર એપ્રીલ–૨૦૨૧ સુધી ચીમેર ગામે હતી તેની મને ખબર નથી. ચીમેરથી આવ્યા બાદ ભોગબનનાર તેના પપ્પાના મોબાઈલ ઉપરથી મારી સાથે વાતચીત કરતી હતી. એ વાત ખરી છે કે, ભોગબનનારના ઘરનાને અમે બંને મોબાઈલ ઉપર વાતચીત કરીએ છીએ તેની ખબર ન હતી. એ વાત ખરી નથી કે, અમે મને એકબીજાને પસંદ કરતા હતા. સાહેદ જણાવે છે કે, અમે બંને મિત્ર તરીકે વાતચીત કરતા હતા. ભોગબનનારને બીજા કેટલા જણા સાથે મિત્રતા હતી તેની મને ખબર નથી. ભોગબનનારને સુનિલ છગન સાથે મિત્રતા હતી

તેની મને ખબર નથી. ભોગબનનાર મને બધી વાત કરતી હતી. ભોગબનનાર મને મહિનામાં એક–બે વાર ફોન કરતી હતી અને અમે બંને પાંચ–દશ મીનીટ વાત કરતા હતા. ભોગબનનાર ફોન કરતી હતી હું કદી ભોગબનનારને ફોન કરતો ન હતો. ભોગબનનાર સોનગઢ જવાની છે તેવી વાત મને તે સમયે તેણી મારી સાથે વાતચીત કરતી હતી તેથી કરેલ. જે દિવસે અમે સોનગઢ મળેલ તે દિવસે સવારે સાત વાગ્યે ફોન કરી કહી દીધેલ કે અમે સોનગઢ આવવાના છે. તેણે મને બલીરામ તથા અનિતા સાથે આવવાની છે તેવુ કહેલ નહીં. તેણે મને એવુ કહેલ કે, હું બેંકના કામે આવવાની છુ. મારે તથા ભોગબનનાર વચ્ચે સોનગઢમાં મળવાનુ છે તેવુ સવારે સાત વાગ્યેજ નકકી થઈ ગયેલ. અમે સોનગઢ સિવાય અગાઉ કયારેય આવી રીતે મળેલા નહીં. ભોગબનનારના બોલાવવાથી હું કંપનીમાં રજા રાખીને સોનગઢ ગયેલો. ત્યાં જવાનુ કારણ ભોગબનનારે ત્યાં બોલાવેલ તેથી ગયેલ. ભોગબનનાર મને પસંદ હતી તેથી તેના બોલાવવાથી ગયેલ. ભોગબનનારને હું પસંદ હતો કે કેમ તેની મને ખબર નથી. ભોગબનનારે સવારે સાત વાગ્યે તેના ઘરના મોબાઈલ ઉપરથી ફોન કરેલો તેનો નંબર મને યાદ નથી. મેં પોલીસમાં નિવેદન આપેલ ત્યારે મારી પાસે મારો મોબાઈલ હતો. મેં પોલીસેન ભોગબનનાર મારી સાથે કયા મોબાઈલ ઉપરથી વાતચીત કરતી હતી અને કયા મોબાઈલ ઉપરથી ફોન કરી મને સોનગઢ આવવાનુ કહેલ તેવુ મેં પોલીસને લખાવેલ નહીં. સાહેદ જણાવે છે કે, પોલીસે મને તેવુ પુછેલ નહીં. હું બપોરના સાડા બારથી એકના ગાળામાં સોનગઢ આવેલો. હું બાઈક પર આવેલો તે બાઈક મારૂ હતુ. મારા બાઈકનો નંબર મને યાદ નથી. હું સોનગઢ બારથી એકના ગાળામાં પહોંચેલ ત્યારે ભોગબનનારે ફોન કરી મને કહેલ કે તેઓ કયાં છે. મે તેને કહેલ નહીં કે હું અહી પહોંચી ગયેલ છુ. તે દિવસે ભોગબનનાર કેટલા ફોન આવેલા તેની

મને ખબર નથી. ભોગબનનારે હું ઉકાઈ હતો ત્યારે ફોન કરેલો. તેણે મને એવુ પુછેલ કે તુ કયાં છો અને મેં કહેલ કે હું ઉકાઈ છુ. તે ફોન કેટલા વાગ્યે આવેલો તેની મને ખબર નથી. ઉકાઈથી સોનગઢ દશ કિલોમીટર છે. ભોગબનનારનો ફોન અંદાજે દશેક વાગ્યે મને ઉકાઈમાં આવેલ તેની મને ખબર નથી. તે સમયગાળા દરમ્યાન બીજુ લોકડાઉન હતુ તેની મને ખબર નથી. તે સમયે બેંક ખુલ્લી હતી. તે સમયે બેંકની કામગીરી લોકડાઉનના કારણે ચાલુ હતી કે બંધ હતી તેની મને ખબર નથી. સાહેદ જણાવે છેકે, તેઓનુ કામ થયેલ નથી તેવુ તેઓ જણાવતા હતા. હુ જયારે પહોંચેલ ત્યારે તેઓ ત્રણેય જણા બેંક પાસે ઉભેલા હતા. હું આગઉ બલીરામ કે અનિતાને મળેલ નહીં. મારે તેમની ઓળખાણ સોનગઢમાં થયેલી. સાહેદ જણાવે છે કે, તે બલીરામ છે તેવી જાણ મને અગાઉ હતી પણ તેમની સાથે પરિચય ન હતો. હું આંબામાં એક વર્ષ રહેલો. હું આંબા ગામમાં બે થી ત્રણ વાર ચર્ચમાં ગયેલો. હું આંબામાં કઈ સાલમાં હતો તે યાદ નથી. મારે આંબા ગામે ચર્ચમાં બલીરામ સાથે કોઈ વાતચીત થયેલી નહીં. મેં ચર્ચમાં બલીરામની પત્નીને પણ જોયેલ પણ તેની સાથે વાતચીતનો કોઈ વ્યવહાર ન હતો. બલીરામના મોબાઈલ પરથી મને ભોગબનનારના અગાઉ કયારે ફોન આવતા ન હતા. ભોગ બનનારે મને જે ફોન કરેલ તે સમયે જ તેણે મને ફોન પર કહેલ કે, આ ફોન બલીરામ નો છે. મેં તેને પુછેલ નહીં કે આ બલીરામ કોણ છે. મેં તેને પુછેલ નહીં કે તે કોની સાથે આવેલ છે. તેણે મને કહેલ કે, તે બલીરામ અને તેની પત્ની સાથે આવેલ છે. એ વાત ખરી છે કે, સોનગઢ મને મારો મિત્ર સુનિલ મોટર સાયકલ પર સોનગઢ મુકી ગયેલ. તે મને બેન્ક ઓફ બરોડા પાસે મુકી જતો રહેલો. સુનિલ તેના ગામ ગાંધીનગર જતો રહેલો. સુનિલ તરતજ જતો રહેલો. ભોગબનનારને મને કોઈ કામથી બોલાવેલ નહીં મને એમજ બોલાવેલ.

અમે બેંક ઓફ બરોડા પાસે ઉભેલા હતા ત્યારે પાંચ–દશ મીનીટ પછી મને કહેલ કે, મારે મોબાઈલ જોઈએ છે. હું અગાઉ કોઈ દિવસ તેને કોઈ વસ્તુ લઈ આપતો નહીં. તેણે મારી પાસે કેમ માંગણી કરેલ તેની મને ખબર નથી. તેણે માંગણી કરતા મેં ના પાડેલી નહીં. મેં આ પૈસા પાછળથી બલીરામને ચુકવી આપેલા. ભોગબનનારે મારી પાસે મોબાઈલ માંગેલ જેથી મે મોબાઈલ લઈ આપેલ. જો કોઈ મારા બીજા કોઈ મિત્ર મોબાઈલ માંગે તો હું લઈ ન આપુ. સુનિલ તેનુ પેટ્રોલ ખર્ચીને સોનગઢ મુકવા આવેલ તો પણ હું તેને મોબાઈલ ન લઈ આપુ.

મેં ભોગબનનાર સિવાય અન્ય કોઈ છોકરીને મોબાઈલ લઈ આપેલ નથી. મારી પાસે મારૂ આધારકાર્ડ ન હતુ જેથી બલીરામના આધારકાર્ડથી સીમકાર્ડ લેવામાં આવેલ. એ વાતની મને ખબર નથી કે, બલીરામને મારી તથા ભોગબનનારની દોસ્તીની ખબર તે જ દિવસે પડેલ કે અગાઉથી હતી. ભોગબનનારને મેં બેંક ઓફ બરોડા પાસે જોઈ ત્યારે તે ઉદાસ ઉદાસ લાગતી હતી. મેં તેને પુછેલ પણ તેણે કાંઈ જણાવેલ નહીં. તેણે મને મોબાઈલ લઈ દેવાની વાત કરેલી. અમે રસ્તેમાં મોબાઈલ લેવા ગયેલા ત્યારે મુગામુગા ચાલતા હતા. નાસ્તો કરવા બલીરામ લઈ ગયેલ. નાસ્તાનુ બીલ બલીરામે આપેલ. અમે નાસ્તો કરવા અંબિકા હોટલમાં ગયેલા. અમે નાસ્તામાં ખમણ તથા ભજીયા ખાધેલા. ત્યારે બલીરામ અને તેની પત્ની વાતો કરતા હતા, સાહેદ જણાવે છેકે, હું અને ભોગબનનાર વાતો કરતા ન હતા. બલીરામ અને તેની પત્નીએ મને તથા ભોગબનનારને અંબિકા હોટલ પર એકલા છોડી દીધેલ અને કહેલ કે, અમે ખરીદી કરવા જઈએ છીએ ત્યાં સુધી તમે બંને વાતો કરો. તે પછી મેં તેને કહેલ કે, ચાલ બાગમાં બેસવા જઈએ. તે બાગ આ અંબિકા હોટલથી નજીક જ હતો.

મને સમયમાં ખબર પડતી નથી. હું તે દિવસે સવારે સાડા દશે સોનગઢ પહોંચી ગયેલ હતો અને તે સમયે હું ભોગબનનારે મળેલો. મોબાઈલ તથા સીમકાર્ડ એકજ દુકાનેથી લીધેલા. મોબાઈલ ખરીદી, સીમ ચાલુ કરી અને તરતજ દુકાનમાંથી નીકળી ગયેલા. આ મોબાઈલની દુકાનની સામેજ અંબિકા હોટલ આવેલી છે. અમારે નાસ્તો કરતા અડધો કલાક થયેલો. તે બાદ બલીરામ અને તેની પત્ની જતા રહેલા. એ વાત ખરી છે કે, તે બાદથી સાંજના ચાર–સાડા ચાર સુધી ભોગબનનાર અને હું એકલા હતા. અમે બંને કોઈ વાત કરેલી નહીં હું મારો મોબાઈલ જોતો હતો અને તે મુંગી બેઠી હતી. તે દિવસે ઉદાસ હતી અને મારી સાથે કોઈ વાત કરેલી નહીં. સવારે સાત વાગ્યે મને ફોન કરેલ ત્યારે તે ઉદાસ ન હતી. એપ્રીલ થી મેં માસના સમયગાળામાં ભોગબનનારે ત્યારે તે ઉદાસ હોય તેવી વાત મારી સાથે કરેલી નહીં તા.૩૧/૫/૨૧ ના આશરે એક મહિના સુધી ભોગબનનારે આ મોબાઈલ ફોનથી મારી સાથે વાત કરેલી તે બાદ આ મોબાઈલ ફોન તોડી નાખવામાં આવેલ આ મોબાઈલ ફોન કોણે તોડેલ તેની મને ખબર નથી. તે પછી હું તેને કદી રૂબરૂ મળેલ નથી. એક માસ બાદ ભોગબનનાર પાસે મે લઈ દીધેલ મોબાઈલ ફોન હતો કે કેમ તેની મને ખબર નથી. મેં બલીરામને આ મોબાઈલના પૈસા તેના એકાઉન્ટમાં જમા કરાવી આપેલ. તેનો ખાતા નંબર મને ખબર નથી. મેં તે રકમ એક મહિનામાં જ જમા કરાવેલી. મેં કીમમાંથી મની ટ્રાન્સફરમાંથી જે દુકાનમાંથી કરી આપે છે તેમાંથી કરાવેલ તે દુકાનનુ નામ મને ખબર નથી. પૈસા ટ્રાન્સફર કરાવતી વખતે મેં બલીરામને ફોન કરેલો. એ વાત ખરી નથી કે, હું પૈસા આપવા રૂબરૂ બલીરામ પાસે આંબા ગામે ગયેલો. હું સવારે આઠ વાગ્યે નોકરી પર જઈને રાત્ર આઠ વાગ્યે પાછો આવુ છુ. અમે બંને રાત્રે દશ વાગ્યે વાતચીત કરતા. અમે દિવસમાં એકજ વાર મોબાઈલ ફોન

પર વાતચીત કરતા હતા. અમારી વાતચીત વીસેક મીનીટ ચાલતી. ફોન પર ભોગબનનારનુ વર્તન સારૂ હતુ. તેની સાથે હું વાતચીત કરતો ત્યારે તેનુ વાતચીતમાં ધ્યાન ન હોય, તે બીજુ કાંઈ જવાબ આપે, મારી સાથે ઝઘડો કરે કે ગુસ્સે થઈ જાય તેવુ બનતુ ન હતુ તે કોઈકવાર ગુસ્સે થઈ જતી હતી. અમારી વચ્ચે શું વાતચીત થતી હતી તે મને યાદ નથી. મને અમારી વચ્ચેની વાતચીતની યાદ નથી પંરતુ તા.૩૧/૫/૨૧ ના રોજ તે ઉદાસ હતી તેવુ મને એટલા માટે યાદ છે કેમકે તે રૂબરૂ હાજર હતી. તા.૩૧/૫/૨૧ ના રોજ મેં પુછેલ તો તેણે કહેલ કે, કાંઈ થયેલ નથી. અમે રાત્રે દશેક વાગ્યે વાતચીત કરતા તે સિવાય બીજા કોઈ ટાઈમ વાતચીત કરતા ન હતા. મારો આ મોબાઈલ નંબર મારી પાસે રહેતો હતો. મારે એક મહિનામ ભોગબનનાર સાથે પંદર દિવસ વાતચીત થયેલી. અમારી વચ્ચે કદી મેસેજ થતા નહીં. મારા મોબાઈલ નંબર પોલીસે મને પુછેલા. મને ભોગબનનારનો નંબર મોઢે હાલ યાદ નથી. ભોગબનનારનો મોબાઈલ નંબર–૯૮૭૩૨૬××× યાદ કરાવો છો તો પણ યાદ નથી. આ મોબાઈલ નબંર મારા મોબાઈલમાં સેવ હતો તેથી યાદ નથી. જે મોબાઈલ ભોગબનનાર માટે સોનગઢથી લીધેલ તે જ મોબાઈલ ઉપર એક મહિના સુધી મારે ભોગબનનાર સાથે વાતચીત થતી હતી. એ વાતની મને ખબર નથી કે, તા.૩૧/૫/૨૧ થી તા.૨૭/૬/૨૧ સુધી તેના મોબાઈલ નંબર–૯૮૭૩૨૬૭××× પરથી મારા મોબાઈલ નંબર–૯૨૬૫૧૪૨××× પર ૧૯૪–વાર મોબાઈલ ફોન પર વાતચીત કરેલી અને એસ.એમ.એસ. પણ કરેલા કે કેમ ? જો પોલીસે તપાસના કામે કંપની પાસે આવુ રેકર્ડ મેળવેલુ હોય તો તે સાચુ છે. તા.૧/૬/૨૧ ના રોજ સવારના ૪–૪૫ થી ૫–૫૮ સુધી મેં તથા ભોગબનનારે વાત કરેલી એટલેકે ૭૩–મીનીટ સુધી મેં ભોગબનનાર સાથે વાતો કરેલી તેવુ જો મોબાઈલ કંપનીનુ રેકર્ડ કહેતુ હોય તો

તે વાતચીત કરી હોય તો તે સાચુ છે. હું આટલી લાંબી વાતો કોઈ છોકરીઓ સાથે કરતો નથી. તા.૧/૬/૨૧ ના રોજ મેં તથા ભોગબનનારે બે કલાક અને એક મીનીટ વાતચીત કરેલ હોય તેવુ મોબાઈલ ફોનનુ રેકર્ડ કહેતુ હોય તો તે વાત સાચી છે. ભોગબનનાર સાથે ત્યારે શું વાતો થયેલી તે યાદ નથી. **એ વાત ખરી છે કે, મારે ભોગબનનાર સાથે પ્રેમ સબંધ હતો અને અમે એકબીજા સાથે વાતચીત કરતા હતા.** એ વાત ખરી છે કે, આ પ્રેમસબંધની જાણ તેમના ઘરનાને ન હતી. એ વાત ખરીછે કે, અમારા પ્રેમસબંધની જાણ બલીરામ અને તેમની પત્નીને હતી પણ તેઓ અમને મદદ કરતા હતા. ભોગબનનારના ભાઈ સાવનને હું ઓળખુ છુ તે મારો મિત્ર હતો. એ વાત ખરીછે કે, ભોગબનનાર તેના ઘરે જે મોબાઈલ રહેતો હતો તેમાંથી મને ફોન કરતી હતી. એ વાત ખરીછે કે, અમારે બન્નેને મોબાઈલ ઉપર વાતચીતમાં તેના ઘરના મોબાઈલથી થઈ શકે તેમ ન હોય જેથી તેના કહેવાથી મેં તેને મોબાઈલ લઈ આપેલો. **એ વાત ખરીછે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ કે.વાય.સી.ના બહાને તે મને મળવા આવેલી.** એ વાત ખરી છે કે, તા.૩૧ /૫/૨૧ ના રોજ હું, બલીરામ, અનિતા તથા ભોગબનનાર સવારના સાડા દશથી એક દોઢના ગાળા સુધી સાથે હતા અને તે બાદ બલીરામ તથા તેની પત્ની જતા રહેલ અને અમે બંને બગીચામાં બેસેલા. એ વાત ખરીછે કે, બલીરામ તથા તેની પત્નીને અમારા સબંધની જાણ હતી અને તેમણે ભોગ બનનારના ઘરમાં જાણ કરેલી ન હતી અને તેમણે તેમને અમે સોનગઢમાં મળેલા છીએ તેવુ પણ ભોગબનનારના ઘરનાને કહેલ નહીં. એ વાત ખરીછે કે, મારે તથા ભોગબનનારને સબંધ છે તેવી જાણ બલીરામ તથા તેની પત્નીને અગાઉથી હતી. એ વાત ખરીછે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ હું જયારે ભોગબનનારને મળેલ ત્યારે તે ખુશ હતી અને મેં તેને મોબાઈલ લઈ

દીધા બાદ તે વધારે ખુશ હતી અને અમારા બંનેની વચ્ચે વાતચીત પણ થયેલ. એ વાત ખરીછે કે, હું તથા ભોગબનનાર એકબીજા સાથે વાતચીત કરી શકીએ એટલે બલીરામ અને તેની પત્ની ખરીદી કરવા જતા રહેલા. એ વાત ખરીછે કે, મારા સોનગઢ પરથી લેવામાં આવેલા મોબાઈલ ફોન ઉપર તા.૨૭/૬/૨૧ ના રોજ વાતચીત થયેલ અને તે બાદ તેના ઘરનાને ખબર પડી જતા તે મોબાઈલ તેના ઘરનાએ તોડી નાંખેલો. ભોગબનનારા ઘરનો મોબાઈલ નંબર–૯૩૧૩૭૩૨××× ના હતા કે કેમ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે મારે તા.૧૮/૪/૨૧ પરથી તેના ઘરના મોબાઈલ પરથી ઘણીવાર વાતચીત કરેલી છે. એ વાત ખરીછે કે, ભોગબનનાર મને તેના મોબાઈલ ફોન પરથી ફોન કર્યા કરતી હતી. એ વાત ખરીછે કે, તા.૩૦/૫/૨૧ ના રાત્રીના ૯–૩૫ થી ૯–૪૨ સુધી તેમજ ૯–૫૧ થી ૯–૫૫ સુધી મોબાઈલ ફોન ઉપર વાતચીત થયેલ અને ત્યારેજ સોનગઢ અમારે મળવાનુ નકકી થયેલ.

હું નિલેશભાઈ પોસલાભાઈ ભીલને ઓળખતો નથી. હું ગુનખડીના સુનિલ છગન ગામીતને ઓળખતો નથી. તે ભીલ જાતિનો છે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરીછે કે, સોનગઢ ભોગબનનારે મને મળવાનુ નકકી કરેલ હોય જેથી આવેલ. સોનગઢમાં બેંક પાસે અમે પીપળાના ઝાડ પાસે અમે ઉભેલા કે કેમ તે મને યાદ નથી. ભોગબનનારે સોનગઢમાં મારી ઓળખાણ રૂબરૂ કરાવતા સમયે અમે બંને લગ્ન કરવાના છે તેવુ કહેલ કે કેમ તે મને યાદ નથી. ભોગબનનાર પાસે મોબાઈલ ફોન લેવા જતા સમયે તેની પાસે આધાર કાર્ડ હતુ. એ વાત ખરીછે કે, ત્યારે દુકાનવાળાએ એવુ કહેલ કે, આ નાની ઉંમર છે તેથી તેના નામે કાર્ડ ન મળે જેથી બલીરામે તેનુ આધારકાર્ડ આપેલ. એ વાત ખરીછે કે, હું સોનગઢ પૈસા લઈ જવાનુ ભુલી ગયેલ તેથી

મોબાઈલ લેવા માટે બલીરામ પાસે ઉછીના લીધેલા અને તે પૈસા પછી મેં બલીરામને આપી દીધેલા. એ વાત ખરીછે કે, હું તથા ભોગબનનાર મોબાઈલ પર વાતચીત કરીએ છીએ અને મે મોબાઈલ લઈ દીધેલ છે તેથી જાણ ભોગબનનારના પિતાને જુન મહિનાથી જ થઈ ગયેલ. એ વાત ખરીછે કે, ભોગબનનાર સોનગઢથી અમે છુટા થયા એટલે કે, નવેમ્બર મહિનામાં ભાગી ગયેલ ત્યારે ભોગબનનારના પિતાએ મને ફોન કરેલ અને કહેલ કે, મારી છોકરી ઘરેથી ભાગી ગયેલ છે. એ વાત ખરીછે કે, મેં ત્યારે તેમને એવુ કહેલ કે, તમારી છોકરી મારી પાસે નથી. એ વાત ખરી નથી કે,મેં તે વખતે કહેલ કે હું વાપી છુ. સાહેદ જણાવે છે કે, હું કીમ છુ તેવુ કહેલ. એ વાત ખરી નથી કે, મેં તેમને એવુ કહેલ કે, તમને વિશ્વાસ ન હોય તો અહી આવી ચેક કરી જાવ. એ વાત ખરીછે કે, તે વાત ભોગબનનારના પપ્પાને ખબર પડેલ તે ગુનખડી સુનિલના ઘરે ગયેલી છે. તે વાતની મને ખબર નથી કે, ભોગબનનારને તેના પપ્પા ગોપાલપુરા તેની માસીને ત્યાંથી લઈ આવેલા કે તેની માસી જે ભોગબનનારને સુનિલના ઘરેથી લઈ આવેલ હતી. એ વાતની મને ખબર નથી કે, તે સમયે ભોગબનનાર પાસે મોબાઈલ ફોન પકડાઈ જતા તે જતી રહેલી. એ વાતની મને ખબર છે કે, મેં લઈ દીધેલા મોબાઈલ ફોન પરથી તે સુનિલ છગનના મોબાઈલ ફોન ઉપર કલાકો સુધી વાતો કરતી હતી. ભોગબનનાર મારા લીધેલા ફોન ઉપર બીજા સાથે કલાકો સુધી વાતો કરે તે ખબર પડતા મને દુ:ખ થયેલ. અમે બીગીચામાં કેટલા કલાક બેસેલા તે યાદ નથી. તા.૨૭/૬/૨૧ પછી ભોગબનનાર મારી જોડે વાતચીત કરતી ન હતી. એ વાત ખરીછે કે, તે સુનિલ સાથે સબંધ રાખતી હોય અને તેની સાથે ભાગી ગયેલ હોય મેં તેનામા રસ લેવાનુ બંધ કરી દીધેલ. એ વાત ખરીછે કે, ભોગબનનાર પિતાએ જુન–૨૦૨૧ માં પુછેલ કે,

ભોગબનનારને તે મોબાઈલ લઈ દીધેલ છે તે પછી ભોગબનનારના પિતાએ ફોન કટ કરી દીધેલો. એ વાત ખરીછે કે, તે બાદ ભોગબનનારના પિતાનો ફોન ભોગબનનાર ભાગી ગયેલ ત્યારે આવેલો. ભોગબનનારના વિડિયો અને ફોટા વિશેની વાત ભોગબનનાર પિતાએ તે ભાગી ગયેલી ત્યારે કહેલી. ભોગબનનાર પિતાએ મને એટલે કે, સોનગઢમાં બલીરામ અને હુ સાથે હતા. મને ભોગબનનારે તેવી કોઈ વાત મને કહેલ નથી. ફોટા અને વિડિયોની વાત ભોગબનનારના પિતાએ કહેલી તે સિવાય બીજી કોઈ વાત મને યાદ નથી. એ વાત ખરીછે કે, હું સોનગઢમાં જયારે ભોગબનનાર, બલીરામ અને તેની પત્નીને મળેલ ત્યારે એવુ લાગેલ કે તેઓને સારા સબંધ છે અને ભોગબનનાર પણ તેમની સાથે સારૂ વર્તન કરતી હતી. એ વાત ખરીછે કે, મારો ફોન પકડાઈ ગયેલ ત્યારે ભોગબનનારના પિતાએ મને કહેલ કે, તારો ફોન લઈ જા અને બીજીવાર પકડાઈશ તો પોલીસમાં તેની જાણ કરી દઈશ. એ વાત ખરીછે કે, મને ભોગબનનાર પિતાથી ડર લાગે છે. એ વાત ખરીછે કે, તેમણે પોલીસને હું સોનગઢમાં ભોગબનનારને મળેલાનુ કહેલુ. ”

(૧૪). ફરિયાદપક્ષે **સાહેદ નં–૫ હરીશભાઈ સ્વામીનાથ ગુપ્તા (ભોગબનનારે લીધેલ મોબાઈલ શોપના માલીક)**આંક –૪૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે," હું સોનગઢ બસ ડેપોની સામે સાંઈ મોબાઈલ સોપ નામની દુકાન ધરાવુ છુ અને મોબાઈલ તથા સીમ કાર્ડની લે–વેચનો ધંધો કરૂ છુ. સોનગઢ પોલીસ તરફથી અમોને એક મોબાઈલ તથા મોબાઈલના નંબર બાબતે પુછપરછ કરેલ. મારી દુકાનેથી તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ જીઓ કંપનીનો મોબાઈલ તથા સીમકાર્ડ મોબાઈલમાં એકટીવેટ કરેલ. આ મોબાઈલ મારી દુકાને લેવા માટે એક નાની ઉંમરની છોકરી, એક છોકરો અને તેની સાથે મોટી ઉંમરના એક

ભાઈ તથા બહેન આવેલ હતા. તેઓ મારી દુકાને આધારકાર્ડ લઈને આવેલ હતા અને તે આધારકાર્ડના આધારે તેમના ફિન્ગર પ્રીન્ટ ડિટેઈલ્સ લેતા તેમની તમામ વિગત અમારા કોમ્પ્યુટર પર આવી જતા તે મોબાઈલ ખરીદનારની વિગત સાથે તેનો આધારકાર્ડ મેચ થતા તેનો સીમકાર્ડ એકટીવેટ થઈ જાય છે જેથી અમારી દુકાનમાં કામ કરતા માણસ મુનીરભાઈએ તેનો ફોટો પાડી તે મેચ થતા આ મોબાઈલ ખરીદનારના નામનુ કે.વાય.સી. તથા ઈન્વોઈસ જનરેટ કરેલ. જે ઈન્વોઈસ બલીરામભાઈનુ હતુ તેમનુ આખુ નામ હાલ મને યાદ નથી. આ મોબાઈલ આશરે રૂા.૧,૬૫૦/- રૂપિયાનો અને સીમ સાથે મળી રૂા.ર,૦૦૦/- જેટલાનો ઈન્વોઈસ આપેલ હતુ. જે ખરીદીના પૈસા બલીરામભાઈએ મને રોકડા આપેલ હતા. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લીધેલ પછી અમને સોનગઢ કોર્ટમાં લઈ ગયેલ જયાં જજ સાહેબે તેમની પ્રાઈવેટ ચેમ્બરમાં અમોની પુછપરછ કરેલ જેમાં પણ અમોએ આજ હકીકત લખાવેલ હતી અને તે નિવેદનમાં મારી સહી પણ લીધેલી. સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનુ નિવેદન **આંક-(પી.ડબલ્યુ.-૫)-૪૪**. આ ગુનાના કામે મને મામલતદાર કચેરીમા આ આરોપીઓની ઓળખ માટે લઈ ગયેલ અને મે તેમને ત્યાં ઓળખી બતાવેલા.''

**૧૪.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, મારી દુકાને ઘણા ગ્રાહકો આવતા હોય હું દરેક ગ્રાહક ને નામજોગ ઓળખી શકુ નહીં. એ વાત ખરી છેકે, સીમકાર્ડ મેળવવા માટે અમારી દુકાને કોઈ ગ્રાહક આવે તો અસલ પુરાવો રજુ કરેલ તેવો આગ્રહ રાખતા નથી. સાહેદ જણાવે છે કે, ઘણીવાર ગ્રાહક તેમની ઓળખના પુરાવાની ઝેરોક્ષ પણ રજુ કરતા હોય છે. એ વાત ખરી છે કે, તે ઝેરોક્ષ નકલમાં

દર્શાવેલ પુરાવો સાચો છે કે ખોટો તેની અમે કોઈ ચકાસણી કરતા નથી. એ વાત ખરી છે કે, મારી સમક્ષ જે ઝેરોક્ષ આધારકાર્ડ રજુ થયેલ હોય અને તે ઝરોક્ષ આધારકાર્ડ કોઈ વ્યકિતએ બોગસ બનાવેલ હોય અને જે તે વખતે આધારકાર્ડ બોગસ બનાવતી વખતે જે ફીંગરપ્રિન્ટ મુકેલ હોય તે વ્યકિત જ જો અગર તેઓ ઝેરોક્ષ આધારકાર્ડ મારી પાસે લઈને આવે તો અમારી પાસેના ઈન્વોઈસ મશીનમાં તે ફીંગરપ્રીન્ટ મેચ થઈ જાય. એ વાત ખરી છે કે, જો અગર અમારી પાસે જે ફીંગરપ્રીન્ટ મેચ થાયા હોય અને તે વખતે અગાઉ જે વ્યકિતએ આધારકાર્ડ ફોટો રજુ કરેલો હોય અને તેવો આધારકાર્ડ પણ મેચ થાય અને તે વખતે ઈનવોઈસમાં જે તે વ્યકિતના નામે બોગસ આધારકાર્ડ બનાવેલ હોય તેનુ નામ આવે. એ વાત ખરી છે કે, આધારકાર્ડ લાવનાર વ્યકિત આજ વ્યકિત છે તે બાબતનુ વેરીફીકેશન અમો કરતા નથી અને તે વ્યકિત પાસેથી અમે આધારકાર્ડ સિવાય બીજા કોઈ દસ્તાવેજી પુરાવા તે જ વ્યકિત છે તેની ચકાસણી માટે માંગતા નથી. આ કામે જે ઈન્વોઈસ રજુ કરેલ તે ઈન્વોઈસવાળુ બીલ મેં પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, જીઓના તમામ બીલ ઓનલાઈન અપડેટ થાય છે. એ વાત ખરી છે કે, જે ઈન્વોઈસનુ મેં જણાવેલ છે તે મોબાઈલ નંબર મને પોલીસે આપેલો. એ વાત ખરી છે કે, આ નંબર કોઈપણ દુકાનદારને આપવામાં આવે તો તે ઈન્વોઈસની પ્રીન્ટ કાઢી શકે. એ વાત ખરી છે કે, જે ઈન્વોઈસ વાળો મોબાઈલ ખરીદેલાનુ હું જણાવુ છુ તે ઈન્વોઈસ જો બોગસ આધારકાર્ડ વાળા વ્યકિતએ ખરીદલ હોય તો તે ઈન્વોઈસબીલ તે બોગસ આધારકાર્ડવાળા વ્યકિતના નામે નિકળે. એ વાત ખરી છે કે, તા.૩૧/૫/૨૧ ના સમયગાળામાં કોરોનાનો સમયગાળો ચાલતો હતો. એ વાત ખરી છે કે, તે સમયગાળામાં મારી દુકાન પર હું હાજર હોંઉ તો

મારો કર્મચારી મુનીરભાઈ હાજર ન હોંઉ અને મુનીરભાઈ હાજર હોય તો હું હાજર ન હોંઉ. એ વાત ખરી છે કે, તા.૩૧/૫/૨૧ ના સમયગાળામાં કોરોનાનો સમયગાળો ચાલતો હોય તે વખતે મારી દુકાનમાં એક અથવા બે વ્યકિતઓને દુરદુર ઉભા રાખીને અંદર આવવા દેતો પણ બે કરતા વધુ વ્યકિતઓને હું કે મારો કર્મચારી દુકાનમાં આવવા દેતા ન હતા. એ વાત ખરી છે કે, આ કામે જે મેં સરતપાસમાં નામો વ્યકિતઓના લખાવેલ છે તે તમામ નામો મને સોનગઢ પોલીસ ધ્વારા જણાવવામાં અવેલ હોવાથી તે વ્યકિતઓના નામનો ઉલ્લેખ આજરોજ મેં સરતપાસમાં કરેલ છે. હું મારી દુકાનમાં કોરોનાની ગાઈડલાઈનનુ ચુસ્તપણે પાલન કરતો હતો. એ વાત ખરી છે કે, મારી દુકાનમાં તા.૩૧/૫/૨૧ ના રોજ જે વ્યકિતઓ આવતા તે બે થી વધુ ન આવતા હોય અને તે તમામ વ્યકિતઓ માસ્ક પહેરીને આવે તો જ હું દુકાનમાં પ્રવેશ આપતો. એ વાત ખરી છે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ મારી દુકાને જે વ્યકિતઓ આવેલા તે મોટી ઉંમરના એટલે કે, પુખ્ત ઉમંરના આવેલા અને નાના સગીર લોકોને હું આવવા દેતો નહીં. એ વાત ખરી નથી કે, આ કેસમાં મને સોનગઢ પોલીસ તરફથી ખુબજ દબાણ હતુ. એ વાત ખરી છે કે, પોલીસે લખેલ તે મુજબનુ મને નિવેદન કોર્ટમાં બોલવાનુ કહેવામાં આવેલ. આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપીઓ મારી દુકાને તા.૩૧/૫/૨૧ ના રોજ આવેલા તે હું ન કહી શકુ. એ વાત ખરી નથી કે, આ આરોપીઓની ઓળખ પરેડ મારી પાસે કરાવેલી નથી. એ વાત ખરી છે કે, ઓળખપરેડ પહેલા પોલીસે તે માણસોને મને પોલીસ સ્ટેશનમાં બતાવેલ. એ વાત ખરી છે કે, તે પછી મેં તે માણસોને પાંચ–છ માણસોમાંથી ઓળખપરેડમાં ઓળખી બતાવેલા. એ વાત ખરી છે કે, મેજીસ્ટ્રેટ રૂબરૂ મેં જે નિવેદન આપેલ તેમાં પોલીસે કહેલ કે, તારે અમે જે કહીએ તે પ્રમાણે કહેવાનુ છે જેથી મેં તે પ્રમાણે લખાવેલ. ”

(૧૫). ફરિયાદપક્ષે **સાહેદ નં–૬ મુનીર હુસેન રફીક હુસેન ખૌજા (મોબાઇલ શોપમાં નોકરી કરનાર)** આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું સોનગઢ બસ ડેપોની સામે સાંઈ મોબાઈલ સોપ નામની દુકાનમાં છેલ્લા દશ વર્ષથી નોકરી કરૂ છુ અને મોબાઈલ તથા સીમ કાર્ડ તથા મોબાઈલ એસેસરીઝની વેચવાની નોકરી કરૂ છુ. સોનગઢ પોલીસ તરફથી અમોને એક મોબાઈલ તથા મોબાઈલના નંબર બાબતે પુછપરછ કરેલ. અમારા શેઠની દુકાનેથી તા.૩૧/૫/ર૦ર૧ ના રોજ જીઓ કંપનીનો મોબાઈલ તથા સીમકાર્ડ તે મોબાઈલમાં એકટીવેટ કરેલ. આ મોબાઈલ અમારા શેઠની દુકાને લેવા માટે એક નાની ઉંમરની છોકરી, એક છોકરો અને તેની સાથે મોટી ઉંમરના એક ભાઈ તથા બહેન આવેલ હતા. તેઓ અમારા શેઠની દુકાને આધારકાર્ડ લઈને આવેલ હતા અને તે આધારકાર્ડના આધારે તેમને મોબાઈલ એકટીવેટ કરી આપવાનુ હોય મારા શેઠે મને કહેલ કે, આધાર કાર્ડના આધારે તેમને ફીન્ગર પ્રીન્ટ લઈ તેમનુ સીમ એકટીવેટ કરી આપો. જેથી મેં અમારી દુકાને આવેલ ઈસમના ફિન્ગરપ્રીન્ટ લેતા આ ઈસમની તમામ વિગત અમારા કોમ્પ્યુટર પર આવી જતા તે મોબાઈલ ખરીદનારની વિગત સાથે તેનો આધારકાર્ડ મેચ થતા તેનો સીમકાર્ડ એકટીવેટ થઈ ગયેલ અને મેં તે ઈસમનો ફોટો પાડી તે મેચ થતા આ મોબાઈલ ખરીદનારના નામનુ કે.વાય.સી. તથા ઈન્વોઈસ જનરેટ કરેલ. જે ઈન્વોઈસ બલીરામભાઈ કોંકણીનુ હતુ તેમનુ આખુ નામ હાલ મને યાદ નથી. આ મોબાઈલ આશરે રૂા.૧,૬૫૦/– રૂપિયાનો અને સીમ સાથે મળી રૂા.ર,૦૦૦/– જેટલાનો ઈન્વોઈસ આપેલ હતુ. મારા શેઠને આ ખરીદીના પૈસા બલીરામભાઈએ રોકડા આપેલ હતા. પોલીસે આ બાબતે મારૂ નિવેદન લીધેલ પછી અમને સોનગઢ કોર્ટમાં લઈ

ગયેલ જયાં જજ સાહેબે તેમની પ્રાઈવેટ ચેમ્બરમાં અમોની પુછપરછ કરેલ જેમાં પણ અમોએ આજ હકીકત લખાવેલ હતી અને તે નિવેદનમાં મારી સહી પણ લીધેલી. સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન **આંક–(પી.ડબલ્યુ.–૫)–૪૬**. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે. મને પોલીસ મામલતદાર કચેરીએ પણ લઈ ગયેલ જયાં આ બંને આરોપીઓને ઓળખી બતાવેલા.''

**૧૫.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, પોલીસે મારૂ માત્ર નામ–સરનામુ પુછેલુ તે સિવાય કોઈ હકીકત પુછેલ નહીં. એ વાત ખરી છે કે, હું જયારે દુકાને હોઉં ત્યારે માલિક દુકાને ન હોય અને મારી દુકાને મારા માલિક હોય તો હું ન હોંઉ. એ વાત ખરી છે કે, હું આજરોજ જુબાની આપવા પોલીસના કહેવાથી આવેલ છુ. એ વાત ખરી છે કે, મારે કોર્ટમાં શું બોલવાનુ છે તે પોલીસે કહેલ અને હું તે પ્રમાણે બોલેલ છુ. એ વાત ખરી છે કે, મને કોઈ જાત માહિતી નથી. **એ વાત ખરી છે કે, હું તા.૩૧/૫/૨૧ ના રોજ હું દુકાને જ ન હતો. હું તે દિવસે દુકાનમાં ન હોંઉ શું થયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીને પણ કોર્ટમાં પોલીસે કહેલ કે, પોકાર થાય અને જ વ્યકિત આવે તેને ઓળખી બતાવવાના જેથી મેં આજરોજ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા છે. એ વાત ખરી છે કે, મે મામલતદાર કચેરીમાં આ બંનેને ઓળખી બતાવેલા તે પહેલા આ બનેં આરોપીને મને પોલીસ સ્ટેશનમાં બતાવેલા અને કહેલ કે, આને તારે મામલતદાર કચેરીમાં ઓળખવાના છે. એ વાત ખરી છે કે, તેથી મેં તેમને મામલતદાર કચેરીમાં પણ ઓળખી બતાવેલા.** એ વાત ખરી છે કે, દુકાનમાં ઘણા માણસો આવતા હોય અમને કોઈની જોડે પરિચય થતો નથી

અમે અમારા કામથી મતલબ રાખીએ છીએ. એ વાત ખરી છે કે, મેજીસ્ટ્રેટ રૂબરૂ પણ મેં પોલીસના કહેવા મુજબ લખાવેલ છે. ”

(૧૬).ફરિયાદપક્ષે **સાહેદ નં–૭ ઉમેદભાઇ ભગુભાઇ ગામીત(આરોપીએ લીધેલ મોબાઇલ શોપના સાહેદ)** આંક–૪૯ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" મારે મરીમાતા રોડ પર સોનગઢમાં ભારત ઈલેકટ્રોનીકસ નામની દુકાન ૨૦૧૨ ની સાલથી આવેલી છે. હું આજરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામભાઈને ઓળખુ છુ તેઓ મારા ગામની બાજુમાં રહેતા હોય અને કોઈ કોઈ વાર મારી દુકાને આવતા હોય તેથી તેમને ઓળખુ છુ. બલીરામભાઈ પાસ્ટર હતા તેઓ આંબા ગામે રહેતા હતા હું તેમને છ–સાત વર્ષથી ઓળખુ છુ. **<u>તેમણે ૨૦૧૮–૧૯ ની સાલમાં ઓપો કંપનીનો મોબાઈલ મોડલ નં.એપએસ જેની રેમ–૨ પ્લસ ૩૨ જી.બી. હતી તે ખરીદેલ. તે સમયે હું સુરત હતો.</u>** હું ગેરહાજર હોંવ તે સમયે મારી દુકાનમાં ઓપો કંપનીનો પ્રમોટર અશિષ્ભાઈ અજુનભાઈ ગામીત હતા. આ મોબાઈલની કિંમત રૂા.૮,૪૯૦/– હતી તેમણે રૂા.૬,૦૦૦/– રોકડા આપેલા જયારે રૂા.૨,૪૯૦/– બાકી રાખેલા તે રકમ તેમણે બે મહિનામાં આપવાનુ જણાવેલુ. મને આ વાત મારા પ્રમોટરે કહેલ જેથી મેં તેમને મોબાઈલ આપવાની વાત કરેલી. મેં તેમને એવુ કહેલ કે બીલ તેમને હમણાં આપશો નહીં બાકીનુ પેમેન્ટ આવે ત્યારે બીલ આપજો. તેઓ બે મહિનામાં આ બાકીની રકમ ચુકવી ગયેલા અને મેં તેમને બીલ બનાવી આપેલ જે બીલની નકલ મેં પોલીસને આપેલ. અસલ મેં બલીરામને આપેલુ. મારી દુકાનમાં સી.સી.ટી.વી. કેમેરા છે. મે પોલીસને સી.સી.ટી.વી. કુટેજ આપેલા નહીં કેમકે તેમણે આ મોબાઈલ ઘટનાની ઘણાં સમય પહેલા લીધેલો. જયારે મારી દુકાનમાં સી.સી.ટી.વી.નુ કુટેજ ૩૦ થી ૪૦ દિવસનુ જ રહે છે.

પોલીસે મારી પુછપરછ કરેલી તેમાં મેં આવી વિગત લખાવેલી. મેં જે બીલની કોપી મારા કોમ્પ્યુટરમાંથી કાઢી આપેલ. તેમજ એવીડન્સ એકટની કલમ–૬૫– બી(૪)(બી)(સી) મુજબનુ કોઈ સર્ટીફીકેટ નથી જેથી તેને આંક આપી શકાય નહીં. પોલીસે મારૂ નિવેદન નોંધ્યા બાદ મને કોર્ટમાં લઈ ગયેલ. ત્યાં મે આજરોજ જણાવુ છુ તેવી જ હકીકત જણાવેલ. જે નિવેદન **આંક–(પી.ડબલ્યુ.–૭)–૫૦**.''

**૧૬.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

"મારી દુકાન મુખ્ય બજારમાં આવેલી છે અને ત્યાં ઘણાં માણસોની અવરજવર હોય છે. તા.૪/૩/૨૦૨૨ ના રોજ હું આવા સમયે કયાં હતો તે હું ન કહી શકુ. એ વાત ખરી છે કે, હું ૨૦૨૧ ની સાલમાં મારી દુકાનમાં કઈ તારીખે કયો પુરૂષ–સ્ત્રી આવેલા તે હું ન કહી શકુ. એ વાત ખરી છે કે, કહેવાતો મોબાઈલ મેં આપેલ નથી તેથી આ મોબાઈલ કોને આપાયેલો અને કોણે આપેલ તે હું ન કહી શકુ. મારા કહેવા મુજબ હું તે સમયે સુરત હતો. મારી દુકાને કોઈ વ્યકિત માલ ખરીદવા આવે ત્યારે તેનો આધાર કાર્ડ મેળવી તેના નામની ખરાઈ કરવામાં આવતી નથી. આજરોજ કોર્ટમાં હાજર બલીરામ તે અમારા ગામની બાજુના ગામનો હોય તેથી તેને ઓળખી બતાવેલ છે. અમે જી.એસ.ટી.વાળા બીલો ઈસ્યુ કરીએ છીએ. મેં હાલના કામે જી.એસ.ટી. અંગેની કોઈ વિગત પોલીસને આપેલ નથી. જો જી.એસ.ટી.વાળુ બીલ ઈસ્યુ કરવામાં આવે તો તેની વિગત ઓનલાઈન અપડેટ કરવી પડે તેની મને ખબર નથી. જી.એસ.ટી. અંગેની વિગત પોલીસ તેમની રીતે પણ મેળવી શકે. એ વાત ખરી છે કે, જે તે સમયે જે વ્યકિત મોબાઈલ લેવા આવેલ તેની ખરાઈ કરીને મારા માણસે બીલ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે જે સરતપાસમાં

મોબાઈલ ઓપો–એ–૫–એસ(૨ પ્લસ–૩૨ જી.બી.) મોબાઈલનો ઉલ્લેખ કરેલ છે તેની મને કોઈ જાત માહિતી નથી. કોટમાં લઈ ગયેલા ત્યારે મેં આ જે ૧૬૪–મુજબનુ નિવેદન નોંધાવેલ તે પોલીસના કહેવાથી નોંધાવેલ છે. હું મારી ઈચ્છાથી કોર્ટમાં ગયેલ નથી. પોલીસે મારૂ નિવેદન નોંધેલ તેના એક અઠવાડિયા બાદ કોર્ટમાં ગયેલ. એ વાત ખરી છે કે, હું જે ૧૬૪–મુજબનુ નિવેદન આપવા સોનગઢ કોર્ટમાં ગયેલ તે અગાઉ પોલીસે મને મારા નિવેદન મુજબ નામદાર કોર્ટમાં જવાબ આપવાનો છે તેવુ કહેલ તેથી મેં તે મુજબનો નામદાર સોનગઢ કોર્ટમાં જવાબ આપેલ. સોનગઢ કોર્ટમાં ૧૬૪–મુજબનુ નિવેદન આપવા મારે બપોર બાદ જવાનુ થયેલ. પોલીસે જયારે શરૂઆતમાં મારી પુછપરછ કરેલ ત્યારે મારી પુછપરછ કરી લખાણ કરેલ નહીં પરંતુ પુછપરછ કરી મને મોકલી આપેલ. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મને પુછપરછ કરીને મોકલી આપેલ હોય જેથી પોલીસે મારા નામનુ લખાણ કરીને મને વાંચી બતાવેલ હોય તેમ પણ બનેલ નથી. મારા કહેવા મુજબ છ હજાર રૂપિયા રોકડા આપવામાં આવેલ અને ચોવીસો નેવું રૂપિયા બાકી રાખવામાં આવેલા. એ વાત ખરી છે કે, આ જે બીલની વિગત મેં સરતપાસમાં જણાવેલ છે તે બીલ આરોપી જ લઈ ગયેલ હોય તેવુ હું કહી ન શકુ. એ વાત ખરી નથી કે, હું કોઈ દિવસ પોલીસ સ્ટેશન ગયેલ જ નથી અને હું આ કેસની હકીકત બાબતે કંઈ જાણતો જ નથી પરંતુ પોલીસના કહેવાથી હું હાલમાં ખોટી જુબાની આપુ છુ. ”

**(૧૭).** ફરિયાદપક્ષે **સાહેદ નં–૮ આશીષભાઈ અજુનભાઈ ગામીત** આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું આજરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામભાઈને ઓળખુ છુ તેઓ અમારા ગામ છે. તેમને ખેતીવાડી છે તેઓ પાસ્ટર છે તેવી વાત ગામમાં સાંભળેલી છે. ભારત ઈલેકટ્રોનીકસ નામની દુકાન જે ઉમેદભાઈ ભગુભાઈ ગામીતની છે જેમાં હું ઓપો કંપનીના પ્રમોટર તરીકે ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી કામ કરતો હતો. હુ જયારે આ દુકાન પર કામ કરતો હતો ત્યારે આ બલીરામ ભારત ઈલેકટ્રોનીકસમાં આવેલા. તેઓ ૨૦૧૯ ની સાલમાં આ દુકાને આવેલા. તેઓએ ઓપો કંપનીનો મોબાઈલ મારી દુકાનેથી ખરીદેલ. તેઓ મારી દુકાને આવતા મે તેમને અલગ અલગ કંપનીના મોબાઈલ બતાવેલ તેમને ઓપો કંપનીનો મોબાઈલ મોડલ નં.એ–પ–એસ જેની રેમ–૨ પ્લસ ૧૨૮ જી.બી. કદાચ હતી તે ખરીદેલ. તે સમયે ઉમેદભાઈ બહાર ગામ લગભગ સુરત ગયેલા હતા. આ બલીરામ મને તથા ઉમેદભાઈને ઓળખતા હતા. આ મોબાઈલની કિંમત રૂા.૮,૪૯૦/– હતી તેમણે રૂા.૬,૦૦૦/– રોકડા આપેલા જયારે રૂા.૨,૪૯૦/– બાકી રાખેલા તે રકમ તેમણે બે મહિનામાં બે હપ્તામાં આપવાનુ જણાવેલુ. જેથી મેં ઉમેદભાઈની પરવાનગી લીધેલ. ઉમેદભાઈએ હા પાડેલ. મેં આ અંગે બીલ બનાવેલુ પણ તેમને આપેલુ નહીં. પૈસા બાકી હતા તેથી બીલ આપેલ નહીં. તેઓ બે મહિનામાં આ બાકીની રકમ ચુકવી ગયેલા અને તેમને બીલ બનાવી આપેલ તે બીલ કોણ બનાવેલ તે યાદ નથી. તે દુકાનમાં બીજા માણસો પણ કામ કરે છે. આ મોબાઈલનુ વેચાણ કર્યા બાદ બે વર્ષ પછી પોલીસ અમારી દુકાને આવેલી. પોલીસે મારૂ નામ પુછેલુ અને પોલીસ સ્ટેશને આવવાનુ કહી લઈ ગયેલા. અમને સોનગઢ પોલીસ સ્ટેશનમાં બલીરામ વિશે અને મોબાઈલ વિશે પુછેલુ અને મેં તેમને આ વાત કરેલી. અમારી દુકાનમાં સી.સી.ટી.વી. કેમેરા છે. મારા શેઠે પોલીસને સી.સી.ટી.વી. ફુટેજ

આપેલા નહીં કેમકે તેમણે આ મોબાઈલ ઘટનાની ઘણાં સમય પહેલા લીધેલો. જયારે અમારી દુકાનમાં સી.સી.ટી.વી.નુ ફુટેજ ૩૦ થી ૪૦ દિવસનુ જ રહે છે. પોલીસે મારી પુછપરછ કરેલી તેમાં મેં આવી વિગત લખાવેલી. પોલીસને બીલની કોપી આપેલી. જે મારા શેઠે આપેલી. પોલીસે મારૂ નિવેદન નોંઘ્યાબાદ મને કોર્ટમાં લઈ ગયેલ. ત્યાં મે આજરોજ જણાવુ છુ તેવી જ હકીકત જણાવેલ. જે નિવેદન નાઝીર કસ્ટડીમાંથી મંગાવી મને આજરોજ કોર્ટમાં બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. **જે રજુ દાખલ આંક–(પી. ડબલ્યુ. –૮) –૫૨**. ''

**૧૭.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" મેં ઓપો કંપનીના પ્રમોટર તરીકે ૧૬૦૦ થી ૨૦૦૦ મોબાઈલ વેચેલા છે. મે આ મોબાઈલ કોને, કયારે, કઈ તારીખે અને કયા મોડલનો વેચેલ તેવુ યાદ નથી. મને બીલીરામ વિશેની માહિતી એટલે યાદ છે કેમકે તેનુ બીલ પોલીસે તપાસમાં આવેલ અને માંગેલ એટલે યાદ છે. પોલીસ અમારી દુકાને બીલ લઈને આવેલ નહીં. અમે બીલમાં મોબાઈલનો કલર લખતા નથી. આ મોબાઈલ કયા કલરનો હતો તે હું ન કહી શકુ. ઓપો કંપનીના મોબાઈલ ઘણા કલરના અને ઘણા મોડલના આવે છે. હું મહેન્દ્રભાઈ રમણભાઈ કોંકણી પોલીસમાં નોકરી કરે છે તેમને હું ઓળખુ છુ તેઓ અમારા ગામના છે. મને જયારે પોલીસે પુછપરછ કરવા દુકાને આવેલ અને પોલીસ સ્ટેશને લઈ ગયેલ ત્યારે ત્યાં પોલીસ સ્ટેશને અને દુકાને આ મહેન્દ્રભાઈને જોયેલ નથી. આ મહેન્દ્રભાઈના પત્ની અમારા ગામમાં સરપંચના હોદદા માટે ઉભી રહેલી અને તેની સામે રાહુલ ગામીત સરપંચમાં ઉભા રહેલા. એ વાત ખરી છે કે, બલીરામ અને તેનુ કુટુંબ જે મહેન્દ્રભાઈની પત્નીના વિરૂઘ્ધના ગૃપનો પ્રચાર

કરતા હતા. એ વાત ખરી છે કે, આ મહેન્દ્રભાઈને અને બીલરામ ૨૦૨૧ ની સાલ પહેલા જ તેમની વચ્ચે તે કારણે અણબનાવ ચાલી રહેલ હતો. મને મહેન્દ્રભાઈ કદી મને મળીને કહેલ નથી કે, આ બલીરામ અમારા ગૃપનો નથી તેથી તેને ઠેકાણે પાડવાનો છે. એ વાત ખરી છે કે, મેં પોલીસને એવુ કહેલ કે, બલીરામ અમારા ગામનો છે તેથી તેમને ઓળખુ છુ. બલીરામની અમારા ગામમાં સારા માણસ તરીકેની છાપ છે. બલીરામ પાસ્ટર છે તેવુ મેં ગામમાંથી જાણેલુ મેં તેમને ચર્ચમાં જઈને જાતે પાસ્ટરની કામગીરી કરતા જોયેલા નથી. એ વાત ખરી છે કે, કહેવાતા બીલ બાબતે મારી સાથે કોઈ વાતચીત પોલીસે કરેલ નથી. મેં પોલીસને કોઈ બીલ આપેલ નથી. કોર્ટમાં લઈ ગયેલા ત્યારે મેં આ જે ૧૬૪–મુજબનુ નિવેદન નોંધાવેલ તે પોલીસના કહેવાથી નોંધાવેલ છે. હું મારી ઈચ્છાથી કોર્ટમાં ગયેલ નથી. પોલીસે મારૂ નિવેદન નોંધેલ તેના એક અઠવાડિયા બાદ કોર્ટમાં ગયેલ. એ વાત ખરી છે કે, હું જે ૧૬૪–મુજબનુ નિવેદન આપવા સોનગઢ કોર્ટમાં ગયેલ તે અગાઉ પોલીસે મને મારા નિવેદન મુજબ નામદાર કોર્ટમાં જવાબ આપવાનો છે તેવુ કહેલ તેથી મેં તે મુજબનો નામદાર સોનગઢ કોર્ટમાં જવાબ આપેલ. સોનગઢ કોર્ટમાં ૧૬૪–મુજબનુ નિવેદન આપવા મારે બપોરે જવાનુ થયેલ. પોલીસે જયારે શરૂઆતમાં મારી પુછપરછ કરેલ ત્યારે મારી પુછપરછ કરી લખાણ કરેલ નહીં પરંતુ પુછપરછ કરી મને મોકલી આપેલ. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મને પુછપરછ કરીને મોકલી આપેલ હોય જેથી પોલીસે મારા નામનુ લખાણ કરીને મને વાંચી બતાવેલ હોય તેમ પણ બનેલ નથી. નિવેદન નોંધવવા અમે પહેલા પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાંથી અમને કોર્ટમાં લઈ ગયેલા. અમે જયારે પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે એક પોલીસવાળા મળેલા.

ઓપો મોબાઈલના દરેક મોડલમાં દરેક બોડી અલગ અલગ હોય છે જેમાં એક પ્લાસ્ટીક, ફાઈબર, લેધરની હોય છે. અમુકમાં સ્ટીલની અને અમુકમાં ગ્લાસની હોય છે. એ–૫–એસ મોડલની બોડી ફાઈબરની હોય છે. આ મોબાઈલ સળગાવવામાં આવે તો સમગ્ર મોબાઈલ ન સળગે અમુક ભાગ રહી જાય. મોબાઈલનુ મધરબોર્ડ સળગે કે કેમ તે હું ન કહી શકુ. જો મોબાઈલને બેટરી સહિત સળગાવવામાં આવે તો તેની બેટરી ફાટી શકે. એ–૫–એસ મોડલમાં સીમકાર્ડ બહારથી જ ઈન્સર્ટ થઈ શકે તેવો હોય છે જે માટે મોબાઈલ ખોલવો ન પડે અને તેમાં બેટરી ઈનબીલ્ટ હોય છે. એ વાત ખરી છે કે, જો તેવા મોબાઈલને સળગાવવામાં આવે તો બેટરી ફાટવાનુ પણ જોખમ રહે. મોબાઈલમાં આઈ.એમ.ઈ.આઈ. નંબર બહાર બોડી પર સ્ટીકર લગાવીને દર્શાવેલા હોય છે. તે સિવાય મોબાઈલમાં પણ આ આઈ.એમ.ઈ.આઈ. નંબર સ્ક્રીપ્ટ કરેલા હોય છે. સાહેદ જણાવે છે તે કોડ નાખીને પણ ચેક કરી શકાય. ઓપો કંપની ચાઈનાની છે. એ વાત ખરી છે કે, ઘણાં કસ્ટમરના મોબાઈલ બગડી ગયેલ હોય અને તે રીપેર થઈ શકે તેમ ન હોય તો તે કસ્ટમર તે મોબાઈલનો નિકાલ સળગાવીને કે કરચરા પેટીમાં નાખીને પણ કરતા હોય છે અને તેવા મોબાઈલના પતરા, મોબાઈલને લગત વસ્તુઓ તેવી જગ્યાએથી મળી શકે. એ વાત ખરી છે કે, મોબાઈલ રીપેરીંગ કરતા મોબાઈલ દુકાનદારને ત્યાં આવા પડેલા મોબાઈલો પણ આવે છે અને તેમની પાસે આવા પતરાઓ પણ પડેલા હોય છે. એ વાત ખરી છે કે, ઘણાં મોબાઈલ રીપેર થતા ન હોય તેવા કસ્ટમર તેવા મોબાઈલ દુકાને મુકી પણ જતા હોય છે. એ વાત ખરી છે કે, આવા કોઈ મોબાઈલના પતરા કે મોબાઈલને લગતી વસ્તુઓ સ્પેરપાર્ટસ સામાન્ય રીતે દુકાનમાંથી મળી શકે. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે અમારી દુકાનમાં જે દિવસે ખરીદી કરવા આવે

તે દિવસે બીલો આપી દેવામાં આવે છે અને આ કિસ્સામાં પણ બીલ પણ તે જ દિવસે આપી દીધેલુ. હવે કહુ છુ કે, બીલ બે માસ બાદ આપેલુ. ”

(૧૮). ફરિયાદપક્ષે **સાહેદ નં–૯ દિનેશભાઈ દામજીભાઈ ભીલ** આંક–પ૬ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું મારા માતા–પિતા તથા સંતાનો સાથે આંબા ગામે રહી ખેતીકામ કરૂ છુ. આ કામના આરોપી મારા ગામના જ હોય તેઓને હું ઓળખુ છુ. જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. ગઈ તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ હું મારા ઘરે હાજર હતો તે વખતે ફીલીપભાઈના ઘરેથી બુમાબુમનો અવાજ આવતા હું ફીલીપભાઈના ઘરે જોવા ગયેલ. તે સમયે ફીલીપભાઈના ઘરે, ફીલીપભાઈ તેની પત્ની તથા તેમના ત્રણ બાળકો તથા ફીલીપભાઈની બે માસી રમણીબેન, ગુલીબેન અને ફીલીપભાઈની માતા ઈંદુબેન, આરોપી બલીરામ, બલીરામની પત્ની તથા બલીરામના પિતા ગમુભાઈ નાઓ હાજર હતા. તે સમયે ફીલીપે બલીરામને કહેલ કે, તમે મારી છોકરીને બોલાવીને તેનો વિડિયો ઉતારો છો અને ખોટુ કામ કરો છો. ખોટુ કામ શુ કરે છે તે વિશે કંઈ વાત થયેલી ન હતી. તે પછી બલીરામે આ ફીલીપભાઈને કહેલ કે, આટલો સમય થઈ ગયેલો છે, તમે કંઈ કરી ન શકો, મારી આગળ બહુ ઓળખાણ છે. તે પછી ફીલીપભાઈએ અરજી સોનગઢ પોલીસ સ્ટેશનમાં આપેલી. આ તમામ વાતચીત મેં, રમીણીબેન, ગુલીબેન, ઈન્દુબેન એ તમામે સાંભળેલી. પછી બલીરામ તેની પત્ની અને તેના પિતા સાથે તેના ઘરે જતો રહેલો. તે પછી હું પણ મારા ઘરે જતો રહેલો. પોલીસ સ્ટેશને હું, ફીલીપભાઈની સાથે ગયેલ. પોલીસે મારી પુછપરછ કરેલી અને મેં જવાબ લખાવેલો.''

**૧૮.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, મારી સાથે આજરોજ ફરીયાદીના પિતા ફીલીપભાઈ આવેલા છે. કોર્ટમાં કેમેરા લાગેલા છે તેની મને ખબર છે. હું જયારે આજરોજ કોર્ટમાં જુબાની આપવા આવેલો છુ ત્યારે કોર્ટ રૂમમાં આવતા પહેલા હું નીચે સરકારી વકીલની ઓફીસ બહાર બેન્ચ પર બેસેલો ત્યાં પોલીસવાળાએ આ કેસના કાગળો વંચાવેલા. તે સમયે આજરોજ મારી સાથે આવેલા સાક્ષી રમણીબેન, ગુલીબેન તથા ફીલીપભાઈ પણ હતા. એ વાત ખરી છે કે, તે પોલીસવાળા ભાઈ મને તે કાગળ વાંચીને શું લખેલુ છે તે સમજાવતા હતા.

હું મહેન્દ્રભાઈ કોંકણીને ઓળખુ છે તે પોલીસવાળો છે અને તે અમારા ગામનો છે. મનિષાબેન તે મહેન્દ્રભાઈની પત્ની થાય છે. હું અમારા ગામના તારચંદભાઈ કોંકણીને ઓળખુ છુ. અમારા ગામમાં જે સરપંચની ચુંટણી થયેલ તેમાં તારાચંદ અને મનિષાબેન સામસામ ઉભા હતા. એ વાત ખરી છે કે, બલીરામ અને તેનુ કુટુંબ તારાચંદને સપોટ કરતુ હતુ અને ફીલીપભાઈ અને તેના કુટુંબના સભ્યો મનીષાબેનને સમર્થન કરતા હતા. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈ પોલીસ ખાતામાં હોય બલીરામ અને તેની પત્ની તથા તેના કુટુંબ પર દાઝ એટલે કે, ગુસ્સો હતો કે આ બંને કેમ મારી પત્નીના વિરોધીઓને સમર્થન કરે છે. હું ગામમાં રહુ છુ જેથી ગામમાં જે નાની મોટી વાતચીત થતી હોય તે મને ખબર પડે. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈના પત્ની મનીષાબેન હારી જતા મહેન્દ્રભાઈને એવુ થયેલ કે, બલીરામ, તેની પત્ની અને તેના કુટુંબીજનોએ જો મનીષાબેનને સપોટ કરેલો હોત તો મનીષાબેન જીતી જતે. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈ આ કેસ માટે ફીલીપભાઈ, તેની દિકરીને, મને તથા ફીલીપભાઈના ઘરનાને જવાબ શું આપવા તે જયારે તેઓ ગામમાં આવતા ત્યારે સમજાવતા હતા. એ વાત ખરી

નથી કે, આ કેસ બાબતે મહેન્દ્રભાઈ મારો સંપર્ક કરી કેવીરીતે ફીટ જુબાની આપવી તે મને સમજાવતા. એ વાત ખરી છે કે, અમે બધા જે તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ ભેગા થયેલા ત્યારે જ પોલીસ સ્ટેશનમાં અરજી આપવા ગયેલા. તા.૨૫/૧૨/૨૧ ના રોજ સવારના દશ–અગ્યિાર વાગ્યે ફીલીપભાઈને ત્યાં મને અવાજ આવતા ગયેલો. અવાજ આવતા બીજા કોઈ ભેગા થયેલા નહીં કેમકે બીજા લોકો કામ પર જતા રહેલા હતા. હું ખેત મજુરી કરૂ છુ. હું તે દિવસે કામ પર ગયેલ નહીં. તે દિવસે મજુરી કરવા નહીં જવાનુ કારણ તે દિવસે મને કંઈ કામ મળેલ નહીં તેથી ગયેલ નહીં. ડિસેમ્બર મહિનામાં ખેતરમાં ડાંગર ઉગેલી હોય. ડાંગર ચાર મહિને પાકી જાય. ડાંગર જુલાઈ–ઓગષ્ટ મહિનામાં વાવી દેવામાં આવે. એ વાત ખરી છે કે, ડિસેમ્બર મહિનામાં ડાંગર પાકી જાય તેથી તેને વાઢવાની હોય છે. એ વાત ખરી છે કે, ડાંગર વાઢવાની હોય જેથી માણસોને મજુરી કામે બોલાવવામાં આવે. એ વાત ખરી છે કે, ડાંગર વાઢવાની સીઝન હોવા છતાં મને કોઈએ મજુરીએ બોલાવેલ નહીં. એ વાત ખરી નથી કે, હું આવી કોઈ વાતીચીત સાંભળીને ત્યાં ગયેલ જ ન હતો કે હું ઘરે હાજર જ ન હતો.

ફીલીપભાઈના ઘરે અમે કલાક–બે કલાક તા.૨૫/૧૨/૨૧ ના રોજ રોકાયેલા. તે દિવસે અરજી આપવામાં ફીલીપભાઈ સાથે હું ગયેલ તેમજ અમારા ગામના કુલસીંગભાઈ તથા રમણીબેન, ગુલીબેન, ઈંદુબેન, ફીલીપ ભાઈની પત્ની, તેની દિકરી તેટલા ગયેલા. અમે સોનગઢ પોલીસ સ્ટેશને ગયેલા. અમે બધા લગભગ બપોરના બાર સાડા બાર વાગ્યે સોનગઢ પોલીસ સ્ટેશને તે દિવસે પહોંચી ગયેલા. તે દિવસે મહેન્દ્રભાઈ અમારી સાથે સોનગઢ પોલીસ સ્ટેશનમાં આવેલા નહીં. સાહેદ જણાવે છે કે, તે દિવસે મહેન્દ્રભાઈ પોલીસ સ્ટેશનમાં નોકરી પર હતા. કયા પોલીસ સ્ટેશનમાં નોકરી

પર હતા તેની મને ખબર નથી. ફીલીપભાઈએ વકીલ પાસે અરજી લખાવેલી હતી. તેઓ કયા વકીલ પાસે અરજી લખાવી લાવેલા તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે,તે દિવસે એટલે કે, તા.૨૫/૧૨/૨૧ ના રોજ ફીલીપભાઈના ઘરમાં અરજી તૈયાર લખાવેલી હતી અને તે જ અરજી લઈને અમે ફીલીપભાઈના ઘરેથી સીધા પોલીસ સ્ટેશને ગયેલા. તે અરજી કેટલા પાનાની લખેલ તૈયાર હતી તે મને ખબર નથી. મેં તે અરજી વાંચેલ નહીં. એ વાત ખરી છે કે, ફીલીપભાઈએ મને એવુ કહેલ કે, બીલરામ સાથે જે ઝઘડો થયેલો છે તેની અરજી આપણે પોલીસ સ્ટેશને આપવા જવાની છે. એ વાત ખરી છે કે, પોલીસે મને પુછપરછમાં જે તે દિવસે ઝઘડો થયેલ તે અંગે પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, મેં ત્યારે પોલીસને એવુ કહેલ કે, સામાન્ય બોલાચાલી થયેલ છે કોઈ મારામારી કે ઝઘડો થયેલ નથી તથા બીજા કોઈ બનાવ વિશે વાતચીત થયેલી નથી. એ વાત ખરી છે કે, મેં પોલીસ સ્ટેશનમાં માત્ર ઝઘડા વિશેની વાતચીત કરેલી તે સિવાય બીજી કોઈ વાતચીત કરેલી નહીં. એ વાત ખરી છે કે, તે સમયે ઝઘડો ચુંટણીની બાબતને લઈને થયેલો. એ વાત ખરી છે કે, મેં પોલીસને ચુટંણી બાબતે જે ઝઘડો થયેલો તે વાતચીત પોલીસ ને જણાવેલી. અમે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગયા બાદ કોને મળેલા તે યાદ નથી. એ વાત ખરી છે કે, અમે તા.૨૫/૧૨/૨૧ ના રોજ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે ફીલીપભાઈએ આ ઝઘડા અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપી દીધેલી. એ વાત ખરી છે કે, તે દિવસે મેં કોઈને મોટર સાયકલ પર કોઈને ફીલીપભાઈના ઘરે આવતા જોયેલ હોય અને હું ફીલીપભાઈના ઘરે ગયેલ હોંવ તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મેં જે સરતપાસમાં વીડીયોની વાત કરેલી છે તે મને પોલીસે જણાવેલી તેથી હું જાણુ છુ પરંતુ તે દિવસે મને કંઈ ખબર ન

હતી. એ વાત ખરી છે કે, ફીલીપભાઈની છોકરી ભોગબનનાર કોની સાથે કયાં જાય તેની મને ખબર નથી.

હું ફીલીપભાઈની બાજુમાં રહુ છુ. હું ગોવિંદભાઈ ભીલને ઓળખુ છુ તે ઘરજમાઈ તરીકે આવેલો છે. હું આમીરને ઓળખુ છુ. ફીલીપભાઈની ભોગબનનાર દિકરીને હોસ્ટેલમાં મુકેલી. તેની આ ભોગબનનાર દિકરી આમીર સાથે ફરતી હોય અને નાપાસ થયેલી હોય તો તેની મને ખબર નથી. મારે ફીલીપભાઈ સાથે સારા સબંધ છે. ફીલીપભાઈ પણ ભીલ જાતિના છે. ગોવિંદભાઈ તથા ફીલીપભાઈ બંને ભાઈઓ થતા નથી. તેઓ એક કુટુંબના પણ નથી. આમીર તે ફીલીપભાઈના ભાઈનો દિકરો થતો નથી. ફીલીપભાઈના ઘરની પાછળ ખેતર છે. ફીલીપભાઈના ઘરે કંઈ બને તો તેનો અવાજ મારા ઘર સુધી નહીં પહોંચે. મારુ ઘર ફીલીપભાઈના ઘરથી લગભગ ત્રણસો મીટરના અંતરે આવેલુ છે. મને હાલની ફરીયાદ થયેલ તેના એક મહિના પહેલા ફીલીપભાઈની ભોગબનનાર દિકરી ઘરેથી ભાગી ગયેલ હોય તેની ખબર નથી. હું તેમની દિકરીને શોધવા ગયેલ નહીં. અમારા ફળીયામાં આ ભોગબનનાર બનાવના એક મહિના પહેલા ભાગી ગયેલ તેની ખબર નથી. તે ભાગીને સુનિલના ઘરે ગયેલ હોય તો તેની મને ખબર નથી. ભોગબનનાર ઢોર ચરાવવા જતી હોય તો તેની મને ખબર નથી. હું મહિનામાં એક–બે દિવસે રજા પર હોંવ છુ, બાકીના દિવસોએ મજુરીકામે જાવ છુ. હું ખિસ્તી ધર્મ પાળતો નથી. હું ચર્ચમાં કદી જતો નથી. ફીલીપભાઈ ખ્રિસ્તી ધર્મ પાળે છે. ફીલીપભાઈના કંઈ બનાવ બને તો તેનો અવાજ મારા ઘર સુધી નહીં આવે અને મને ખબર પડે નહીં. ફીલીપભાઈએ તેની ભોગબનનાર દિકરીનો મોબાઈલ તોડી નાંખેલ હોય તો તેની મને ખબર નથી. ફીલીપભાઈની ભોગબનનાર દિકરી કેટલુ ધોરણ ભણતી હતી તેની મને ખબર નથી. ફીલીપભાઈની

દિકરીને ભણવા મુકેલી એટલે તે ભણવા જતી તે ઢોર ચરાવવા કે મજુરીકામે જતી હોય તેવી મને ખબર નથી. ઈંદુબેન તે ફીલીપભાઈની સાથે રહેતા નથી તે ફીલીપભાઈના નાના ભાઈ સાથે રહે છે. ફીલીપભાઈ તથા તેની પત્ની બંને મજુરીકામ કરે છે. તા.૨૫/૧૨/૨૧ ના રોજ જે ઝઘડો થયેલાનુ જણાવુ છુ તે દિવસે ફીલીપભાઈની ભોગબનનાર દિકરી આંબા ગામે અગિયાર માં ધોરણમાં ભણતી હતી કંઈ સ્કુલમાં ભણતી હતી તેની મને ખબર નથી. તે સમયે કોરોનાના કારણે સ્કુલો બંધ હતી. તે સમયે બાળકોને સ્કુલમાં જવાનુ થતુ ન હતુ. ફીલીપભાઈનો નાનો ભાઈ જે મારા ઘરની બાજુમાં ફીલીપભાઈનુ બીજુ ખેતર આવેલ છે ત્યાં ઘર બાંધીને રહે છે. ઈંદુબેન તથા તેનો પતિ પણ મજુરીકામ કરે છે. આ ઈંદુબેનને તથા ફીલીપભાઈને આઠ-દશ વિઘા ખેતીની જમીન છે. તેઓ પોતાના ખેતરમાં પણ કામ કરે છે અને બીજાના ખેતરમાં મજુરીકામે પણ જાય છે. તેઓ ગામમાંજ મજુરીકામે જાય છે, હું પણ ગામમાંજ મજુરીકામે જાવ છુ. ઉનાળમાં બધાને પાક ખેતરમાં થાય નહીં. ફીલીપભાઈ તથા ઈંદુબેનના ખેતરમાં ઉનાળામાં પાક થાય છે. ફીલીપભાઈ અને તેના ભાઈએ બંને પાસે અલગ અલગ પાંચ-પાંચ વીઘા જમીન હોય ઈંદુ બેને બીજાના ખેતરમાં ઉનાળામાં મજુરીકામે જવાનુ ન રહે. સાહેદ જણાવે છે કે, તેમને ઉનાળુ પાક પણ થાય છે. ફીલીપભાઈના પત્ની અને તેના નાના ભાઈની પત્ની વચ્ચે કંઈક બોલાચાલી થયેલી તેથી બનેં ભાઈઓ અલગ થઈ ગયેલા. ઈંદુબેન ફીલીપભાઈના ઘરે આવે જાય છે. એ વાત ખરી છે કે, ફીલીપભાઈની પત્ની તે પોતાની જમીનમાં ખેતીકામ કરે. ફીલીપભાઈ કડીયાકામની મજુરીકામે ઘણીવાર મહિનાઓ સુધી બહાર રહે છે. ફીલીપભાઈની ખેતીની જમીન તેની પત્ની સંભાળે. એ વાત ખરી છે કે, ફીલીપભાઈની પત્નીને બહાર મજુરીકામે જવાની જરૂર રહેતી નથી. એ વાત

ખરી છે કે, ફીલીપભાઈની ભોગબનનાર દિકરીને કયાંય મજુરીકામે જવાનુ થતુ નથી તે પોતાની જમીનમાંજ કામ કરે છે. એ વાત ખરી છે કે, ફીલીપભાઈની છોકરી એક વર્ષ બારડોલી અને એક વર્ષ તેના મામાને ત્યાં રહેલી. એ વાત ખરી છે કે, માર્ચ–૨૦૨૧ માં કોઈ બાળકોની પરિક્ષા લેવાયેલ નહીં અને બધા બાળકોને પાસ કરી દેવામાં આવેલા. એ વાતની મને ખબર નથી કે, તે સમયે આ છોકરી તેના મામાને ત્યાં ભણતી હતી કે કેમ ? આ ઝઘડો થયેલ તેના પહેલા આ ભોગબનનાર દિકરી અમારા ગામમાં કયારે આવેલ તેની મને ખબર નથી. અમારા ગામની ચુંટણી લગભગ મેં મહિનામાં હતી. એ વાત ખરી છે કે, ચુંટણીનુ પરિણામ જાહેર થતા બંને પક્ષો વચ્ચે ઝઘડાઝઘડી ચાલુ થયેલા. એ વાત ખરી છે કે, આ ભોગબનનાર દિકરી જે આ ઝઘડો તા.૨૫/૧૨/૨૧ ના રોજ થયેલ તેના થોડાજ સમય પહેલા ગામમાં આવેલ અને તે પછી ભાગી ગયેલી. આ છોકરી ભાગી ગયેલ તેને શોધવા માટે બલીરામ પણ ગયેલા તેની મને ખબર નથી. આ ભોગબનનાર નવેમ્બર મહિનામાં ભાગી ગયેલ તેની મને ખબર નથી. જો ગામના ફળીયામાં છોકરી રહેતી હોય અને તે છોકરી કોઈની સાથે ભાગી જાય તો ફળીયામાં બધાને ખબર પડે. ગામડામાં કોઈ છોકરી કોઈ છોકરા સાથે બોલતી હોય અને ફરતી હોય તો ગામમાં બધાને ખબર પડી જાય. એ વાત ખરી છે કે, છોકરી જો ગામમાં ફળીયામાં બહાર નિકળે અને પાછી આવે તો પણ ફળીયાના લોકોને ખબર પડે. આ ભોગબનનારને સુનિલ, આમીર જેવા છોકરાઓ સાથે સબંધ હતા તેની મને ખબર નથી. તા.૨૫/૧૨/૨૧ ના રોજ મારે સોનગઢ પોલીસ સ્ટેશનમા જવાનુ થાય બાદ તે બાદ ફરીથી સોનગઢ પોલીસ સ્ટેશનમાં જવાનુ થયેલ નથી તેમજ ફીલીપભાઈની ભોગબનનાર દિકરી બાબતે તા.૨૫/૧૨/૨૧ બાદ સોનગઢ પોલીસ સ્ટેશનમાં જવાનુ થયેલ હોય તેમજ સોનગઢ

પોલીસ સ્ટેશનના કોઈપણ અધિકારીને મળવાનુ થયેલ હોય તેમ પણ બનેલ નથી. એ વાત ખરી છે કે, તા.૨/૧/૨૨ ના રોજ સોનગઢ પોલીસના અધિકારી ધ્વારા જો મારા નામથી આ ગુનાના કામે કોઈ સ્ટેટમેન્ટ લેવામાં આવેલ હોય તો તે સ્ટેટમેન્ટ બાબતે હું કાઈ જાણતો નથી અને મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈ કોંકણી જે બલીરામભાઈના કુટુંબથી વિરોધી હોય તેમના કહેવાથી હું આ કેસમાં જુબાની આપવા આવેલ છુ. ”

(૧૯). ફરિયાદપક્ષે **સાહેદ નં–૧૦ આરોપીની બહેન કપીલાબેન મહેન્દૂભાઈ કોંકણી** આંક–૬૧ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું પરણિત છુ. મારા લગ્ન આજથી આશરે ૧૯–વર્ષ પહેલા મોટા તારપાડાના મહેન્દ્ર દેવજી કોંકણી સાથે થયેલા છે. હું મોટા તારપાડા ગામે રહુ છુ. મારે લગ્ન જીવનથી સંતાનમાં ત્રણ બાળકો છે. જેમાં બે દિકરી અને એક દિકરો છે. મારૂ પિયર આંબા ગામે છે. મારા પપ્પા ગમનભાઈ ખેતી કરે છે અને તેઓ અમારા ગામના ચર્ચમાં પાસ્તર તરીકે સેવા આપે છે. મારી મમ્મી હયાત છે. મારે બે ભાઈ છે. કોઈ બહેન નથી. મારા મોટા ભાઈનુ નામ મોહનભાઈ છે. જે લીંગા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેનાથી નાનો આજરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામ છે. તે ખેતીકામ કરે છે. તે પાસ્ટર નથી. અમારા ભાઈબહેનમાં હું સૌથી નાની છુ. અનિતા જે આરરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામની પત્ની છે અને મારી ભાભી થાય છે. અમારે મોટા તારપાડા ગામે ગાયનો તબેલો પણ છે. હું અને મારો પતિ તે પણ કામ સંભાળીએ છીએ. મેં અને મારા પતિએ પાંચ–છ વર્ષ પહેલા સોનગઢ દેવજીપુરામાં ભાડાનુ મકાન રાખેલ. જે મકાન છન્યાભાઈ ચામડીયાભાઈ ગામીતનુ હતુ. તે મકાન અમે પહેલુ લોકડાઉન આવેલ ત્યારે ખાલી કરી નાંખેલ. અગાઉ અમે સોનગઢ

રહેતા હતા પણ કોરોનાના કારણે અમે મોટા તારપાડા રહેવા જતા રહેલા. મકાનમાં હું, મારા પતિ અને બાળકો સાથે રહેતી હતી. મકાનની ચાવી મારી પાસે રહેતી હતી. મકાનની ચાવી મેં કદી હાલના આરોપીને આપેલી નથી. મારા બાળકો સોનગઢમાં જ અભ્યાસ કરતા હતા. હું સુમુલમાં રીસર્ચ પર્સન તરીકે ફરજ બજાવુ છુ. હું સોનગઢની આજુબાજુના ૨૦–ગામોમાં ફીલ્ડમાં ફરજ બજાવતી. તા.૨૫/૧૨/૨૧ ના રોજ નાતાલના તહેવાર નિમિતે મારા પતિ અને બાળકો મોટા તારપાડા જતા હતા. ત્યારે અમે સોનગઢ ભાડાના મકાનમાં રહેતા હતા. તા.૨૭/૧૨/૨૧ ના રોજ મારા મામાના દિકરાની સગાઈ હોય હું અને મારા પતિ ટીઆગો ગાડી મારા પપ્પાના ઘરે આપવા ગયેલ અને હું બીજા દિવસ મારા પપ્પાનુ એકટીવા લઈને મીટીંગમાં જવા નિકળી ગયેલ. મારા ભાઈ વિરૂઘ્ઘ ફરીયાદ થયેલ તે કામે પોલીસે મને બોલાવેલ અને ત્યારે તેમણે એવુ પુછેલ કે, તા.૩૧/૫/૨૧ ના રોજ તમારા ભાઈ અને ભાભી તમારા સોનગઢ વાળા મકાને ગયેલા કે કેમ ? તો મેં ના પાડેલી. મને જે ફરીયાદ થયેલ તે બનાવ વિશે મને કોઈ માહિતી નથી પણ બીજાઓ ઘ્વારા જાણવા મળેલ કે, મારા ભાઈ વિરૂઘ્ઘ બળાત્કારનો આક્ષેપ છે અને મારા ભાઈ અને ભાભીએ તે છોકરીનો વિડિયો ઉતારેલો.''

આ સાહેદને ફરીયાદપક્ષે **ફરી ગયેલા સાહેદ તરીકે** જાહેર કરવામાં આવેલ છે.

**૧૯.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ઘ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, હું જયારે તા.૧/૧/૨૨ ના રોજ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે અમારા ગામના મહેન્દ્રભાઈ કોંકણી પોલીસવાળા પોલીસ સ્ટેશનમાં હાજર હતા. એ વાત ખરી છે કે, અમારા આંબા ગામની જે ચુંટણી હતી તેમાં

મહેન્દ્રભાઈની પત્નીની વિરૂધ્ધ તારાચંદભાઈ ઉભા હતા તેને મારો ભાઈ અને તેના ઘરના સમર્થન આપતા હતા. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈના પત્ની તે ચુંટણીમાં હારી જતા તેમને એવુ લાગેલ કે, જો મારો ભાઈ અને કુટું બે તેમની પત્નીને સમર્થન આપેલ હોત તો તેઓ તે ચુંટણીમાં જીતી જાત. પોલીસ સ્ટેશનમાં મને મહેન્દ્રભાઈએ એવુ કહેલ કે, જો તમે ચાવી બલીરામને નથી આપતા તેવુ જણાંવશો તો તમારૂ ઘર છે તેથી તમને સહઆરોપી તરીકે ફીટ કરી દઈશુ. આ મહેન્દ્રભાઈ સાથે બીજા એક પોલીસ અધિકારી પણ હતા પરંતુ હું તેમને ઓળખતી નથી. મારા પોલીસ નિવેદનમાં આ પોલીસ અધિકારીએ શું લખેલ છે તેની મને ખબર નથી. મને નિવેદન વાંચવા આપેલ નથી. સાહેદ જણાવે છે કે, મેં નિવેદન વાંચવામાં ગેલ પણ મને કહેલ કે, જો નિવેદન માંગીશ તો તને સસપેંડ કરાવી દઈશુ. આરોપીઓ કદી મારા ઘરે આવીને રહેલા નથી. મારી દિકરી જે ધોરણ–૧૨ સાયન્સમાં નવી પારડી મુકામે ૨૦૨૧ ની સાલમાં અભ્યાસ કરતી હતી અને તે હોસ્ટેલમાં જ રહેતી હતી. જયારે મારી નાની દિકરી અને દિકરો જ્ઞાનદિપ સોનગઢ સ્કુલમાં અભ્યાસ કરતા હતા તેને મારા પતિ નોકરી પર જતા ત્યારે મુકી આવતા અને હું સાંજે તેમને મારી એકટીવા પર લઈ આવતી. આરોપી બલીરામનુ ગામ અમારા સોનગઢથી ૧૨ થી ૧૫ કિલોમીટર દુર થાય. મારો ભાઈ જે અમારા ઘરથી ૧૨ થી ૧૫ કિલોમીટર દુર રહેતો હોય તેઓ કદી મારા બાળકોને સ્કુલે લેવા તથા મુકવા જતો નહીં. સાહેદ જણાવે છેકે, તેના આંબા ગામથી બાળકોને સ્કુલે લેવા અને મુકવાનુ અંતર જ ૨૦ થી ૨૫ કિલોમીટર જેટલુ થઈ જાય. અમે જે ભાડાના મકાનમાં રહેતા હતા તે દેવજીપુરામાં આજુબાજુમાં ઘણાં મકાનો આવેલા છે. અમારા ઘરમાં કોઈ આવે અને જાય તો અમારા પડોશીઓને ખબર પડે. ”

**(૨૦).** ફરિયાદપક્ષે **સાહેદ નં–૧૧** આરોપીની બહેનના પતિ મહેન્દૂભાઇ દેવજીભાઇ કોંકણ આંક–૬૨ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું પરણિત છુ. મારા લગ્ન આજથી આશરે ૧૯–વર્ષ પહેલા આંબા ગામની કપીલાબેન સાથે થયેલા છે. હું મોટા તારપાડા ગામે રહુ છુ. મારે લગ્ન જીવનથી સંતાનમાં ત્રણ બાળકો છે. જેમાં બે દિકરી અને એક દિકરો છે. મારા સસરા ગમનભાઈ ખેતી કરે છે અને તેઓ આંબા ગામના ચર્ચમાં પાસ્તર તરીકે સેવા આપે છે. મારી સાસુ હયાત છે. હું શિક્ષક તરીકે ૧૬–વર્ષથી ફરજ બજાવુ છુ. મારી પોસ્ટીગ રાવજીબુંદા પ્રાથમિક શાળા, ઉચ્છલમાં છે. આજરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામ મારો નાનો સાળો છે. તે ખેતીકામ કરે છે. તે પાસ્ટર નથી. અનિતા જે આજરોજ કોર્ટમાં હાજર છે તે બલીરામની પત્ની છે અને હું તેને બહેન કહુ છુ. અમારે મોટા તારપાડા ગામે ગાયનો તબેલો પણ છે. હું અને મારી પત્ની તે પણ કામ સંભાળીએ છીએ. મેં અને મારા પત્નીએ પાંચ–છ વર્ષ પહેલા સોનગઢ દેવજીપુરામાં ભાડાનુ મકાન રાખેલ. જે મકાન છન્યાભાઈ ચામડીયાભાઈ ગામીતનુ હતુ. તે મકાન અમે બીજુ લોકડાઉન આવેલ ત્યારે ખાલી કરી નાંખેલ. અગાઉ અમે સોનગઢ રહેતા હતા પણ કોરોનાના કારણે અમે મોટા તારપાડા રહેવા જતા રહેલા. મકાનમાં હું, મારી પત્ની અને બાળકો સાથે રહેતો હતો. મકાનની ચાવી મારી પત્ની પાસે રહેતી હતી. મકાનની ચાવી મેં કદી હાલના આરોપીને આપેલી નથી. મારા બાળકો સોનગઢમાં જ અભ્યાસ કરતા હતા. મારી પત્ની સુમુલમાં રીસર્ચ પર્સન તરીકે ફરજ બજાવે છે. તે પણ સોનગઢની આજુબાજુના ૨૦–ગામોમાં ફીલ્ડમાં ફરજ બજાવતી. મારે ફોરવ્હીલર છે. તા.૨૫/૧૨/૨૧ ના રોજ નાતાલના તહેવાર નિમિતે મારા પતિ અને બાળકો મોટા તારપાડા જતા હતા.

ત્યારે અમે સોનગઢ ભાડાના મકાનમાં રહેતા હતા. તા.૨૭/૧૨/૨૧ ના રોજ મારા કાકાના દિકરાની સગાઈ હોય મારી પત્ની ટીઆગો ગાડી મારા સસરાના ઘરે આપવા ગયેલ અને તે બીજા દિવસ મારા સસરાનુ એકટીવા લઈને મીટીંગમાં જવા નિકળી ગયેલ. મારા સાળા વિરૂધ્ધ ફરીયાદ થયેલ તે કામે પોલીસે મને બોલાવેલ અને ત્યારે તેમણે એવુ પુછેલ કે, તા.૩૧/૫/૨૧ ના રોજ તમારા સાળા અને તેની પત્ની તમારા સોનગઢ વાળા મકાને ગયેલા કે કેમ ? તો મેં ના પાડેલી. મને જે ફરીયાદ થયેલ તે બનાવ વિશે મને કોઈ માહિતી નથી પણ બીજાઓ ધ્વારા જાણવા મળેલ કે, મારા સાળા વિરૂધ્ધ બળાત્કારનો આક્ષેપ છે અને મારા સાળા અને તેની પત્નીએ તે છોકરીનો વિડિયો ઉતારેલો. ''

**આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.**

**૨૦.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

"એ વાત ખરી છે કે, હું જયારે તા.૧/૧/૨૨ ના રોજ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે આંબા ગામના મહેન્દ્રભાઈ કોંકણી પોલીસવાળા પોલીસ સ્ટેશનમાં હાજર હતા. એ વાત ખરી છે કે, આંબા ગામની જે ચુંટણી હતી તેમાં મહેન્દ્રભાઈની પત્નીની વિરૂધ્ધ તારાચંદભાઈ ઉભા હતા તેને મારો ભાઈ અને તેના ઘરના સમર્થન આપતા હતા. એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈના પત્ની તે ચુંટણીમાં હારી જતા તેમને એવુ લાગેલ કે, જો મારો સાળા અને કુટુંબે તેમની પત્નીને સમર્થન આપેલ હોત તો તેઓ તે ચુંટણીમાં જીતી જાત. પોલીસ સ્ટેશનમાં મને મહેન્દ્રભાઈએ એવુ કહેલ કે, જો તમે ચાવી બલીરામને નથી આપતા તેવુ જણાંવશો તો તમારૂ ઘર છે તેથી

તમને સહઆરોપી તરીકે ફીટ કરી દઈશુ. આ મહેન્દ્રભાઈ સાથે બીજા એક પોલીસ અધિકારી પણ હતા પરંતુ હું તેમને ઓળખતો નથી. મારા પોલીસ નિવેદનમાં આ પોલીસ અધિકારીએ શું લખેલ છે તેની મને ખબર નથી. મને નિવેદન વાંચવા આપેલ નથી. સાહેદ જણાવે છે કે, મેં નિવેદન વાંચવા માં ગેલ પણ મને કહેલ કે, જો નિવેદન માંગીશ તો તને સસપેંડ કરાવી દઈશુ. આરોપીઓ કદી મારા ઘરે આવીને રહેલા નથી. મારી દિકરી જે ધોરણ-૧૨ સાયન્સમાં નવી પારડી મુકામે ૨૦૨૧ ની સાલમાં અભ્યાસ કરતી હતી અને તે હોસ્ટેલમાં જ રહેતી હતી. જયારે મારી નાની દિકરી અને દિકરો જ્ઞાનદિપ સોનગઢ સ્કુલમાં અભ્યાસ કરતા હતા તેને હું નોકરી પર જતો ત્યારે મુકી આવતા અને સાંજે મારી પત્ની તેમને તેની એકટીવા પર લઈ આવતી. આરોપી બલીરામનુ ગામ અમારા સોનગઢથી ૧૨ થી ૧૫ કિલોમીટર દુર થાય. મારો સાળો જે અમારા ઘરથી ૧૨ થી ૧૫ કિલોમીટર દુર રહેતો હોય તેઓ કદી મારા બાળકોને સ્કુલે લેવા તથા મુકવા જતો નહીં. સાહેદ જણાવે છેકે, તેના આંબા ગામથી બાળકોને સ્કુલે લેવા અને મુકવાનુ અંતર જ ૨૦ થી ૨૫ કિલોમીટર જેટલુ થઈ જાય. અમે જે ભાડાના મકાનમાં રહેતા હતા તે દેવજીપુરામાં આજુબાજુમાં ઘણાં મકાનો આવેલા છે. અમારા ઘરમાં કોઈ આવે અને જાય તો અમારા પડોશીઓને ખબર પડે. ”

**(૨૧).** ફરિયાદપક્ષે **સાહેદ નં-૧૨ છનીયાભાઈ ચામડીયાભાઈ ગામીત(મકાન માલીક)** આંક-૬૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું શિક્ષક તરીકે નોકરી કરતો હતો. હાલ હું નિવૃત છુ. મારે સોનગઢ દેવજીપુરા માર્કેટ ફળીયામાં મારી માલીકીનુ મકાન છે. આ મકાન મેં બનાવ્યા બાદ હું તેમા રહેતો ન હતો. મેં આ મકાન આજથી આશરે પાંચ-છ વર્ષ પહેલા ઉચ્છલમાં

રાજજીબુંદા ખાતે શિક્ષક તરીકે નોકરી કરતા મહેન્દ્રભાઈ દેવજીભાઈ કોંકણી ને માસિક રૂપિયા બે હજારના ભાડાથી ભાડે આપેલ. આ અંગે કોઈ ભાડા કરાર લેખીતમાં થયેલ ન હતો. આ મકાનમાં મહેન્દ્રભાઈ તેની પત્ની અને બાળકો સાથે રહેતા હતા. મહેન્દ્રભાઈની પત્ની શું કામ કરતા તેની મને ખબર નથી. આ મકાન મહેન્દ્રભાઈએ બીજીવારનું કોરોનાનુ લોકડાઉન થયેલ ત્યારે ખાલી કરી દીધેલ. પોલીસે મારી પાસે મારા મકાનના ઘરવેરાની પાવતી માંગેલ જે મેં આપેલ. જેની ઝેરોક્ષ કોપી હું આજરોજ રજુ કરૂ છુ. જેમાં મેં સહી પણ કરી આપેલ. **જે આંક–(પી.ડબલ્યુ.–૧૨)–આંક–૬૪**. પોલીસે શા કારણે વેરા પહોંચ માંગેલ તેની મને ખબર નથી. મારા મકાનમાં કંઈ બનેલ હોય તેની મને ખબર નથી. પોલીસે મારી પુછપરછ કરેલ જેમાં મેં આવી હકીકત લખાવેલી. ''

**૨૧.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" મારા મકાનની આજુબાજુ બીજા મકાનો આવેલા છે જેમાં બધા માણસો રહે છે. મારા મકાનમાં કોઈ આવજા કરે અને રહે તો આજુબાજુવાળાને ખબર પડે. મેં જે વેરા પહોંચ પોલીસને આપેલ તે ૨૦૨૧–૨૨ ની સાલની હતી. જેમાં માલિક અને કબ્જેદાર તરીકે મારૂ નામ લખેલુ છે. એ વાત ખરી છે કે, કોરોનાનુ બીજુ લોકડાઉન જે એપ્રીલ –૨૦૨૧ થી શરૂ થયેલ ત્યારે મહેન્દ્રભાઈએ મારૂ મકાન ખાલી કરી દીધેલ હતુ. એ વાત ખરી છે કે, ડિસેમ્બર–૨૦૨૧ માં મહેન્દ્રભાઈ મારા મકાનમાં રહેતા ન હતા. એ વાત ખરી છે કે,મેં પોલીસને આ મહેન્દ્રભાઈ ૨૦૧૪ ની સાલથી મારૂ નિવેદન નોંધેલ ત્યાં સુધી મારા મકાનમાં ભાડે રહેતા હતા તેવુ લખાવેલ નથી. "

(૨૨). ફરિયાદપક્ષે **સાહેદ નં–૧૩ મહીમાબેન પરમેલભાઇ વળવી (તપાટી કમ મંત્રી)** આંક–૬૮ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હાલમાં હું તાલુકા પંચાયત કુકરમુંડા ખાતે વિસ્તરણ અધિકારી પંચાયત તરીકે તા.૨/૩/૨૦૨૩ થી ફરજ બજાવુ છુ. ગઈ તા.૩/૧/૨૨ ના રોજ સોનગઢ પોલીસ અધિકારી મારી પાસે આવેલા તે સમયે હું આંબાજુથ પંચાયતના ઈન્ચાર્જ તલાટી કમ–મંત્રી તરીકે ફરજ બજાવતી હતી મારી રેગ્યુલર પોસ્ટ હીરાવાડી જુથ ગ્રામપંચાયતની હતી. સોનગઢ પોલીસ સ્ટેશનના અધિકારી ધ્વારા મને એક ટપાલ મોકલવામાં આવેલ. જેમાં એવુ જણાવવામાં આવેલ હતુ કે, બલીરામ ધ્વારા જે બળાત્કારનો બનાવ બનેલ તે સ્થળના સર્વે નંબરની વિગત સ્થળ ચકાસણી કરી આપવા કહેલ. જેથી મને પોલીસ કર્મચારી સ્થળ ચકાસણી માટે લઈ ગયેલા. મારી પાસે તે જગ્યાના ૭/૧૨ ની વિગત માંગેલી. મેં તે સ્થળના ૭/૧૨ ના ઉતારા સોનગઢ પોલીસ સ્ટેશનને આપેલ. જે વિગત હું આજરોજ રજુ કરૂ છુ. જે પત્ર તથા તે સાથેના ૭/૧૨ ના ઉતારા અને ગામ નમુના નંબર–૮–અ **સયુંકત રીતે દાખલ આંક–(પી.ડબલ્યુ.–૧૩)–૬૯**. પોલીસે તે અંગે મારૂ નિવેદન લીધેલુ. ''

**૨૨.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, હું જે તે સમયે આંબાજુથ પંચાયતની રેગ્યુલર તલાટી–કમ–મંત્રી ન હતી. એ વાત ખરી છે કે, ગ્રામપંચાયતના તમામ રેકર્ડ જે રેગ્યુલર તલાટ–કમ–મંત્રીના કબ્જામાં હોય. એ વાત ખરી છે કે, જો હું ઈન્ચાર્જ તરીકે હોવ તો મને તેનો ચાર્જ સોંપેલો હોય. મેં પોલીસને મેં ચાર્જ સંભાળેલ હોય તે ચાર્જની લેતીદેતીનો કોઈ પુરાવો આપેલ નહીં. એ વાત ખરી છે કે, મેં પોલીસને આંબાગામનુ તમામ રેકર્ડ મારી કસ્ટડીમાં હોય તેવો પુરાવો આપેલ

નહીં. એ વાત ખરી છે કે, બનાવ શું બનેલ છે તેવી વિગત પોલીસે મને લેખીતમાં આપેલી. એ વાત ખરી છે કે, મને પોલીસે જે કહેલ તે પ્રમાણે મેં કરેલ. એ વાત ખરી છે કે, મને ગુનાની કલમમાં ખબર ન પડે. એ વાત ખરી છે કે, કઈ કલમ નીચેનો ગુનો હતો તેવી મને ખબર ન હતી. હું પોલીસ સાથે સવારના ટાઈમે ગયેલી. હું સ્થળ પર અંદાજે અડધા કલાક જેટલુ રોકાયેલ. એ વાત ખરી છે કે, હું જે સ્થળે ગયેલ તે બધીજ જગ્યાએ ખેતરો અને તલાવડીઓ હતી. એ વાત ખરી છે કે, હું સ્થળ પર જઈને તે સર્વે નંબર કયો તે હું ન કહી શકુ. હું રેગ્યુલર તલાટી કમ મંત્રી તરીકે હીરાવાડી જુથ ગ્રામ પંચાયતમાં મારી ફરજ બજાવતી હતી જે પાંચ કિલોમીટર દુર આવેલ છે. એ વાત ખરી છે કે, હું બનાવ વિશે કંઈ જાણતી ન હતી. એ વાત ખરી છે કે, મારા રીપોર્ટમાં મેં સ્થળ વિઝીટ કયારે કરેલ, કોની હાજરીમાં કરેલ, કેટલા વાગ્યે કરેલ તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, તેમાં મેં આ રીપોર્ટ સ્થળ વિઝીટના આધારે તૈયાર કરેલ છે તેવુ પણ જણાવેલ નથી. આ રીપોર્ટમાં તલાવડી તથા કાચુ ઝુપડુ જણાવેલ છે તે ૭/૧૨ માં ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, ગામ નમુના નં.૧૨ માં સ્થળ પર સિંચાઈનુ સાધન નથી તેવો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે, જે જમીનનો મેં રીપોર્ટ આપેલ તે જમીન હાલના આરોપીના નામે ન હતુ. એ વાત ખરી છે કે, તે કબ્જો આરોપીનો હોય તેવી હકીકત હું ન કહી શકું. ”

<u>**નકશો તૈયાર કરનાર:-**</u>

**(૨૩).** ફરિયાદપક્ષે **સાહેદ નં-૧૪ અજયસિંહ જશવતસિંહ રાઠોડ(નકશો તૈયાર કરનાર)** આંક-૭૦ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હાલમાં હું સર્કલ ઓફીસર સોનગઢ તરીકે મામલતદાર ઓફીસ સોનગઢ મુકામે ફરજ બજાવુ છુ. ફેબ્રુઆરી–૨૦૨૨ માં મને અમારી કચેરીના મામલતદારશ્રી ધ્વારા ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા જવાનુ છે તેવી જાણ લેખીતમાં કરેલ. જેમાં કઈ જગ્યાએ, કઈ જગ્યાનુ નકશો બનાવવાનો છે તેવુ જણાવેલ હોય જેથી હું તેના આધારે ગુનાવાળી જગ્યાએ ગયેલ અને ત્યાં જઈ સ્થળનુ નિરિક્ષણ કરી નકશો તૈયાર કરેલ. જે નકશાના આધારે મામલતદારશ્રી સોનગઢ ધ્વારા તે નકશો નાયબ પોલીસ અધિક્ષકશ્રી ને ફોરવર્ડીગ પત્ર સાથે મોકલેલ હતો. જે ફોકવર્ડીગ પત્રમાં મામલતદાર શ્રી સોનગઢની સહી છે જે હું રેકર્ડ આધારે ઓળખી બતાવુ છુ. તેમજ ગુનાવાળી જગ્યાનુ નકશો તૈયાર કરેલ જે અનુક્રમે **રજુ દાખલ આંક –(પી.ડબલ્યુ.–૧૪) – ૭૧ તથા ૭૨**. ''

**૨૩.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" હું સર્કલ સોનગઢ તરીકે તા.૧/૧૨/૧૯ થી ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, મારે ઘણા મકાન, જગ્યા, ખેતરના નકશા તૈયાર કરવા જવાનુ થાય. મારે હાલના કિસ્સમાં જે મકાનનો નકશો તૈયાર કરવા જવાનુ હતુ તેના ઓળખ માટે તે મકાનના નંબર, વેરા પાવતી, વેચાણ દસ્તાવેજની કોપી તેવા કોઈ આધાર આપેલા નહીં. પોલીસે મને પહેલા આ જગ્યા પર જતા પહેલા ફરીયાદીનુ નિવેદન મને વંચાણેલ, બતાવેલ, મેં તે નિવેદન વાંચેલ, જોયેલ અને તે નિવેદનમાં જે જગ્યાનુ વિગતવારનુ વર્ણન કરવામાં આવેલ છે તે જગ્યા પર હું ગયેલ. હું તે ઘરમાં ગયેલ નહીં. સાહેદ જણાવે છે કે, તે મકાન બંધ હતુ. નકશો કરવા ગયેલ ત્યારે પોલીસ મારી સાથે આવેલ નહીં. એ વાત ખરી છે કે, જો ઘર નંબર ન હોય તો મકાન ઓળખી શકાય નહીં. એ વાત ખરી છે કે,

ખુલ્લી જમીન માટે સર્વે નંબરની માહિતી ન હોય તો તે જગ્યા ઓળખી ન શકાય. એ વાત ખરી છે કે, નકશામાં જયાં સુધી સ્કેલનુ યોગ્ય માપ લેવાયેલ ન હોય ત્યાં સુધી કઈ વસ્તુ બીજી વસ્તુથી કેટલી દુર છે તે કહી શકાય નહીં. એ વાત ખરી છે કે, આંક–૭૨ ના નકશામાં મેં કોઈ મકાન નંબર દર્શાવેલા નથી તેમજ મકાનો અને રસ્તા વચ્ચે કેટલુ અંતર છે તે જાણી શકાય નહીં. એ વાત ખરી છે કે, આ નકશો કઈ તારીખે તૈયાર કરેલ તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે, આ નકશો તૈયાર કરતા સમયે સ્થળથી માહિતગાર વ્યકિત ને સાથે રાખેલ નથી. એ વાત ખરી છે કે, નકશો આપ્યા બાદ પોલીસે મારૂ કોઈ નિવેદન નોંધેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નકશો બનાવવાનુ કહયા બાદ પછીથી હું આજરોજ જુબાની આપવા આવેલ છુ. નકશામાં મકાન કેટલા માળનુ છે તેવો ઉલ્લેખ નથી તેમજ મકાન કાચુ છે કે પાકુ તે પણ જાણી શકાય તેમ નથી. એ વાત ખરી નથી કે, આ નકશો પોલીસે આપેલ પેપર્સના આધારે મારી ઓફીસમાં બેસી તૈયાર કરી દીધેલ જેથી તેમાં કોઈ માપ દર્શાવેલ નથી કે તેમાં મકાનના દરવાજા, બારીઓ, છાપરૂ, મકાનના બાંધકામ(કાચા કે પાકા) કે સ્થિતી વિશે જણાવેલ નથી. મને આ ગુનાની વિગત પોલીસે જણાવેલી. એ વાત ખરી છે કે, પોલીસ મને આપેલ પત્ર હું આજરોજ મારી સાથે લાવેલ નથી. ”

**<u>:– તબીબી સાહેદોનો પુરાવો –::</u>**

(૨૪). ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૫ ડો. દિલીપભાઈ શિવાજીભાઈ ગામીત** આંક–૭૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

"તા.૨૯.૧૨.૨૦૨૧ ના રોજ મારી ફરજ પર હતો ત્યારે ભોગ બનનાર "ટી" ડો/ઓફ. "એફ" ગામીત, ઉંમર વર્ષ આશરે ૧૬ વર્ષ ૧૦ મહિના, આંબા ભિલ ફળિયુ, જન્મ તારીખ ૦૨–૦૨–૨૦૦૫, ધોરણ ૧૧ ની વિધાર્થીની ને

સાંજના ૩:૩૫ પિ.એમ. વાગ્યે મારી સમક્ષ સોનગઢ પોલીસ સ્ટેશનના વુ.પો.કો. મીનાબેન બાબલાભાઈ બંકલ નં.૭૮૪ દ્વારા જાતિય સતામણીના કિસ્સામાં મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી સાથે લાવવામાં આવેલ હતી.જે યાદી હુ આજરોજ મારી સાથે લાવેલ છુ જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જે **આંક –(પી.ડબલ્યુ.–૧૫)–૭૮.** ભોગ બનનારની અમોએ તપાસણી કરેલ તેનુ ઓ.પી.ડી.કેસ પેપર પણ આજરોજ હું મારી સાથે લાવેલ છુ.**જે રજૂ દાખલ આંક –(પી.ડબલ્યુ.–૧૫) –૭૯.**

મેં તેણીની તપાસણી તેના મમ્મી રતનીબેન તેમજ સ્ટાફ નર્સ પટેલ બિન્દુબેનની હાજરીમાં કરેલી.મેં ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા માટે તેની તેમજ તેની માતા રતનીબેન ની સંમતિ લીધેલ. જે બદલ તેણી ની સહી તથા માતા ના જમણા હાથ ના અંગુઠાની નિશાની આપેલ. તેણીના ઓળખના નિશાનમાં જોતા તેના જમણી બાજુ ગાલ પર કાળા તલનુ નિશાન હતુ અને જમણી આંખની બાજુમાં કાળા તલનું નિશાન હતું.

આ દર્દીને બનાવ બાબતે પુછપરછ કરતા તેણીએ બનાવની વિગત પોતાના હસ્તાક્ષરમાં અલગ સેપરેટશીટમાં લખી આપેલ અને હું તેનો ઈતિહાસ અંગ્રેજીમાં લખીને આ પ્રમાણપત્ર સાથે તેણીનો ઈતિહાસ અંગેનો પત્ર પણ જોડેલ છે. જેમાં તેણીના કહેવા મુજબ તે મજુરી કામ માટે ગઈ હતી તે દરમ્યાન બલીરામ અને તેની પત્ની અનિતાએ તેનો વિડિયો શુટ કરવાનું કહ્યુ અને ત્યાર બાદ તે ઘરે ગઇ.તે જ સાંજે તેઓએ ફોન કરીને તેણીને તેમના ખેતરની ઝૂંપડીમાં આવવા કહ્યુ જ્યાં બલીરામ અને તેની પત્નિ બંને હાજર હતાં. ત્યાર બાદ બલીરામ એ તેણીની સાથે ખરાબ કામ કરેલ અને તેમની સામે મોબાઇલ મૂકીને વિડિયો બનાવેલ તે દરમ્યાન બલીરામની પત્નિ બહાર નિકળી ગયેલ. ત્યાર બાદ ફરી એક વાર બલીરામ એ તેણીને તે જ જગ્યાએ આધાર કાર્ડ સાથે આવવાનું કહ્યુ અને તેણીની સાથે ખરાબ કામ કર્યુ અને વિડિયો પણ બનાવ્યો અને તસ્વીર પણ ખેંચી. ત્રીજી વખત તા.૩૧મી મે નાં રોજ સોનગઢ તેની બહેનના ઘરે કે.વાય.સી. માટે આવવાનું કહી ખરાબ કામ કર્યુ હતું અને તેણીનો વિડિયો બનાવીને તેમજ ફોટો લઇને તેણીને ઘરે મૂકી

ગયા.ત્યાર બાદ ૨૪ તારીખે તેણીએ આ બાબત તેની માતા અને દાદીને જણાવી અને તેઓએ પોલીસને જાણ કરતાં સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ તમામ બાબત તેણીએ પોતે માતા પિતાની હાજરીમાં લખી આપેલ અને તેમાં તેણીના માતા પિતા ફિલીપભાઈ અને રતનીબેન તેમજ તેણીએ સહિ કરી આપેલ તેમજ રૂબરૂ તરીકે મારી સહી અને મેડીકલ ઓફિસરનો સિક્કો મારેલ જે સેપરેટશીટ થી એકઝામીનેશન ફોર્મ સાથે સામેલ છે. તેણીને કોણે ઈજા પહોંચાડેલ છે તે બાબતે પુછતા તેણીએ બલીરામ ગમનભાઈ કોંકણીનુ નામ જણાવેલ. તેણીને અન્ય કોઈ શારીરિક બિમારી ન હતી તથા તેણીની છેલ્લી માસિકની તારીખ તા.૨૩.૧૨.૨૦૨૧ જણાવેલ જે ૨૮–૩૦ દિવસની સાયકલમાં ૪ થી ૫ દિવસ આવે છે તેવુ જણાવેલ જે પીડારહિત,નિયમિત તેમજ મધ્યમ હતું.

તેણીએ બનાવ મે ૨૦૨૧ માં થયેલ તેવુ જણાવેલ તેમજ બનાવ તપાસના અંદાજિત ૮ મહિના પહેલા થયેલ.ઉપરોક્ત બનાવ ત્રણ વખત થયેલ જેમાં પ્રથમ વખત ખાટલા પર, બીજી વખત જમીન પર અને ત્રીજી વખત ખાટલા તેમજ જમીન પર થયેલ.જે દરમ્યાન તે સંપૂર્ણ સભાનવસ્થામાં તેમજ સજાગ હતી.તપાસમાં પુછતાં તેણીને ચુંબન કરેલ હોય કે, મુખમૈથુન કરેલ હોય કે, આંગળી દાખલ કરેલ હોય કે, મુખથી ગુપ્ત ભાગ કે, ગુદા મૈથુન કે, સૂક્ષ્મ પદાર્થ કે બીજી કોઈ પ્રકારે સેક્સ કરવામા આવેલ હોય કે,વીર્ય સ્ત્રાવ તેના માથાના વાળ કે સ્કીન પર કરવામા આવેલ હોય કે , તેણીના યોનીમાર્ગમાંથી રક્તસ્ત્રાવ થયેલ હોય કે, તેણીના કપડા ફાડી નાંખવામા આવેલ હોય કે, કોન્ડોમનો ઉપયોગ કરેલ હોય કે, જેલી પદાર્થનો ઉપયોગ કરેલ હોય કે, તેણીને આ બનાવ સમયે તેણીની સાથે કોઈ શારિરીક હિંસા કરવામા આવેલ હોય તે અંગે તેણીએ ના કહેલ તથા તેણી ને ઈજા થયેલ હોય તે અંગે પુછતા તેણી ને ખબર નથી તેમ જણાવેલ અને યોનીમાર્ગમાં શિશ્ન પ્રવેશ અંગે પુછતાં હા કહેલ.

તેણીને માનસિક રીતે પ્રતાડીત કરાયેલ હોય કે માર મારવામાં આવેલ હોય કે કોઈ વસ્તુની લાલચ આપવામાં આવેલ હોય કે શબ્દોથી કોઈ

ધમકી આપવામા આવેલ હોય તેવું માલૂમ પડેલ નથી. તે સિવાય બલીરામ અને તેની પત્નિએ તેણીનો વિડિયો બનાવવા માટે તેમજ આધાર કાર્ડ લઇ આવવા માટે ફોસલાવવામા આવેલ હોય તેમ જણાવેલ.

બનાવ બાદ તેણીએ મોં ધોયેલુ હતુ તેમજ બ્રશ કરેલ તેમજ સ્નાન કરેલ હતું. મુખમૈથુન કે ગુદા મૈથુન કરેલ ન હતું.તેણીને કોઈ ખાધપદાર્થ કે પીણુ આપવામા આવેલ ન હતુ તેણીએ આ બનાવ બાદ ગુપ્ત ભાગ ધોયેલ હતો.તેણે કપડા બદલી લીધેલ હતા અને મુત્રત્યાગ કરેલ હતો. તેણીએ જે કપડા બદલેલ તે તપાસણી સમયે હાજર ન હતાં. તેણીએ તેના અંતરવસ્ત્ર પણ બનાવ બાદ ધોઈ કાઢેલ હતા.આ બનાવ બાદ કોઈ જાતીય ઈજાઓ થયેલ ન હતી.આ બનાવ દરમ્યાન કોઈ આલ્કોહોલનો પણ ઉપયોગ થયેલ ન હતો કે તેણીને કોઈ આવુ ખાધપદાર્થ કે પીણુ આપવામા આવેલ ન હતુ. તેણીએ ભુતકાળમાં મે મહિના પહેલા તેની સાથે કોઈ જાતીય ઈતિહાસ અંગે જણાવેલ ન હતું.તેણીના કપડાની તપાસ અંગે પુછતાં તેણીએ કપડાં ઘણી વખત બદલી નાંખેલ તેમજ ધોઈ નાંખેલ હતાં.

આ દર્દીના શારીરિક તપાસણી કરતા તેણીનો મધ્યમ બાંધો, ઉંચાઈ ૧૫૬ સે.મી.,વજન ૨૯ કિ.ગ્રા., નાડીના ધબકારા ૮૮/મિનિટ, બી.પી.૧૧૦/૮૬ એમ.એમ.એચ.જી, તેના શ્ર્વાસોશ્ર્વાસ ૧૮ પ્રતિ મિનિટ હતા.તે સંપૂર્ણપણે સભાનવસ્થામાં હતી તેમજ સ્થળ સમયે અને વ્યક્તિ અંગેનું ભાન હતું. તે શ્યામવર્ણ હતી. તેણીને કોઈ શારીરિક તકલીફ ન હતી. તેણીના દ્રીતીય કક્ષાના અવયવો સુવિકસીત હતા.તેણીના પેઢુનો ભાગ તથા પેટનો ભાગ સામાન્ય હતો.તેમનુ શ્વસનતંત્ર પણ સામાન્ય હતુ.તેમનુ રુધિરાભિષણતંત્ર પણ સામાન્ય હતુ.

જનનાંગ અને ગુદા પરિક્ષણ દરમિયાન તેના ગુપ્ત ભાગની બાહ્ય તપાસ કરતાં કોઈ પણ પ્રકારની ઈજા, રક્તસ્ત્રાવ કે પીડા ન હતી.ગુપ્ત ભાગમાં વાળની હાજરી હતી તેમજ ગુપ્ત ભાગની વિગતવાર તપાસ અર્થે સ્ત્રી રોગ નિષ્ણાંતને રિફર કરવામાં આવેલ.તેણીના શરીરમાંથી એચ.આઇ.વી., HBSAg, VDRL અને UPT માટે લોહીના તેમજ પેશાબના નમૂના લીધેલ જે રિપોર્ટ નેગેટીવ માલૂમ પડેલ તથા FSL તપાસ માટે માથાના વાળ,ગુપ્ત

ભાગના વાળ,બગલના વાળ,નખ,લોહીના નમૂના (PLAIN AND EDTA BULB) માં લઈને સીલ પેક કરીને વધુ તપાસ અર્થે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ફાલસાવાડી સુરત ખાતે મોકલવા માટે પોલીસ કોન્સ્ટેબલ સતિસ એન ચૌધરી, બકલ નં.૬૬૪,સોનગઢ નાઓને સુપ્રત કરેલ. અમોના દ્રારા તેને કોઈ સારવાર આપવામાં આવેલ ન હતી.આ ભોગ બનનારની તપાસ તા.૨૯.૧૨.૨૦૨૧ નાં રોજ સાંજે ૪.૪૫ વાગ્યે પૂર્ણ કરેલ. મારા અભિપ્રાય મુજબ ભોગ બનનાર"ટ" ઉંમર ૧૬ વર્ષ ૧૦ મહિના ની મેં તે દર્દીને તપાસણી કરેલ અને તેણી નો ઈતિહાસ અને FSL પરિક્ષણ માટે નમુના લિધેલ તથા નિષ્ણાતના અભિપ્રાય માટે ગાયનેક તરફ રીફર કરેલ. તમામ હકીકત અમોએ અમારા હસ્તાક્ષરમાં નિયત નમુનાના ફોર્મમાં લખી તૈયાર કરેલ તેમાં મારી સહી તેમજ મારા હોદદાનો સિક્કો છે જે રજૂ દાખલ આંક –(પી.ડબલ્યુ.–૧૫)–૮૦. મેં જે સેમ્પલ્સ લીધેલા તે એફ.એસ.એલ.ને મોકલેલ જે ફોરવર્ડીંગ પત્રની સ્થળપત હું મારી સાથે લાવેલ છુ. જે રજુ દાખલ આંક–(પી. ડબલ્યુ.–૧૫)–૮૧.

હુ જ્યારે તા.૨૯.૧૨.૨૦૨૧ના રોજ મારી ફરજ પર હતો તે દરમ્યાન આરોપી બલીરામ ગમનભાઈ કોંકણી ઉંમર વર્ષ આશરે ૩૯નાને આંબા ગામ સોનગઢનાઓ બપોરે ૧–૦૦ વાગ્યે મારી સમક્ષ સોનગઢ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ પોલીસ યાદી સાથે જાતિય સતામણીના કિસ્સામાં મેડીકલ તપાસણી માટે લાવવામાં આવેલ. જેની યાદી **આંક –(પી.ડબલ્યુ.–૧૫)–૮૨.** યાદી મળ્યા બાદ મેં દર્દીનો ઓ.પી.ડી.કેસ પેપર કાઢેલ જે **આંક –(પી.ડબલ્યુ.–૧૫) –૮૩.**

તેણે મને બનાવ અંગેનો ઈતિહાસ ગુજરાતી ભાષામાં જણાવેલ જે હકીકત ને અંગ્રેજીમાં નીચે મુજબ લખી જણાવેલ છે.બલીરામનાં કહેવા પ્રમાણે તેનો તેણીની સાથે શારિરીક સબંધ મે મહિના ૨૦૨૧ દરમ્યાન ત્રણ વખત કોન્ડોમ વગર કરેલ. પ્રથમ અને બીજી વખત તેના ખેતરના ઝુંપડામાં અને એક અઠ્વાડિયાના અંતરાલમાં કરેલ અને ત્રીજી વખત દેવજીપુરા ખાતે

તેની બહેનના ઘરે આશરે ૩૧–૦૫–૨૦૨૧ નાં રોજ કરેલ.ત્રણેય વખત શારિરીક સબંધ તેણીની મરજીથી કોઇ પણ જાતની લોભ–લાલચ આપ્યા વગર કરવામાં આવેલ. તેને લગ્નસબંધ અંગે પુછતાં પોતે પરિણીત હોવાનો જણાવેલ તેમજ તેને ચાર છોકરીઓ છે એમ જણાવેલ. ઓળખની નિશાની અંગે તપાસણી કરતાં તેના ગળાનાં જમણાં ભાગ ઉપર કાળા તલની નિશાની હતી. શારિરીક તપાસ દરમ્યાન તે સંપૂર્ણપણે સભાનવસ્થામાં હતો તેમજ સહકારી હતો તથા સમય,સ્થળ અને વ્યક્તિ અંગેનું ભાન હતું.તેનું તાપમાન સામાન્ય, બી.પી. ૧૩૦/૮૦ એમ.એમ.એચ.જી., નાડીના ધબકારા ૮૬/ મિનિટ,SPO2–૯૯% , તેણીના પેઢુનો ભાગ તથા પેટનો ભાગ સામાન્ય હતો.તેમનુ શ્વસનતંત્ર પણ સામાન્ય હતુ.તેમનુ રુધિરાભિષણતંત્ર પણ સામાન્ય હતુ. સામાન્ય તપાસ દરમ્યાન તે મધ્યમ બાંધાનો હતો તેમજ તેની માનસિક સ્થિતિ સામાન્ય હતી. તેના દ્વિતીય કક્ષાના અવયવો તેમજ બાહ્ય જનનાંગો સુવિકસિત હતાં તેમજ શરીર પર કોઇ ઇજાનાં નિશાન ન હતાં.ભૂતકાળમાં ૧૦ થી ૧૨ વર્ષ પહેલાં નસબંધી કરાવેલ હતી. ગુપ્ત ભાગની તપાસ કરતાં કોઇ બાહય વાળની હાજરી ન હતી. ગુપ્ત ભાગમાં કોઇ પણ ઇજાનાં નિશાન ન હતાં કે વીર્યના કે લોહીના ડાઘની હાજરી ન હતી. બાહ્ય જનનાંગોની તપાસ દરમ્યાન સામાન્ય અવસ્થામાં શિશ્નની લંબાઇ ૬ સે.મી. હતી તેમજ શિશ્ન પર કોઇ ઇજા,ઘસરકા કે નખના ઇજાના નિશાન ન હતા.તેને સારણગાંઠ,હાયડ્રોસિલની તકલિફ ન હતી. શિશ્નનો અગ્રભાગ સંવેદનશીલ હતો તેમજ ક્રિમેસ્ટ્રીક રિફ્લેક્સ પોઝીટીવ હતો તેની લોહી તપાસ દરમ્યાન એચ.આઇ.વી. તેમજ VDRL ના નમૂનાનો રિપોર્ટ નેગેટીવ હતો અને HBSAg નો રિપોર્ટ પોઝીટીવ હતો. FSL તપાસ માટે નખ,લાળ તથા બકલ સ્વેબ,માથાના વાળ,ગુપ્ત ભાગના વાળ,બગલના વાળ,લોહીના નમૂના (PLAIN AND EDTA BULB) અને વીર્યના નમૂના ત્રણ પ્રયત્ન બાદ તા.૩૧.૧૨.૨૦૨૧ નાં રોજ લઇને સીલ પેક કરીને વધુ તપાસ અર્થે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ફાલસાવાડી સુરત ખાતે મોકલવા માટે પોલીસ કોન્સ્ટેબલ સતિશ એન.ચૌધરી બકલ નં.૬૬૪ ને સુપ્રત કરેલ. મારા અભિપ્રાય મુજબ આરોપી પોતે સંભોગ કરવા સક્ષમ છે તે માલૂમ પડે છે.

તમામ હકીકત અમોએ અમારા હસ્તાક્ષરમાં MLC ફોર્મમાં લખી તૈયાર કરેલ તેમાં મારી સહી તેમજ મારા હોદદાનો સિક્કો છે જે **આંક –(પી.ડબલ્યુ.– ૧૫)– ૮૪.** મેં આરોપીના જે સેમ્પલ્સ લીધેલા તે એફ.એસ.એલ.સુરતને પરિક્ષણ અર્થે યાદી સાથે મોકલેલ. **જે રજૂ દાખલ આંક –(પી.ડબલ્યુ.–૧૫) –૮૫.** ''

**૨૪.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી નથી કે, એમ.એલ.સી. પેશન્ટના કિસ્સામાં અમે પોલીસ યાદીના આધારે ઈજાપામનાર, ભોગબનનારનુ નામ–સરનામુ, ઉંમર લખી લઈએ છીએ. સાહેદ જણાવે છે કે, અમે ચકાસણી કરીએ છીએ. એ વાત ખરી છે કે, ભોગબનનાર જે તેની સાથે તેની ઉંમરનો આધાર લઈને આવેલ હોય અને મેં તે જોયેલ હોય તેવી હકીકત મેં મારા સર્ટીફીકેટમાં જણાવેલ નથી. મેં જે લખાણ બનાવની વિગતનુ રજુ કેરલ છે તે સમયે હું, મારો સ્ટાફ, ભોગબનનાર અને તેના માતા–પિતા હાજર હતા.આ લખાણ બપોર પછીના સમયગાળામાં લખેલુ. આ લખાણ માટે ભોગબનનારને મેં અલગથી રૂમ ફાળવેલો. આ બનાવની વિગત લખતા ભોગબનનારને દશ–પંદર મીનીટનો સમય થયેલ. એ વાત ખરી નથી કે, આ લખાણ લખવામાં ભોગબનનારને તેના માતા–પિતા મદદ કરતા હતા. એ વાત ખરી નથી કે, આ લખાણ ભોગબનનારના પિતાએ લખાવેલુ અને ભોગબનનારે લખેલુ. એ વાત ખરી નથી કે, ભોગબનનાર કેટલુ અને શું ભણેલી છે તેની માહિતી મને આપવામાં આવેલી નહીં. એ વાત ખરી છે કે, ભોગબનનારની વર્તણુંક અને સ્થિતી સામાન્ય હતી. એ વાત ખરી છે કે, ભોગબનનાર મારી પાસે આવેલી ત્યારે ગભરાયેલી હોય તેવુ જણાંતુ ન હતુ. જેને ભોગબનનારે તેના

હસ્તાક્ષરની વિગત આપેલાનુ જણાંવુ છુ તેમાં ઉપરના ભાગે જે અંગ્રેજીમાં ભોગબનનારનુ નામ, ઉંમર, ગામ તથા તારીખ લખેલા છે તે મારા હસ્તાક્ષર છે. જયારે ગુજરાતીમાં નામ લખેલ છે તે ભોગબનનારના હસ્તાક્ષર છે. એ વાત ખરી છે કે, જયારે અંગુઠાનુ નિશાન લેવામાં આવે ત્યારે તે વ્યકિતના જમણા કે ડાબા અંગુઠાનુ નિશાન છે તે જણાવવુ પડે. એ વાત ખરી છે કે, આ લખાણની નીચે જે અંગેઠાનુ નિશાન છે તે વ્યકિતના ડાબા કે જમણા હાથનો અંગુઠો છે તેવી જણાવતી વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, આ અંગુઠો જે વ્યકિતનો છે તેનુ પુરેપુરૂ નામ લખેલ નથી. એ વાત ખરી છે કે, ફીલીપભાઈનુ આખુ નામ લખેલ નથી. એ વાત ખરી છે કે, રત્નીબેન તથા ફીલીપભાઈ તેવા નામ એક કરતા વધુ વ્યકિતના હોઈ શકે. એ વાત ખરી નથી કે, આવી કોઈ વિગત ભોગબનનારે મારી સમક્ષ લખેલ નથી કે, તેણે તેના માતા–પિતાએ તેવી કોઈ સહી કે અંગુઠાનુ નિશાન કરેલ નથી. એ વાત ખરી નથી કે, મેં તેવી હકીકત પોલીસ યાદીના આધારે લખી લીધેલી છે. એ વાત ખરી છે કે, ભોગબનનારે જે વિગત આપેલાનુ જણાવુ છુ તેમાં બનાવ કઈ તારીખે, કેટલા વાગ્યે બનેલ તેવી હકીકત જણાવેલ નથી તેમજ ગલત કામમાં શું કરેલ તે જાહેર કરેલ ન હતુ. એ વાત ખરી છે કે, તેના ફોટા તથા વિડિયો કોણે પાડેલા અને કેવી સ્થિતીમાં પાડેલા તે પણ તેણે જણાવેલ ન હતુ. ભોગબનનારે સાત મહિના સુધી તેના ઘરે કોઈ વાત ન કરવાનુ કારણ પણ તેણે જે વિગત આપેલ છે તેવુ જણાવુ છુ તેમાં જાહેર કરેલ ન હતુ. હું જેને ભોગબનનારે આપેલી વિગત આપેલી જણાવુ છુ તેમાં ઘણી જગ્યાએ છેકછાક અને ઘુટેલા અક્ષર છે. ભોગબનનારે સોનગઢ તેને કોઈ મળેલુ હોય તેની સાથે કોઈ સમય પસાર કરેલ હોય કે તેને કોઈ અન્ય ઈસમ સાથે સબંધ હોય કે તે ઘર છોડીને જતી રહેલ હોય તેવી કોઈ વિગત મારી સમક્ષ જાહેર

કરેલ ન હતી. એ વાત ખરી છે કે, મેં ભોગબનનારના ગુપ્તભાગની આંતરીક તપાસ કરેલી નથી. એ વાત ખરી નથી કે, ભોગબનનારે મારી સમક્ષ કોઈ વિગત જ જાહેર કરેલ ન હતી આ વિગત ભોગબનનારના પિતાએ લખાવેલ. ભોગબનનાર જો તેને અગાઉ કોઈની સાથે શારીરીક સબંધ હતા તેવુ જો મારી સમક્ષ જાહેર ન કરે તો મને ખબર ન પડે. મેં ભોગ બનનાર સાથે શારીરીક સબંધ બંધાયેલા હોય તે અંગે કોઈ અભિપ્રાય આપેલા નથી. સાહેદ જણાવે છે કે, મેં તેને ગાયનેક તરફ રીફર કરેલ. એ વાત ખરી છે કે, ભોગબનનારના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેટર પૂર્ણ વિકસીત હતા તેના શરીર કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા. સામાન્ય પણે જો કોઈ સ્ત્રી કે છોકરી કહેવાતા જાતિય હિંસા કે જાતિય પ્રવેશના બનાવ બાદ સાત માસ બાદ મેડીકલ તપાસણી માટે આવે તો મેડીકલ તપાસણીના આધારે તેવા જાતિય પ્રવેશના કોઈ અભિપ્રાય આપી શકાય નહીં. ભોગબનનારે જે સોનગઢ નો બનાવ ૩૧ મી મે ના રોજ બનેલાનુ જણાવેલ તે બાદ ૨૪ મી તારીખે તેની મમ્મી અને દાદીને જાણ કરેલાનુ જાહેર કરેલ તો તે ૨૪ તારીખ કયા માસથી હતી તેવી હકીકત તેણે મારી સમક્ષ જાહેર કરેલ ન હતી. મને તેણે ૨૩ મી તારીખ કયા માસની પુછવા છતાં તેની સ્પષ્ટતા કરેલ નહીં. એ વાત ખરી છે કે, જો ભોગબનનારે કે ઈજાપામનારે જે વિગત લખી આપેલ હોય તે લખાઈ ગયા બાદ મારા હોદદાનો સિકકો તથા સહી કરવામાં આવે તેવુ લખાણ પુરૂ થાય પહેલા મારી સહી કે હોદદાનો સિકકો ન આવે. એ વાત ખરી નથી કે, મારી સમક્ષ ભોગબનનારે કોઈ વિગત હું જણાવુ છુ તેવી લખીને આપેલ નથી. એ વાત ખરી નથી કે, ભોગબનનારના પિતાએ જે હકીકતો ઉપજાવી કાઢેલ અને તેમાં પોલીસે જે સહકાર આપેલ તે માટે મેં પણ એક કાગળ ઉપર સહી કરીને આપી દીધેલ જેમાં બાદમાં આવી વિગત લખાયેલ. એ વાત ખરી છે કે, હું

જેને ભોગબનનારે આપેલ વિગત તેવુ જણાવુ છુ તે લખાણના અંતે તારીખ કે સ્થળનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં જે અંગ્રેજી ભાષાંતર કરેલ છે તેમાં પણ બેડવર્ક તેવુ લખેલ છે તેમાં શું કાર્ય થયેલ તે સ્પષ્ટ કરેલ નથી. ભોગબનનારે મારી સમક્ષ તેને ગાઈડ લઈને આવવા કહેલ તેવુ લખાવેલ નથી.

એ વાત ખરી છે કે, આરોપીને પોલીસ યાદી સાથે લાવવામાં આવેલ મારી સમક્ષ તેને કઈ તારીખે અટક કરેલ તેવુ જણાવેલ ન હતુ. એ વાત ખરી છે કે, મેંડીકલ તપાસણી સમયે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો અને પોલીસ પણ તેને લઈને આવેલ હતી. એ વાત ખરી નથી કે, આરોપીએ મને કોઈ વિગત આપેલ નથી. એ વાત ખરી છે કે, હું જેને આરોપીએ આપેલ વિગત આપેલ જણાવુ છુ તેવી કોઈ વિગત આંક-૮૪ ના એમ.એલ.સી.માં ગુજરાતીમાં લખેલ નથી તેમજ તેવી વિગત આપનાર તરીકે આરોપીની કોઈ સહી પણ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારે જે વિગત લખી આપેલ છે તે તેના હસ્તાક્ષરમાં અને તેની સહી લીધેલ હોવાનુ જણાવુ છુ ત્યારે આરોપીએ જે વિગત આપેલાનુ જાહેર કરૂ છુ તેમાં આરોપીની સહી કે તેવી વિગત ગુજરાતી ભાષામાં ન હોવા અંગેનુ કોઈ કારણ હું આપી શકુ નહીં. એ વાત ખરી નથી કે, આવી કોઈ વિગતભોગબનનારે કે આરોપીએ મારી સમક્ષ આપેલ ન હતી. એ વાત ખરી છે કે, આરોપીના શરીર પર પણ કોઈ ઈજાના નિશાન ન હતા. એ વાત ખરી નથી કે, મેં પોલીસ યાદીના આધારે બનાવની વિગત લખી લીધેલ. એ વાત ખરી નથી કે, મેં ખોટા સર્ટીફીકેટ ઈસ્યુ કરેલા છે અને હું ખોટી જુબાની આપુ છુ. ''

<u>**નકશો તૈયાર કરનાર સાહેદ:–**</u>

**(૨૫).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૬ પ્રતાપભાઇ પોપટભાઇ મેરને આંક–૮૭** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હાલમાં હું વિસ્તરણ અધિકારી સોનગઢ તરીકે સોનગઢ મુકામે ફરજ બજાવુ છુ. હું જુન–૨૦૧૯ થી આ હોદદા પર ફરજ બજાવુ છુ. મને જાન્યુઆરી–૨૦૨૨ માં સોનગઢ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી ધ્વારા પોકસોના ગુનાના કામે આરોપી બલીરામ ગમનભાઈ કોંકણીના ખેતરનુ સ્થળ સ્થિતીનુ નકશો બનાવવા કહેલ જેમાં જે કાચુ ઝુપડુ આવેલ તેનો પણ નકશો તૈયાર કરવા કહેલ જે આધારે ગુનાવાળી જગ્યાએ ગયેલ અને ત્યાં જઈ સ્થળનુ નિરિક્ષણ કરી નકશો તૈયાર કરેલ. જે નકશો નાયબપોલીસ અધિક્ષકશ્રીને ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલેલ હતો. જે ફોરવર્ડીંગ પત્રમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. તેમજ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ જે **અનુક્રમે રજુ દાખલ આંક–(પી.ડબલ્યુ.–૧૬)–૮૮ તથા ૮૯.** ''

**૨૫.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" હું વિસ્તરણ અધિકારી તરીકે જુન–૨૦૧૯ થી ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, મારે ઘણા મકાન, જગ્યા, ખેતરના નકશા તૈયાર કરવા જવાનુ થાય. મારે હાલના કિસ્સામાં જે ઝુપડાનો નકશો તૈયાર કરવા જવાનુ હતુ તેના ઓળખ માટે તે ખેતીની જમીનના નંબર– ૭/૧૨ ના ઉતારા તેવા કોઈ આધાર આપેલા નહીં. પોલીસે મને પહેલા આ જગ્યા પર જતા પહેલા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ મને આપેલ જે મેં વાંચેલ. મેં જે પંચનામુ વાંચેલ, તેમાં જે જગ્યાનુ વિગતવારનુ વર્ણન કરવામાં આવેલ છે તે જગ્યા પર હું ગયેલ. હું તે ઝુપડામાં ગયેલ નહીં. સાહેદ જણાવે છે કે, તે ઝુપડુ બંધ હતુ. નકશો કરવા ગયેલ

ત્યારે પોલીસ મારી સાથે આવેલ નહીં. એ વાત ખરી છે કે, જો ખેતીના સર્વે નંબર ન હોય તો જમીન ઓળખી શકાય નહીં. એ વાત ખરી છે કે, ઘણા ખેતરમાં ઝુપડા આવેલા હોય છે. સાહેદ જણાવે છે કે, તલાટી–કમ મંત્રીને હું સાથે લઈ ગયેલ. એ વાત ખરી છે કે, મારા નકશામાં તલાટી–કમ મંત્રીની કોઈ સહી નથી તેમજ તલાટી–કમ મંત્રીનુ નામ પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, નકશામાં જયાં સુધી સ્કેલનુ યોગ્ય માપ લેવાયેલ ન હોય ત્યાં સુધી કઈ વસ્તુ બીજી વસ્તુથી કેટલી દુર છે તે કહી શકાય નહીં. એ વાત ખરી છે કે, આંક–૮૯ ના નકશામાં મેં કોઈ ખેતીના સર્વે નંબર, ક્ષેત્રફળ, તેમાં રહેલ પાકની વિગત તેમજ તે ખેતરની ચતુર્થદિશામાં લાગુ કોની ખેતીની જમીન છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ નકશો કઈ તારીખે તૈયાર કરેલ તે કહી શકાય નહી. એ વાત ખરી નથી કે, આ નકશો તૈયાર કરતા સમયે સ્થળથી માહિતગાર વ્યકિતને સાથે રાખેલ નથી. એ વાત ખરી છે કે, નકશો આપ્યા બાદ પોલીસે મારૂ કોઈ નિવેદન નોંધેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નકશો બનાવવાનુ કહયા બાદ પછીથી હું આજરોજ જુબાની આપવા આવેલ છુ. નકશામાં ઝુપડાની સ્થિતી વિશે કોઈ ઉલ્લેખ નથી તેમજ તે ઝુપડુ કાચુ છે કે પાકુ તે પણ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આ નકશો પોલીસે આપેલ પંચનામાના આધારે મારી ઓફીસમાં બેસી તૈયાર કરી દીધેલ જેથી તેમાં કોઈ માપ ક્ષેત્રફળ, ચતુર્થદિશા કે ઝુપડાની સ્થિતી વિશે દર્શાવેલ નથી. મને આ ગુનાની વિગત પોલીસે જણાવેલી. એ વાત ખરી છે કે, પોલીસ મને આપેલ પત્ર હું આજરોજ મારી સાથે લાવેલ નથી. ”

<u>**અન્ય સાહેદોનો પુરાવો:-**</u>

**(૨૬).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૭ ભરતભાઈ સખારામભાઈ કોંકણીને આંક–૯૦** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું આજરોજ કોર્ટમાં હાજર છે તે બંને આરોપીઓને ઓળખુ છુ. મારે આમલાન ગામમાં ખેતીની જમીન આવેલી છે. આરોપી બલીરામ જે મારા છોકરા સુભાષનો સાઢુભાઈ થાય છે. આ આરોપીઓ ઘણીવાર સગા થતા હોય આવ–જા કરતા હતા. આ આરોપીઓ હાલનો જે બનાવ બનેલ તેના કેટલા સમય પહેલા મારે ત્યાં આવેલા તેની મને ખબર નથી પણ આ બંને આરોપીઓ અમારા ઘરે આવેલા તેના બીજા દિવસે પોલીસ અમારા ઘરે આવી આ બંને વિશે પુછતી હતી. આ બંને આરોપી જયારે અમારા ઘરે આવેલા ત્યારે હું અને મારી ઘરવાળી નવાપુર મુકામે ટામેટા વેચવા ગયેલા. અમારા ખેતરમાં આ બંને જણાએ કંઈ કરેલ નહીં. મેં પોલીસને મારા ખેતરમાં કોઈ જગ્યા બતાવેલ નથી. પોલીસે મારા ઘર પાસે મુકેલ મોટર સાયકલમાંથી પણ કંઈ કબ્જે કરેલ નહીં. આ ખેતીની જમીન જયાં હુ રહુ છુ તે મારા નામે છે. મેં પોલીસને મારી ખેતીના આધાર પુરાવા આપેલા.'' ફરીયાદપક્ષે આ સાહેદને **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.

**૨૬.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસ ઘ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી નથી કે, મારી આમલાન ગામની ખેતીની જમીનમાં મારા સિવાય બીજાના પણ નામ માલિક તરીકે દર્શાવેલા છે અને તે મેં ૭/૧૨ પોલીસને આપેલા. એ વાત ખરી છે કે, હું બનાવ વિશે કાંઈ જાણતો નથી અને મેં પોલીસને કંઈ જણાવેલ નથી. પોલીસે માત્ર મારૂ નામ–સરનામુ પુછેલુ. મને ગુજરાતી લખતા, વાંચતા, સમજતા આવડતુ નથી. મારી હાજરીમાં

મારા ખેતરે આરોપી બલીરામને લઈને આવેલા હોય અને તેણે કોઈ ચીજવસ્તુઓ કાઢી આપેલ હોય તેવુ બનેલ નથી. ”

**(૨૭).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૮ હર્ષાબેન સુભાષભાઈ કોંકણીને આંક–૯૧** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હું આજરોજ કોર્ટમાં હાજર છે તે બંને આરોપીઓને ઓળખુ છુ. અમારે આમલાન ગામમાં ખેતીની જમીન આવેલી છે. મારૂ સાસરૂ આમલાન ગામે છે. આરોપી અનીતા મારી સગી બહેન અને બલીરામ મારા જીજાજી થાય છે. આ આરોપીઓ કોઈકોઈ વાર અમારા ઘરે આવતા. મારા બેન–બનેવીને પોલીસ પકડીને લઈ ગયેલ હોય તેની મને ખબર નથી. તેમને શા માટે પકડેલ તેની પણ મને ખબર નથી. તેમને કયારે પકડેલા તે પણ મને ખબર નથી. આ બંને આરોપીઓ અમારા ઘરે અઠ્ઠાવીસ તારીખે આવેલા તે સાલ કે મહિનો ખબર નથી તેઓ અમારે ત્યાં દશેક મીનીટ રોકાયેલા તે સમયે અમારા સબંધીને ત્યાં લગ્ન હોય અને અમે જવાના હોવાથી તેઓ જતા રહેલા. તેઓ બાઈક લઈને આવેલા. તેઓ બાઈક લઈને પાછા જતા રહેલા. તેના બીજા દિવસે પોલીસ અમારા ઘરે આવી ત્યારે અમે ગામમાં હતા. પોલીસે મને કંઈ પુછેલ નહીં. પોલીસ બીજા દિવસે બલીરામને લઈને આવેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે અમારા ઝુપડામાંથી કે ખેતરમાંથી કે, ઘર પાસે મુકેલ મોટર સાઈકલમાંથી કંઈ કબ્જે કરેલ નથી. પોલીસે મારી પુછપરછ કરેલ નથી.'

ફરીયાદપક્ષે આ સાહેદને **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.

**૨૭.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

“ એ વાત ખરી છે કે, હું બનાવ વિશે કાંઈ જાણતી નથી અને મેં પોલીસને કંઈ જણાવેલ નથી. પોલીસે માત્ર મારૂ નામ–સરનામુ પુછેલુ. મને ગુજરાતી

લખતા, વાંચતા, સમજતા આવડતુ નથી. મારી હાજરીમાં અમારા ખેતરે આરોપી બલીરામને લઈને આવેલા હોય અને તેણે કોઈ ચીજવસ્તુઓ કાઢી આપેલ હોય તેવુ બનેલ નથી. અમારૂ ઝુપડુ જે ખેતરમાં આવેલ છે તેનાથી થોડે દુર બીજા ખેતરમાં પણ ઝુપડુ આવેલુ છે. ”

**<u>તબીબી/ ગાયનેક સાહેદનો પુરાવો:–</u>**

**(૨૮).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૯ ડો.રોશનીબેન કવીદાસ ભગત(મેડીકલ ઓફીસર)ને આંક–૯૫** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હુ ડી.જી.ઓ **ગાયનેકની ડીગ્રી** ધરાવુ છુ તા.૨૯–૧૨–૨૦૨૧ ના પહેલાથી હું ગાયનેક તરીકે મારી ફરજ પર જનરલ હોસ્પીટલ વ્યારા મુકામે આશરે ત્રણ વરસથી બજાવતી હતી. હાલમાં હું વ્યારા ખાતે પ્રાઈવેટ હોસ્ટિપટલમાં ગાયનેક તરીકે ફરજ બજાવુ છુ. હુ જયારે તા.૨૯–૧૨–૨૧ ના રોજ મારી ફરજ પર હતી ત્યારે ભોગ બનનાર "ટી" ઉંમર વર્ષ આશરે ૧૬ વર્ષ ને સાંજના ૬–૨૦ કલાકે મારી સમક્ષ સોનગઢ પોલીસ સ્ટેશનના ડબલ્યુ પી.સી..મિનાબહેન બાબલાભાઈ ગામીત બંકલ નં.૭૮૪ ના દ્રારા જાતિય સતામણીના કિસ્સામાં મેડીકલ તપાસણી માટે પ્રથમ જે સોનગઢના મેડીકલ ઓફિસર સમક્ષ તપાસણી થયેલ તે બાદ તેમની રીફર ચીઠ્ઠી તથા પોલીસ યાદી સાથે મારી સમક્ષ લાવવામાં આવેલ જે રીફર ચીઠ્ઠી **જે રજૂ દાખલ (પી.ડબલ્યુ.૧૯)આંક–૯૬** અને પોલીસ યાદી **(પી.ડબલ્યુ.૧૯)આંક–૯૭** તેમજ ભોગ બનનારની અમોએ તપાસણી કરેલ તેનુ ઓ.પી.ડી.કેસ પેપર **(પી.ડબલ્યુ.૧૯) આંક–૯૮.** આ દર્દી રીફર ચીઠ્ઠી સાથે આવેલ હોય મેં ડાયરેકટ તેની તપાસણી શરુ કરેલ તેમજ તે તપાસણી માટે ભોગ બનનાર સગીર વયની હોય જેથી તેની માતા ''આર'' ''એફ'' ગામીતની સંમતી લીધેલ અને ભોગ બનનારના જમણા અને ડાબા હાથનાં અંગુઠાનુ નિશાન લીધેલ અને તેની સહી લીધેલ.અને આ તપાસણી મેં પોલીસ ડબલ્યુ

પી.સી..મિનાબહેન બાબલાભાઈ ગામીત બંકલ નં.૭૮૪ ની હાજરીમાં તેમજ સ્ટા નર્સ પ્રિતાબેન જયંતીલાલ ગામીતનાઓની હાજરીમા કરેલ.

આ ભોગ બનનારને બનાવની વિગત પુછતા તેણીએ ગુજરાતી ભાષામાં અમોને જણાવેલ તે હકીકત અમોએ એમ.એલ.સી.સર્ટીફીકેટમાં મારા હસ્તાક્ષરમાં અંગ્રેજી અનુવાદ કરીને લખી લીધેલ. તેમા તેમણે એવુ જણાવેલ કે," તે આંબાગામ તા.સોનગઢમાં બલીરામ કોંકણીના ખેતરમાં કામ કરતી હતી. માર્ચ ૨૦૨૧ માં બલીરામે ભોગબનનાર '' ટી '' ને જણાવેલ હતુ કે, એના મોબાઇલમાં વીડીઓ બનાવશે જેનાથી એ પૈસા કમાઇ શકે છે જે બાબતે ભોગબનનારે જણાવ્યુ હતુ કે એ એના મા–બાપને પુછીને આવશે . બલીરામની પત્નીએ ભોગબનનારની માતાને ફોન કરી ભોગબનનારના આધાર કાર્ડ સાથે કોઇક કામ માટે એમના ઘરે મોકલવા જણાવેલ હતુ. ભોગબનનાર તેમના ઘરે સાંજના સમયે ગઇ હતી ત્યાં બલીરામે એની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધેલા હતા અને બનાવનો વિડીઓ બલીરામ અને એની પત્નીએ ઉતારેલ હતો. જેના પછી ભોગબનનાર ગભરાઇ ગયેલ હતી અને દુઃખી થઇને ઘરે જતી રહેલ હતી. જેને દુઃખી જોઇને ભોગબનનારની માતાએ દુઃખી રહેવાનું કારણ પુછેલ હતુ. પરંતુ ભોગબનનારે કંઇ નથી એમ જણાવેલ. ત્યારબાદ એક અઠવાડીયા પછી બલીરામે ભોગબનનારની માતાને કહ્યુ કે , તેની દિકરી પ્રિયંકાને ભોગબનનારનું કંઇ કામ હોય ભોગબનનારને તેના ઘરે મોકલવી . પ્રિયંકા અને ભોગબનનાર બન્ને એકજ કલાસમાં ભણતા હતા. ભોગબનનાર તેના ઘરે ગઇ જ્યાં પ્રિયંકા હાજર ન હતી અને બલીરામે ભોગબનનારની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધેલ અને ફરીથી બલીરામ અને તેની પત્નીએ વીડીઓ ઉતારેલ. ત્યારબાદ તા.૩૧/૫/૨૧ ના રોજ બલીરામે ભોગબનનારના પિતાને ભોગબનનાર ''ટી'' ને બેન્કમાં કે.વાય.સી.ના કામ માટે પોતાની સાથે મોકલવા જણાવેલ. બેન્કના બદલે બલીરામ ભોગબનનારને બલીરામની બહેનના ઘરે સોનગઢમાં લઇ ગયેલો હતો. જ્યાં ફરિ ભોગબનનારની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધેલો અને બલીરામ અને તેની પત્નીએ વીડીઓ ઉતારેલો. તા.૨૪/૧૨/૨૧ ના રોજ

ભોગબનનારની માતાએ એને બે દિવસથી સ્કુલ ન જવાનું કારણ પુછ્યુ. ભોગબનનારે જણાવ્યુ કે બલીરામનું ઘર સ્કુલના રસ્તામાં પડતા દરેક વખતે આવતા જતા બલીરામ એને છેડતો હતો''મારી ''ટી'' સ્કુલેથી આવી ગઇ '' '' મારી ''ટી'' સ્કુલ જાય છે'' એવુ કહેતો હતો જેનાથી ભોગબનનાર ગભરાતી હતી . ભોગબનનારને આરોપી દ્ધારા ફરિ પાછુ તેણીની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બંધાવવાનો ડર હતો એટલે તેણીએ સ્કુલે જવાનું બંધ કરેલ હતુ અને ચર્ચમાં જવાનું ઓછુ કરી નાખેલુ આ બધા બનાવની ભોગબનનારે તેની માતા અને દાદીને વાત કરી હતી જેના વિશે તેઓએ બલીરામને પુછેલ હતુ બલીરામે એમને જે થાય તે કરી લેવાની ધમકી આપેલ હતી. ત્યારબાદ તે લોકોએ પોલીસ સમક્ષ ફરિયાદ કરેલ હતી. .'' મેં આ વિગત લખેલ. ભોગબનનારની હિસ્ટ્રી અને શારિરીક તપાસ બાદ મારા મત મુજબ ભોગબનનારે શારિરીક સંબંધ બાંધ્યો છે. આ તમામ વિગતો મે મારા હસ્તાક્ષરમાં અંગ્રેજી ભાષામાં લખી લીધેલ જે એમ.એલ.સી.નં.૨૪૨૬ માં મારી સહી કરેલ અને હોદદાનો સિક્કો મારેલ જે એમ.એલ.સી. **દાખલ (પી.ડબલ્યુ.-૧૯) આંક-૯૯.**

મેં આ દર્દીનુ નામ ઉંમર પુછેલ તેમજ તેની ઓળખના નિશાનમાં જોતા ડાબી આંખના બહાર તરફના ખુણામાં તથા જમણી આંખ નિચે ગાલ ઉપર તલની નિશાન હતા. મેં તેની તપાસણી સ્ટાફ નર્સ પ્રિતાબહેન જયંતીલા ગામીત અને ડબલ્યુ પી.સી..મિનાબહેન બાબલાભાઈ ગામીત બંકલ નં.૭૮૪ ની હાજરીમાં કરેલી.મેં ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા માટે તેમની માતાની સંમતિ લીધેલ અને તેમાં તેની સહી તથા બન્ને હાથના અંગુઠાના નિશાન લીધેલા. તેમજ આ દર્દીના શારીરિક તપાસણી કરતા તેની ઉંચાઈ ૧૪૨ સે.મી.વજન ૨૯ કિ.ગ્રા. હતુ. શારીરિક બંધારણ સામાન્ય અને વર્તન સામાન્ય હતુ.તેના પેઢુનો તથા પેટનો ભાગ પોચો હતો. તેણે કોઈ કેફી દ્રવ્ય પીધેલ હોય તેવી હકીકત જણાયેલ નહી. તેની ચાલ સ્થિર હતી. તેના વાળની સ્થિતિ જોતા બગલમા, ગુપ્ત ભાગમાં તથા માથાના વાળ અસ્તિત્વમાં હતા. તેના દાંતની તપાસણી કરતા જે કુલ

૨૮ હતા. તેની છાતી તપાસતા તેનો વિકાસ સામાન્ય હતો જે ટેનર સ્ટેજ−4 હતુ. તે જ રીતે નીપલ તથા એરલીયાનો ભાગ પણ વિકસીત હતો. તેના છાતીના ભાગ ઉપર કોઇ ઈજાના નિશાન જોવા મળેલા નહિ. તેના ગુપ્ત ભાગની તપાસ કરતા તેના લેબીયા મેજોરા તથા લેબીયા માઈનોર વિકસિત હતા અને તેના પર કોઈ ઈજાના નિશાન ન હતા. બનાવ બાબતે ભોગબનનારે જણાવેલ કે બનાવ માર્ચ ૨૦૨૧ માં બે વખત આંબા ગામમાં અને એક વખત તા.૩૧/૫/૨૧ ના રોજ સોનગઢમાં બનેલો હતો. બનાવ વખતે ભોગબનનાર જમીન પર સુતેલાની હાલતમાં બનેલો.તેની માસિક આવવાની તારીખ અંગે પુછતા તેણે તા.૧૮−૧૨−૨૦૨૧ ના આવેલ હોવાનું જણાવેલ તથા બનાવ સમયે તે સભાન અવસ્થામાં હતી અને કોઇ કેફી દ્રવ્ય આપવામાં આવેલ ન હતુ. તેણે બનાવ બાદ સ્નાન કરેલ હતુ તથા કપડા બદલી દીધેલ હતા તેણે મુત્ર તથા મળત્યાગ કરેલો.

તેના ગુપ્ત ભાગની તપાસ કરતા ગુપ્ત ભાગના વાળ પર કોઈ પદાર્થ ચોંટેલ ન હતો તેના વલ્વા,ફોરશેક,પેરેનીયમ,વજાઇના પર કોઈ પણ પ્રકારના ઈજાના નિશાન ન હતા.પરંતુ યોનીપટલ તુટેલુ હતુ અને તે ચાર કલાકના સીમ્બોલીક સ્થિતીમાં જુની ઈજાના નિશાન હતા. તેના સમગ્ર શરીર પર જોતા તેના ડાબા હાથ ઉપર કોણીથી આગળના ભાગે જુની ઈજાના ત્રણ સીધી લીટીના નિશાન જે એક બીજાની બાજુ બાજુમાં હતા. અને તેના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહી. અને તેની યોની ભાગની તપાસમાં બે આંગળી સહેલાઇથી જઇ શકતી હતી. તેનો એક્સ રે લેવામા આવેલ ન હતો. તેના વેજાઈનામાંથી સેમ્પલ લેવામાં આવેલ તેનુ બ્લડ સેમ્પલ ગ્રુપ નક્કી કરવા માટે લેવાયેલ જેમા તેનુ બ્લડ ગ્રુપ ''ઓ'' પોઝીટીવ આવેલ. તેનો યુરીન પ્રેગ્નસી ટેસ્ટ અને એચ.આઇ.વી ટેસ્ટ નેગેટીવ આવેલ. તેણે આપેલ બનાવની વિગત તથા શારીરીક તપાસણી પરથી મારો અભિપ્રાય એ છે કે, ભોગબનનારની હિસ્ટ્રી અને શારિરીક તપાસ બાદ મારા મત મુજબ ભોગબનનારે શારિરીક સંબંધ બાંધ્યો છે. મેં ભોગબનનારની મેડીકલ

તપાસણી કરેલ તેની વિગત એનેક્ષર–૧ માં નોંધેલ. જે એનેક્ષર–૧ **જે રજુ દાખલ(પી.ડબલ્યુ.૧૯) આંક–૧૦૦.** મેં ભોગબનનારનું સેમ્પલ ડબલ્યુ પી.સી.મિનાબહેન બાબલાભાઈ ગામીત બંકલ નં.૭૮૪ સાથે મોકલેલા તેની એફ.એસ.એલને મોકલ્યા અંગેની સ્થળ પ્રત યાદી **જે રજૂ દાખલ (પી.ડબલ્યુ–૧૯) આંક–૧૦૧.**''

**૨૮.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, ભોગબનનારને મારી પાસે સારવાર અર્થે લાવેલા ત્યારે તે સભાન અવસ્થામાં હતા. ભોગબનનારની તપાસવાનુ ચાલુ કર્યુ અને પુરૂ થયુ તે વખતે આશરે ૪૫–મીનીટ થયેલી. ભોગબનનારે સાંજે ૬:૨૦ વાગ્યે લાવેલા. પોલીસ ભોગબનનારને યાદી સાથે લાવેલ. એ વાત ખરી છે કે, આ યાદીમાં બનાવની વિગતો જણાવેલી. એ વાત ખરી છે કે, આ યાદી મેં પહેલા વાંચેલી. એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે લેડીઝ કોન્સ્ટેબલ આવેલી.

એ વાત ખરી નથી કે, ભોગબનનારના શરીરની રચના પુખ્તવયની વ્યકિત જેવુ હતુ. એ વાત ખરી નથી કે, બનાવની હિસ્ટ્રી ભોગબનનારના પિતાએ લખી આપેલી. એ વાત ખરી નથી કે, ભોગબનનારે હિસ્ટ્રી લખી આપેલી નહીં. એ વાત ખરી છે કે, બનાવની હિસ્ટ્રી ભોગબનનારના શબ્દો માં લખાવની હોય છે.

એ વાત ખરી છે કે, ભોગબનનારે મને ગુજરાતીમાં બનાવની હિસ્ટ્રી કહેલી અને મેં અંગ્રેજીમાં ભાષાંતર કરી લખેલ છે. એ વાત ખરી છે કે, અંગ્રેજીમાં હિસ્ટ્રી લખ્યા પછી ભોગબનનારને મેં ગુજરાતીમાં સમજાવેલી નહીં.

ભોગબનનારનુ લોહી મેં લીધેલ નહીં. ભોગબનનારનુ લોહી મેં તપાસણી શરૂ કરી તે પહેલા લેબ ટેકનીશીયને લીધેલુ. એ વાત ખરી છે કે, આ લોહી મારી હાજરીમાં લેબ ટેકનીશીયને લીધેલ નથી.

એ વાત ખરી નથી કે, મારી સરતપાસના પેરા–૨ માં માર્ચ–૨૦૨૧ બાબતે ભોગબનનારે મારી રૂબરૂ કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, ભોગબનનારે મારી રૂબરૂ બનાવની હિસ્ટ્રીમાં તા.૩૧/૫/૨૦૨૧ પહેલા કોઈ બનાવ બનેલ નહીં તેવુ લખાવેલુ. એ વાત ખરી છે કે, ભોગબનનારનુ નામ, ઉંમર, સરનામુ પોલીસ યાદી ઉપરથી લખેલુ છે. "

(૨૯). ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૦ ચંદુભાઇ વેચીયાભાઇ ગામીતને આંક–૧૦૫(આંબા પ્રા.શાળાના આચાર્ય)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" હાલમાં હું પ્રાથમિક શાળા જામખડી, તાલુકો સોનગઢમાં આચાર્ય તરીકે ફરજ બજાવુ છે. આંબા પ્રાથમિક શાળામાં હું તા.૧/૭/૨૦૨૧ થી આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. મારી ફરજમાં શાળાનો વહીવટી તથા રેકર્ડની કસ્ટડી રાખવાની કામગીરી આવે છે. અમારી શાળામાં જે વિદ્યાર્થીએ પ્ર વેશ લીધેલ હોય ત્યારે પ્રવેશ સમયે તેનુ ફોર્મ ભરાવવામાં આવે છે જેમાં તેના વાલીએ બાળક વિશેની માહિતી આપવાની રહે છે. તે ફોર્મમાં માહિતી વાલીએ જે વિગત જાહેર કરેલ હોય તે આધારે ભરવામાં આવે છે અને તેમાં તેના વાલીની સહી લેવામાં આવે છે. બાળકની જન્મ તારીખ અંગે અમે તેમાં તેના બર્થ સર્ટીફીકેટની કોપી પણ માંગતા હોઈએ છીએ અને તે ફોર્મ સાથે રાખવામાં આવે છે.

નાયબ પોલીસ અધિક્ષકશ્રી વ્યારા વિભાગનાઓ દ્વારા અમોને સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે પોક્સો એકટ હેઠળ નોંધાયેલ ગુનાના

કામે ભોગબનનાર ''ટી'' ધોરણ–૧ માં અમારી શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવેલ હોય, ભોગબનનાર ''ટી'' ના શાળામાં દાખલ કરવાના પ્રવેશફોર્મ તથા જનરલ રજીસ્ટરના નમુનાની જન્મ તારીખની ચકાસણી માટે નકલ માં ગતા અમોએ અમારા શાળાના રેકર્ડમાંથી ભોગબનનાર ''ટી'' નો પ્રવેશ મેળવેલ તે સમયે શાળામાં દાખલ થવાનો નમુના નંબર–૯ નુ ફોર્મ ભરેલ તે ફોર્મ તથા જનરલ રજીસ્ટરનો ઉતારો મેં પોલીસને આપેલ. શાળામાં દાખલ કરવાના નમુનાનુ ફોર્મ બતાવવામાં આવે છે જે મારી શાળાનુ એડમીશન ફોર્મ છે જેમાં બાળકી ''ટી'' નુ એડમીશન તા.૧૯/૬/૨૦૧૦ ના રોજ તેના પિતાએ ફોર્મ ભરેલ જે ફોર્મ અસલ **રજુ દાખલ આંક–(પી.ડબલ્યુ–૨૦)–૧૦૬**. આ એડમીશન લેતા સમયે બાળકીની જન્મ તા.૫/૨/૨૦૦૫ તથા જન્મ સ્થળ મુકામ આંબા દર્શાવાયેલ છે અને તેમાં તેના પિતાએ સહી કરી આપેલ. આ ફોર્મ તા.૧૯/૬/૧૦ ના રોજ અમારી સ્કુલમાં સબમીટ થયેલ અને ફોર્મમાં વાલી તરીકે તેમના પિતા ''એફ'' ભીલનાઓની સહી છે. જે આધારે આ બાળકીને એડમીશન આપવામાં આવેલ અને તે આધારે શાળાના જનરલ રજીસ્ટરમાં તેની નોંધ અનુક્રમ નં. ૧૦૯૭ થી કરેલ. જે **દાખલ આંક–(પી.ડબલ્યુ–૨૦)– ૧૦૭**. હું આજરોજ મારી શાળાના અસલ જનરલ રજીસ્ટર તથા ફોર્મ નંબર–૯ પ સાથે લાવેલ છુ પોલીસે મારૂ નિવેદન લીધેલ.''

**૨૯.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

"એ વાત ખરી છે કે, હું સને–૨૦૨૧ ના સાલથી આ શાળામાં ફરજ બજાવતો હતો. મે જે એડમીશન ફોર્મની વિગત જણાવેલ છે તે રેકર્ડના આધારે જણાવુ છુ. એ વાત ખરી નથી કે, અમારી શાળામાં જયારે કોઈપણ વાલી બાળકનુ એડમીશન લેવા આવે ત્યારે તેનુ એડમીશન ફોર્મ જે તે વાલી પાસેથી હું

જાતે મેળવતો નથી. એ વાત ખરી છે કે, જ્યારે કોઈપણ વાલી એડમીશન ફોર્મમાં કોઈપણ હકીકત જાહેર કરે ત્યારે તેની કોઈ ચકાસણી અમારી સંસ્થા ધ્વારા કરવામાં આવતી નથી. બાળકીનુ શાળામાં એડમીશન લેતા સમયે ફોર્મ સાથે જન્મ સ્થળ કે જન્મનો આધાર રજુ રાખેલ કે કેમ તે હું કહી શકુ નહીં. સાહેદ જણાવે છેકે, એડમીશન મારા રૂબરૂ લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, હાલના કામે ભોગબનનારે પ્રથમ ધોરણથી અમારી શાળામાં પ્રવેશ મેળવેલ નથી. જન્મ નોંધના પ્રમાણપત્રમાં જે નામ હોય તે પ્રમાણે અમારી શાળામાં બાળકનુ નામ લખાવાનુ રહે. એ વાત ખરી છે કે, મને જન્મ તારીખ કે જન્મ સ્થળ વિશેની કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે, હું ખોટી જુબાની આપુ છુ. ”

(૩૦). ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૧ ભાવેશભાઈ ભગવાનઈ ટાંક (તલાટી કમ મંત્રી)ને આંક-૧૦૮** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

"હાલમાં હું ગ્રામપંચાયત, ટકારમા, તાલુકો ઓલપાડ, જીલ્લો સુરત ખાતે તલાટીકમ મંત્રી તરીકે ફરજ બજાવુ છુ. ગઈ તા.૩૦/૧૨/૨૧ ના રોજ અમો આંબાજુથ ગ્રામપંચાયતમાં તલાટી-કમ-મંત્રી તરીકે ફરજ બજાવતા હતા તે સમયે સોનગઢ પોલીસ સ્ટેશન તરફથી હાલના પોકસો એકટ અન્વયેના ગુનાના કામે ભોગબનનાર ''ટી'' ડો.ઓફ. ''એફ.'' ભીલના જન્મ તારીખ બાબતે જન્મનો દાખલો તથા જન્મ રજીસ્ટરની નકલ મેળવવા બાબતે યાદી કરેલ. આ યાદીને આધારે ગ્રામ પંચાયતના રેકર્ડમાંથી સને ૨૦૦૫ નું જન્મ નોંધણી અંગેનું રજીસ્ટરનુ રેકર્ડ તપાસેલ અને ભોગબનનાર ''ટી''ની જન્મની નોંધ ક્રમાંક નં.-૪ માં નોંધણી થયેલાની તા.૯/૨/૨૦૦૫ પર થયેલાની મળી આવતા મેં તે અંગે જન્મ પ્રમાણપત્રની કોપી ઈસ્યુ કરેલ

તથા અમારા રજસ્ટરની ખરી નકલનો ઉતારો પણ રજુ કરેલ જે અનુક્રમે **અનુક્રમે રજુ દાખલ આંક– (પી.ડબલ્યુ.–૨૧)–૧૦૯ તથા ૧૧૦**. આ ભોગબનારની જન્મ તારીખ અમારા રેકર્ડ મુજબ તા.૦૫/૦૨/૨૦૦૫ ના રોજની છે. પોલીસે મારૂ નિવેદન લીધેલ. જે ચાદી **આંક–(પી.ડબલ્યુ.–૨૧)–૧૧૧**. ''

**૩૦.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, આંક–૧૧૦ માં થયેલ નોંધ મારા હસ્તાક્ષરમાં નથી. એ વાત ખરી છે કે, હું રેકર્ડ આધારીત જુબાની આપુ છુ. એક સરખા નામ ધરાવતી ઘણી વ્યકિતઓ મળી આવે. હું આંક–૧૧૦ જોઈને જણાવુ છુ કે, તે નોંધ ફીલીપભાઈ શામાભાઈએ કરાવેલી છે. એ વાત ખરી છે કે, આવી નોંધ કરાવતા સમચે અમે બાળકના જન્મ અંગે બીજો કોઈ આધાર માંગતા નથી. આ બાળકીનો જન્મ ઘરે થયેલ કે હોસ્પીટલમાં તે અંગેની કોઈ વિગત જાહેર થયેલ હોય તેવુ રજીસ્ટર પરથી જણાંય આવતુ નથી. બાળકીનુ ટીનકીબેન જાહેર કરાયેલ હતુ. બાળકીનુ નામ ટવીન્કલબેન હોય તેવુ જાહેર કરાયેલ ન હતુ. "

<u>**પોલીસ સાહેદનો પુરાવો:–**</u>

**(૩૧).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૨ પૂર્વા વ્રજેશભાઈ ધનેશા(ફરીયાદ નોંધનાર) ને આંક–૧૧૨** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" તા.૨૮/૧૨/૨૦૨૧ નાં રોજ ઉકાઇ પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઇ તરીકે મારી ફરજ પર હાજર હતી ત્યારે મને સોનગઢ પોલીસ સ્ટેશનથી પી.એસ.ઓ.નો ફોન આવેલ અને જણાવેલ કે, તમો તાત્કાલીક સિવીલ ડ્રેસમાં સોનગઢ પો.સ્ટે. આવો સાહેબ બોલાવે છે. તેથી હું સોનગઢ પોલીસ સ્ટેશન સિવિલ ડ્રેસમાં ગયેલ ત્યારે ત્યાં પી.આઈ.શ્રી એન.એસ.ચૌહાણ તેમની ચેમ્બરમાં મળેલ અને મને જણાવેલ કે, તમારે પોકસોની ફરીયાદ

લેવાની છે. તેથી ભોગ બનનાર તેમજ તેની માતા તથા પિતા તથા વુ.પો.કોન્સ મીનાબેન બાબલાભાઇ, બ.નં.૭૮૪ નાઓ ત્યાં હાજર હોય અમોએ ભોગબનનારને પૂછપરછ કરી તેણીએ લખાવ્યા મુજબ ની અમારા રૂબરૂની ફરીયાદ કોમ્પ્યુટરમાં લખી લીધેલ જે ફરીયાદ, ફરીયાદીને વાંચી, સંભળાવેલ અને તે તેના લખાવ્યા મુજબની બરાબર હોય જેથી તેની સહી લીધેલ અને રૂબરૂ પણમાં મેં પણ સહી કરેલ જે આંક–૧૪ થી રજુ છે તે જ છે. આ ગુનો ગંભીર પ્રકારનો હોય સદર ગુનાની ફરીયાદ સી.આર.પી.સી.કલમ–૧૫૪ ના નિયત નમુનામાં ઓનલાઈન રજીસ્ટર કરવા સારૂ પી.એસ.ઓ. નગીનભાઈ દલાભાઈ ચૌધરીને સુપ્રત કરેલ. તે બાદ પી.એસ.ઓ. દ્વારા તે ગુનાની ફરીયાદ ઈ.પી.કો.કલમ–૩૫૪(બી), ૩૭૬(૨)(એન), ૫૦૬ તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૭ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬ઈ મુજબનો રજીસ્ટર કરેલ. જે એફ.આઈ.આર.નો ઉતારો **જે રજુ દાખલ આંક– (પી.ડબલ્યુ.–૨૨)–૧૧૩**.''

**૩૧.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી નથી કે, ફરીયાદ સાત માસ મોડી આપવા બાબતે ફરીયાદમાં કોઈ ખુલાસો કરેલ નથી. ફરીયાદ લેવા સાંજે પાંચ વાગ્યાની આસપાસ હું ગયેલ. એવુ બનેલ નથી કે, ફરીયાદ લેવામાં આવેલી તે તારીખના બપોરના બારથી સાડા બારના ગાળામાં ભોગબનનાર, ભોગબનનારના માતા, ભોગબનનારના પિતા તથા સુનિલાબેન તથા અરૂણાબેન (ભોગબનનારની ફોઈ) નાઓ હાજર હોય અને તે વખતે ફરીયાદ લેવામાં આવેલ હોય. ફરીયાદ લેતા લગભગ દોઢ–પોણાં બે કલાકનો સમય થયેલ. આ ફરીયાદ પી.એસ.આઈ.ની રૂમમાં બેસીને લીધેલ. એ વાત ખરી છે કે, આ ફરીયાદ

ભોગબનનારના ઘરે જઈને લીધેલ હોય અને તેનુ વિડિયો રેકોર્ડીંગ કરેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ લેવા સમયે ફરીયાદી, ભોગબનનારની માતા તથા વુ.પો.કો.મીનાબેન હતા, સિવાય બીજુ કોઈ ન હતુ. એવુ બનેલ નથી કે, ફરીયાદીના પિતા ફરીયાદ લેતા સમયે હાજર હોય. એવુ બનેલ નથી કે, ભોગબનનાર અને તેના પિતા બંને સાથે મળીને ફરીયાદ લખાવેલી. એ વાત ખરી છે કે, ભોગબનનાર સિવાય અન્ય કોઈની પુછપરછ મેં કરેલ નથી. આ ફરીયાદ મેં જાતે ટાઈપ કરી તેના દરેક પાના પર ફરીયાદીની સહી લીધેલી. ફરીયાદ લીધા બાદ ભોગબનનાર કયાં ગયેલા તેની મને ખબર નથી. સાહેદ જણાવે છેકે, હું ફરીયાદ લઈને તરત રૂમમાંથી નિકળી ગયેલી. એ વાત ખરી છે કે, આ ફરીયાદ ગુનો રજીસ્ટર્ડ કરવા મેં આપેલી તે સિવાય બીજુ કંઈ હું જાણતી નથી. એ વાત ખરી છે કે, ફરીયાદ લેવા સમયે ફરીયાદી કે તેની માતાએ સગીર હોવા બાબતેનો કોઈ પુરાવો આપેલો નહીં. એ વાત ખરી છે કે, પોકસોનો કાયદો સગીર હોય તો લાગુ પડે. એ વાત ખરી છે કે, ફરીયાદ લેવા સમયે પોલીસ સ્ટેશનમાં ડી.એસ.પી. અને પી.આઈ. ચૌહાણ હાજર હતા. એ વાત ખરી છે કે, આ ફરીયાદ લેતા પહેલા ડી.એસ.પી. સાહેબને મળેલ અને ફરીયાદ બાબતે ચર્ચા કર્યા બાદ ફરીયાદ લીધેલી. એ વાત ખરી નથી કે, સાંજના સાડા પાંચ વાગ્યે ફરીયાદી કે ભોગબનનારના માતા સોનગઢ પોલીસ સ્ટેશનમાં હાજર હોય અને ફરીયાદ લીધી હોય તેવુ બનેલ નથી. ”

## <u>પંચ સાહેદોનો પુરાવો:-</u>

**(૩૨).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૩ સતીષભાઈ જયંતિભાઈ બગથરીયાને આંક-૧૨૩** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ટી.ડી.ઓ. સાહેબની સુચનાથી મને તથા સુરેશભાઈ હીરાલાલ રાઠોડને સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે ગુનાના

કામે પંચનામામાં પંચ તરીકે રહેવા જણાવતા હું તથા મારી સાથેના બીજા પંચ સુરેશભાઈ રાઠોડ સોનગઢ પોલીસ સ્ટેશન ગયેલ જયાં પી.આઈ. ચૌહાણ સાહેબે આરોપીની અટક તથા શરીર સ્થિતીનુ પંચનામુ કરવાની સમજ આપતા ત્યાં હાજર એક મહિલા તથા એક પુરૂષને નામ–ઠામ પુછતા તેઓએ પોતાનુ નામ બલીરામ ગમનભાઈ કોંકણી તથા અનિતાબેન બલીરામ કોંકણી જણાવેલ અને આરોપી બલીરામની અંગઝડતી કરતા તેમની પાસેથી બે મોબાઈલ મળી આવેલ જેમાં એક સેમસંગ કંપની અને બીજો નોકીયા કંપની નો હતો. તે પોલીસે અમારી હાજરીમાં કબ્જ લીધેલ અને આરોપીઓની અટક કરેલ જે બાબતનુ પંચનામુ કરવામાં આવેલ જે પંચનામામાં અમો બંને પંચો ની સહી લીધેલ. જેને રજુ દાખલ **આંક–૧૨૪(પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

તે બાદ ગુનાના કામે ભોગબનનાર બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરવા માંગતા હોય તે અંગેનુ પંચનામુ કરવાનુ પી.આઈ. ચૌહાણ સાહેબે કહેતા બીજા પંચનામામાં પણ અમો પંચો હાજર રહેલ અને ત્યાં હાજર ભોગબનનારને નામ–ઠામ પુછતા તેણે પોતાનુ નામ ''ટી'' જણાવેલ અને તેણે ત્રણ વખત બનાવ બનેલ તેના કપડા રજુ કરવાનુ કહેતા અમો પંચો રૂબરૂ એક જાબુંડી કલરની ઓંઢણી, કેસરી કલરનો ટોપ, જાબુડી કલરની લેગીંસ, ડાર્ક ભુરા કલરની નિકર, ગુલાબી કલરનુ ઈનર તેમજ એક જીઓ કંપનીનો મોબાઈલ રજુ કરેલ. જે અમો પંચોની હાજરીમાં અલગ અલગ ડાઈના બેગમાં સહીવાળી કાપલી મુકી કબ્જે લીધેલ અને તે બાબતનુ પંચનામુ તૈયાર કરી તે પંચનામામાં અમોની સહી લીધેલ. જેને રજુ દાખલ **આંક–૧૨૫ (પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

તે બાદ ભોગબનનાર તથા તેના પિતા આરોપીએ જે જગ્યાએ દૃષ્કર્મ કરેલ તે જગ્યા બતાવવા માંગતી હોય તે બાબતનુ પંચનામુ કરવાની ચૌહાણ સાહેબે સમજ આપી પ્રાથમિક પંચનામુ કરેલ અને તે પ્રાથમિક પંચ નામામાં અમો બંને પંચોની સહી લીધેલ. પી.આઈ. ચૌહાણ સાહેબ સાથે સરકારી વાહન તેમજ ખાનગી વાહનમાં બેસી ભોગબનનારના જણાવ્યા મુજબ પોલીસ સ્ટેશનથી નિકળી ભોગબનનારના બતાવ્યા મુજબ સોનગઢ ખાતે માર્કેટ યાર્ડ પાસે આવેલ પાકા મકાન પાસે ગાડી ઉભી રખાવી એક મકાન બતાવતા તે મકાનમાં જઈ મકાનની અંદર આવેલ ચીજવસ્તુઓનુ વર્ણન પંચનામા માં લખાવતા ગયેલ અને જે જગ્યાએ શરીર સબંધ બાંધેલ તે પલંગ બતાવેલ અને ત્યાં આગળ આવેલ આજુબાજુના મકાનોનુ ચતુર્થ દિશાનુ વર્ણન લખેલ તે બાદ સરકારી વાહનમાં બેસી મોજે આંબા ગામે આવેલ આરોપીના ખેતરમાં બનાવેલ કાચા ઝુપડા પાસે બીજો બનાવ અને વિડિયો ગ્રાફી કરેલાની હકીકત જણાંવતા સોનગઢ માર્કેટ યાર્ડના મકાનમાંથી નિકળી ઝરારી ગામથી પૂર્વ દિશામાં આંબા ગામ તરફ જવાના રસ્તા પરથી ગાડી હંકારી આંબા ગામ પટેલ ફળીયા થઈ આરોપીનુ ખેતર આવતા ખેતરાડી આગળ એક કાચુ ઝુપડુ હોય ત્યાં ગાડી ઉભી રાખી ગાડીમાંથી ઉતરી મે મહિનામાં આ જગ્યાએ શરીર સબંધ બાંધેલ હોવાનુ જણાવેલ અને તે ઝુપડાના દરવાજાથી અંદર પ્રવેશી તેમાં આવેલ ચીજવસ્તુઓનુ વર્ણન લખી અને ત્યાં ગાદલુ તથા સેત્રંજી મુકેલ હોય એફ.એસ.એલ. અધિકારી પણ સાથે હોય તેમની સુચનાથી સેત્રંજી તથા ગાદલુ મીણીયા કોથળામાં પંચોની સહીવાળી કાપલી મુકી કબ્જે લીધેલ તેમજ તે જગ્યાની આજુબાજુ, નીચે જોઈ તેનુ વર્ણન લખેલ અને ત્યાં લાકડાનુ પાટીયુ ગોઠેલ હોય તે બતાવેલ અને ખાટલાના પાટીયાના ભાગે મોબાઈલ મુકી વિડિયો ઉતારેલ

અને તે દરમ્યાન આરોપી અનિતાબેન તેના ફોટા પાડેલા અને વિડિયો ઉતારેલાનુ જણાવેલ અને દરવાજાની બહાર એક માછલી ઉછેર માટેનુ તળાવ આવેલ હતુ અને તેની આજુબાજુના ખેતરવાળાનુ તથા ચતુર્થ દિશાનુ પંચનામામાં લખેલ અને પંચનામુ પુરુ થતા અમો પંચોની સહી બીજા ભાગના પંચનામામાં પણ લીધેલ. જેને રજુ દાખલ **આંક–૧૨૬(પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

મને મુદદામાલ સેમસંગ તથા નોકીયા કંપનીનો મોબાઈલ, કેસરી કલરની ટીશર્ટ, વાઈટ તથા પીંક કલરની નિકર, ઓઢણી, કેસરી કલરનો ટોપ, જાંબુડી કલરની લેગીસ, ડાર્ક ભુરા કલરની નિકર, ગુલાબી કલરનુ ઈનર, જોઈને કહુ છુ કે, પોલીસે અમારી હાજરીમાં સહીવાળી કાપલી મુકી કબ્જે કરેલા તે જ છે. મુદદામાલ આર્ટીકલ નંબર–૧ અને નં.ર જે પ્લાસ્ટકની થેલીમાંથી નિકળેલ છે તેમાંથી અમારી સહીવાળી કાપલી નિકળેલ છે જે સહી ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ **આંક–૧૨૭ (પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

મારી હાજરીમાં પોલીસે કબ્જે કરેલ જાંબુડી કલરની ઓંઢણી, કેસરી કલરનો ટોપ, જાંબુલી કલરની લેગીંસ, ડાર્ક ભુરા કલરની નિકર, જુના ગુલાબી કલરનુ ઈનર મને મુદદામાલ આર્ટીકલ નંબર–૩, ૪, ૫, ૬ અને ૭ જે કાગળમાંથી નિકળેલ જે તે જ છે. તેમાંથી અમારી સહીવાળી કાપલીઓ નિકળેલ છે જે અનુક્રમે રજુ દાખલ **આંક–૧૨૮ થી ૧૩૨(પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

મારી હાજરીમાં પોલીસે કબ્જે કરેલ કાળા કલરનો જીયો કંપની નો મોબાઈલ મુદદામાલ આર્ટીકલ નંબર– ૮ જે પ્લાસ્ટકની થેલીમાંથી નિકળેલ છે જે જોઈને કહુ છુ કે જે તે જ છે. તેમાંથી અમારી સહીવાળી કાપલી

નિકળેલ છે જે સહી ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ **આંક–૧૩૩ (પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે.

મારી હાજરીમાં પોલીસે કબ્જે કરેલ આછા કેસરી અને પીળા કલરનુ ગાદલુ તથા કાળા સફેદ ગુલાબી કલરની સેત્રંજી મુદદામાલ આર્ટીકલ નંબર – ૯, ૧૦ જે પ્લાસ્ટકની થેલીમાંથી નિકળેલ છે જે જોઈને કહુ છુ કે જે તે જ છે. તેમાંથી અમારી સહીવાળી કાપલીઓ નિકળેલ છે જે સહી ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ **આંક–૧૩૪, ૧૩૫ (પી.ડબલ્યુ.–૨૩)** આપવામાં આવે છે. આરોપીઓ કોર્ટમાં હાજર છે તે જ છે. ''

**૩૨.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" મને પંચમાં રહેવાની સમજ ઓગણત્રીસ તારીખે એક વાગ્યે કરવામાં આવેલી. ટી.ડી.ઓ. સાહેબે પંચમાં રહેવાની લેખીતમાં જાણ કરેલી. હું એકલો પોલીસ સ્ટેશને ગયેલો. પી.આઈ. સાહેબે કોઈ ફરીયાદ વંચાવેલી નહીં. એ વાત ખરી છે કે, ત્યાં હાજર ઈસમનુ નામ પી.આઈ. સાહેબે અમને કહેલુ કે પોલીસ સ્ટેશન હાજર રહો અને તેમણે તેની અટક કરેલી.

પોલીસ સ્ટેશનમાં એક દોઢ કલાક રોકાયેલા. અમે ગુનાવાળી જગ્યાએ ગાડીમાં ગયેલા. પોલીસ સ્ટેશનમાં કઈ જગ્યાએ જવાનુ છે તેની જાણ કરેલી નહીં. એ વાત ખરી છે કે, ખેતર કે ઘરના કબ્જેદાર કે માલિકી બાબતે કોઈ ખાત્રી અમારી હાજરીમાં થયેલી નહીં. પોલીસ સ્ટેશનથી પ્રથમ જે જગ્યાએ ગયેલા તે જગ્યા પર આશરે અડધો કલાક રોકાયેલા. પ્રથમ જગ્યાએથી બીજી જગ્યાએ જતા અંદાજે ૪૫–મીનીટ જેટલો સમય થયેલો. બીજી જગ્યાએ અમે ૪૫–મીનીટ રોકાયેલા. એ વાત ખરી છે કે, આ બધી

જગ્યાએ ગયા પછી પોલીસ સ્ટેશનમાં લખાણ લખેલુ અને પછી અમારી સહીઓ કરાવેલી.

એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશનમાં લખેલા તૈયાર પંચનામામાં મારી તથા બીજા પંચની સહી કરાવેલી. એ વાત ખરી નથી કે,અમે પોલીસ સાથે ભોગબનારે બતાવેલ જગ્યાએ ગયેલ નથી કે ભોગબનનારે કોઈ જગ્યા બતાવેલ નથી કે મારી હાજરીમાં કોઈ કપડા રજુ કરેલા નહીં. ”

(૩૩). ફરિયાદપક્ષે **પંચ સાહેદ નં.૨૪ કિશોરભાઇ અમરસિંહભાઇ સોંદરવાને આંક–૧૩૭** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" તા.૧/૧/૨૦૨૨ ના રોજ અમારી શાળાના આચાર્ય ભોય સાહેબે મને તથા રાજેશભાઈ રોહિતને સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે પંચ તરીકે રહેવા જવાનુ છે તેમ જણાંવતા હું તથા રાજેશભાઈ તે જ દિવસે આશરે સાડા ચારેક વાગ્યાના સમયે સોનગઢ પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે સોનગઢ પોલીસ સ્ટેશનમાં માવાણી સાહેબ હાજર હોય તેમને આરોપીએ દુષ્કર્મ કરેલ તે જગ્યા તથા અન્ય જગ્યાઓ જેવી કે, બેંકમાં ગયેલ તે, હોટલમાં ગયેલ, મોબાઈલ લેવા ગયેલ તે બતાવવા માંગતો હોય અમો તેઓની સાથે ગયેલા તે સમયે બલીરામ ત્યાં હાજર હતો તે બાબતે પ્રાથમિક પંચનામુ કરેલ જેમાં અમો પંચોની સહી કરાવેલી. તે બાદ સોનગઢ પોલીસ સ્ટેશનથી બે સરકારી વાહનમાં બેસેલા એક ગાડીમાં અમો પંચો, આરોપી તથા પોલીસ તથા બીજી ગાડીમાં પોલીસ તથા વિડિયોગ્રાફર રમેશભાઈ બેસેલ હતા. અમે ત્યાંથી સર્કલ થઈ ઓટા ચાર રસ્તા થઈ આંબા ગામે પહોંચી ત્યાં એક ખેતરની અંદર ઝુપડુ હતુ તે ઝુપડુ બતાવેલુ. પછી અમે બધા ઝુપડામાં ગયેલા ત્યાં એક કાચુ લીપણવાળુ આડાશ કરેલુ હતુ

અને અંદર એક ખાટલો હતો તે તથા ખાટલાથી નીચે ભોંયતળિયે કૃત્ય કરેલાનુ કહેલુ.

ત્યારબાદ અમો બધા ગાડમાં બેસીને દેવજીપુરા તેમની બહેનના ઘરે ગયેલા પણ ઘરમાં તાળુ હોય નંબર કયાંકથી લઈને પોલીસે ફોન કરી તેમના બહેનને બોલાવેલા અને તેઓ આવતા તાળુ ખોલતા ઘરની અંદર ગયેલા જયાં એક રૂમમાં સોફા હતા, એક કિચન હતુ અને બીજો એક રૂમ હતો જેમાં ખાટલો મુકેલો હતો તેના ઉપર કૃત્ય કરેલાનુ કહેલુ.

ત્યાંથી પરત સોનગઢ આવીને જે બેંકમાં કે.વાય.સી. કરવા ગયેલા તે જગ્યા બતાવેલી. ત્યાંથી અમે જે જગ્યાએ નાસ્તો કરેલો તે નાસ્તાવાળી અંબિકા હોટલ પર ગયેલા અને જે ટેબલ પર બેસીને નાસ્તો કરેલો તે ટેબલ બતાવેલુ. ત્યાંથી આ હોટલની સામે એક સાંઈ મોબાઈલની દુકાને ગયેલા જયાંથી મોબાઈલ ખરીદી ભોગબનનારને આપેલ તેવુ કહેલ. ત્યારબાદ અમો પોલીસ સ્ટેશન પરત ગયેલા. જયાં પોલીસે પ્રીન્ટ કાઢી પંચ નામામાં મારી તથા બીજા પંચની સહી કરાવેલી જેને રજુ દાખલ **આંક–૧૩૮ (પી.ડબલ્યુ.–૨૪)** આપવામાં આવે છે.

ત્યારબાદ સાંજના સાડા સાતની આસપાસ સોનગઢ પોલીસ સ્ટેશનમાં બલીરામ ભાઈની ગાડીમાંથી ચાર સીમકાર્ડ મળેલા તે સીમકાર્ડ એક પ્લાસ્ટીકની સીલબંધ ડબ્બીમાંથી પોલીસવાળા રાયસીંગભાઈએ કાઢી પોતાના મોબાઈલમાં આ સીમકાર્ડ નાખી તેનો નંબર ચેક કરેલો. આ ચાર સીમકાર્ડમાંથી ત્રણ સીમકાર્ડ વોડાફોનનો હતો અને એક સીમકાર્ડ આઈડીયા કંપનીનો હતો આ ચાર સીમકાર્ડમાંથી બે સીમકાર્ડ બંધ હતા અને બે ચાલુ હતા તેની નોંધ કરેલી. ત્યારબાદ આ ચાર સીમકાર્ડને ફરી બોક્ષમાં મુકી સીલ કરેલા. આ બાબતનુ પંચનામુ કરેલુ

અને તેની નીચે પંચ નંબર-૧ તરીકે મેં સહી કરેલી અને પંચ નંબર-૨ તરીકે રાજેશભાઈ રોહિતનાએ સહી કરેલી. જેને રજુ દાખલ **આંક-૧૩૯ (પી.ડબલ્યુ.-૨૪)** આપવામાં આવે છે. ત્યારબાદ અમને કહેલુ કે, તમારે બે દિવસ પછી પાછા આવજો અને બાદમાં પોલીસ સ્ટેશનેથી અમારા ઘરે ગયેલા.

ત્યારબાદ તા.૩/૧/૨૦૨૨ ના સવારના દશથી સાડા દશ વાગ્યાની આસપાસ હું તથા રાજેશભાઈ રોહિત સોનગઢ પોલીસ સ્ટેશને ગયેલા ત્યાં રમેશભાઈ વિડિયોગ્રાફર હાજર હતા તેઓએ ૬-સી.ડી.ઓ રજુ કરેલી. આ સી.ડી.ઓ લેપટોપમાં નાખીને એક પછી એક બધી સી.ડી.ઓ. જોયેલ. હાલમાં કઈ સી.ડી.માં કયો વિડિયો હતો અને કેટલા સેકન્ડના હતા તે હાલ મને યાદ નથી. આ વિડિયો કેટલી મીનીટના હતા તેવુ બધુ પંચ નામામાં લખતા હતા. ત્યારબાદ આ ૬-સી.ડી.ઓને ડાયના બેગમાં સીલ કરેલી. ત્યારબાદ પંચનામુ કરેલુ અને તેમાં મેં તથા રાજેશભાઈએ સહી કરેલી. જેને રજુ દાખલ **આંક-૧૪૦(પી.ડબલ્યુ.-૨૪)** આપવામાં આવે છે.

એક સીલબંધ પ્લાસ્ટીકની ડબ્બી ઉપરનુ સીલ ખોલી ડબ્બીનુ ઢાંકણ ખોલતા તેમાંથી પારદર્શક પોલીથેલીનની નાની ચાર કોથળી બહાર કાઢી જોતા તેમાં દરેકમાં એક એક સીમકાર્ડ કુલ-૪ સીમકાર્ડ નિકળેલ છે જે પ્લાસ્ટીકની કોથળી પર બે સીમકાર્ડના નંબર જાણી શકાય તેમ નથી તથા બીજી બે કોથળી પર મોબાઈલના સીમ નંબર લખેલ છે આ સીમકાર્ડ પોલીસ અમારી હાજરીમાં કબ્જે લીધેલા તે જ છે. ડબ્બીમાંથી સહીવાળી એક કાપલી નિકળેલ છે જેમાં પહેલી મારી સહી છે અને બીજી રાજેશભાઈ રોહિતની સહી છે જે ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ **આંક-૧૪૧**

**(પી.ડબલ્યુ.–૨૪)** આપવામાં આવે છે. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. ''

**૩૩.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

"એ વાત ખરી છે કે, અમે જે જે જગ્યાએ ગયેલા તે દરકે જગ્યાએ અમારી સાથે આરોપી તથા અંદાજે ચાર–પાંચ પોલીસવાળા હાજર હતા. એ વાત ખરી છે કે, આરોપીએ જે કંઈ જણાવેલુ તે પોલીસ સ્ટેશનમાં તથા બહાર ગયા ત્યારે જે કંઈ જણાવેલુ ત્યારે પોલીસ સાથે હાજર હતી. પોલીસ સ્ટેશનથી મારી સ્કુલ પાંચ મીનીટના અંતરે આવેલી છે. પ્રિન્સીપાલે અમને લેખીતમાં કહેલ નહીં. અમારી સરકારી સ્કુલ છે. એ વાત ખરી છે કે, અમે પોલીસ સ્ટેશનમાં આ કામગીરી માટે ગયા અને પરત આવ્યા તે બાબતેનો લખેત રીપોર્ટ મેં મારી સ્કુલને કરેલ નથી.

પોલીસ સ્ટેશન ગયા બાદ પોલીસે અમને કેસના પેપર્સ વાંચવા આપેલા. આ પેપર્સને મેં ઉપર છલ્લી જોયેલ અને પોલીસને કઈ બાબતનુ છે તે જણાવવાનુ કહેલુ. એ વાત ખરી છે કે, પોલીસે હાજર વ્યકિત બીલીરામભાઈ આરોપી હોવાનુ કહેલુ એટલે અમે માનેલુ કે આ બીલરામભાઈ છે.

એ વાત ખરી છે કે, આંક–૧૪૧ ની કાપલીમાં સહી સિવાય, તારીખ સહી તથા પોલીસ સ્ટેશનના અધિકારીના હોદદો તથા સહી સિવાય બીજુ કંઈ લખેલ નથી. આવી કેટલી કાપલીઓ પર સહી કરેલી તે હાલ ચોકકસ યાદ નથી પણ અંદાજે એક–બે જેવી. એ વાત ખરી છે કે, આ સહીઓ પોલીસના કહેવાથી કરેલી. એ વાત ખરી નથી કે, મને કોઈ જાત માહિતી નથી. પ્રથમ વખતે સાંજે આશરે સાડા ચારની આસપાસ ગયેલા અને પરત મારા ઘરે ગયેલ ત્યારે આઠેક વાગ્યા હશે. પોલીસે અમને કોઈ નાસ્તો કે જમવાનુ

કહેલ નહીં. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશને બેસીને તમામ લખાણ કરેલુ અને પછી પ્રીન્ટ કાઢીને અમારી સહીઓ કરાવેલી. અમે જે જે જગ્યાએ પંચ નામામાં ગયેલા ત્યાં હાથેથી પોલીસ લખતી હોય તેવુ બનેલુ નથી. પંચ નામાના સમય એ.એમ. કે પી.એમ. લખેલુ. હવે કહુ છુ કે, હાલ યાદ નથી. મેં જુબાની આપતા પહેલા પંચનામા વાંચેલા નહીં. ”

(૩૪). ફરિયાદપક્ષે **પંચસાહેદ નં.૨૫ હિતેશભાઇ કિશોરભાઇ શાહને આંક–૧૪૨** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ તે સમયના ચિફ ઓફીસરશ્રીએ મને તથા નરેશભાઈ વ્યાસને પોકસોના ગુનામાં પંચમાં રહેવા માટે કહેલ જેથી કલાક ૧૧ :૦૦ વાગ્યે અમે બંને સોનગઢ પોલીસ સ્ટેશને પહોંચી ગયેલા. પોલીસ સ્ટેશનમાં ચૌહાણ સાહેબ તથા બલીરામભાઈ હાજર હતા. બલીરામભાઈએ મોબાઈલ તથા બાઈક વિશે માહિતી આપેલી અને તે બાબતનુ પ્રાથમિક પંચનામુ પોલીસે કરેલુ અને નીચે અમારી સહીઓ કરાવેલી. ત્યારબાદ પોલીસ સ્ટેશનથી બે સરકારી વાહનમાં બેસીને આમલાણ ગામે આરોપીના બતાવ્યા મુજબ ગયેલા. આમલાણ ગામના એક ખેતરમાં આરોપી અમને બધાને લઈ ગયેલો. આ ખેતરમાં નેટની દિવાલવાળી કાચુ ઝુપડુ હતુ. આ નેટની દિવાલની બહારની બાજુ રાખનો ઢગલો હતો ત્યાં મોબાઈલ સળગાવેલાનુ બલીરામે કહેલુ. આ ઢગલામાંથી મોબાઈલની બેટરી મળેલી અને મોબાઈલના બળેલા પ્લાસ્ટીકના ટુકડા મળેલા. આ ટુકડાને ડબ્બામાં લીધેલા અને કાપલીમાં અમારી સહીઓ કરાવી આ ડબ્બામાં મુકી સીલ કરેલા. આ ચુલા પાસેની માટી લઈ પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી તેમાં અમારી સહીવાળી કાપલીમાં મુકેલી અને આ ડબ્બો સીલ કરેલો.

બલીરામે હીરો હોન્ડા બાઈક બતાવેલુ તેના નંબર યાદ નથી. આ બાઈકની ડીકીમાં ચાર સીમકાર્ડ નિકળેલા. તે પોલીસે પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી સહીવાળી કાપલી મુકી સીલ કરેલ. આ ખેતરની માલિકી બાબતે પુછતા બલીરામે કહેલુ કે, મારી સાળીના સસરા ભરતભાઈનુ ખેતર છે. ત્યારબાદ અમે બધા પાછા પોલીસ સ્ટેશને આવેલા જયાં પોલીસે આ કબ્જે લીધેલ વસ્તુઓ તેમજ ઝુપડાની ચાર દિશા વિગેરેનુ પંચનામુ કરી તેની નીચે મારી તથા બીજા પંચ નરેશભાઈની સહી કરાવેલી. જે પંચનામાને રજુ દાખલ **આંક–૧૪૩ (પી.ડબલ્યુ.–૨૫)** આપવામાં આવે છે.

આજદિવસે ફરીથી પોલીસે અમને ચારવાગ્યે પોલીસ સ્ટેશને આવવાનુ કહેતા અમે પોલીસ સ્ટેશને ગયેલા જયાં આરોપી તથા માવાણી સાહેબ હતા. આરોપીએ બનાવ વખતે જે કપડા પહેરેલા તે બતાવવા માંગતો હોય તેનુ પ્ર ાથમિક પંચનામુ કરી નીચે અમારી સહી કરાવેલી. ત્યારબાદ પોલીસ ગાડીમાં આરોપીના આંબા ગામે તેમના ઘરે ગયેલા. ઘરની અંદર જતા એક રૂમમાં કબાટ હતો તેમાંથી કપડા કાઢીને આપેલા જે પોલીસે પ્લાસ્ટીકની પારદર્શક અલગ અલગ બેગમાં કપડા મુકી અંદર અમારી સહીવાળી કાપલી મુકી કબ્જે લીધેલા. ત્યારબાદ આરોપીએ આ મકાનનુ લાઈટબીલ આપેલુ જે પોલીસે કબ્જે લીધેલુ અને ત્યાંથી પરત પોલીસ સ્ટેશને આવેલા. પોલીસ સ્ટેશનમાં ભોગબનનાર હાજર હતા. ભોગબનનારને આ કપડા બતાવતા તેણે ઓળખી બતાવેલ કે, આરોપીએ બનાવ સમયે આ કપડા પહેરેલ હતા. આ બાબતનુ વિગતવારનુ પંચનામુ કરી તેની નીચે અમો બંને પંચો ની સહી કરાવેલી. જે પંચનામાને રજુ દાખલ **આંક–૧૪૪(પી.ડબલ્યુ.–૨૫)** આપવામાં આવે છે.

ત્યારબાદ ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા પોલીસે પંચનામુ કરી કબ્જે લીધેલા. આ કપડામાં એક ટોપ હતુ જેનો કલર

યાદ નથી, નિકર હતી, કેપ્રી હતી એમ કુલ સાત કપડા હતા. આ સાતેય કપડા અલગ અલગ હતા અને તેના કલર હાલ મને યાદ નથી. આ દરેક કપડાને અલગ અલગ પારદર્શક બેગમાં મુકી અંદર અમારી સહીવાળી કાપલી મુકી કબ્જે લીધેલા. તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરેલુ તેની નીચે અમારી સહી લીધેલી. જે પંચનામાને રજુ દાખલ **<u>આંક–૧૪૫</u>** **<u>(પી.ડબલ્યુ.–૨૫)</u>** આપવામાં આવે છે.

મારી હાજરીમાં પોલીસે કબ્જે કરેલ કપડાં બતાવવામાં આવે તો હું ઓળખી શકુ મને મુદદામાલ આર્ટીકલ નંબર–૨૨ થી ૨૮ તથા ૧૬ થી ૨૧ જે સીલબંધ પ્લાસ્ટીકની પારદર્શક સીલબંધ બેગ આ તમામ બેગોમાંથી કાપલીઓ નિકળે છે જે જોઈને કહુ છુ કે, તેમાં પંચ નંબર–૧ તરીકે મારી સહી છે અને પંચ નંબર –૨ તરીકે નરેશભાઈની સહી છે જે ઓળખી બતાવુ છુ.

આર્ટીકલ નંબર–૧૧ થી ૧૫ જે સીલબંધ પ્લાસ્ટીકની પારદર્શક સીલબંધ ડબ્બીમાંથી ચાર સીમ કાર્ડ નકળે છે આ તમામમાંથી કાપલીઓ નિકળે છે જે **આંક –૧૪૬ થી ૧૬૨(પી.ડબલ્યુ.–૨૫)** આપવામાં આવે છે. આરોપીને ઓળખી બતાવે છે. ''

**૩૪.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" ચિફ ઓફીસરે પંચમાં રહેવાની મૌખિક જાણ કરેલી. સોનગઢ પોલીસ સ્ટેશને અગ્યિાર વાગ્યે પહોંચેલા. પોલીસ સ્ટેશનમાં ચૌહાણ સાહેબને મળેલા. પંચ નામા બાબતે ચૌહાણ સાહેબે અમને જાણ કરેલી. ચૌહાણ સાહેબે ફરીયાદી તથા આરોપીનુ નામ જણાવેલ. પોલીસ સ્ટેશનમાં આરોપીને બતાવેલ જેથી ઓળખતો હોંવ આજરોજ કોર્ટમાં ઓળખી બતાવુ છુ. પોલીસે આ બધી બાબતો ચેમ્બરમાં સમજાવેલી ત્યારે ચેમ્બરમાં ચૌહાણ સાહેબે મોબાઈલના

બળી ગયેલા પાર્ટસ બતાવેલા નહીં. એ વાત ખરી નથી કે, ચૌહાણ સાહેબે મોટર સાયકલ અમને બતાવેલી. આ સમયે ચેમ્બરમાં આશરે અડધો કલાક જેટલો સમય થયો હશે.

એ વાત ખરી છે કે, દરેક પંચનામામાં સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી. એ વાત ખરી છે કે, આ તમામ સહીવાળી કાપલીઓમાં કઈ વસ્તુ તથા કયા ગુના રજીસ્ટર નબંરના કામે કબ્જે લીધેલી તેનો ઉલ્લેખ કરેલો નથી. જે કાપલીઓમાં મેં સહી ઓળખી બતાવી છે તે અલગ અલગ કાગળના ટુકડામાં કરેલી કે આખા પેપરમાં અલગ અલગ સહીઓ કરી અને પાછળથી ફાડેલી કે કેમ તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, કેટલીક સહીઓ માવણી સાહેબની રૂબરૂમાં કરેલી જયારે કેટલીક સહીઓ એન.એસ.ચૌહાણ પી.આઈ.ની રૂબરૂમાં કરેલી. આ કાપલીવાળી સહીઓ એક જગ્યા એ બેસીને કરેલી નહીં. આ તમામ સહીઓ અલગ અલગ જગ્યાએ કરેલી પણ કઈ જગ્યાએ કરેલી તે હાલ ચોકકસ યાદ નથી.

એ વાત ખરી નથી કે, પંચનામા મારી રૂબરૂમાં થયા નથી એટલે આ કાપલીમાં કઈ જગ્યાએ સહી કરી તે મને યાદ ન હોવાનુ કહુ છુ. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં આરોપીએ કે ભોગબનનારે કપડા રજુ કરેલા નહીં. એ વાત ખરી નથી કે, આરોપીએ કઈ જગ્યા બતાવેલી નહીં. એ વાત ખરી નથી કે, ભોગબનનારે આરોપીના કપડા મારી હાજરીમાં ઓળખી બતાવેલા નહી. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામા માં સહી કરેલી.

પોલીસ સ્ટેશનેથી સરકારી ગાડીમાં નિકળેલા. નંબર યાદ નથી. મારી સાથે સરકારી ગાડીમાં એક આરોપી, ચૌહાણ સાહેબ, ડ્રાઈવર, હું, બીજો પંચ બેસેલ. પોલીસ સ્ટેશનેથી કેટલા વાગ્યે નિકળેલા તે હાલ યાદ નથી. બીજી ગાડી પણ સરકારી હતી. પોલીસ સ્ટેશનથી આમલાણ ગામે ગયેલા.

આમલાણ ગામે પહોંચતા કેટલો સમય થયેલો તે હાલ યાદ નથી. આમલાણ ગામે કેટલો સમય રોકાયેલા તે હાલ યાદ નથી. આમલાણ ગામે જે ખેતર હતુ ત્યાં ગયેલા. આમલાણ ગામના ખેતરમાં થોડુક ચાલીને ગયેલા. ખેતરમાં કેટલો સમય થયેલો તે હાલ યાદ નથી. ખેતરેથી સોનગઢ પોલીસ સ્ટેશને ગયેલા.આશરે છએક વાગ્યાની આસપાસ બીજી વખત પંચનામામાં જઈને પોલીસ સ્ટેશને પરત ગયેલા. પોલીસ સ્ટેશન કેટલો સમય પછી રોકાયેલા તે હાલ યાદ નથી. પોલીસ સ્ટેશનેથી ઘરે કેટલા વાગ્યે ગયેલો તે હાલ યાદ નથી. ”

## <u>પોલીસ સાહેદોનો પુરાવોઃ-</u>

(૩૫). ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૬ નગીનભાઈ દલાભાઈ ચૌધરી (પી.એસ.ઓ.) ને આંક–૧૬૩** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" ગઈ તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ હું સોનગઢ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ઉકાઈ પો.સ્ટે.માં ફરજ બજાવતા પો.સ.ઈ.પી. વી.ધનેશા નાઓ રૂબરૂ ભોગબનનારે ફરીયાદ આપેલ હોય તે આંક–૧૪ વાળી ફરીયાદ અમોને સી.આર.પી.સી.કલમ–૧૫૪ ના નિયત નમુનામાં ઓન લાઈન રજીસ્ટર કરવા સારૂ આપતા અમોએ તે ફરીયાદ સોનગઢ પો.સ્ટે.ગુ.ર.નં .૧૧૮૨૪૦૦૪૨૧૧૯૦૫/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ–૩૫૪(બી), ૩૭૬(૨)(એન), ૫૦૬ તથા પોક્સો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮,૧૭ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬ઈ મુજબની રજીસ્ટર્ડ કરેલ. જે એફ.આઈ.આર. આંક–૧૧૩ થી રજુ છે તે જ છે. આ ફરીયાદ રજીસ્ટર્ડ કરી સુચિપત્ર તૈયાર કરી તેની જાણ ડી.વાય.એસ. પી. સાહેબશ્રીને કરેલી. ''

**૩૫.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, ફરીયાદ લેખીત હતી. એ વાત ખરી છે કે, આ ફરીયાદ મુજબ મેં ઓનલાઈન એફ.આઈ.આર. દાખલ કરેલી. "

**<u>-: તપાસ કરનાર અમલદાર સાહેદનો પુરાવો:-</u>**

**(૩૬).** ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૭ તપાસ કરનાર અમલદાર નયન સુરેશભાઇ ચૌહાણને આંક-૧૬૭** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

" તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ અમો સોનગઢ પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે ફરીયાદી ''ટી'' ડો/ઓફ ''એફ'' રહે.આંબા ગામ નાઓની ઉકાઈ મહિલા પી.એસ.આઈ. પી.વી.ધનેશા રૂબરૂની આરોપી બલીરામ ગમનભાઈ ગામીત તથા અનિતા બલીરામ ગામીત વિરૂધ્ધની આઈ.પી.સી.-૩૫૪, ૩૭૬ તથા પોકસો એકટની વિવિધ કલમો હેઠળની ફરીયાદ સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે એ પાર્ટ ગુ.ર. નં.૧૯૦૫/૨૦૨૧ થી પી.એસ.ઓ. ધ્વારા રજીસ્ટર્ડ કરી આ ગુનાની આગળની તપાસ અમારા તરફ ડેપ્યુટ કરવામાં આવતા અમોએ ફરીયાદ હકીકતથી વાકેફ થઈ ગુનાની તપાસ સંભાળી લીધેલ. બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. આ કામે ભોગબનનાર, આરોપી તથા સાહેદોના મોબાઈલ નંબરો ની સી.ડી.આર. મંગાવેલ. ત્યારબાદ એલ.સી.બી. તાપી ધ્વારા આ કામના બંને આરોપીઓને પકડીને મોડી રાત્રે પો.સ્ટે. ખાતે લાવતા તે સમયે કોરોનાનો સમયગાળો ચાલતો હોય આરોપીને અટક કરતા પહેલા કોરોના ટેસ્ટ કરવો જરૂરી હોય અને રાત્રીના સમયે કોરોના ટેસ્ટ થઈ શકે તેમ ન હોય તે અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી બંને આરોપીને નિગરાની હેઠળ રાખવામાં આવેલ.

તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ ભોગબનનારનુ મહિલા ચાઈલ્ડ લાઈન મેમ્બર, મહિલા પો.કો તથા તેની માતાની હાજરીમાં વિડિયોગ્રાફીથી નિવેદન લેવામાં આવેલ. આ કામે બે સરકારી પંચો મેળવવા માટે તાલુકા પંચાયત કચેરી સોનગઢને યાદી લખવામાં આવેલ તે યાદી **આંક-૧૬૮ (પી.ડબલ્યુ.-૨૭)** આપવામાં આવે છે.

આ કામે બંને આરોપીઓના કોરોના ટેસ્ટ કરાવવાનુ તજવીજ કરવામાં આવેલ અને બંનેના કોરોના ટેસ્ટ નેગેટીવ આવેલ હોય આ દરમ્યાન તાલુકા પંચાયત કચેરી સોનગઢ ખાતેથી બે સરકારી પંચો ફાળવવામાં આવતા બે સરકારી પંચોની હાજરી તથા મહિલા પો.કો.ની હાજરીમાં બંને આરોપીઓને શરીર સ્થિતીનુ તથા ઝડતી પંચનામુ કરવામાં આવેલ જે પંચનામામાં આરોપી બલીરામ પાસેથી બે મોબાઈલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ જે પંચનામુ આંક-૧૨૪ થી રજુ છે તે જ છે. બાદ આ ગુનાના બંને આરોપીઓને આ ગુનાના કામે અટક કરી તેઓના ચહેરા નિશાન, ચેકલીસ્ટ ભરી અટક સબંધે તેઓના સબંધીને જાણ કરવામાં આવેલ.

બાદ ભોગબનનાર બનાવ વખતે પહેરેલા કપડા રજુ કરતી હોય બે સરકારી પંચોની હાજરીમાં પંચનામાની વિગતે ભોગબનનારના કપડા કબ્જે કરવામાં આવેલ જે પંચ નામુ આંક-૧૨૫ થી રજુ છે તે જ છે. બાદ ભોગબનનાર તેની સાથે બનેલ બનાવની જગ્યા બતાવતી હોય જે બનાવવાળી જગ્યાનુ પંચનામુ બે સરકારી પંચો તથા એફ.એસ.એલ. અધિકારી પી.વી.પટેલ સાહેબની હાજરીમાં પ્રથમ ગુનાવાળી જગ્યા દેવજીપુરા સોનગઢ ખાતે આરોપીના બેનના ઘરે તથા ત્યારબાદ આંબાગામે આરોપીના ખેતરમાં બનાવેલ ઝુપડાવાળી જગ્યા ભોગબનનાર બતાવતી હોય આ બંને ગુનાવાળી જગ્યાનુ બે સરકારી પંચો તથા એફ.એસ.એલ.ની હાજરીમાં પંચનામાની

વિગતે પંચનામુ કરવામાં આવેલ અને આંબા ગામે આરોપીના ખેતરના ઝુપડામાંથી એક ગાદલુ તથા શેતરંજી કબ્જે કરવામાં આવેલ. જે પંચનામુ આંક –૧૨૬ થી રજુ છે તે જ છે.

બાદ ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા સારૂ તથા જરૂરી મેડીકલ સેમ્પલ લેવા માટે સી.એચ.સી. સોનગઢ તથા મેડીકલ ઓફીસરશ્રી ગાયનેક વિભાગ વ્યારાને યાદી લખી ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવામાં આવેલ. જે યાદી આંક–૭૧ થી રજ છે તે જ છે.

બાદ આરોપીની મેડીકલ તપાસણી તથા મેડીકલ સેમ્પલ લેવા માટે સી.એચ.સી. સોનગઢ ખાતે યાદી લખી આરોપીની મેડીકલ તપાસણી કરાવવામાં આવેલ. જે યાદી આંક–૮૨ થી રજુ છે તે જ છે.

ત્યારબાદ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના સમયે પોલીસ અધિક્ષકશ્રી તાપી જીલ્લાની મૌખિક સુચના આધારે આ ગુનાની આગળની તપાસ વ્યારા ડિવિઝનના ડિ.વાય.એસ.પી. આર.એલ. માવાણી સાહેબના ઓને સોંપી અમોએ કરેલ તપાસ કાગળોથી વાકેફ કરેલા. તા.૨૯/૧૨/૨૧ ના રોજ ડી.વાય.એસ.પી. માવાણી સાહેબના લેખીત સુચના આધારે આરોપી બલીરામ આ ગુનાના કામે કઈ હકીકત સ્વૈચ્છાએ જણાવવા માંગતો હોય તે અંગેનુ ડિસ્કવરી પંચનામુ કરવા લેખીત સુચના કરતા તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ બે સરકારી પંચો, આરોપી તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં આરોપીએ જણાવ્યા મુજબના રસ્તા ઉપર જઈ મહારાષ્ટ્ર રાજયના નવાપુર તાલુકાના આમલનેર ગામે જયાં આરોપીની સાળી રહે છે તે ગામમાં આરોપી ના સાળીના સસરાના ખેતરમાં બનાવેલ ઝુપડા પાસેથી આરોપીએ સ્વૈચ્છાપૂર્વક જણાવ્યા મુજબ આ ગુનાની ભોગબનનાર સાથે દુષ્કર્મ કરતી વખતે ઉતારેલ વિડિયો તથા ફોટો આ ખેતરમાં બાળી નાંખેલ હોય આરોપીના

જણાવ્યા મુજબથી રાખના ઢગલા સાથે મોબાઈલના પાર્ટસ તથા કન્ટ્રોલ સેમ્પલ પંચ નામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. ત્યારબાદ બીજી જગ્યાએથી આરોપીના બતાવ્યા મુજબ મોબાઈલના અર્ધબળેલા પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. ત્યારબાદ અન્ય બીજી જગ્યાએથી આરોપીના જણાવ્યા મુજબ ગુનામાં ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ તથા મોટર સાયકલની ડિકકીમાંથી ચાર સીમકાર્ડ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન ખેતરના માલિક ભરત ભાઈ સખારામભાઈ નાઓ હાજર હતા. પંચનામાની આ કાર્યવાહી પૂર્ણ કરી પરત તે જ રસ્તે આવી પો.સ્ટે. આવતા આરોપી સરકારી પંચોની હાજરીમાં કંઈક કહેવા માંગતો હોય નજીકમાંથી વિડિયોગ્રાફર રમેશભાઈ ગામીત ને બોલાવી આરોપીની વિડિયોગ્રાફી કરતા આરોપીએ આ ગુનામાં ભોગ બનનારના લીધેલ ફોટા તથા વિડિયો સળગાવીને નાશ કરેલ હોવાની હકીકત સ્વૈચ્છાપૂર્વક ઓન કેમેરા જણાવેલ. જે પંચનામુ આંક–૧૪૩ થી રજુ છે અને રમેશભાઈ ગામીતે ૬૫(બી)૪(સી) નુ સર્ટીફીકેટ લખી આપેલ તે તપાસ કરનાર અધિકારીશ્રી માવાણી નાઓએ કબ્જે લીધેલુ. ત્યારબાદ તા.૨/૧/૨૦૨૨ ની ડી.વાય.એસ.પી. માવાણી સાહેબની લેખીત સુચના અન્વયે તા.૩/૧/૨૦૨૨ ના રોજ વિડિયોગ્રાફર રમેશભાઈ ગામીતનાઓ ધ્વારા તા.૨૯/૧૨/૨૦૨૧, તા.૩૦/૧૨/૨૦૨૧ તથા તા.૧/૧/૨૦૨૨ ના રોજ તેમના ધ્વારા કરેલ વિડિયોગ્રાફીની ૬–ડી.વી.ડી. રજુ કરતા હોય પંચનામાની વિગતે ૩–ડી.વી.ડી. કબ્જે કરવામાં આવેલ તથા ૩–ડી.વી.ડી. વર્કીંગ કોપી તરીકે સામેલ રાખેલ. જે આંક–૧૪૦ થી રજુ છે તે જ છે. એફ.એસ.એલ. અધિકારીશ્રીએ સ્થળપરિક્ષણ અહેવાલ સોંપતા કામમાં સામેલ રાખેલ **આંક–૧૬૯(પી.ડબલ્યુ.–૨૭)** આપવામાં આવે છે. તા.૨૯/૧૨/૨૦૨૧ ના સાંજના

રોજ ઉપરી અધિકારીશ્રીની સુચના મુજબ આ ગુનાની તપાસ ડી.વાય.એસ.પી. માવાણી સાહેબને સોંપેલી.

મેં આ ગુનાની તપાસ દરમ્યાન સાહેદ ભરતભાઈ સખારામભાઈ કોંકણીનાઓનુ નિવેદન તા.૩૦/૧૨/૨૧ ના રોજ નોંધેલુ. આ નિવેદનમાં તેઓએ મારી સમક્ષ એવી હકીકત જાહેર કરેલ હતી કે,''તા.૩૦/૧૨/૨૧ ના રોજ મારી વહુના બનેવી બલીરામ ગમનભાઈ કોંકણીને સાથે લઈ અમારા ખેતરવાળા ઝુપડા પાસે આવતા બલીરામે ઝુપડામાં બનાવેલ ચુલામાં તેનો ઓપપો મોબાઈલ સળગાવી દીધેલ જે સળગાવેલ રાખ તથા મોબાઈલના અવશેષો બતાવતા તેના ઝુપડાથી નજીક આવેલ ઉકરડામાંથી મોબાઈલના અર્ધ બળેલ અવશેષ કાઢી આપતા તેમજ ઝુપડા નજીક મુકેલ પોતાની મોટર સાયકલ બતાવી મોટર સાયકલની ડિકકીમાંથી ત્રણ વોડાફોન કંપનીના તથા એક આઈડીયા કંપનીના સીમકાર્ડ કાઢી આપેલ જે પોલીસે કબ્જે કરેલ.''

મેં આ ગુનાની તપાસ દરમ્યાન સાહેદ હર્ષાબેન સુભાષભાઈ કોંકણીનાઓનુ નિવેદન તા.૩૦/૧૨/૨૧ ના રોજ નોંધેલુ. આ નિવેદનમાં તેણીએ મારી સમક્ષ એવી હકીકત જાહેર કરેલ હતી કે,''તા.૩૦/૧૨/૨૧ ના રોજ મારા બનેવી બલીરામ ગમનભાઈ કોંકણી ને સાથે લઈ અમારા ખેતરવાળા ઝુપડા પાસે આવતા બલીરામે ઝુપડામાં બનાવેલ ચુલામાં તેનો ઓપો મોબાઈલ સળગાવી દીધેલ જે સળગાવેલ રાખ તથા મોબાઈલના અવશેષો બતાવતા તેના ઝુપડાથી નજીક આવેલ ઉકરડામાંથી મોબાઈલના અર્ધ બળેલ અવશેષ કાઢી આપતા તેમજ ઝુપડા નજીક મુકેલ પોતાની મોટર સાયકલ બતાવી મોટર સાયકલની ડિકકીમાંથી ત્રણ વોડાફોન કંપનીના તથા એક આઈડીયા કંપનીના સીમકાર્ડ કાઢી આપેલ જે પોલીસે કબ્જે કરેલ.''

**૩૬.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ દાખલ થઈ ત્યારે પી.આઈ. સોનગઢ તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી નથી કે,આ કામની ફરીયાદ પી.એસ.ઓ. રૂબરૂ લેવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે,આ ગુનાની તપાસ પી.એસ.ઓ.એ મને લેખીત હુકમ કરીને સોંપી હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર મારી પાસે નથી. એ વાત ખરી છે કે, મેં આ ગુનાની તપાસ તા.૨૮/૧૨/૨૦૨૧ થી તા.૨૯/૧૨/૨૦૨૧ દરમ્યાન સંભાળેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ત્યારબાદ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ કરેલ પંચનામાની કાર્યવાહી મારા ઉપરી અધિકારીની લેખીત સુચનાથી કરેલી. એ વાત ખરી છે કે, પોકસો એકટ હેઠળ ગુનાનો નોંધાય ત્યારે ભોગબનનારનો જન્મનો પુરાવો મહત્વનો હોય છે. એ વાત ખરી છે કે, મેં આ ગુનાની તપાસ દરમ્યાન ભોગબનનારનો જન્મનો પ્રમાણપત્ર કે તેના જન્મ સબંધેનો કોઈ પુરાવો એકત્ર કરેલ હોય તેમ બનેલ નથી.

મારી તપાસ દરમ્યાન ભોગબનનારે તેણીને આમીર નામના વ્યકિત સાથે પ્રેમ સબંધ છે તેવુ જાહેર કરેલ નથી. મને આ ગુનાની તપાસ ફરીયાદ નોંધાઈ ગયા બાદ તુરંત યાને તા.૨૮/૧૨/૨૧ ના રોજ ૧૮:૪૫ કલાકથી સંભાળી લીધેલી. એ વાત ખરી છે કે, આ ગુનાના કામની ફરીયાદ સાત માસના વિલંબથી આપવામાં આવેલ. એ વાત ખરી નથી કે, ભોગબનનારે મારા રૂબરૂના નિવેદનમાં સાત માસના વિલંબ બાબતે ખુલાસો આપેલ નથી.

તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ મારી રૂબરૂ જે ડિસ્કવરી પંચનામુ કરવામાં આવેલ હતુ તેની કાર્યવાહી માટે સરકારી વાહનમાં ગયેલા

અને ત્યારે મારી સાથે બે સરકારી પંચો, આરોપી બલીરામ તથા પોલીસ કર્મચારી અને એફ.એસ.એલ. અધિકારી હાજર હતા. એ વાત ખરી છે કે,મેં આ કામના આરોપીઓની તા.૨૮/૧૨/૨૧ ના રોજ ધરપકડ કરી હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તા.૨૮/૧૨/૨૧ ના રોજ અટક કરેલી. મેં આ ગુનાની તપાસ કરી તે દરમ્યાન અમારૂ સોનગઢ પોલીસ સ્ટેશનમાં કોઈ મહેન્દ્રભાઈ ગામીત નામના કોઈ પોલીસ કર્મી ફરજ બજાવતા હતા કે કેમ તે હું આજરોજ જણાવી શકુ તેમ નથી.

ફરીયાદ દાખલ થઈ તેના થોડા સમય અગાઉ આંબા ગામના સરપંચની ચુટણી થયેલ કે કેમ તેની મને ચોકકસ જાણકારી નથી. એ વાત ખરી નથી કે, આંબા ગામના સરપંચ મને આ ગુનાની તપાસ દરમ્યાન સહકાર આપવા માટે સતત હાજર રહેતા હતા. તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ પંચનામાની કાર્યવાહી માટે અમો પ્રાથમિક પંચનામુ પોલીસ સ્ટેશન કરી ૧૧:૩૦ કલાકથી પોલીસ સ્ટેશનેથી નિકળેલા અને આશરે ૧૨:૧૫ કલાકે પહોંચેલા અને આશરે ૪૦ થી ૪૫ મીનીટ ત્યાં સ્થળ ઉપર રોકાયેલા અને ૧૩:૦૦ કલાકે સ્થળ ઉપરથી પોલીસ સ્ટેશને આવવા માટે નિકળેલા અને આશરે ૧૩:૪૫ કલાકે પોલીસ સ્ટેશન પરત આવેલા.

તા.૩૦/૧૨/૨૧ ના રોજ કરેલ પંચનામાવાળુ સ્થળ પોલીસ સ્ટેશનથી આશરે ૩૦ થી ૩૫ કિલોમીટર દુર આવેલુ હતુ. મેં આ ગુનાની તપાસ સંભાળેલી ત્યારે કોઈ કોલ ડિટેઈલ રેકોર્ડ ઉપલબ્ધ ન હતા. એ વાત ખરી છે કે,મારી તપાસ દરમ્યાન જે દુકાનેથી મોબાઈલ ફોન અને સીમકાર્ડ ખરીદવામાં આવેલ તે મહત્વનો પુરાવો હતો. એ વાત ખરી છે કે,મેં આ કામે મારી તપાસ દરમ્યાન જે દુકાનેથી મોબાઈલ ફોન

અને સીમકાર્ડ ખરીદવામાં આવેલા તે દુકાનના કોઈ સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલ નથી કે કબ્જે કરેલ નથી.

એ વાત ખરી નથી કે,ભોગબનનારે મારા રૂબરૂના નિવેદનમાં તેણીને મોબાઈલ ફોન અને સીમકાર્ડ આમીર નામના તેના બોઈફ્રેન્ડે ખરીદી આવેલા તેવી હકીકત જણાવેલી પરંતુ મેં તે હકીકત ભોગબનનારના નિવેદન જાણીબુઝીને નોંધેલ નથી. મારી આ ગુનાની તપાસ દરમ્યાન ભોગબનનાર ફરીયાદના એક માસ અગાઉ સુનિલ નામના કોઈ છોકરા સાથે પ્રેમ સબંધના કારણે ભાગી ગયેલ જેની કોઈ હકીકત ખુલવા પામેલ ન હતી. એ વાત ખરી નથી કે,મારી આ ગુનાની તપાસ દરમ્યાન ભોગબનનાર આમીર નામના છોકરા સાથે બહાર એકબીજા સાથે મળવા જતા હતા અને બગીચામાં મળતા હતા તેવી હકીકત પણ ખુલવા પામેલી. એ વાત ખરી નથી કે, ભોગ બનનારને આમીરે જે દિવસે મોબાઈલ ફોન અને સીમકાર્ડ ખરીદી આપેલ તે દિવસે પણ તેઓ બહાર બગીચામાં મળેલા તેવુ મારી તપાસમાં ખુલવા પામેલ નથી. મારી તપાસ દરમ્યાન એવી કોઈ હકીકત ખુલવા પામેલ નથી કે, તા.૩૧/૧૨/૨૧ ના રોજ ભોગબનનાર અને આમીર એકબીજાને મળવાના હતા તેવી ટેલીફોનીક વાત તા.૩૦/૧૨/૨૧ ના રોજ તેઓ વચ્ચે થયેલી. એ વાત ખરી છે કે,આ ગુનાની તપાસ માટે ભોગબનનાર જે મોબાઈલ ફોન વાપરતા હતા તેની કોલ ડિટેઈલ રેકોર્ડ મહત્વનો પુરાવો સાબિત થાય તેમ હતો.

મારી આ ગુનાની તપાસ દરમ્યાન ભોગબનનારની માતા અને દાદીને જુન–૨૦૨૧ ના અરસામાં આ ગુનાની કોઈ વિગત ભોગબનનારે જણાવી હોય તેવી કોઈ હકીકત ખુલવા પામેલ ન હતી. આ ગુનાના કામે ભોગબનનાર જે મોબાઈલ ફોન વાપરતા હતા તે મોબાઈલ ફોન

ભોગબનનાર પાસે જુન–૨૦૨૧ ના અરસામાં હતો તેવી જાણ ભોગબનનારની માતા અને દાદીને થઈ ગયેલ હતી તેવુ મારી તપાસ દરમ્યાન ખુલવા પામેલ ન હતુ. ભોગબનનારના પિતાએ મારી રૂબરૂના નિવેદનમાં આમીરે જુન–૨૦૨૧ ના અરસામાં મોબાઈલ ફોન ભોગબનનારને આપેલો તેવી કોઈ હકીકત જાહેર કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે,ભોગબનનારને આમીરે આપેલો મોબાઈલ ફોન ભોગબનનારના પિતાએ તોડી નાંખેલો તેવી કોઈ હકીકત મારી રૂબરૂની તપાસ દરમ્યાન ખુલવા પામેલ હતી.

મેં ભોગબનનારનુ વિશેષ નિવેદન જે તા.૨૯/૧૨/૨૧ ના રોજ નોંધેલુ તે નિવેદન ભોગબનનારના નિવાસ સ્થાને જઈને નોંધેલુ. આ વિશેષ નિવેદન નોંધતા આશરે અડધો કલાકનો સમય લાગેલો. તા.૨૯/૧૨/૨૧ ના રોજ ભોગબનનારનુ વિશેષ નિવેદન નોંધ્યા બાદ ફરીથી તેણીનુ કોઈ વિશેષ નિવેદન નોંધવાનો પ્રસંગ બનેલ ન હતો. તા.૨૯/૧૨/૨૧ ના રોજ ભોગ બનનારના ઘરે જઈ તેણીનુ વિશેષ નિવેદન નોંધ્યા બાદ તેણીના માતા–પિતાનુ પણ મેં વિશેષ નિવેદન નોંધેલા. એ વાત ખરી છે કે, ભોગ બનનાર ની માતાનુ નિવેદન મેં આ કામે તા.૨૮/૧૨/૨૧ તથા તા.૨૯/૧૨/૨૧ એમ બે વાર નોંધેલા. ભોગબનનારની માતાનુ તા.૨૮/૧૨/૨૧ ના રોજનુ નિવેદન મેં પોલીસ સ્ટેશને નોંધેલુ. એ વાત ખરી નથી કે, મેં આ કામે ભોગબનનારનુ તા.૨૯/૧૨/૨૧ ના રોજનુ નિવેદન મેં તેણીના ઘરે નહીં પણ પોલીસ સ્ટેશનમાં બેસીને જ લખી લીધેલુ.

ભોગબનનારનુ તા.૨૯/૧૨/૨૧ ના રોજનુ નિવેદન નોંધ્યુ ત્યારે મારી સાથે વિડિયોગ્રાફર તથા ડબલ્યુ પી.સી. મીનાબેન તથા મહિલા ચાઈલ્ડ લાઈન મેમ્બરના મહિલા સભ્ય મારી સાથે હાજર હતા. તા.૨૮/૧૨/૨૧ ના રોજનુ ભોગબનનારની દાદીનુ નિવેદન મેં

પોલીસ સ્ટેશનમાં નોંધેલુ. એ વાત ખરી નથી કે, આ કામના બંને આરોપી એફ.આઈ.આર. નોંધાઈ તે સમયથી જ પોલીસ કસ્ટડીમાં હતા. એ વાત ખરી નથી કે, તા.૩૦/૧૨/૨૧ ના રોજનુ ડિસ્કવરી પંચનામુ મેં સ્થળ પર ગયા વિના પોલીસ સ્ટેશનમાં તૈયાર કરી તેમાં પંચો ની સહીઓ લઈ લીધેલી. એ વાત ખરી નથી કે, તા.૩૦/૧૨/૨૧ ના રોજનુ ડિસ્કવરી પંચનામુ કરતા પહેલા આરોપીને ડરાવી ધમકાવી તેની પાસે મારી તપાસમાં ઉપયોગી થાય તેવુ નિવેદન વિડિયોગ્રાફી દરમ્યાન બોલાવી આ ગુનાના કામે ખોટુ ડિસ્કવરી પંચનામુ તૈયાર કર્યુ છે. એ વાત ખરી છે કે,મેં આ ગુનાની કામની તપાસ સં ભાળી અને ડી.વાય.એસ.પી. માવાણીને સુપ્રત કરી તે દરમ્યાન ભોગબનનારના જન્મને લગતો કોઈ પણ આધાર પુરાવો મારી પાસે ન હતો. એ વાત ખરી નથી કે, તમામ સાહેદોના નિવેદન મેં મારી રીતે મનઘનડ રીતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, પંચનામા મેં પોલીસ સ્ટેશનમાં તૈયાર કરી પાછળથી પંચોને બોલાવી તેમાં સહીઓ કરાવી લીધેલ. એ વાત ખરી નથી કે, મારી તપાસ દરમ્યાન પોકસો એકટ હેઠળનો કોઈ ગુનો બનતો હોવાનુ પ્રથમદર્શને જણાંતુ ન હતુ તેમ છતાં મેં આ ગુનાની તપાસ ખોટી દિશામાં આગળ ધપાવેલ હતી. ”

(૩૭). ફરિયાદપક્ષે **સાહેદ નં.૨૮ તપાસ કરનાર અમલદાર રામજી લક્ષ્મણભાઇ માવાણીને આંક–૧૭૪** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની જુબાની દરમ્યાન સરતપાસમાં પુરાવો આપેલ છે કે,

"અમો માહે–ડિસેમ્બર–૨૦૨૧ માં નાયબ પોલીસ અધિક્ષક તરીકે વ્યારા વિભાગ જીલ્લો તાપી ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરીયાદી ''ટી''/ભોગબનનારે આરોપીઓએ પોતાની સાથે દુષ્કર્મ કરી તેનો વિડિયો તથા ફોટા લઈ એકબીજા સાથે મદદગારી કરી ગુનો કરેલ હોવા અંગેની ફરિયાદ આપેલી.

આ ગુનાની તપાસ શ્રી એન.એસ.ચૌહાણ નાઓએ સંભાળી લીધેલી હતી. પોલીસ અધિક્ષકશ્રી તાપીના હુકમ આધારે આ ગુનાની તપાસ અમોને સંભાળી લેવાની સુચના મળતા શ્રી એન.એસ.ચૌહાણ પાસેથી આ ગુનાની તપાસ સંભાળી લીધેલી અને તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલા કેસ કાગળો તથા કેસ ડાયરી મેળવી ગુના તપાસથી વાકેફ થઇ આગળની તપાસ ચાલુ કરેલી. આ ગુનાના કામે શ્રી ચૌહાણે આરોપી બલીરામ તથા તેમના પત્નીને ગુનાના કામે અટક કરેલ હોય અને ગુનાની તપાસ માટે રીમાન્ડની જરૂરીયાત જણાંતા જરૂરી કાર્યવાહી કરી નામદાર કોર્ટમાંથી રીમાન્ડ મેળવવામાં આવેલ. તપાસ દરમ્યાન લાગતા વળગતા અલગ અલગ સાહેદોના તેઓના લખાવ્યા મુજબના ગુના સબંધે પુછપરછ કરી નિવેદનો લખેલા ભોગબનનાર આંબા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ હોય ભોગબનનારનુ લીવીંગસર્ટી તથા શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ મેળવવા યાદી કરેલ અને આચાર્યનુ નિવેદન લઇ ભોગબનનારના જન્મ અંગેનો પુરાવો મેળવેલ જે આંક–૧૦૬ તથા ૧૦૭ થી રજુ છે તે જ છે. તે બાદ ભોગબનનારનો જન્મ આંબા ગ્રામપંચાયત તલાટી કમ મંત્રી પાસે નોંધણી થયેલ હોય તલાટી કમ મંત્રીને જન્મનો દાખલો તથા જન્મ નોંધણી રજીસ્ટરના ઉતારાની પ્રમાણિત નકલ મેળવવા યાદી કરેલ અને જન્મ અંગેનો પુરાવો મેળવેલ જે આંક–૧૦૯ તથા ૧૧૦ થી રજુ છે તે જ છે. તપાસ દરમ્યાન ભોગબનનાર તથા તેણીના માતા–પિતા અને અન્ય પાંચ સાહેદોના સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધાવવા તજવીજ કરેલ અને નામદાર કોર્ટ તરફથી તમામ નિવેદનો સીલબંધ કવરમાં અલગ અલગ મળતા તપાસના કામે સામેલ રાખેલ અને તપાસના કાગળો માટે આ ૧૬૪ મુજબના નિવેદનોની નકલો નામદાર કોર્ટમાંથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આ કામે સરકારી પંચો મેળવવા માટે ચીફ ઓફીસરશ્રી સોનગઢ, પ્રિન્સીપાલશ્રી આદર્શનિવાસી શાળા તથા પ્રયોજના વહીવટદાર સોનગઢ તેમજ ટી.ડી.ઓ. સોનગઢનાઓને યાદીઓ પાઠવી તેમની નકલ કામમાં સામેલ રાખેલ જે યાદી **<u>આંક–૧૭૫, ૧૭૬, ૧૭૭ (પી.ડબલ્યુ.–૨૮)</u>**

આપવામાં આવે છે. આ કામે આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરેલ તે વખતે તેણે પહેરેલ કપડા જે જગ્યાએ રાખી મુકેલ હતા તે અંગે પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ પંચનામુ કરી આરોપીના ઘરેથી કપડા રજુ કરતા ગુનાના કામે કબ્જે કરવામાં આવેલા અને મુદદામાલ પાવતી ફાડી મુદદામાલ પાવતી તથા પંચનામુ તપાસના કામે સામેલ રાખેલ. મને આંક–૧૪૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.

આ કામે ભોગબનનાર સાથે આરોપીએ પ્રથમ વખત અને બીજી વખત દુષ્કર્મ કરેલ તે સમયે તેણીએ પહેરેલ કપડા તેમના વાલીની હાજરીમાં રજુ કરતા વિગતવારનુ પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ અને મુદદામાલ પાવતી ફાડી તપાસના કામે સામેલ રાખેલ. મને આંક–૧૪૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. આ કામે આરોપીઓની ઓળખપરેડ કરાવવા સારૂ મામલતદારશ્રી સોનગઢને જરૂરી યાદી પાઠવેલ અને તેઓ સાહેબ તરફથી તારીખ અને સમય ફાળવતા બંને આરોપીઓને ઓળખપરેડ કરાવવાની તજવીજ કરવામાં આવેલ અને મામલતદારશ્રીએ કરેલ ઓળખપરેડ પંચનામુ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૧૬૫ થી રજુ છે તે જ છે. આ કામે ભોગબનનારને આરોપીઓ કે.વાય.સી.કરાવવાના બહાને બેંક ઓફ બરોડા સોનગઢ ખાતે લાવેલા તે બેંકમાં ભોગબનનારનુ એકાઉન્ટ છે કે કેમ તે અંગે જરૂરી વિગતો મેળવવા બ્રાંચ મેનેજરશ્રીને યાદી પાઠવેલ અને તેઓએ રજુ કરેલ બેંક એકાઉન્ટ તથા ઓપનીંગ ફોર્મ વિગેરે કાગળો તપાસના કામે સામેલ રાખેલ.

આ કામે ભોગબનનાર તથા આરોપી બલીરામની મેડીકલ ચકાસણી કરાવવા સારૂ યાદી પાઠવી મોકલવા તજવીજ કરવામાં આવેલી અને ડોકટરશ્રીએ તપાસણી દરમ્યાન ભોગબનનાર તથા આરોપી બલીરામના જૈવિક નમુનાઓ લીધેલા હતા અને શારીરીક ચકાસણી સર્ટીફીકેટો તથા ડોકટર રૂબરૂ ભોગબનનારે આપેલ હિસ્ટ્રી વિગેરે કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ભોગબનનારના મેડીકલ તપાસણી રીપોર્ટ આંક–૭૯, ૮૦, ૮૧ થી રજુ છે તે જ છે જયારે આરોપી બલીરામના મેડીકલ તપાસણી

રીપોર્ટ આંક–૮૩, ૮૪, ૮૫ થી રજુ છે તે જ છે. ભોગબનનાર તથા આરોપીની મેડીકલ ચકાસણી માટે મેડીકલ ઓફીસરશ્રી સોનગઢને પી.આઇ. એન.એસ.ચૌહાણે યાદી કરેલ જે યાદી **આંક–૧૭૮, ૧૭૯(પી.ડબલ્યુ.–૨૮)** આપવામાં આવે છે.

તપાસ દરમ્યાન આ કામે આરોપી બલીરામે ભોગબનનારને સાથે તેના ખેતરમાં તથા સોનગઢ ખાતે તેની બહેનના ઘરે દુષ્કર્મ કરેલ અને બંને આરોપીઓ ભોગબનનારને બેંક ઓફ બરોડામાં કે.વાય.સી. કરાવવાના બહાને સોનગઢ લાવેલા અને ત્યારબાદ મોબાઇલ ફોન ખરીદવા તથા નાસ્તો કરાવવા લઇ ગયેલા તે તમામ જગ્યાઓ આરોપી સ્વૈચ્છાએ બતાવવા માંગતા હોય રીકન્સ્ટ્રકશન પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ. જે પંચનામુ આંક–૧૩૮ થી રજુ છે તે જ છે.

આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન રમેશભાઇ જયસિંગભાઇ ગામીત નાઓએ વિડિયોગ્રાફી કરેલ જેની ડી.વી.ડી. પી.આઇ. એન.એસ.ચૌહાણે પંચનામાની વિગતે મેળવેલ અને તે અંગેનુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નુ પ્રમાણપત્ર મેળવેલ જે કામમાં સામેલ રાખેલ. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૧૮૦(પી.ડબલ્યુ.–૨૮)** આપવામાં આવે છે.

આ કામે તપાસ દરમ્યાન પી.આઇ.શ્રી એન.એસ.ચૌહાણે આરોપી બલીરામના મોટર સાયકલની ડિકકીમાંથી ચાર સીમકાર્ડ કબ્જે કરેલ હતા તે સીમકાર્ડના સીમ નંબરો જાણવા જરૂરી હોય અને આ સીમકાર્ડનો મુદદામાલ ક્રાઇમરાઇટર હેડ સોનગઢ પાસે જમા હોય તે સીલબંધ સીમકાર્ડનો મુદદામાલ ક્રાઇમરાઇટર હેડનાઓએ સરકારી પંચો રૂબરૂ રજુ કરતા જે સીલ ખોલી સીમકાર્ડના નંબરો જાણવા અંગેનું વિગતવારનુ પંચનામુ કરી ફરીથી તે સીમકાર્ડ જેતે હાલતમાં જુના પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરી તે મુદદામાલ પરત ક્રાઇમરાઇટર હેડને સોંપી આપેલ અને કરેલ પંચનામુ તપાસના કામે સામેલ રાખેલ. મને આંક–૧૩૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે તે જ છે. તપાસ દરમ્યાન પી.આઇ.શ્રી એન.એસ.ચૌહાણ તથા અમોએ જે જે મુદદામાલ કબ્જે કરેલ હતો તે તથા ડોકટરશ્રીએ આરોપી તથા

ભોગબનનારના મેડીકલ તપાસણી દરમ્યાન જૈવિક નમુનાઓ લીધેલા. તે તમામ મુદદામાલ પૈકી મોટર સાયકલ સિવાયનો તમામ મુદદામાલ એફ.એસ.એલ. મોકલવા સારૂ જરૂરી રવાની નોંધો તૈયાર કરી સત્તા અંગેનુ પ્રમાણપત્ર આપી મુદદામ માણસ સાથે કબ્જે લીધેલ મુદદામાલ એફ.એસ.એલ. કચેરી મોકલી આપેલ. જે રવાનગીપત્ર અનુક્રમે દાખલ **<u>આંક–૧૮૧, ૧૮૨, ૧૮૩(પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે.

મુદદામાલ એફ.એસ.એલ. કચેરીએ મળી ગયેલ હોય તે અંગેની પહોંચ મુદદામ માણસ સાથે મોકલી આપતા તે પહોંચો કામમાં સામેલ રાખેલ જે પહોંચો અનુક્રમે દાખલ **<u>આંક–૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭ (પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે. તપાસ દરમ્યાન એફ.એસ.એલ.માં જે મુદદામાલ મોકલવામાં આવેલ તેના પરિક્ષણ અહેવાલો ફોરવડીંગ પત્ર સાથે મળતા કામમાં સામેલ રાખેલ જે ફોરવડીંગપત્રો અનુક્રમે દાખલ **<u>આંક–૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨(પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે તથા એફ.એસ.એલ.ના પરિક્ષણ અહેવાલો, એફ.એસ.એલ.કચેરીએથી મળેલ પરિક્ષણ અહેવાલ સાથે પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) નુ પ્રમાણપત્ર આપેલ જે અનુક્રમે દાખલ **<u>આંક–૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯(પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે. એફ.એસ.એલ. કચેરીએથી ડી.વી.ડી.ની કોપી મળતા કામમાં સામેલ રાખેલ જે અનુક્રમે દાખલ **<u>આંક–૨૦૦, ૨૦૧, ૨૦૨(પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે.

આરોપીએ જે ઓપો કંપનીનો મોબાઇલ ફોન ભારત ઇલેકટ્રોનીકસમાંથી ખરીદ કરેલ હોય તેમાં બનાવ સમયે વિડિયો તથા ફોટા લીધેલ હતા તે બાબતે ભારત ઇલેકટ્રોનીકસના માલિક તથા અન્ય સાહેદોના નિવેદનો લીધેલા તથા ઇન્વોઇસ બીલ મેળવી કામમાં સામેલ રાખેલ જે ઇન્વોઇશ બીલ **<u>આંક–૨૦૩ (પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે.

ભોગબનનારને આરોપીએ સાંઇ મોબાઇલ નામની દુકાનમાંથી મોબાઇલ ફોન લઇ આપેલ અને તેનુ સીમકાર્ડ પણ પોતાનુ આધારકાર્ડ રજુ

કરી એકટીવેટ કરી આપેલ તે દુકાન માલિક તથા અન્ય સાહેદોના નિવેદનો મેળવી સામેલ રાખેલ તેમજ ઈન્વોઈસ બીલ પણ મેળવી તપાસના કામે સામેલ રાખેલ.

આ કામે આરોપીઓ ભોગબનનારને જે મોટર સાયકલ ઉપર સોનગઢ ખાતે લાવેલા તે મોટર સાયકલની માલિકી અંગેના આધારપુરાવા મેળવવા આર.ટી.ઓ. સોનગઢને યાદી પાઠવી અને તેઓ તરફથી સ્ક્રીન રીપોર્ટની સર્ટીફાઈડ નકલ મળતા કામે સામેલ રાખેલ જે સ્ક્રીન રીપોર્ટની સર્ટીફાઈડ નકલ **<u>આંક–૨૦૪(પી.ડબલ્યુ.–૨૮)</u>** આપવામાં આવે છે.

આ કામે ભોગબનનાર તથા આરોપી અને તેના મોટર સાયકલમાંથી જે સીમકાર્ડ મળી આવેલા તે મોબાઈલ નંબરના સી.ડી.આર. તથા એસ.ડી.આર. તથા સી.એ.એફ. મેળવવા તજવીજ કરવામાં આવેલી. વોડાફોન, આઈડીયા કંપની તરફથી ફોરવડીંગ પત્ર સાથે ૬૫(બી)(૪)(સી)ના પ્રમાણપત્ર સાથે સી.ડી.આર.ની નકલ મળેલ જે વોડોફોન કંપનીનો ફોરવડીંગપત્ર અને ૬૫(બી)(૪)(સી) નુ પ્રમાણપત્ર **<u>આંક–૨૦૫ (પી.ડબલ્યુ.–૨૮)</u>**,. જીઓ કંપની તરફથી મોબાઈલ નંબરોની કેફ (સી.એ.એફ) તથા સી.ડી.આર. અને ૬૫ (બી)(૪)(સી)નુ પ્રમાણપત્ર **<u>આંક– ૨૦૬ (પી.ડબલ્યુ.–૨૮)</u>**,. આરોપી બલીરામના મોબાઈલ નંબરની સી.ડી.આર.ની નકલ **<u>આંક–૨૦૭(પી.ડબલ્યુ.–૨૮)</u>**, **<u>આંક–૨૦૮(પી.ડબલ્યુ.–૨૮)</u>**, **<u>આંક–૨૦૯ (પી.ડબલ્યુ.–૨૮)</u>**, **<u>આંક–૨૧૦(પી.ડબલ્યુ.–૨૮)</u>**, **<u>આંક–૨૧૧ (પી.ડબલ્યુ.–૨૮)</u>** , આરોપી અનીતાબેનના મોબાઈલ નંબર ની સી.ડી.આર. નકલ **<u>આંક–૨૧૨(પી.ડબલ્યુ.–૨૮)</u>**,ભોગબનનારના મોબાઈલ નંબરની સી.ડી.આર. ની નકલ **<u>આંક–૨૧૩(પી.ડબલ્યુ.–૨૮)</u>**. ભોગબનનારના ઘરના મોબાઈલ નંબરની સી.ડી.આર. ની નકલ **<u>આંક–૨૧૪ (પી.ડબલ્યુ.–૨૮)</u>**. ભોગબનનારના પિતાના મોબાઈલ નંબરની સી.ડી.આર. ની નકલ **<u>આંક–૨૧૫(પી.ડબલ્યુ.–૨૮)</u>**.

આ કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સારૂ જરૂરી યાદી પાઠવી ગુનાવાળી જગ્યાના નકશા મળતા કામમાં સામેલ રાખેલ. જે

નકશાઓ ફોરવડીંગપત્ર સાથે મળેલ. જે આંક–૭૧, ૭૨, ૮૮, ૮૯ થી રજુ છે તે જ છે. આ કામે આરોપીએ બનાવ વખતે જે કપડા પહેરેલ હતા તે તેના ઘરેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે ઘરની માલીકી અંગેનુ લાઇટબીલ મેળવવામાં આવેલ. આરોપીએ ભોગબનનાર સાથે તેના ખેતરના ઝુપડામાં તથા સોનગઢ ખાતે તેની બહેન કપીલાબેનના ઘરે દુષ્કર્મ કરેલ તે ખેતર તથા કપીલાબેન જે ઘરે ભાડુત તરીકે રહે છે તે ઘરના માલીકી અંગેના પુરાવા મેળવવામાં આવેલ જે આંક–૬૯ તથા આંક–૬૪ થી રજુ છે તે જ છે. આ કામે ભોગબનનાર તથા તેના માતા–પિતાની ઓળખ છતી ન થાય તે માટે નિવેદનો તથા પંચનામાઓ વિગેરેમાં તેઓના નામ ગુપ્ત રાખેલ છે તે બાબતે નામદાર કોર્ટને રીપોર્ટ કરવામાં આવેલ.

આ કામે અમારી બદલી થતા તપાસ અકેંદરે પુરી થયેલી હોય બંને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા જણાંતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ અને આ કામે તપાસ જે બાકી હતી તે સી.આર.પી.સી.કલમ–૧૭૩(૮) મુજબ ચાલુ રાખવા માટે અને ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરવા અમારી જગ્યાએ બદલાઇને આવેલ નાયબ પોલીસ અધિક્ષકશ્રી સી.એમ. જાડેજાને તમામ કાગળો તથા કેસડાયરી આગળની તપાસ માટે સુપ્રત કરેલ.આરોપીઓને ઓળખી બતાવે છે.તેમજ તપાસના કામે કબજે લીધેલ મુદ્દામાલ તે જ છે અને આંક–૧૪૧ તથા ૧૪૬ થી ૧૫૮ વાળી કાપલીઓમાં સહી ઓળખી બતાવે છે.

મેં તા.૧/૧/૨૦૨૨ ના રોજ સાહેદ મહેન્દ્રભાઈ દેવજીભાઇ કોંકણીનું નિવેદન લીધેલ જેમાં એવી હકીકત લખાવેલ કે,''હું અને મારી પત્ની નોકરી કરતા હોય અમારે મોડુ થતુ હોય મારો સાળો બલીરામ અમારા ઘરની ચાવી તેની પાસે રાખતો અને મારા છોકરાઓને સ્કુલેથી લઈને ઘરે મુકી જતો.''

મેં તા.૧/૧/૨૦૨૨ ના રોજ સાહેદ કપીલાબેન મહેન્દ્રભાઈ કોંકણીનું નિવેદન લીધેલ જેમાં એવી હકીકત લખાવેલ કે, હું અને મારા પતિ નોકરી

કરતા હોય અમારે મોડુ થતુ હોય મારો ભાઈ બલીરામ અમારા ઘરની ચાવી તેની પાસે રાખતો અને મારા છોકરાઓને સ્કુલેથી લઈને ઘરે મુકી જતો. ''

**૩૭.૧.** બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

" એ વાત ખરી નથી કે, ફરીયાદ દાખલ કરવામાં થયેલ સાત માસના વિલંબ અંગે ફરીયાદમાં કોઇ ખુલાશો કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં સ્પષ્ટ રીતે ફરીયાદ દાખલ થવાનુ વિલંબ બાબતે કોઇ ઉલ્લેખ નથી. મારી તપાસમાં આરોપીઓ સોનગઢ મોબાઇલની દુકાનમાં ગયેલા તેવુ ખુલવા પામેલુ. હું તપાસમાં આ દુકાને ગયેલો. આ દુકાનમાં સી.સી. ટી.વી. કેમેરા હતા કે કેમ તે બાબતે મેં કોઇ તપાસ કરેલ નહીં. તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ આ ગુનાની તપાસ મારા ધ્વારા સંભાળવામાં આવેલી. એ વાત ખરી છે કે, પોકસો એકટ હેઠળ જયારે ગુનો દાખલ કરવાનો થાય તે વખતે ભોગબનનાર સગીરવયની છે કે કેમ તે અંગે ખાતરી કર્યા બાદ ગુનો દાખલ કરવાનો રહે છે. તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ ગુનો દાખલ થયા બાદ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ જયારે મેં તપાસ સંભાળેલ ત્યારે ભોગબનનારનો જન્મનો દાખલો તપાસના કાગળોમાં સામેલ ન હતો. સાહેદ જણાવે છે કે, તપાસના કાગળોમાં આધારકાર્ડ મળેલો હતો જેમાં જન્મ તારીખ લખેલ હતી. એ વાત ખરી છેકે, મારી તપાસ દરમ્યાન દુષ્કર્મના નજરેજોનાર સાહેદ હોવાનુ ખુલવા પામેલ નહીં. એ વાત ખરી છેકે, આંક-૧૯૬ ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરિક્ષણ અહેવાલનાં અવલોકન/અભિપ્રાય (૧) નમુનો-કયુ સદર કમ્પોનન્ટસ ધણા પ્રમાણમાં બળી ગયેલ હોય તે મોબાઇલ ફોનના ભાગ છે કે કેમ તે સ્પષ્ટ કહી શકાય નહી (૨) નમુનો-આર (કન્ટ્રોલ બળેલ રાખ)માં કોઇ ઇલેકટ્રોનીકસ કમ્પાર્ટમેન્ટ કે ભાગ જોવા મળેલ નથી (૩) નમુનો-એસ મળેલ મોબાઇલ ફોનના ભાગો.... આ સીવાય મોડેલ/સીરીયલ નંબર કે અન્ય માહિતી મળેલ નથી (૪) નમુનો-કયુ(બળેલ અવશેષો) ઘણા પ્રમાણમાં બળેલ હોવાથી તે નમુનો-એસ(બળેલ અર્ધબળેલ અવશેષો) માં રહેલ બળેલ મોબાઇલ ફોનના જ ભાગો છે કે કેમ ? એ સ્પષ્ટ કહી શકાય

નહીં. આંક–૧૮૧ ની યાદીથી એફ.એસ.એલ.માં ભોગબનનાર તથા આરોપી વચ્ચે મોબાઇલ ધ્વારા થયેલ વાતચીત બાબતેનુ તપાસ કરવા મોકલી આપેલ જેમાં એફ.એસ.એલ. ધવારા તપાસ થઇને આંક–૧૯૫ નો રીપોર્ટ કરેલો. એ વાત ખરી છેકે, આંક–૧૯૫ ના રીપોર્ટમાં આરોપી અને ભોગબનનાર વચ્ચે મેસેજ કે ચેટીંગ થયેલ ન હોવાનુ ખુલવા પામેલ. એ વાત ખરી છેકે, સાહેદ ભાવેશભાઈ ભગવાનજીભાઇ ટાંક(તલાટી)એ મારી રૂબરૂના નિવેદનમાં ભોગબનનારનુ નામ ટવીન્કલબેન હોય તેવુ જાહેર કરેલ ન હતુ. આંક–૧૧૦ ના જન્મ–મરણ રજીસ્ટરમાં ટીનકીબેન લખાયેલ છે તથા જન્મના સ્થળમાં આંબા લખેલ છે. એ વાત ખરી છેકે, આંક–૧૧૦ ના રજીસ્ટરના ઉતારા મુજબ ટીનકીબેનનો જન્મ આંબા ગામે થયેલો. એ વાત ખરી છેકે, ભોગબનનારનુ આધારકાર્ડમાં નામ અને જન્મ રજીસ્ટરમાં નામ અલગ અલગ છે. એ વાત ખરી છેકે, ભોગબનનારના મોબાઇલ નંબર–૯૭૭૩૨૬૮૮૦૩ અને સાહેદ આમીર વસાવાના મોબાઇલ નંબર–૯૨૬૫૧૪૨૦૨૯ વચ્ચે વાતચીત ૧૯૪ વખત થયેલ છે એટલે કે, તા.૩૧/૫/૨૦૨૧ થી તા.૨૭/૬/૨૦૨૧ દરમ્યાન. એ વાત ખરી છે કે, તા.૧૮/૪/૨૦૨૧, ૨૦/૪/૨૦૨૧, ૨૧/૪/૨૦૨૧, ૨૨/૪/૨૦૨૧, ૨૮/૫/૨૦૨૧ તેમજ અન્ય તારીખોએ પણ ભોગબનનાર અને આમીર વચ્ચે વાતચીત થયેલી. એ વાત ખરી છે કે, ભોગબનનાર અને સાહેદ આમીર વચ્ચે તા.૧/૬/૨૦૨૧ ના રોજ સવારે ૪:૪૫ થી ૫:૫૮ સુધી વાતચીત થયેલ છે અને સમગ્ર દિવસ દરમ્યાન ૧૨૧–મીનીટ વાતચીત થયેલ છે. મારી તપાસમાં ભોગબનનાર સોનગઢમાં બનેલ બનાવના છ મહિના પછી ભાગી ગઇ હોય તેવુ ખુલવા પામેલ નથી. મારી તપાસમાં ભોગબનનાર સુનિલ રહેવાસી ગુનખડીના ઘરે ભાગીને ગઇ હોય તેવુ ખુલવા પામેલ નહીં. એ વાત ખરી છેકે, તા.૧/૪/૨૧ થી તા.૩૧/૫/૨૧ દરમ્યાન ભોગબનનારના પિતાના મોબાઇલ નંબર–૯૩૧૩૭૩૨૦૬૩ થી મોબાઇલ નંબર–૯૦૨૩૧૪૭૬૧૦ વચ્ચે ૫૩૭ વાર વાતચીત થયેલી. એ વાત ખરી છકે, ભોગબનનારના મોબાઇલ પરથી અન્ય મોબાઇલ પર જે વધુ/વારંવાર વાતચીત થયેલ તે બાબતે મેં કોઇ તપાસ કરી નથી. એ વાત ખરી નથી કે, આરોપી નંબર–૨

અનિતાબેને ભોગબનનારના માત–પિતાને આમીર અને ભોગબનનાર વચ્ચે સબંધો છે તે બાબતેની વાત કરેલી જેથી ભોગબનનાર દુષ્મનાવટ રાખી હાલના આરોપીઓ સામે ખોટી હકીકતવાળી ફરીયાદ લખાવેલી. એ વાત ખરી નથી કે,મારી તપાસમાં એવુ ખુલવા પામેલ કે, ભોગબનનારના પિતા ભોગબનનારને મોબાઈલ લઈ આપતા નહીં. એ મને હાલ યાદ નથી કે, આમીરે ભોગબનનારને મોબાઈલ લઈ આપેલો. એ વાતની મને ખબર નથી કે, હું આ કેસની તપાસ કરતો હતો ત્યારે મહેન્દ્રભાઈ કોંકણી કરીને પોલીસવાળો તાપી જીલ્લામાં ફરજ બજાવતો હતો. એ વાતની મને ખબર નથી કે, આ ફરીયાદને ઘણા મહિનાઓ વિતિ ગયા બાદ મહેન્દ્રભાઈ કોંકણીના કહેવાથી આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છેકે, મારી તપાસમાં મેં ભોગબનનારનુ કે તેની માતાનુ વિશેષ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે ચાર્જશીટ કરવા પુરતો પુરાવો ન હોવા છતાં ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે,ભોગબનનાર અને આરોપીઓ કયારેય એકલતામા મળ્યા નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓએ ભોગબનનારના ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરી નથી. એ વાત ખરી નથી કે, સને–૨૦૨૧ વર્ષમાં કયારેય આરોપી અને ભોગબનનાર મળેલ નથી કે, ભોગબનનાર આરોપીના ઘરે કે આરોપીના બહેનના ઘરે કે આરોપીના ખેતરમાં ગયેલ નથી. ”

**<u>– : રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન:–</u>**

**<u>::– મુદ્દા નં.૦૧ નો નિર્ણય અને તેની પાછળના કારણો –::</u>**

**<u>::– ભોગ બનનાર સગીરની ઉમર બાબતે પુરાવો –::</u>**

**(૩૮)** આ કામે આરોપી વિરૂદ્ધ પોક્સો એક્ટ ની કલમ–પોકસો એકટ, ૨૦૧૨ ની કલમ– ૬, ૧૦, ૧૪, ૧૭ અન્વયે ના ગુનાના આક્ષેપ છે ત્યારે ભોગ બનનાર બનાવ સમયે સગીર હતી કે કેમ તે મુદ્દો પ્રાથમિક રીતે નિર્ણિત કરવો ફરજીયાત બને છે.

**૩૮.૧** ફરિયાદપક્ષે આંક–૧૩ થી ભોગબનનારને સોંગદ પર તપાસેલ છે. તેણીએ પોતાની સોંગદ પરની જુબાનીમાં જન્મ તારીખ તા.૫/૨/૨૦૦૫

હોવાનુ જણાવેલ છે. તેમજ તમે કેટલા ધોરણમા ભણો છો? સવાલના જવાબમાં ધો–૧૨ ની પરીક્ષા આપેલ છે અને ૧૨ માં ધોરણમાં આવીશ. તેમજ આંક–૨૭ થી ભોગબનનારના પિતાને સોંગદ પર તપાસેલ છે. તેણીના પિતાએ પોતાની સોંગદ પરની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૫/૨/૨૦૦૫ હોવાનુ જણાવેલ છે. જયારે આંક–૧૪ થી રજુ થયેલ ફરીયાદમાં ભોગ બનનારની ઉ.વ.૧૬ વર્ષ, ૧૦ માસ હોવાનુ દર્શાવેલ છે.

**૩૮.૨** વધુમાં આ કામે ભોગ બનનારની ઉંમર બાબતેના મહત્વના સાહેદ નં.૨૦ ચંદુભાઈ વેચીયાભાઈ ગામીત(આંબા પ્રા.શાળાના આચાર્ય) આંક–૧૦૫ ની જુબાનીમાં રજુ થયેલ પુરાવામાં આંક–૧૦૬ થી શાળામાં દાખલ કરવાનો નમુનો તથા શાળાના જનરલ રજીસ્ટરમાં તેની નોંધ અનુક્રમે નં.૧૦૯૭ થી થયેલ છે. તેમજ સોહદ નં.૨૧ થી તલાટી કમ મંત્રી ભાવેશભાઈ ભગવાનભાઈ ટાંક આંક–૧૦૮ની જુબાનીમાં રજુ થયેલ પુરાવામાં ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર આંક–૧૦૯, આંક–૧૧૦ થી જન્મ મરણ રજીસ્ટરના ભોગબનનારની જન્મ નોંધણી તા.૯/૦૨/૨૦૦૫ ના રોજ થયેલ (ભોગબનનારની જન્મ તારીખ: ૫/૨/૨૦૦૫) હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે તે જોતા ભોગબનનારના જન્મની નોંધ જન્મ બાદ તુરંત થયેલ હોય તેના ખરા પણા વિશે કોઇ શંકા ઉપસ્થિત થતી નથી. આમ, ભોગ બનનારની જન્મ તારીખ.૫/૨/૨૦૦૫ ની હોવાનુ ફરીયાદ પક્ષ નિ ર્વિવાદીત રીતે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનુ સ્પષ્ટ બને છે. વધુમાં આંક–૧૧૦ જન્મ–મરણ રજીસ્ટર ની નકલ યોગ્ય સત્તાઅધિકારીના તાબામાંથી રજુ થયેલ સરકારી દસ્તાવેજ છે તથા આંક–૧૦૯ થી રજુ ભોગબનનનારના જન્મ ના પ્રમાણ પત્રને નહી માનવા માટે કોઈ ન્યાયીક કારણ જણાતુ નથી.

**૩૮.૩** આમ, આંક–૧૦૯ થી રજુ જન્મનો દાખલો તેમજ આંક–૧૧૦ જન્મ મરણ રજીસ્ટરના ઉતારા મુજબ ભોગબનનારની જન્મ તારીખ.૫/૨/૨૦૦૫ હોવાનું સ્પષ્ટ બને છે. આમ, આ કામે ફરીયાદપક્ષ ભોગ બનનારની જન્મની તારીખ શંકા રહીત રીતે પુરવાર કરવા માં સફળ રહેતા હોવાનુ માની શકાય તેમ નથી.

**૩૮.૪** વધુમાં આ કામે જે જન્મ રજીસ્ટરના મુળ પુરાવા ઉપરથી આંક–૧૦૯ વાળો જન્મનો દાખલો ઈસ્યુ કરવામાં આવેલ છે તે જન્મના રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ આંક–૧૧૦ થી આ કામે રજુ છે. જેની નોંધણી અનુક્રમ નં.૪ પર તા.૯/૨/૨૦૦૫ ના રોજ તથા જન્મ તા.૫/૨/૨૦૦૫ , જાતિ– સ્ત્રી, બાળકનુ નામ :–(ભોગબનનાર ''××''), પિતાનુ નામ:– ×××ભાઈ , માતાનુ નામ:– ××બેન નોંધાયેલ હોવાનુ સ્પષ્ટ બને છે. આમ આ આંક –૧૧૦ ના પુરાવાને જોતા પણ આંક–૧૦૯ વાળો જન્મનો દાખલો સાચો, ખરો અને તેમાં કોઈપણ જાતનો વિરોધાભાસ અને વિસંગતતા ન હોવાનુ સ્પષ્ટ બને છે. આવા સંજોગોમાં પણ ભોગબનનારના જન્મના આધાર તરીકે રજુ થયેલ આંક–૧૦૯ વાળા જન્મના દાખલાનો પુરાવો સચોટ હોવાનુ માનવાનુ રહે છે.

**૩૮.૫** વધુમાં આંક–૧૦૯ વાળા જન્મના દાખલમાં રજુ થયેલ ભોગબનનારના માતા– પિતાના નામ તથા તેઓના સરનામાની વિગત તેમજ જન્મ સ્થળની વિગત અને ભોગબનનારના નામ અને જન્મ તારીખની જેવી મહત્વની બાબતે આ કામે રેકર્ડ પર કોઈ જ વિરોધાભાસ કે વિસંગતતા હોવાનુ બચાવપક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી.

**૩૮.૬** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ભોગબનનારનો જન્મનો દાખલો રેકર્ડ પર રજુ થાય ત્યારે તેના પુરાવાનુ મુલ્યાંકન કરતા સમયે સુચવેલ

માર્ગદર્શન સિધ્ધાતો સબંધેનો અગ્ર ગ્રહય ચુકાદો ધ્યાને લેવામાં આવે તો જે નીચે મુજબ છે...

**3.) <u>Sri Ganesh vs State Of Tamil Nadu And Anr ; (2017) 3 SCC 280:</u>**

34. xxxxxx There may be situations where the entry made in the matriculation or equivalent certificates, date of birth certificate from the school first attended and even the birth certificate given by a corporation or a municipal authority or a panchayat may not be correct. **<u>But court, Juvenile Justice Board or a committee functioning under the JJ Act is not expected to conduct such a roving enquiry and to go behind those certificates to examine the correctness of those documents, kept during the normal course of business.</u> <u>Only in cases where those documents or certificates are found to be fabricated or manipulated, the court, the Juvenile Justice Board or the committee need to go for medical report for age determination."</u>**

આમ ઉપરોકત રજુ રાખેલ ચુકાદા મુજબ જયારે અદાલતને જન્મના પુરાવા સબંધે ભોગબનનારનો જન્મનો દાખલો રજુ થાય ત્યારે અદાલતે તેની સત્યતા બાબતે roving enquiry કરવાની રહેતી નથી અને જન્મ દાખલાનો પુરાવો ખોટો અને મેન્યુપ્લેટ કરેલો સાબીત થાય ત્યારે જ ભોગબનનારના મેડીકલ રીપોર્ટ આધારે ઉંમર નકકી કરવી જરૂરી બને છે. આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ભોગબનનારનો જન્મનો દાખલો, જન્મ રજીસ્ટરના નોંધના ઉતારાના પુરાવા સાથે સંપૂર્ણપણે બંધ બેસતો હોવાનુ સ્પષ્ટ બનતુ હોય, આ કામે ભોગબનનારનો જન્મનો દાખલો (આંક –૧૦૯) કોઈ પણ દ્રષ્ટિકોણ શંકા પ્રેરક જણાય આવતો ન હોય આ બાબતે બચાવપક્ષની દલીલો ગ્રાહય રાખવા પાત્ર જણાય આવતી નથી.

(૩૯) સગીરા અવસ્થા નક્કી કરવા માટે કયા પુરાવાઓને કેટલુ મુલ્ય આપવુ જોઈએ તથા કયા પુરાવાને અગ્રતા આપવી જોઈએ તે સંદર્ભે જોઈએ તો, ધી પોક્સો એકટ ના ભોગ બનનારની ઉંમર બાબતે પણ ધી જુએનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈ મુજબ તપાસ કરવાની રહે છે તેવો સિધ્ધાંત નામ. સુપ્રીમ કોર્ટ નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે.

**૧) <u>સ્ટેટઓફ એમ.પી.વિરુધ્ધ અનુપસીગ :(૨૦૧૫)૭ એસ.સી. સી.૭૭૩ :</u>**

13. This Court further held in paragraph 12 of Mahadeo S/o Kerba Maske (supra) as under:

“Under rule 12(3)(b), it is specifically provided that only in the absence of alternative methods described under Rule 12(3)(a)(i) to (iii), the medical opinion can besought for. In the light of such a statutory rule prevailing for ascertainment of the age of the juvenile in our considered opinion, **<u>the same yard stick can be rightly followed by the courts for the purpose of the ascertaining the age of a victim as well.</u>**”

(Emphasis supplied)

**૨.) <u>Jarnail Singh vs State Of Haryana; (2013) 7 SCC 263:</u>**

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, **<u>we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime.</u>**

xxxxxxx

Yet again, **if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, <u>as the said certificate would conclusively determine the age of the child.</u>**

**૩૯.૧** આમ, ઉપરોકત સિધ્ધાંતોથી સ્પષ્ટ છે કે, ધી પોકસો એકટના કેસમાં ભોગ બનનારની ઉમર નકકી કરવા માટે એજ માપદંડ તથા

જોગવાઈઓ લાગુ પડે જે ધી જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાયદા સાથે સંઘર્ષમા આવેલ બાળકની ઉમર નકકી કરવા લાગુ પડે. તેમજ સદર ચુકાદામા એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલો છે કે, ભોગ બનનારની ઉમર નકકી કરવા જન્મના કયા સર્ટીફીકેટને પ્રાથમીકતા આપવી જોઈએ તેમજ તેવા સર્ટીફીકેટના પુરાવાને નિર્ણાયક પુરાવો ગણવાનો સિધ્ધાંત પણ પ્રસ્થાપિત કરવામા આવેલો છે.

**૩૯.૨** આમ, ઉપરોકત ચુકાદાઓમાંના સિધ્ધાંતો વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ધી જુએનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈઓ મુજબ જ ભોગ બનનારની ઉમર અંગેનો નિર્ણય કરવાનો રહે છે. અગાઉ ધી જુએનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૨ માં બાળકની ઉમર અંગે નિર્ણય કરતા સમયે કયા દસ્તાવેજને અગ્રતા આપવાની રહે છે તે અંગેની જોગવાઈ કરવામા આવેલ હતી. પરંતુ હવે, જુના ધી જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ ની જગ્યાએ ધી જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ, ૨૦૧૫ અમલમાં આવેલ છે. જેમાં બાળકોની ઉમર નકકી કરવા માટેની કલમ–૯૪ નીચે મુજબ છે.

*94.* Presumption and determination of Age

*(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.*

*(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may*

*be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —*

*(i) **the date of birth <u>certificate from the school</u>, or <u>the matriculation</u>** or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;*

*(ii) the **birth certificate** given by a corporation or a municipal authority or a panchayat;*

*(iii) and only **in the absence of (i) and (ii)** above, age **shall be determined by an ossification test** or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:*

*Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.*

*(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.*

**૩૯.૩** આમ, જુની કલમ ૧૨ ની જગ્યાએ નવા કાયદામાં કલમ- ૯૪ મુકવામા આવેલ છે. જેમાં સ્કુલના સર્ટીફીકેટને એક જ કેટેગરીમા રાખવામા આવેલ છે અને તેમાં પ્રથમ ધોરણ ના દાખલ થયેલના તબકકે કે મેટ્રીકયુલેશન કે કોઈપણ ધોરણ માંથી સ્કુલ છોડયાના દાખલાને અલગ અલગ મહત્વ આપવામા આવેલ નથી પરંતુ એક સરખુ મહત્વ આપવામા આવેલ છે. ઉપરોકત કલમ-૯૪ સંદર્ભે નામ. સુપ્રીમ કોર્ટ નીચે મુજબના સિધ્ધાંતો સ્થાપિત કરેલ છે.

**Sanjeev Kumar Gupta VERSUS The State of Uttar Pradesh and Anr ; 2019 Supreme (SC) 783**

Para 12. xxxxx. In Section 94(2)(i) both the date of birth certificate from the school as well as the matriculation or equivalent certificate ***are placed in the same category***.

**૩૯.૪** આમ, ઉપરોકત ચુકાદામા સ્પષ્ટ સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, નવા કાયદામાં કલમ--૯૪ માં સ્કુલના સર્ટીફીકેટ અને મેટ્રીકયુલેશનના સર્ટીફીકેટને એક જ કેટેગરીમા રાખવામા આવેલ છે. આમ, સદર કલમમાં પ્રથમ ધોરણ ના દાખલા કે મેટ્રીકયુલેશનના દાખલા કે શાળા તરફથી આપવામાં આવેલ જન્મના દાખલાને અલગ અલગ મહત્વ આપવામા આવેલ નથી પરંતુ એક સરખુ મહત્વ આપવામા આવેલ છે.

**૩૯.૫** આમ, ઉપરોકત જોગવાઈ તથા ચુકાદા વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ભોગ બનનારની ઉમર અંગેનો નિર્ણય માટે ધી જુએનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ (૨) ની જોગવાઈઓ લાગુ પડે. વધુમાં ધી જુએનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ (૨) ની જોગવાઈઓ ને લાગતા પ્રસ્થાપિત કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતાં એ પણ સ્પષ્ટ છે કે, ઉમર માટે **સૌપ્રથમ સ્કુલના સર્ટીફીકેટ અથવા (મેટ્રીક) દસમા ધોરણના દાખલા ઉપર આધાર રાખવો જોઈએ** અને જો સદર દાખલો ન હોય તો, જ સદર કલમમાં આગળ જણાવેલ દસ્તાવેજ જોવાના રહે છે. એટલે કે જો ઉપરોકત દસ્તાવેજો ઉપ્લબ્ધ ન હોય તો **નગર પાલિકા કે ગ્રામ પંચાયત તરફે આપેલ જન્મનો દાખલા ઉપર આધાર રાખી શકાય** અને જો નગર પાલીકા કે પંચાયતે આપેલ જન્મનો દાખલો પણ ઉપ્લબ્ધ ન હોય તો સદર કલમમાં આગળ જણાવેલ દસ્તાવેજો ના આધારે બાળકની ઉમરનો નિર્ણય કરવાનો રહે છે. પરંતુ જો સદર કલમમાં **શરુઆતમા જણાવેલ દાખલો /દસ્તાવેજ ઉપલ્બધ હોય ત્યારે સદર કલમની આગળની જોગવાઈઓ મુજબના દસ્તાવેજ જોવાના રહેતા નથી.**

**૩૯.૬** આમ, આ કામે ફરીયાદપક્ષે ભોગ બનનારની ઉમર બાબતે રજુ થયેલો પુરાવો ધ્યાને લેતાં, આ કામે ભોગબનનારની જન્મ તારીખ.૫/૨/૨૦૦૫ હોવાનુ આંક–૧૦૯ થી રજુ થયેલ જન્મના દાખલાથી પુરવાર થયેલ છે.

ગુનો/બનાવ સને–૨૦૨૧ માં બનાવ બનવા પામેલ હતો. આમ બનાવ સમયે ભોગ બનનારની ઉ.વ. ૧૮ વર્ષ થી ઓછી વયની સગીર હતી તેવુ સ્પષ્ટ બને છે.

**૩૯.૭** આમ, ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ઉમર ૧૮ વર્ષથી ઓછી વયની યાને સગીર હોવાનુ ફરીયાદપક્ષે નિઃશંકરીતે પુરવાર કરેલ છે, ત્યારે કામે પોકસો એકટની જોગવાઈ સ્પષ્ટપણે આકર્ષાતી હોવાનુ માનવાનુ રહે છે. જેથી **મુદ્દા નં ૧** નો નિર્ણય '' **હકારમાં** '' આપવામાં આવે છે.

**::– મુદ્ધા નં.૦૨ નો નિર્ણય અને તેની પાછળના કારણો –::**

**(૪૦)** આ કામે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪એ (૧)(।)(।।)(।।।), ૩૫૪ (બી), ૫૦૬(૧), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૬, ૧૦, ૧૪, ૧૭ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઈ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે ઈ.પી.કો.કલમ–૩૫૪(B) ની રચના ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**ઈ.પી.કો.કલમ–૩૫૪**

અ) ભારતીય ફોજદારી ધારાની કલમ– ૩૫૪ કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુન્હાહિત બળ વાપરવાનો ગુન્હો કરવા બાબત

૧.ભોગ બનનાર કોઈ સ્ત્રી હોય

૨. આરોપીએ તેના ઉપર હુમલો કર્યો હોય અથવા બળનો ઉપયોગ કર્યો હોય.

૩. આવું કૃત્ય તેણીની લાજ લેવા અથવા આબરૂ લઈ શકાય તેવું જાણીને કર્યું હોવું જોઈએ.

**(૪૧)** આ કામે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.કલમ.૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે ઈ.પી.કો.કલમ–૩૭૬ ની રચના ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**Section** 376.**Punishment for rape**.

(1) Whoever, except in the cases provided for in sub-section (2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which [1][shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine].

(2) Whoever,—

(a) being a police officer, commits rape—

(i) within the limits of the police station to which such police officer is appointed; or

(ii) in the premises of any station house; or

(iii) on a woman in such police officer's custody or in the custody of a police officer subordinate to such police officer; or

(b) being a public servant, commits rape on a woman in such public servant's custody or in the custody of a public servant subordinate to such public servant; or

(c) being a member of the armed forces deployed in an area by the Central or a State Government commits rape in such area; or

(d) being on the management or on the staff of a jail, remand home or other place of custody established by or under any law for the time being in force or of a women's or children's institution, commits rape on any inmate of such jail, remand home, place or institution; or

(e) being on the management or on the staff of a hospital, commits rape on a woman in that hospital; or

(f) being a relative, guardian or teacher of, or a person in a position of trust or authority towards the woman, commits rape on such woman; or

(g) commits rape during communal or sectarian violence; or

(h) commits rape on a woman knowing her to be pregnant; or

2 * * * * *

(j) commits rape, on a woman incapable of giving consent; or

(k) being in a position of control or dominance over a woman, commits rape on such woman; or

*(l) commits rape on a woman suffering from mental or physical disability;* or

(m) while committing rape causes grievous bodily harm or maims or disfigures or endangers the life of a woman; or

(n) commits rape repeatedly on the same woman,shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine.

*Explanation*.—For the purposes of this sub-section,—

(a) "armed forces" means the naval, military and air forces and includes any member of the Armed Forces constituted under any law for the time being in force, including the paramilitary forces and any auxiliary forces that are under

the control of the Central Government or the State Government;

(b) "hospital" means the precincts of the hospital and includes the precincts of any institution for the reception and treatment of persons during convalescence or of persons requiring medical attention or rehabilitation;

(c) "police officer" shall have the same meaning as assigned to the expression "police" under the Police Act, 1861 (5 of 1861);

*(d) "women's or children's institution" means an institution, whether called an orphanage or a home for neglected women or children or a widow's home or an institution called by any other name, which is established and maintained for the reception and care of women or children.*

આમ, ઈ.પી.કોડની કલમ–૩૭૬માં ઈ.પી.કો કોડની કલમ–૩૭૫ માં ગુનાઓને વ્યાખ્યાચીત કરવામાં આવેલ છે.

**(૭૨)** આરોપી વિરુધ્ધના પોક્સો એક્ટની કલમ ૦૬ મુજબનો આક્ષેપીત ગુનો પુરવાર થાય છે કેમ તે માટે પોક્સો એક્ટની કલમ ૦૫ અને તેમા દર્શાવેલ ગુનાના આવશ્યક તત્વો પુરવાર થવા પ્રાથમિક રીતે આવશ્યક છે.આ અનુસંધાને પોક્સો એક્ટની કલમ ૦૫ ની જોગવાઈ ધ્યાને લેવામાં તે નીચે મુજબ છે.

**Section 5 - Aggravated penetrative sexual assault**

(a) Whoever, being a police officer, commits penetrative sexual assault on a child--

(i) within the limits of the police station or premises at which he is appointed; or

(ii) in the premises of any station house, whether or not situated in the police station, to which he is appointed; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where he is known as, or identified as, a police officer; or

(b) whoever being a member of the armed forces or security forces commits penetrative sexual assault on a child--

(i) within the limits of the area to which the person is deployed; or

(ii) in any areas under the command of the forces or armed forces; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where the said person is known or identified as a member of the security or armed forces; or

(c) whoever being a public servant commits penetrative sexual assault on a child; or

(d) whoever being on the management or on the staff of a jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection established by or under any law for the time being in force, commits penetrative sexual assault on a child, being inmate of such jail, remand home, protection home,observation home, or other place of custody or care and protection; or

(e) whoever being on the management or staff of a hospital, whether Government or private, commits penetrative sexual assault on a child in that hospital; or

(f) whoever being on the management or staff of an educational institution or religious institution, commits penetrative sexual assault on a child in that institution; or

(g) whoever commits gang penetrative sexual assault on a child.

Explanation.--When a child is subjected to sexual assault by one or more persons of a group in furtherance of their common intention, each of such persons shall be deemed to have committed gang penetrative sexual assault within the meaning of this clause and each

of such person shall be liable for that act in the same manner as if it were done by him alone; or

(h) whoever commits penetrative sexual assault on a child using deadly weapons, fire, heated substance or corrosive substance; or

(i) whoever commits penetrative sexual assault causing grievous hurt or causing bodily harm and injury or injury to the sexual organs of the child; or

(j) whoever commits penetrative sexual assault on a child, which--

(i) physically incapacitates the child or causes the child to become mentally ill as defined under clause (b) of section 2 of the Mental Health Act, 1987(14 of 1987) or causes impairment of any kind so as to render the child unable to perform regular tasks, temporarily or permanently; 1[***]

(ii) in the case of female child, makes the child pregnant as a consequence of sexual assault;

(iii) inflicts the child with Human Immunodeficiency Virus or any other life threatening disease or infection which may either temporarily or permanently impair the child by rendering him physically incapacitated, or mentally ill to perform regular tasks; 1[***]

2[(iv) causes death of the child; or]

(k) whoever, taking advantage of a child's mental or physical disability, commits penetrative sexual assault on the child; or

**(l) whoever commits penetrative sexual assault on the child more than once or repeatedly;** or

(m) whoever commits penetrative sexual assault on a child below twelve years; or

(n) whoever being a relative of the child through blood or adoption or marriage or guardianship or in foster care or having a domestic relationship with a parent of the child or who is living in the same or

shared household with the child, commits penetrative sexual assault on such child; or

(o) whoever being, in the ownership, or management, or staff, of any institution providing services to the child, commits penetrative sexual assault on the child; or

(p) whoever being in a position of trust or authority of a child commits penetrative sexual assault on the child in an institution or home of the child or anywhere else; or

(q) whoever commits penetrative sexual assault on a child knowing the child is pregnant; or

(r) whoever commits penetrative sexual assault on a child and attempts to murder the child; or

(s) whoever commits penetrative sexual assault on a child in the course of 3[communal or sectarian violence or during any natural calamity or in similar situations]; or

(t) whoever commits penetrative sexual assault on a child and who has been previously convicted of having committed any offence under this Act or any sexual offence punishable under any other law for the time being in force; or

(u) whoever commits penetrative sexual assault on a child and makes the child to strip or parade naked in public, is said to commit aggravated penetrative sexual assault.

ઉપરોક્ત પોક્સો એક્ટની કલમ ૦૫ની જોગવાઈ મુજબનો ગુનો પોક્સો એક્ટની કલમ ૦૬ મુજબ શિક્ષાને પાત્ર બને છે તેથી પોક્સો એક્ટની કલમ ૦૬ વંચાણે લેતા તે નીચે મુબજ છે.

**Sec.6. Punishment for aggravated penetrative sexual assault.--**

(1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be

less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.

(2) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.]

**(૪૩)** આ કામે આરોપી વિરુધ્ધ પોક્સો એક્ટની કલમ ૧૦ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે પોક્સો એક્ટની કલમ ૧૦ વંચાણે લેવી જરૂરી છે તે નીચે મુજબ છે.

**Section 10.Punishment for aggravated sexual assault.**

Whoever, commits aggravated sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than five years but which may extend to seven years, and shall also be liable to fine.

**(૪૪) <u>પોક્સો એક્ટની કલમ– </u>૧૪:–**

**અશ્લિલ સાહિત્યના ઉદ્દેશ માટે બાળકના ઉપયોગ માટે સજા:–**

(૧) જે કોઈપણ બાળક અથવા બાળકોનો અશ્લીલ સાહિત્યના ઉદેશ માટે ઉપયોગ કરશે તેને પાંચ વર્ષે સુધીની કોઈપણ પ્રકારની કોઈપણ સમયગાળા માટે કેદની સજા આપી શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે અને બીજીવાર અથવા અનુગામી રીતે દોષિત ઠરશે તો તેની કેદની સજા સાત વર્ષે સુધી વિસ્તારી શકાશે અને દંડને પાત્ર પણ ઠરશે,

(૨) જો આવી વ્યકિત બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદેશર સીધી રીતે નગ્ન કામચેષ્ટાના સબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને કલમ–૩માં દર્શોવવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટે કોઈપણ પ્રકારની કેદની સજા આપી

શકાશે કે જે દશ વર્ષ કરતા ઓછી ન હોય પણ જેને આજીવન કેદ સુધી વિસ્તારી શકાશે અને દંડને પાત્ર ઠરશે,

(૩) જો આવી વ્યકિત બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદેશસર માટે સીધી રીતે નગ્ન કામચેષ્ટાના કૃત્યમાં ભાગીદાર બનાવીને કલમ–૫માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને સખત અજીનપર્યંત કેદની સજા ફરમાવવામાં આવશે અને દંડને પાત્ર ઠરશે,

(૪) જો આવી વ્યકિત બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદેશસર સીધી રીતે નગ્ન કામચેષ્ટા સબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને કલમ–૭માં દર્શાવવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટેની કેદની સજા આપી શકાશે કે જે છ વર્ષ કરતા ઓછી ન હોય જેને પણ આઠ વર્ષ સુધી વિસ્તારી શકાશે અને દંડને પાત્ર ઠરશે,

(૫) જો આવી વ્યકિત બાળકનો ઉપયોગ અશ્લીલ સાહિત્યના ઉદેશસર સીધી રીતે નગ્ન કામચેષ્ટા સબંધી કૃત્યમાં ભાગીદાર બનાવીને કલમ–૯માં દર્શાવામાં આવેલ ગુનો કરે તો તેને કોઈપણ સમયગાળા માટે કોઈપણ પ્રકારની કેદની સજા આપી શકાશે કે જે આઠ વર્ષ કરતા ઓછી ન હોય પણ જેને દશ વર્ષ સુધી વિસ્તારી શકાશે અને દંડને પાત્ર ઠરશે.

**(૪૫) <u>પોક્સો એકટની કલમ– </u>૧૪:–**

જે કોઈપણ આ અધિનિયમ હેઠળના કોઈપણ ગુના માટે મદદગારી કરે જેના પરીણામ સ્વરૂપ મદદગારીના લીધે ગુનો બને તો તેને તે ગુના માટે કરવામાં આવેલ સજાની જોગવાઈ મુજબની સજા થશે.

## (૭૬ ) <u>ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૬૬(ઈ)</u>

જે કોઈ વ્યકિત ઈરાદાપુર્વક કે જાણી જોઈને કોઈ વ્યકિતની કે સ્ત્રીની સંમતિ વગર કે ગુપ્તતા જાળવવાના સંજોગોનો ભંગ કરીને તેની ખાનગી વિસ્તારની છાપ મેળવી લે પ્રસિધ્ધિ કરે કે ટ્રાન્સમીટ કરે તેને ((ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા રૂ.૨,૦૦,૦૦૦/– બે લાખથી વધુ નહિ એટલા દંડની સજા કરવામાં આવશે. અથવા તે બંને શિક્ષા થશે.)) સ્પષ્ટીકરણઃ– આ કલમના હેતુ માટે

(એ) પ્રસારણ (ટ્રાન્સમીટ) એટલે કોઈ વ્યકિતની જોઈ શકાય તેવું પ્રતિબિંબ મેળવીને તે અન્ય વ્યકિત કે વ્યકિતઓને જોઈ શકે તેવા હેતુથી ઈલેકટ્રોનિકથી મોકલી આપવુ.

(બી) કેપ્ચર એટલે કોઈ પ્રતિબિંબના સંદર્ભમાં કોઈપણ રીતે મેળવેલ વીડીયો ટેપ ફોટોગ્રાફ ફિલ્મ કે રેકોર્ડ

(સી) પ્રાઈવેટ એરિયા એટલે ખુલ્લા કે અંદર પહેરવાની કપડા નીચેની જનનેન્દ્રીયો ગુપ્તાંગોનો ભાગ ઢેકા કે સ્ત્રીની છાતીનો ભાગ

(ડી) પબ્લીસીસ એટલે છાપેલી પ્રીન્ટ કે ઈલેકટરોનિક સ્વરૂપમાંની કૃતિનુ પુનઃ પ્રસિધ્ધિ અને તે જાહેર જનતાને પ્રાપ્ય થઈ શકે તેમ જાહેર કરવું

(ઈ) અંડર સરકમસ્ટાન્સીસ વાયોલેટીંગ પ્રાઈવસી એટલે એવા સંજોગો કે જેમા કોઈ વ્યકિતને સામાન્ય અપેક્ષા હોય કે

(૧) પોતાના ગુપ્તાંગોના પ્રતિબિંબ લેવામાં આવી રહ્યા છે તેની જાણ વગર કોઈ પુરૂષ કે સ્ત્રી ખાનગી વિસ્તારમાં પોતાના વસ્ત્રો ઉતારી શકે

(૨) કોઈ પુરૂષ કે સ્ત્રી જાહેર સ્થળે હોય કે ખાનગી સ્થળે હોય તેની ચિંતા કર્યા વગર પોતાના ગુપ્તાંગોનો કોઈપણ ભાગ કોઈથી જાહેરમાં જોઈ શકાય તેમ નથી.

## <u>–: : પુરાવાનુ મુલ્યાંકન, અર્થઘટન તથા વિશ્લેષણ : :–</u>

**(૭૭)** ફરીયાદપક્ષના કેસની હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે, આરોપી નં.૧

નાએ તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ આશરે કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન તથા તે પહેલા મોજે સોનગઢ ટાઉનમાં આરોપી નં.૧ ના એ પોતાના ખેતરના કાચા ઝુપડામા ભોગબનનાર સગીરા સાથે વર્ષ–૨૦૨૧ ના મે મહીનામાં અલગ અલગ દિવસે બે વાર પોતાના ખેતરમાં બનાવેલ કાચા ઝુપડામાં ભોગબનનારને તેણીના કપડા વગરના ફોટા પાડવા દેશે તો તેણીને સારા પૈસા મળશે તેવી લાલચ આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી પોતાના મોબાઈલમાં અશ્લીલ વિડીયો ઉતારેલ તથા આરોપી નં.ર ઝુંપડાની બહાર ઉભા રહી ઘ્યાન રાખી મદદગારી કરેલ. તેમજ તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ આરોપી નં.૧ તથા આરોપી નં.ર નાએ ભોગબનનારને બેંકમાં કે.વાય.સી. કરાવવાના બહાને મોટર સાયકલ ઉપર સોનગઢ ખાતે લઈ જઈ આરોપી નં. ૧ ના બહેનના બંધ ઘરે લઈ જઈ ઠંડુ પીણુ પીવડાવી આરોપી નં.૧ નાએ ભોગબનનારના શરીર પરના કપડા ઉતારી આરોપી નં.૧ એ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી તથા આરોપી નં.ર ને ઓપો કંપનીના મોબાઈલમાં અશ્લીલ વીડીયો ઉતારી તે મોબાઈલ ફોન આરોપી નં.૧ નાએ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી સળગાવી દઈ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલ.

(૪૮) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ/તહોમત પુરવાર કરવા માટે **ભોગબનનારને આંક–૧૩ થી સોંગદ પર તપાસેલ છે.** ભોગબનનારનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં ભોગબનાનાર સોંગદ પર જણાવે છે કે, આ કામના આરોપી બલીરામ ચર્ચમાં પાસ્ટર હોય અને ભોગબનનાર ચર્ચમાં જતા હોય તે રીતે તેમજ તેની છોકરી સાથે અભ્યાસ કરતી હોય બલીરામને ઓળખે છે. ભોગબનનાર તેની દાદી સાથે આરોપીના ખેતરમાં મજુરી કરવા ગઈ હતી ત્યારે બલીરામે બપોરે કહેલ કે વીડીયો અને ફોટા બનાવીશુ તો તને પૈસા

મળશે. ત્યારબાદ ભોગબનનાર પોતાના ઘરે જતા રહેલા અને ચારેક વાગે ભોગબનનારની માતા પર ફોન કરી કહેલ કે આધારકાર્ડ લઈને ભોગબનનાર ને ખેતરે મોકલો. ત્યારબાદ ભોગ બનનાર સાાંજના સાડાચાર વાગે આધાર કાર્ડ લઈને ખેતરમાં આવેલ ઘરે ગયેલ જ્યાં આરોપીઓએ ખાટલા પરના ફોટા તથા વીડીયો બનાવી તેણીએ ના પાડવા છતાં શરીર સંબઘ બાંધેલો અને આનો વીડીયો બનાવેલો જે વીડીયો જોયેલો નહી.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્રણ ચાર દિવસ બાદ ફરીથી આરોપી નં.ર નાએ ફોન કરીને ખેતરમાં આવેલ ઘરે બોલાવીને સાંજના ચાર પાંચ વાગે ફરી શરીર સબઘ બાંધેલો, આ વીડીયો પણ જોયેલો નહી.

વધુમા સાહેદ જણાવે છે કે, બે ત્રણ દિવસ બાદ ભોગ બનનાર ને કે.વાય.સી. કરવા માટે બોલાવેલ જેથી સવારના દસ સાડા દસ વાગે આરોપીઓ ભોગબનનારના ઘરે લેવા આવેલાઅને ભોગબનનારને બાઈક પર બેસાડીને સોનગઢ બલીરામને બહેન ઘરે અગિયાર વાગે ગયેલા. જ્યાં બલીરામે ભોગબનનાર કપડા કાઢી શારીરીક સબઘ બાંધી કપડા વગર ફોટા અને વીડીયો ઉતારેલો, આ વીડીયો આરોપી નં.ર નાએ ઉતારેલો. ત્યારબાદ બેંક ઓફ બરોડામાં ગયેલા જ્યાં ભોગબનનાર અને આરોપી નં.ર બહાર ઉભા રહેલા અને બલીરામ અંદર જઈને કે.વાય.સી. આજે કરતા નથી. સાડા બાર વાગે મારા કાકાના છોકરા આમીરને ફોન કરીને બોલાવેલો જે ખેરવાડાથી બાઈક લઈને આવેલો.

જયારે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પપ્પા સાથે જઈને કે.વાય.સી. કરી આવજો. ત્યારે ભોગબનનારના પિતાએ આરોપી બલીરામને કે.વાય.સી. કરી આપવાનુ કહેલુ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બલીરામને મારુ આધાર કાર્ડ આપીને હુ મારા

ઘરે જતી રહેલી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કે.વાય.સી. કરવા માટે બેંક ઓફ બરોડામાં ગયા ત્યારે ભોગબનનાર અને આરોપી નં.ર પીપળાના ઝાડ નીચે ઉભા રહેલા ત્યારે મંડપમાં ૩૦–૪૦ લોકો હાજર હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બેંક વાળા ત્રણ–ચાર દિવસ પછી આવવા કહેલુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બલીરામે પીપળાના ઝાડ પાસે આવેલ ત્યારે આમીર આવી ચુકેલ હતો અને તેઓ ઝાડ નીચે વાતો કરતા હતા. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મોબાઈલ લીધા પછી અમે બધાએ નાસ્તો કરેલો. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર અને આમીર બંને એકલા ગાર્ડનમાં બેઠેલા હતા ત્યારે આરોપીઓ બજારમાં ખરીદી કરવા ગયેલા. ત્યારબાદ આરોપીઓ ખરીદી કરીને પરત આવેલા ત્યારે ભોગબનનાર અને અમીર ગાર્ડનમાં ન હતા જેથી બલીરામે આમીરને ફોન કરીને ભોગબનનાર કયાં છે તેવુ પુછેલુ અને ભોગબનનારને મોકલી આપ અમારે જવુ છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ ફોન આવતા ભોગબનનાર આરોપીઓ પાસે ગયેલ અને આ બંને આરોપીઓ ભોગબનનારને ઘરે મુકી ગયેુલ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે સોનગઢમાં આરોપીઓ સાથે બેંક ઓફ બરોડા ગયેલ ત્યાં પીપળના ઝાડ નીચે ગયેલા, ત્યાથી મોબાઈલ લેવા ગયેલા ત્યારબાદ નાસ્તો કરી, ભોગબનનાર અને આરોપી નં.ર બગીચામાં બેસેલ. આ સિવાય સોનગઢ બીજે કયાંય ગયેલ નથી.

વધુમાં સાહેદ જણાવે છે કે, મેં અમીર પાસે મોબાઈલ માંગેલ જેથી અમીરે પોતાની પાસે પૈસા ન હોવાનુ કહેલ જેથી આરોપીઓએ પૈસા આપેલા અને કહેલ કે પછી પૈસા પાછા આપી દેજો અને રૂપિયા બે હજારનો મોબાઈલ લીધેલો.

આ તમામ પુરાવો વંચાણે લેતા ભોગબનનાર સાથે આરોપી નં.૧ નાએ ત્રણ વખત પૈકી બે વખત આરોપીના આવેલ ખેતરમાં શરીર સબંધ બાંધી નગ્ન ફોટા અને વીડીયો ઉતારેલ છે. આ ફોટા કે વીડીયો ભોગબનનારે જોયેલ નથી. આ હકીકત તેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બલીરામે મને કહેલુ કે મે તારા વીડીયો અને ફોટા પાડેલ છે એટલે મે ફરીયાદમાં આ હકીકત લખાવેલ છે. ભોગબનનાર તેના સોંગદ પરના પુરાવામાં આરોપી નં.૧ નાએ ભોગબનનારની સાથે કઈ તારીખ, કયા મહીનામાં શરીર સબંધ બાંધેલ તેવી કોઈ સ્પષ્ટ હકીકત પોતાની ફરીયાદમાં લખાવેલ નથી. ભોગબનનાર તેની ઉલટતપાસમાં તેના કાકાનો છોકરો આમીર થતો નથી તે હકીકત પણ સ્વીકાર કરેલ છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તા.૩૧/૫/૨૧ થી ૨૭/૬/૨૧ સુધી ભોગબનનારે તેના મોબાઈલ પરથી  આમીર સાથે કુલ–૧૯૪ વખત વાતચીત અને મેસેજ કરેલ છે. તા.૧/૬/ ૨૧ સવારના ૪:૪૫ થી ૫:૫૮, ૭૩ મીનીટ સુધી આમીર સાથે વાતચીત કરેલ છે અને આખો દિવસ–૧૨૧ મીનીટ વાતચીત કરેલ છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે આમીર સાથે ચોરીછુપીથી વાતચીત કરતી હતી. આગળ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર અને આમીર વચ્ચે તા.૧૮/૪/૨૧, તા.૨૦/૪/૨૧, તા.૨૧/૪/૨૧, તા.૨૨/૪/૨૧, તા.૨૮/૫/૨૧, તા.૨૯/૫/૨૧, તા.૩૦/૫/૨૧ તથા તા.૩૧/૫/૨૧ ના રોજ લાંબા સમય સુધી વાતચીતો થયેલ છે.

વધુમાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોતાના ઘરની પાછળ ખેતરમાં ભીડાની વાવણી કરવા માટે સુનિલ છગન ગામીત રહેતો હતો. સોનગઢથી પરત આવ્યા છ મહીના બાદ ભોગબનનાર ભાગી ગયેલી ત્યારે તેના પિતાએ આમીર સાથે જતી રહેલ તેમ માનીને આમીર

ને ફોન કરેલો ત્યારે આમીર વાપી હોવાનુ કહેલુ અને ભોગબનનાર મારી પાસે ન હોવાનુ કહેલુ.

વધુમાં સાહેદ આગળ જણાવે છે કે, મારા પપ્પા સુનિલ છગનના ગુનખડીથી સીધી અમારા આબાં ગામે લઈ આવેલા. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે પોતે સુનિલના ઘરે એક દિવસ રોકાયેલી અને મમ્મી પપ્પાને કીધા વગર સુનિલના ઘરે ગયેલી. વધુમાં સાહેદ જણાવે કે, આંબા ગામે મમ્મી પપ્પા સાથે રહેવુ ગમતુ ન હોય જેથી તે નીકળી ગયેલી જેથી તે આંબા ગામથી ગુનખડી ગામે સુનિલના ઘરે જતી રહેલી.

***આ તબકકે એ નોંધવુ જરૂરી છે કે,*** નામ.કોર્ટે નોંધ લીધેલ છે કે, સાહેદ ઘણીવાર વિચાર્યા પછી પણ જવાબ આપતા નથી. એ પણ નોંધ કરેલ છે કે, સાહેદને સુનિલ તથા અમીર સાથે શું વાતચીત કરતા હતા તેવુ પુછવા છતા કોઈ જવાબ આપતા નથી. એ પણ નોંધ કરેલ છે કે, સાહેદ ઉલટ તપાસમાં પુછાયેલ પ્રશ્નના જવાબમાં સીધા જવાબ આપવાને બદલે ફરીયાદ માં આમીર વિશેની હરકતો લખાયેલ છે તે વાકય રચના જે દર્શાવાયેલ છે તે મુજબ જવાબ આપી દે છે. આ સાહેદના પુરાવાથી તા.૧/૪/૨૧ થી તા. ૩૧/૪/૨૧ સુધી સુનિલ સાથે કુલ–૫૩૭ વખત વાતચીત થયેલ છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં ખેતરમાં બલીરામે ફોટા અને વીડીયો બનાવવાનુ કહેલુ ત્યારે પપ્પાને પુછીને કહુ તેવુ જણાવેલ. ત્યારે તેણે મને એવુ કહેલ આ વાત હમણાં કહેવાની નહી. આપણે ફોટા અને વીડીયો બનાવી લઈએ પછી કહેવાનુ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં આધાર કાર્ડ લઈને બોલાવેલ તે પહેલા કોઈ બનાવ બનેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે ફરીયાદમાં મે મહીનામાં કઈ તારીખે બનેલો બનાવ બનેલો તે જણાવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર

કરેલ છે કે કહેવાતો બનાવ કઈ તારીખે બનેલ છે તે જુબાનીમાં કે મેજીસ્ટ્રેટ રૂબરૂ જણાવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે મેડીકલ તપાસણી માટે સોનગઢ લઈ ગયા ત્યારે ડોકટરને જે હકીકત લખી આપેલી તે જાતે લખેલ નથી પણ મારા પપ્પાને મને લખી આપેલી તેની મે કોપી કરી ડોકટરને લખી આપેલી છે. વ્યારા સીવીલ હોસ્પીટલમાં લઈ ગયા ત્યારે મારા પપ્પાએ ડોકરટને બધુ લખી દીધેલ મેં કઈ લખી આપેલ નથી. વધુમાં આગળ જણાવે છે કે, વ્યારા સીવીલ હોસ્પીટલમાં મારા હાથમાં લોહી લીધેલ જેથી મારો હાથ દુખતો હતો જેથી મારા પપ્પાએ બનાવની વિગત લખી આપેલી. સાહેદ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મારી સાથે તારીખ ૩૧ મે પહેલા કોઈ બનાવ બનેલ નથી. મે ડોકટર પાસે માર્ચ મહીનામાં કોઈ બનાવ બનેલ હોય તેવુ લખાવેલ નથી કે માર્ચ મહીનામાં કોઈ વીડીયો ઉતારેલ હોય કે ખરાબ કામ કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૩૧/૫/૨૧ પહેલા મારી સાથે આરોપીઓ ધ્વારા કોઈ બનાવ બનેલ નથી.

વધુમાં સાહેદ ઉલટતપાસમાં સુનિલાબેન ગુલાબભાઈ કોકણી તેમના ગામના સરંપચ છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, સુનિલાબેન આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરવાની ચર્ચા વિચારણા કરવા આવતા હતા. સુનિલાબેન જયારે અમે પો.સ્ટે.માં ફરીયાદ કરવા ગયેલા ત્યારે અમારી સાથે આવેલા અને હુ ફરીયાદ આપવા ગયેલા ત્યારે મારી સાથે જ બેઠા હતા.

સાહેદ ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોતાને આમીર સાથે પ્રેમ સબંધ હતો. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે મેં કોઈ વીડીયો કયારેય જોયેલ નથી. મારા ફોટા તથા વીડીયો પાડેલ છે તેવુ બલીરામે કહેલ તેથી મે લખાવેલ છે. સોનગઢ થી આવ્યા બાદ પોતાને સાથે કોઈ બનાવ બનેલ નથી. વધુમા સાહેદે ફરીયાદના કારણ

આપતા જણાવેલ છે કે, સ્કુલ ચાલુ થયા બાદ સાહેદને સારુ લાગતુ ન હોય સુનિલના ઘરે જતી રહેલી એટલે મારી મમ્મીએ પુછેલ કે કેમ જતી રહેલ તો મેં તેને આ બલીરામની વાત કરેલ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે સુનિલ અને આમીરે મોબાઈલ લઈ આપેલો. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે સુનિલના ઘરેથી આવ્યાના અઠવાડીયા બાદ ફરીયાદ કરેલી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓ આરોપી બલીરામની બહેનનના ઘરે સોનગઢમાં દેવજીપુરામાં ગયેલ તેવી હકીકત ફરીયાદ કે ૧૬૪ નિવેદનમાં લખાવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે બલીરામની બહેનેને ત્યાં ઠંડુ પીણુ પીધેલ હોય તેવુ બનેલ ન હોય તેથી સરતપાસમાં જણાવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે હુ મારા કાકાના છોકરા સાથે બાગમાં બેસવા ગયેલ ત્યારે આરોપીઓ બજાર ગયેલા. હુ અડધો કલાક મારા કાકાના છોકરા સાથે બેસેલી, મે મારા કાકાના છોકરાની કોઈ વાત કરેલ નહી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે હુ આ ફોનથી મારા કાકાના છોકરા સાથે વાતચીત કરતી તે સિવાય હુ બીજા કોઈને સાથે વાતચીત કરતી નહી.

ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આરોપી નં.૧એ ભોગ બનનારને આધાર કાર્ડ લઈને ખેતરે બોલાવેલ. ભોગબનનાર ખેતરે આવતા આરોપી નં.૧ નાએ ભોગબનનારના કપડા ઉતારી તેણીનો વીડીયો તથા ફોટા પાડી તેની સાથે બળજબરીથી શરીર સબંધ બાધેલ છે. ત્યારબાદ ચારેક દિવસ બાદ પોતાની દીકરીની ચોપડી આપવાના બહાને બોલાવી ફરીથી આરોપી નં.૧ નાએ વીડીયો તથા ફોટા પાડી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ. ભોગબનનાર સરતપાસમાં આ હકીકતને સોંગદ પર સમર્થન આપે છે. જયારે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩૧/૫/૨૧

પહેલા આરોપી ધ્વારા કોઈ બનાવ બનેલ નથી. ડોકટર સમક્ષની હિસ્ટ્રી બાબતે પણ ભોગબનનાર ઉલટતપામસાં જણાવે છે કે, ડોકરટ સમક્ષની હીસ્ટ્રી તેણીના પિતાએ લખી આપેલ અને તે જોઈને ડોકટરને હીસ્ટ્રી આપેલ છે. ભોગબનનાર તેની ઉલટતપાસમાં ઘણી બધી જગ્યાએ ગોળ ગોળ ખચકાઈને, વિચારીને જવાબ આપતી હોવાનુ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીને નોંધ કરેલ છે. ફરીયાદપક્ષનો એવો પણ કેસ છે કે, કે.વાય.સી. કરાવવા માટે જયારે આરોપીઓ સાથે સોનગઢ ગયેલા ત્યારે આરોપી નં.૧ બેંક ઓફ બરોડામાં ગયેલો અને આરોપી નં.ર તથા ભોગબનનાર પીપળા ઝાડ નીચે ઉભા રહેલા. ત્યારબાદ આરોપી નં.૧ બેંકમાંથી પરત આવી ભોગબનનારને જણાવેલ કે ત્રણ ચાર દિવસ પછી કે. વાય સી કરવાનુ કહેલ છે. એ પણ ઉલટતપાસથી રેકર્ડ પર આવે છે કે જયારે ભોગબનનાર અને આરોપી નં.ર પીપળના ઝાડ નીચે ઉભા હતા ત્યારે આમીર ત્યાં આવી ગયેલો અને ત્યાંથી તેઓ નાસ્તો કરી મોબાઈલ લેવા ગયેલા. ત્યારબાદ આરોપીઓ ત્યાંથી બજારમાં ખરીદી કરવા ગયેલા. જયારે ભોગબનનાર અને તેણીનો મિત્ર આમીર બગીચામાં બેઠેલા. આરોપીઓએ ખરીદી કરી પરત આવતા ભોગબનનાર જે તે સ્થળ પર ન મળી આવતા આરોપી નં.૧ નાએ આમીરને ફોન કરી ભોગબનનારને મુકી જવાનુ કહેલ અને ભોગબનનારને આમીર મુકી જતા ત્યાંથી તેઓ સીધા ભોગ બનનારના ઘરે પરત આવી મુકી ગયેલા છે. ત્યારે ફરીયાદપક્ષના આક્ષેપો મુજબ આરોપીઓ ભોગબનનારને તેની બહેના ઘરે લઈને કપડા ઉતારી વીડીયો ઉતારી બળજબરીથી બળાત્કાર કર્યાની ફરીયાદ મુજબની હકીકત તેમજ ફરીયાદીની સોંગદ પરની સરતપાસમાં જણાવેલ હકીકતને સમર્થન આપતા નથી. ત્યારે ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. તે સંજોગોમાં ભોગ

બનનારની સરતપાસને ધ્યાનમાં રાખીને આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી.

ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ભોગબનનારને નગ્ન વીડીયો અને ફોટા પાડેલા છે. જયારે ભોગબનનારને તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ આવા કોઈ વીડીયો જોયેલ નથી. પરંતુ આરોપી નં.૧ ના કહેવાથી પોતે આ હકીકતને ફરીયાદમાં લખાવ્યાનુ કબુલ રાખેલ છે. બીજુ કે પોલીસ તપાસ દરમ્યાન આરોપીના ઘરમાંથી એક બળી ગયેલ હાલતમાં મોબાઈલ મળી આવેલાનુ રેકર્ડ પર આવેલ છે અને તેના આધારે ફરીયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, નગ્ન ફોટા અને વીડીયો આ મોબાઈલમાં હતા જે આરોપીએ પુરાવાનો નાશ કરેલ છે. પરંતુ આ હકીકત ને પુરવાર કરવા રેકર્ડ પર કોઈ સમર્થ પુરાવો આવેલ નથી. આરોપીના ઘરમાંથી જે બળી ગયેલ મોબાઈલના પાર્ટ મળેલ છે તે જ મોબાઈલમાં ભોગબનનારના નગ્ન વીડીયો કે ફોટા હતા તેવુ પણ એફ.એસ.એલ.ના રીપોર્ટ પરથી સમર્થન મળતુ નથી. તપાસ કરનાર અધિકારી ધ્વારા આ મોબાઈલ આરોપીઓની માલીકીનો હતો કે કેમ તે દિશામાં પણ લેશમાત્ર તપાસ કરેલ નથી.

ફરીયાદીની ફરીયાદ અને સોંગદ પરના પુરાવાથી રેકર્ડ પર આવેલ છે કે, આરોપી નં.૧ એ ભોગબનનાર સાથે કઈ તારીખે અને કયા મહીનામાં શરીર સબધં બાંધેલો તેવી કોઈ સ્પષ્ટ તારીખ જણાવેલ નથી. બીજુ કે હાલની ફરીયાદ રેકર્ડ પર આવેલ પુરાવાઓને ધ્યાને લેતા ફરીયાદ સાત મહીના જેટલી વિલંબથી આપેલ છે. અને આ વિલંબ અંગેનો સંતોષકારક ખુલાસો કરી શકેલ નથી. આ હકીકત પણ ફરીયાદપક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે.

રેકર્ડ પર આવેલ ભોગબનનારનો સોંગદ પરનો પુરાવો જોતા ભોગબનનારને આમીર તથા સુનિલ છગન સાથે પણ ગાઢ સંબધો હતા. અને તેઓની સાથે ચોરીછુપીથી અવાર નવાર લાંબા સમય સુધી વાતચીત થતી હોવાનુ ભોગબનનારના પુરાવાથી રેકર્ડ પર આવે છે. ભોગબનનાર તેણીના માતાપિતાને જાણ કર્યા વગર સુનિલ છગનના ઘરે જતી રહેલ છે અને ત્યાંથી તેણીના પિતા જઈને લઈ આવેલ છે અને થોડા સમય બાદ હાલની ફરીયાદ આપેલ છે. હાલની ફરીયાદ આપતા પહેલા ફરીયાદી તેના માતાપિતા, મહેન્દ્રભાઈ કે જે પોલીસ ખાતામાં કામ કરે છે તે બધા મળી ચર્ચા વિચારણા કરી હાલની ફરીયાદ આપેલાનુ રેકર્ડ પર આવેલ છે. આ તમામ પુરાવો ધ્યાને લેતા ભોગબનનારની જુબાની વિશ્વનીયતાનો અભાવ વર્તાય છે. ત્યારે આવા પુરાવાના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળીને દોષિત ઠરાવી શકાય નહી.

આંક–૧૫ થી ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન રજુ છે જે વંચાણે લેતા ભોગબનનારે તેની સરતપાસમાં જે હકીકત જણાવી છે તે જ મુજબની હુબહુ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જયારે ઉપર કરેલ ચર્ચા મુજબ ભોગબનનાર ઉલટતપાસથી, સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિરોધાભાસી પુરાવો આપે છે. આ સજોગોમાં જયારે ભોગ બનનારને સોંગદ પરનો પુરાવો તેની વિશ્વનીય ન હોય ત્યારે માત્ર ૧૬૪ ના નિવેદનના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી. તે જ રીતે મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રીમાં પણ તેણીના પિતા ધ્વારા લખાવવામાં આવેલ અને તેની કોપી કરી મેડીકલ ઓફીસરને આપેલ છે. ત્યારે આ હીસ્ટ્રીથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્તુ થતુ નથી.

(૪૯) ફરીયાદપક્ષે સાહેદ નં.૨ **ભોગબનનારના પિતા આંક–૨૭** થી સોંગદ પર તપાસેલ છે. આ સાહેદ તેના પુરાવામાં આરોપીઓ તેમના ગામના આવેલ ચર્ચમાં પાસ્ટર તરીકે સેવા આપતા હોય જેથી ઓળખે છે. બનાવ તેઓ કડીયા કામની મજુરી અર્થે વડોદરા મુકામે હતા. ત્યારબાદ નાતાલનો તહેવાર હોવાથી તા.૨૪/૧૨/૨૧ ના રોજ ઘરે આવવા નીકળેલ અને બીજા દિવસે ઘરે આવેલ. ત્યારે મારી મમ્મીએ જણાવેલ કે, ભોગબનનાર ગુમસુમ રહે છે અને આપણા ગામના પાસ્ટર બલીરામભાઈએ ખેતરમાં આવેલ ઝુપડામાં તથા તેની બહેન ના મકાનમાં ખરાબ કામ કરેલ છે. જેથી ભોગબનનારને પુછતા જણાવેલ કે, મકાઈનના ખેતરમાં કામ કરવા ગયેલી ત્યારે પાસ્ટર બલીરામે વીડીયો અને ફોટા મોકલવાથી પૈસા મળે છે અને ચારેક વાગ્યે ફોન કરીને ખેતરે બોલાવેલ અને તેની સાથે દુષ્કર્મ કરેલ. તે પછી ઘરે આવતી રહેલ. થોડા દિવસ પછી આરોપી નં.૨ નાએ મારી ઘરવાળીને ફોન કરીને નવનીતની ચોપડી લઈને ખેતરે બોલાવેલ અને તે બલીરામના ખેતરે ગયેલ તે દિવસે પણ તેની સાથે બલીરામે દુષ્કર્મ કરેલ. તે પછી કે વાય સી કરવા માટે બલીરામે મને ફોન કરેલો. મે મારા પત્નીને મારી દીકરી ને બલીરામ સાથે જવા કહેલ. ત્યાંથી તેઓ ડાયરેકટ તેની બહેનાના ઘરે સોનગઢમાં દેવજીપુરા ગામમાં લઈ ગયેલ અને દુષ્કર્મ કરેલ, બાદ બેંકમાં લઈ ગયેલ. પરંતુ બેંકવાળાએ કહેલ કે આજે કે.વાય.સી. નુ કામ બંધ છે તે પછી ભોગબનનારે આમીર વસાવા ને ફોન કરેલ જેથી તે આવેલો અને ભોગબનનારે મોબાઈલ જોઈએ છે તો આમીરે કહેલ મારી પાસે હાલ પૈસા નથી. આરોપીઓએ ભોગબનનારને કહેલ કે અમે મોબાઈલ લઈ આપીએ અને રૂપિયા બે હજાર આપેલા.

વધુમાં સાહેદ આગળ જણાવે છે કે, મને જાણ થતા આરોપી ઓને ફોન કરી ઘરે બોલાવેલ જેથી આરોપીઓએ ઘરે આવેલા અને મે જણાવેલ

કે ભોગબનનાર સાથે કે વાય સી કરવાના બહાને ખોટુ કામ કરેલ છે. ત્યારે આરોપીઓએ કહેલ કે આને ઘણો સમય થઈ ગયેલ છે એટલે કે પાંચ છ મહીના થઈ ગયેલ છે તારાથી જે થાય તે કરીલે હુ પહોચેલો માણસ છુ. તે પછી અમે સોનગઢ પોલીસ સ્ટેશન ગયેલા ત્યાં ભોગબનનારે ફરીયાદ આપેલી.

જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, મનીષાબેન મહેન્દ્રભાઈ કોંકણીને તેઓ ઓળખે છે., હુ મનીષાબેનના પતિને ઓળખુ છે તે પોલીસમાં ફરજ બજાવે છે. ભોગબનનાર એક વાર ઘરેથી નાતાલના અઠવાડીયા અગાઉ ભાગી ગયેલ હતી. ઈશાન, રાહુલ, વિશાલ, આમીર, સુનિલ ભોગબનનારના મિત્ર હતા. આમીર સાથે ભોગબનનાર ભણવા જતી ત્યારે વાતચીત કરતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર આમીર સાથે બોલતી હતી તે અમને ગમતુ ન હતુ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, હું ભોગબનનારને આમીર સાથે વાતો કરવાની ના પાડતો. ભોગબનનાર પાસેથી મોબાઈલ મળેલો જે મે તોડી નાંખેલો. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર ભાગીને ગુનખડી ગામે ગયેલી. ભોગબનનાર ગુનખડી ગયેલ છે તેવી જાણ મને આમીરે કરેલ. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર ઘરે ન આવતા ઘરના તેને શોધતા હતા એટલે મે આમીરને ફોન કરેલો તો આમીરે મને કહેલ કે તમારી દીકરી સુનિલ સાથે બોલે છે એટલે મે મારા ગોપાલપુરા વાળા મામાના દિકરા કિર્તનને મોકલેલ.ભોગબનનાર ગુનખડી ગામે મળી આવેલ. સુનીલ ભીંડા તોડવાની મજુરી આવતો જેથી ઓળખાણ થયેલી. ભોગબનનાર અને સુનીલ ફોન પર વાતચીત કરતા હતા. મને જે તે સમયે સુનીલ સાથેના સબંધ વિશે ખબર ન હતી. મને તે સબધની જાણ આમીરે કરેલી. ભોગબનનાર પાસે અંદાજે ત્રણેક મોબાઈલ મળી આવેલ. આમાંથી એકપણ મોબાઈલ અમે લઈ આપેલ નથી. મે બે મોબાઈલ

તોડેલા. ભોગબનનારે મને એવુ કહેલુ કે આમીરને મોબાઈલ લઈ દેવાનુ કીધેલુ પણ આમીર પાસે પૈસા ન હતા જેથી બલીરામે કહેલ કે હુ હમણા પૈસા આપી દઉ છુ અને આમીરે તે પૈસા બલીરામને આપી દેવાના. ભોગબનનાર પાસે જે ત્રણ મોબાઈલ હતા તેમાંથી આરોપીઓ સાથે ફોન પર વાતચીત થતી ન હતી. ભોગબનનારને આરોપીઓ તા.૩૧/૫/૨૧ ના રોજ સોનગઢ લઈ ગયેલ ત્યારે તે સમયે હુ ઘરે ન હતો. ભોગબનનારને મોટર સાયકલ પર લઈ ગયેલા તેવી જાણ મારી પત્નીએ મને ફોન પર કરેલી. સોનગઢથી આવ્યા બાદ ભોગબનનાર સ્કુલ પણ જતી અને સારી રીતે રહેતી. આરોપીઓ બજારમાં ખરીદી કરવા ગયેલા ત્યારે ભોગબનનાર અને આમીર બગીચામાં બેઠા હતા. ભોગબનનારના ખાતામાં કે વાય સી કરવાનુ છે તેવી જાણ ૨૦૧૯ કે ૨૦માં જયારે હુ મારી દીકરીને બેંકે લઈ ગયેલ ત્યારે બેંકવાળાએ કહેલ તે બેંક સોનગઢ આવેલી છે. મે ચર્ચમાં જઈને વાત કરેલ કે મારી છોકરીનુ કે વાય સી કરવાનુ છે પણ મને ટાઈમ મળતો નથી. મે ચર્ચમાં વાત કરેલી એટલે બલીરામે કહેલ કે અમે કે વાય સી કરવા જવાના છીએ એટલે મારી છોકરી પણ ગયેલી.

વધુમાં સાહેદ ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, ભોગબનનાર ઘર છોડીને જતી રહેલ તે માટે આમીરને ફોન કરેલો ત્યારે ભોગબનનારને સોનગઢ માં તા.૩૧/૫/૨૧ ના રોજ રોજ મળેલો હોય કે મોબાઈલ લેવા તેની જોડે હોય કે તેની સાથે બગીચામાં દિવસ પસાર કરેલ હોય તેવી કોઈ વાત કરેલ નહી. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, જયારે મારી દીકરીને ખીજાયેલો ત્યારે પ્રથમ તેણે કહેલ કે ફોન તેને બલીરામે લઈ આપેલ છે. એ હકીકત સ્વીકાર પણ કરેલ છે કે, એટલે મે બલીરામ તથા તેના પત્નીને બોલાવેલા. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, ત્યારે આરોપી નં.૨ નાએ કહેલ કે તમારી છોકરી અને આમીર વચ્ચે પ્રેમ સંબધ છે અને મારી છોકરી ગુસ્સે થઈ ગયેલી. એ હકીકત સ્વીકાર

કરેલ છે કે, તે વખતે મને ખબર પડેલ કે મારી દીકરી વારંવાર સુનિલ સાથે ફોન પર વાતચીત કરતી હતી. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, ડોકટરને બનાવની વિગત લખી આપેલ. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, બલીરામને બોલાવેલ ત્યારે બલીરામે કહેલ કે, તમારી છોકરી ખોટુ બોલે છે. સુનિલાબેન ગુલાબભાઈ કોંકણી અમારા ગામના સંરપંચ છે. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ ગયા બાદ સુનિલાબેન અમારા ઘરે આવેલા. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, અમે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા ત્યારે સુનિલાબેન પોલીસ સ્ટેશનમાં અમને મળેલા. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, મને મારી છોકરીએ મોબાઈલની વાતચીત કરેલી તે સિવાય બીજી કોઈ વાતચીત કરેલી નહી. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, અમે બલીરામને મોબાઈલ માટે જ બોલાવેલો. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, તે સમયે મને બલીરામે સુનિલ છગનભાઈ વિશે પણ વાતચીત થયેલી. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, બલીરામના કુટુંબને અને મનીષાબેનના કુટુંબને ચુંટણીના કારણે ઝઘડો થયેલો તેની મને ખબર છે. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં થી આવ્યા બાદ મારી છોકરી પહેલાની જેમ રહે છે તેને કોઈ તકલીફ નથી.

આંક–૨૮ થી ભોગબનનારના પિતા નું ક્રિ.પ્રો.કોડની કલમ– ૧૬૪ મુજબનુ નિવેદન રજુ છે જે વંચાણે લેતા ભોગબનનારના પિતાએ તેની સરતપાસમાં જે હકીકત જણાવી છે તે જ મુજબની હુબહુ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જેથી પુનરાવર્તન ટાળવા તેની ચર્ચા અહીં કરેલ નથી. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ભોગબનનારના પિતા ઉલટતપાસમાં પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિરોધાભાસી પુરાવો આપે છે. ત્યારે સરતપાસ અને ૧૬૪ મુજબના નિવેદનમાં જણાવેલ પુરાવો તેની વિશ્વનીયતા ગુમાવી દે છે. આ સંજોગોમા સરતપાસ અને ૧૬૪ મુજબના નિવેદન પર માત્ર આધાર રાખી

આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી. તેમજ આ સાહેદ બનાવ વખતે જેઓ વડોદરા મુકામે મજુરી અર્થે હતા. બનાવની હકીકત તેમને પોતાની પત્ની ધ્વારા માલુમ પડેલ છે. જયારે આવા ગંભીર કેસોમાં મુખ્ય સાહેદ જેવા કે ભોગબનનારની જુબાની પણ વિશ્વસનીયતનો અભાવ હોય ત્યારે આવા સાહેદોના પુરાવા માત્રથી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

(૫૦) ફરીયાદપક્ષે **સાહેદ નં.૩ ભોગબનનારની માતા આંક–૨૯** થી સોંગદ પર તપાસેલ છે. આ સાહેદ તેના પુરાવામાં, આજથી એકાદ વર્ષ પહેલા ભોગબનનાર મજુરી કામે બલીરામના ખેતરમાં ગયેલ ત્યારે બલીરામે ભોગ બનનારને એવુ કહેલ કે, આપણે વીડીઓ બનાવશુ તો પૈસા મળશે. તે પછી બલીરામે આધારકાર્ડ લઇને ભોગબનનારને ખેતરમાં બોલાવેલ જ્યાં આરોપીઓએ ભોગબનનાર સાથે ખોટુ કામ કરેલુ. બીજા દિવસે આરોપી નં.૨ એ ફોન કરી ભોગબનનારને બેન્કની બુક લઇને મોકલો. ભોગબનનારને મે મોકલેલ તે પછી બીજા માણસોને તેમણે ખેતરેથી મોકલી દિધેલ અને મારી છોકરીને ત્યાં રાખેલ તે દિવસે પણ મારી દિકરી સાથે ખોટો સંબંધ બાંધેલ અને તેનો વીડીઓ આરોપી નં.૨ એ ઉતારેલ.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, અઠવાડીઆ પછી બલીરામે ફોન કરેલો અને તેણે કહેલ કે હું સોનગઢ આવેલ છુ તમારી દીકરીને સોનગઢ મોકલવી હોય તો મોકલો. મારી દિકરીનું બેન્કનું ખાતુ બંધ હતુ તેથી ચાલુ કરાવવા માટે તેણે કહેલ. તે પછી આરોપીઓ ટુ–વ્હીલર ઉપર લઇ ગયેલા. ભોગબનનારને બલીરામ તેની બહેનનું ઘર જે સોનગઢમાં આવેલ તે તેના ઘરે લઇ ગયેલા. ત્યાં મારી દીકરીના કપડા ઉતારીને ખોટો સંબંધ બાંધેલો અને આરોપી નં.૨ નાએ વીડીઓ ઉતારેલ. તે પછી ભોગબનનારને બેન્ક પાસે લઇ ગયેલા અને કહેલ કે તુ અહિ ઉભી રહે તેઓ બેન્કમાં ગયેલા અને પછી એવુ કહેલ કે આજે બેન્ક બંધ છે તે પછી તેઓ આવતા રહેલા. ભોગબનનારે તેમને એવુ કહેલ કે મારે મોબાઇલ લેવો છે ત્યારે આરોપી નં.૨ એ એવુ કહેલ કે તને મોબાઇલ લઇ આપીએ છીએ અને બલીરામે તેના ડોક્યુમેન્ટ ઉપર મોબાઇલ

અને સીમ કાર્ડ લઈ આપેલ. તેમણે ભોગબનનારને એવુ કહેલ કે આ મોબાઈલ કોઈને બતાવતી નહિ.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, સોનગઢથી બે ત્રણ દિવસ બાદ આવ્યા બાદ મે મારી દિકરીને ચર્ચમાં આવવા કિધેલ પણ તે આવતી ન હતી જેથી હું તેને કેમ આવતી નથી તેવુ પુછતી હતી. મારિ દિકરી ઘરમાં ગુમ સુમ રહેતી હતી મે તેને પુછેલ કે કેમ તુ ગુમ સુમ રહે છે તે પછી મારિ દિકરી એ મને એવુ કહેલ કે આરોપીઓએ મારા કપડા ઉતારી ત્રણ વાર શરીર સબંધ બાંધેલ છે. મને મારિ દિકરીએ વાત કરેલ તેના બીજા દિવસે જ મારા પતિ નાતાલ કરવા ઘરે આવેલા હતા અને મે મારા પતિને આ વાત કરેલ મારા પતિએ મારી દિકરીને પુછેલ. મારી દિકરીને મારા પતિને પણ આ વાત કરેલ.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, મારા પતિએ આ વાત સાંભળીને બલીરામને ફોન કરેલો અને આરોપીઓ ઘરે આવેલા. મારા પતિએ તેને કહેલ કે મારી છોકરી કહે છે કે તે એની સાથે આવુ કરેલ છે તે સાચુ છે તો બલીરામે કહેલ કે ઘણો સમય થઇ ગયેલ છે અને તે વાત તુ ભુલી જા મારી આગળ પાછળ બહુ મોટા માણસો છે તેવી રીતે ધમકી આપેલ. તે પછી મારી દિકરીએ ફરિયાદ કરેલ.

**આ તબકકે એ નોંધવુ જરૂરી છે કે,** *નામ.કોર્ટે નોંધ લીધેલ છે કે, સાહેદની પોલીસ રુબરુ તથા મેજીસ્ટ્રેટ રુબરુની પુછપરછ ગુજરાતી ભાષામાં થયેલી છે પરંતુ હાલ સમગ્ર સરતપાસમાં તેણીએ તેને ગુજરાતી ભાષામાં પુછેલા પ્રશ્નનાં જવાબ આપેલા નથી પરંતુ તેણે કોંકણી ભાષામાં રુપાંતર કરી પ્રશ્ન પુછાતા કોંકણી ભાષામાં જવાબ આપેલ છે અને તેનું ગુજરાતી ભાષાંતર શ્રી પાલવેની મદદથી કરી જવાબ નોંધાયેલા છે સાહેદ તેમને પુછાતા પ્રશ્નના જવાબ પણ આઇ(EYE) કોન્ટેક કરી આપતા નથી અને અલગ દિશામાં જોઇને જવાબ આપી રહેલ છે.જે વતૃણુકની નોંધ લેવામાં આવે છે.*

જયારે ઉલટતપાસમાં, મારી દીકરી ઉનાળાથી લઈ હાલમાં ફરીયાદ કરેલ છે તે સમયગાળા દરમ્યાન ઘરનુ તમામ કામકાજ કરતી

તે અમારા સાથે વાતચીત કરતી. મારી દીકરીનુ વર્તન જે ઉનાળા પહેલા હતે તેવુ સામાન્ય હાલની ફરીયાદ થયલ તેવુ હતુ અને હાલ પણ તેવુ જ છે. મારી દીકરી પાસેથી મોબાઈલ મળેલ જે મે તોડી નાંખેલો. મે તે મોબાઈલ નાતાલના બે ત્રણ દિવસ પહેલા તોડી નાંખેલ ત્યારે મારા પતિ મજુરીકામેથી પરત આવેલા ન હતા. આ મોબાઈલ આરોપીએ આપેલ છે તેવુ ભોગ બનનારે કહેલુ. મને મારી દીકરીએ એવુ કહેલ નથી કે, મને કાકાના છોકરાએ મોબાઈલ લઈ આપેલો છે કેમ તમે લઈ આપતા ન હતા. મે મારા પતિને દીકરી પાસેથી મોબાઈલ મળી આવેલ છે તેની જાણ ફોનથી કરેલ નહી. મારા પતિએ બલીરામે ફોન કરીને બોલાવેલ ત્યારે આરોપીઓ આવેલા અને મારા પતિએ પુછેલ કે કેમ મારી છોકરીને મોબાઈલ લઈ આપેલ છે. મારી દીકરીનુ ખાતુ બંધ થઈ ગયેલ જેથી તેના ખાતામાં કે.વાય.સી. કરવાનુ હતુ. ખાતમાં કે.વાય.સી. કરવાનુ બલીરામે કીધેલુ. મારી છોકરીએ અમને એવુ કહેલ કે '' સોનગઢમાં બલીરામ અને તેની પત્ની ખરીદી કરવા જતા રહેલા, મારી દીકરી આમીર સાથે બગીચામાં ગયેલ હતી અને જતા સમયે બલીરામે આમીરને ફોન કરી કહેલ કે તુ ભોગબનનારને મોકલી આપી અને તે પછી આમીર તેને મુકી ગયેલ. મારા પતિઅ મોબાઈલ તોડી નાંખેલ હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારા પતિએ બલીરામને બોલાવેલ ત્યારે બલીરામે કહેલ કે, તમારી છોકરી ખોટુ બોલે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ વિલંબ અંગે નિવેદનમાં કોઈ ખુલાસો કરેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારે ફરીયાદ લખાવેલ ત્યારે તેના પપ્પા સાથે હતા. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, સરતપાસમાં જે હકકીત જણાવેલ છે તેની મને કોઈ જાત માહીતી નથી.

આ સાહેદ ભોગબનનારની માતા થાય છે. તેનો સોગદ પરનો પુરાવો ધ્યાને લેતા પુરાવા દરમ્યાન મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબે, સાહેદના વર્તન અંગે નોંધો કરેલ છે. જે મુજબ ફરીયાદીને ગુજરાતી ભાષા આવડતી ન હોય અને કોંકણી ભાષાથી જાણકાર હોય ભાષાતકાર તરીકે ભાષાના જાણકાર વિ.વ.એ.એ.વળવીની મદદ લઈ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. એ પણ નોંધ કરેલ છે કે, સાહેદે પુછતા પ્રશ્નોના યોગ્ય જવાબ સમજીને આપવા તાકીદ કરેલ છે.

આંક–૩૦ થી ભોગબનનારની માતાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન રજુ છે જે વંચાણે લેતા ભોગબનનારની માતાએ તેની સર તપાસમાં જે હકીકત જણાવી છે તે જ મુજબની હુબહુ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જયારે તેનાથી વિરૂધ્ધની હકીકત ઉલટતપાસમાં જણાવેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. આમ, તેણીના માતાના ૧૬૪ ના નિવેદનને ખુદ તેણીની માતાના સોંગદ પરના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ સંજોગોમાં સરતપાસ અને ૧૬૪ મુજબના નિવેદન પર માત્ર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી. આવા ગંભીર કેસોમાં મુખ્ય સાહેદ જેવા કે ભોગબનનારની જુબાની પણ વિશ્વસનીયતનો અભાવ હોય ત્યારે આવા પુરાવા માત્રથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી.

(૫૧) ફરીયાદપક્ષે **સાહેદ નં.૪ ભોગબનનારનો મિત્ર અમીરભાઈ સુરેશભાઈ વસાવા** આંક–૩૭ થી સોંગદ પર તપાસેલ છે. આ સાહેદ તેના પુરાવામાં પોલીસે સોનગઢ પોલીસ સ્ટેશનમાં ભોગબનનાર ''ટી'' ની ફરીયાદ બાબતે પુછપરછ માટે બોલાવેલ. ભોગબનનાર ''ટી'' મારી ફ્રેડન્સ થયા છે અને હું તેની સાથે મોબાઈલ ઉપર વાતચીત કરતો હતો. હું આંબા ગામે મારી માસીને ત્યાં રહેતો ત્યારે ખ્રિસ્તી ધર્મ પાળતો હતો જેથી રવિવારે ચર્ચમાં પણ

જતો હતો. આરોપી નં.૧ ચર્ચમાં પાસ્ટર હતા જેથી ઓળખી બતાવે છે. આરોપી નં.૨ અનિતાબેન તેમના પત્ની છે.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, તા.૩૧/૫/૨૦૨૧ ના રોજ ભોગબનનારનો મારા મોબાઈલ ઉપર ફોન આવેલ અને કહેલ કે, હું બેકના કામ અર્થે સોનગઢ આવેલ છુ અને મને સોનગઢ આવ તેવુ કહેતા હું મારા મિત્ર સુનિલ સાથે મોટર સાયકલ લઈને સોનગઢ ગયેલા.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, તે પછી સોનગઢ બેંક ઓફ બરોડા પાસે મારો મિત્ર સુનિલ મને ઉતારીને ગાંધીનગર ખાતે જતો રહેલ. ભોગબનનાર તથા આરોપીઓ બેંક ઓફ બરોડા પાસે મળેલ. ભોગબનનારે મને કહેલ કે, મારે મોબાઈલ લેવો છે જેથી મેં કહેલ કે હાલમાં મારી પાસે પૈસા નથી. જેથી આરોપી બલીરામે અમને કહેલ કે, હું તમને મોબાઈલ લઈ આપુ છુ પછીથી મને પૈસા આપી દેજો. તે બાદ બેંક ઓફ બરોડાથી થોડે દુર બાજુમાં મોબાઈલની દુકાને ગયેલા અને પંદર સો વાળો મોબાઈલ લીધેલો. મોબાઈલ ની સાથે સીમકાર્ડ પણ લીધેલો. સીમકાર્ડ લેવા માટે ડોકયુમેન્ટ બલીરામે આપેલા. આ મોબાઈલ લીધા બાદ અમે બધા નાસ્તો કરવા ગયેલા. નાસ્તો કરતા હતા ત્યારે બલીરામે અમોને કહેલ કે, અમે બજારમાં જઈએ છીએ ત્યાં જઈએ છીએ ત્યાં સુધી તમે વાતો કરો. તે પછી હું તથા ભોગબનનાર સોનગઢ ચાટ બજાર પાસે આવેલ પાર્કમાં ગયેલા. થોડો સમય બાદ બલીરામનો મારા પર ફોન આવેલ અને કહેલ કે, હવે આપણે જવાનુ છે તો બસ સ્ટેન્ડ પાસે આવો જેથી અમે બસ સ્ટેન્ડ પાસે ગયેલા. બલીરામ અને તેની પત્ની ગામ જવા નિકળી ગયેલા અને હું મારા મિત્ર સુનિલ સાથે નિકળી ગયેલ.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, પાંચ માસ બાદ પચ્ચીસ તારીખે ભોગબનનારના પપ્પાનો ફોન મારા પર આવેલો તે સમયે મને એવુ કહેલ કે,

ભોગબનનાર સોનગઢ આવેલી ત્યારે તમે મોબાઈલ લઈ દીધેલ. તો મેં હા પાડેલી. મેં તેમને એવુ કહેલ કે, પૈસા મોબાઈલના મેં આપેલા પણ ડોકયુમેન્ટ બલીરામે આપેલા.

વધુમાં સાહેદ જણાવેલ છે કે, થોડા સમય પછી ભોગ બનનારના પિતાનો ફોન આવેલો અને મને કહેલ કે, મારી ભોગબનનાર દિકરીના વિડિયો અને ફોટા પાડેલા છે તે સિવાય બીજુ કાંઈ કહેલ નહીં. તે સિવાય બીજુ કાંઈ જાણવા મળેલ નહીં.

જયારે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને સોનગઢ કોર્ટમાં પોલીસવાળા નિવેદન લેવા ફોન કરીને બોલાવેલ. મેં પોલીસને હું જજ પાસે નિવેદન નોંધાવવા માગું છુ તેવુ જાહેર કરેલ નહીં. મને પોલીસે એવુ કહેલ કે, તારૂ નિવેદન જે અમે લખેલ છે તેવુ તારે જજ સાહેબ પાસે લખાવવાનુ છે.હું જયારે સોનગઢ કોર્ટમાં ગયેલ ત્યારે પોલીસવાળાએ મને એક લખાણ આપેલ અને મને કહેલ કે આમા સહી કરી દે જેથી મે સહી કરેલી તે બાદ હું મારા ઘરે જતો રહેલ.

વધુમા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારને હું ધોરણ–૧૧ માં ભણતો હતો ત્યારથી ઓળખુ છુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું ભોગબનનારના કાકાનો દિકરો થતો નથી કે તેમનો કોઈ સંબધી નથી. ભોગબનનારે સાથે હું આંબા ગામે ભણવા ગયેલ ત્યારે થયેલી. તે સમયે હું ભોગબનનાર સાથે કોઈ વાતચીતનો સબંધ ધરાવતો ન હતો. હવે કહુ છુ કે, તે સમયે અમારા વચ્ચે દોસ્તી હતી. ભોગબનનાર જયારે ચીમેર ભણતી હતી ત્યારથી મારે તેની સાથે મોબાઈલ ઉપર વાતચીત ચાલતી હતી. ત્યારે ભોગબનનાર તેના મામાના મોબાઈલ ઉપરથી વાતચીત કરતી હતી. મને ભોગબનનારે એવુ જણાવેલ નથી કે, ભોગબનનારને તેના મામાને ત્યાં મારા

કારણે ઝઘડો થયેલો. ચીમેરથી આવ્યા બાદ ભોગબનનાર તેના પપ્પાના મોબાઈલ ઉપરથી મારી સાથે વાતચીત કરતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારના ઘરનાને અમે બંને મોબાઈલ ઉપર વાતચીત કરીએ છીએ તેની ખબર ન હતી. અમે બંને મિત્ર તરીકે વાતચીત કરતા હતા. ભોગબનનાર મને મહિનામાં એક–બે વાર ફોન કરતી હતી અને અમે બંને પાંચ –દશ મીનીટ વાત કરતા હતા. જે દિવસે અમે સોનગઢ મળેલ તે દિવસે સવારે સાત વાગ્યે ફોન કરી કહી દીધેલ કે અમે સોનગઢ આવવાના છે. તેણે મને બલીરામ તથા અનિતા સાથે આવવાની છે તેવુ કહેલ નહીં. તેણે મને એવુ કહેલ કે, હું બેંકના કામે આવવાની છુ. મારે તથા ભોગબનનાર વચ્ચે સોનગઢમાં મળવાનુ છે તેવુ સવારે સાત વાગ્યેજ નકકી થઈ ગયેલ. ભોગબનનારના બોલાવવાથી હું કંપનીમાં રજા રાખીને સોનગઢ ગયેલો. ભોગબનનાર મને પસંદ હતી તેથી તેના બોલાવવાથી ગયેલ. હું બપોરના સાડા બારથી એકના ગાળામાં સોનગઢ આવેલો. હું બાઈક પર આવેલો તે બાઈક મારૂ હતુ. મારા બાઈકનો નંબર મને યાદ નથી. હું અગાઉ બલીરામ કે અનિતાને મળેલ નહીં. મારે તેમની ઓળખાણ સોનગઢમાં થયેલી. સાહેદ જણાવે છે કે, તે બલીરામ છે તેવી જાણ મને અગાઉ હતી પણ તેમની સાથે પરિચય ન હતો. હું આંબામાં એક વર્ષ રહેલો. હું આંબા ગામમાં બે થી ત્રણ વાર ચર્ચમાં ગયેલો. મારે આંબા ગામે ચર્ચમાં બલીરામ સાથે કોઈ વાતચીત થયેલી નહીં. મેં ચર્ચમાં બલીરામની પત્નીને પણ જોયેલ પણ તેની સાથે વાતચીતનો કોઈ વ્યવહાર ન હતો.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સોનગઢ મને મારો મિત્ર સુનિલ મોટર સાયકલ પર સોનગઢ મુકી ગયેલ. તે મને બેન્ક ઓફ બરોડા પાસે મુકી તેના ગામ ગાંધીનગર જતો રહેલો. અમે બેંક ઓફ બરોડા પાસે

ઉભેલા હતા ત્યારે પાંચ–દશ મીનીટ પછી મને કહેલ કે, મારે મોબાઈલ જોઈએ છે. મેં આ પૈસા પાછળથી બલીરામને ચુકવી આપેલા. ભોગબનનારે મારી પાસે મોબાઈલ માંગેલ જેથી મે મોબાઈલ લઈ આપેલ.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેં ભોગબનનાર સિવાય અન્ય કોઈ છોકરીને મોબાઈલ લઈ આપેલ નથી. મારી પાસે મારૂ આધારકાર્ડ ન હતુ જેથી બલીરામના આધારકાર્ડથી સીમકાર્ડ લેવામાં આવેલ. ભોગબનનારને મેં બેંક ઓફ બરોડા પાસે જોઈ ત્યારે તે ઉદાસ ઉદાસ લાગતી હતી. મેં તેને પુછેલ પણ તેણે કાંઈ જણાવેલ નહીં. તેણે મને મોબાઈલ લઈ દેવાની વાત કરેલી. બલીરામ અને તેની પત્નીએ મને તથા ભોગબનનારને અંબિકા હોટલ પર એકલા છોડી દીધેલ અને કહેલ કે, અમે ખરીદી કરવા જઈએ છીએ ત્યાં સુધી તમે બંને વાતો કરો. તે પછી મેં તેને કહેલ કે, ચાલ બાગમાં બેસવા જઈએ. મોબાઈલ ખરીદી, સીમ ચાલુ કરી અને તરતજ દુકાનમાંથી નીકળી ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે બાદથી સાંજના ચાર–સાડા ચાર સુધી ભોગબનનાર અને હું એકલા હતા. એપ્રીલ થી મેં માસના સમયગાળામાં ભોગબનનારે ત્યારે તે ઉદાસ હોય તેવી વાત મારી સાથે કરેલી નહીં. તા.૩૧/૫/૨૧ ના આશરે એક મહિના સુધી ભોગબનનારે આ મોબાઈલ ફોનથી મારી સાથે વાત કરેલી તે બાદ આ મોબાઈલ ફોન તોડી નાખવામાં આવેલ આ મોબાઈલ ફોન કોણે તોડેલ તેની મને ખબર નથી.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેં બલીરામ ને મોબાઈલના પૈસા તેના એકાઉન્ટમાં જમા કરાવી આપેલ. અમે બંને રાત્રે દશ વાગ્યે વાતચીત કરતા. અમે દિવસમાં એકજ વાર મોબાઈલ ફોન પર વાતચીત કરતા હતા. અમારી વાતચીત વીસેક મીનીટ ચાલતી. ફોન પર ભોગબનનારનુ વર્તન સારૂ હતુ. તા.૩૧/૫/૨૧ ના રોજ તે ઉદાસ હતી તેવુ મને એટલા

માટે યાદ છે કેમ કે તે રૂબરૂ હાજર હતી. અમે રાત્રે દશેક વાગ્યે વાતચીત કરતા તે સિવાય બીજા કોઈ ટાઈમ વાતચીત કરતા ન હતા. મારે એક મહિનામ ભોગબનનાર સાથે પંદર દિવસ વાતચીત થયેલી. તા.૧/૬/૨૧ ના રોજ સવારના ૪–૪૫ થી ૫–૫૮ સુધી મેં તથા ભોગબનનારે વાત કરેલી એટલેકે ૭૩–મીનીટ સુધી મેં ભોગબનનાર સાથે વાતો કરેલી તેવુ જો મોબાઈલ કંપનીનુ રેકર્ડ કહેતુ હોય તો તે વાતચીત કરી હોય તો તે સાચુ છે. હું આટલી લાંબી વાતો કોઈ છોકરીઓ સાથે કરતો નથી. તા.૧/૬/૨૧ ના રોજ મેં તથા ભોગબનનારે બે કલાક અને એક મીનીટ વાતચીત કરેલ હોય તેવુ મોબાઈલ ફોનનુ રેકર્ડ કહેતુ હોય તો તે વાત સાચી છે.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારે ભોગબનનાર સાથે પ્રેમ સબંધ હતો અને અમે એકબીજા સાથે વાતચીત કરતા હતા. આ પ્રેમ સબંધની જાણ તેમના ઘરનાને ન હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારા પ્રેમ સબંધની જાણ બલીરામ અને તેમની પત્નીને હતી પણ તેઓ અમને મદદ કરતા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારે બન્નેને મોબાઈલ ઉપર વાતચીતમાં તેના ઘરના મોબાઈલથી થઈ શકે તેમ ન હોય જેથી તેના કહેવાથી મેં તેને મોબાઈલ લઈ આપેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ કે.વાય.સી.ના બહાને તે મને મળવા આવેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ હું, બલીરામ, અનિતા તથા ભોગ બનનાર સવાર ના સાડા દશથી એક દોઢના ગાળા સુધી સાથે હતા અને તે બાદ બલીરામ તથા તેની પત્ની જતા રહેલ અને અમે બંને બગીચામાં બેસેલ બલીરામ તથા તેની પત્નીને અમારા સબંધની જાણ હતી અને તેમણે ભોગબનનારના ઘરમાં જાણ કરેલી ન હતી અને તેમણે તેમને અમે સોનગઢમાં મળેલા છીએ તેવુ પણ

ભોગબનનારના ઘરનાને કહેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારે તથા ભોગબનનારને સબંધ છે તેવી જાણ બલીરામ તથા તેની પત્નીને અગાઉથી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩૧/૫/૨૧ ના રોજ હું જયારે ભોગબનનારને મળેલ ત્યારે તે ખુશ હતી અને મેં તેને મોબાઈલ લઈ દીધા બાદ તે વધારે ખુશ હતી અને અમારા બંનેની વચ્ચે વાતચીત પણ થયેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું તથા ભોગબનનાર એકબીજા સાથે વાતચીત કરી શકીએ એટલે બલીરામ અને તેની પત્ની ખરીદી કરવા જતા રહેલા. એ વાત ખરી છે કે, ભોગબનનારે સાથે મારે તા.૧૮/૪/૨૧ પરથી તેના ઘરના મોબાઈલ પરથી ઘણીવાર વાતચીત કરેલી છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર મને તેના મોબાઈલ ફોન પરથી ફોન કર્યા કરતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩૦/૫/૨૧ ના રાત્રીના ૯–૩૫ થી ૯–૪૨ સુધી તેમજ ૯–૫૧ થી ૯–૫૫ સુધી મોબાઈલ ફોન ઉપર વાતચીત થયેલ અને ત્યારે જ સોનગઢ અમારે મળવાનુ નકકી થયેલ.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સોનગઢ ભોગ બનનારે મને મળવાનુ નકકી કરેલ હોય જેથી આવેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારે દુકાનવાળાએ એવુ કહેલ કે, આ નાની ઉંમર છે તેથી તેના નામે કાર્ડ ન મળે જેથી બલીરામે તેનુ આધારકાર્ડ આપેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું સોનગઢ પૈસા લઈ જવાનુ ભુલી ગયેલ તેથી મોબાઈલ લેવા માટે બલીરામ પાસે ઉછીના લીધેલા અને તે પૈસા પછી મેં બલીરામને આપી દીધેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું તથા ભોગબનનાર મોબાઈલ પર વાતચીત કરીએ છીએ અને મે મોબાઈલ લઈ દીધેલ છે તેથી જાણ ભોગબનનારના પિતાને જુન મહિનાથી જ થઈ ગયેલ. એ

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર સોનગઢથી અમે છુટા થયા એટલે કે, નવેમ્બર મહિનામાં ભાગી ગયેલ ત્યારે ભોગબનનારના પિતાએ મને ફોન કરેલ અને કહેલ કે, મારી છોકરી ઘરેથી ભાગી ગયેલ છે ત્યારે તેમને એવુ કહેલ કે, તમારી છોકરી મારી પાસે નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ભોગબનનારના પપ્પાને ખબર પડેલ તે ગુનખડી સુનિલના ઘરે ગયેલી છે. એ વાતની મને ખબર છે કે, મેં લઈ દીધેલા મોબાઈલ ફોન પરથી તે સુનિલ છગનના મોબાઈલ ફોન ઉપર કલાકો સુધી વાતો કરતી હતી. ભોગબનનાર મારા લીધેલા ફોન ઉપર બીજા સાથે કલાકો સુધી વાતો કરે તે ખબર પડતા મને દુ:ખ થયેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે સુનિલ સાથે સબંધ રાખતી હોય અને તેની સાથે ભાગી ગયેલ હોય મેં તેનામા રસ લેવાનુ બંધ કરી દીધેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર પિતાએ જુન–૨૦૨૧ માં પુછેલ કે, ભોગબનનારને તે મોબાઈલ લઈ દીધેલ છે તે પછી ભોગબનનારના પિતાએ ફોન કટ કરી દીધેલો. તે બાદ ભોગબનનાર ભાગી ગયેલ ત્યારે આવેલો. ભોગબનનારના વિડિયો અને ફોટા વિશેની વાત ભોગબનનાર પિતાએ તે ભાગી ગયેલી ત્યારે કહેલી. ભોગબનનાર પિતાએ મને એટલે કે, સોનગઢમાં બલીરામ અને હુ સાથે હતા ફોટા અને વિડિયોની વાત ભોગબનનારના પિતાએ કહેલી તે સિવાય બીજી કોઈ વાત મને યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું સોનગઢમાં જયારે ભોગબનનાર, બલીરામ અને તેની પત્નીને મળેલ ત્યારે એવુ લાગેલ કે તેઓને સારા સબંધ છે અને ભોગબનનાર પણ તેમની સાથે સારૂ વર્તન કરતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારો ફોન પકડાઈ ગયેલ ત્યારે ભોગબનનારના પિતાએ મને કહેલ કે, તારો ફોન લઈ જા અને બીજીવાર પકડાઈશ તો પોલીસમાં તેની જાણ કરી

દઈશ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને ભોગબનનાર પિતાથી ડર લાગે છે.

આંક–૩૮ થી રજુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪નુ નિવેદન રજુ છે. જેમાં પણ સરતપાસમાં જણાવેલ હકીકત મુજબની હકીકત જણાવેલ છે.જેથી પુનરાવર્તન ટાળવા તેની ચર્ચા કરેલ નથી. જયારે તેનાથી વિરૂધ્ધની હકીકત ઉલટતપાસમાં જણાવેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. આમ, તેણીના મિત્રના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનને ખુદ તેણીના મિત્રના સોંગદ પરના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ સંજોગોમા સરતપાસ અને ૧૬૪ મુજબના નિવેદન પર માત્ર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહી. આવા ગંભીર કેસોમાં મુખ્ય સાહેદ જેવા કે ભોગબનનારની જુબાની પણ વિશ્વસનીયતનો અભાવ હોય ત્યારે આવા સાહેદોના પુરાવા માત્રથી આરોપીઓને ગુના સાથે સાંકળી દોષિત ઠરાવી શકાય નહી.

આમ હાલના કેસના મહત્વના સાહેદો ભોગબનનાર, ભોગબનનારના માતાપિતા તથા ભોગબનનારના મિત્રના ત્રણેય સાહેદોના પુરાવામાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો ઠોસ અને વિશ્વાસજન્ય પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી કેસના મહત્વના સાહેદોના પુરાવાથી આરોપી ઓને ગુનામાં દોષિત ઠરાવી શકાય નહી.

**<u>મેડીકલ ઓફીસરોનો પુરાવો:–</u>**

**(૫૨)** આ કામે અન્ય પુરાવો ધ્યાને લેતાં ફ.પ. સાહેદ નં–૧૫ આંક–૭૭ થી ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરનાર ડો.દિલીપભાઈ શીવાજીભાઈ ગામીતને તપાસવામાં આવેલા છે તથા ભોગબનનારની વધુ મેડીકલ તપાસ કરનાર સાહેદ નં–૧૯ આંક–૯૫ થી ડો. રોશનીબેન કવીદાસ

ભગત ને તપાસવામાં આવેલા છે સદર બંને ડોકટર સાહેદો તરફથી ડોકટર તરીકે આ કામના ભોગ બનનારની જરુરી મેડીકલ તપાસણી કરી હીસ્ટ્રી લીધેલાનુ તથા જરુરી નમુના લીધેલાનુ જરુરી તપાસ કરેલાનુ જણાવેલ છે અને તપાસ પ્રમાણપત્ર આપેલનુ જણાવેલ છે. આ કામે બંને ડોકટરોનો પુરાવો ધ્યાને લેતાં ભોગબનનારે ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં કેટલીક હકીકતો કે જે ભોગબનનારની સોગદ પરનો પુરાવો તથા ૧૬૪ ના નિવેદન કરતા વધારે/વિશેષ બનાવ સબંધે જણાવેલ છે. જે બનાવને વધુ ગંભીર બનાવવા નો પ્રયત્ન કરેલ છે. ભોગબનનારને બનાવની હીસ્ટ્રી લખવામાં તેણીના માતાપિતા મદદ કરતા હતા. તેમજ ભોગબનનારે જે વિગત આપેલ તેમાં બનાવ કઈ તારીખે, કેટલા વાગે બનેલ તેવી હકીકત જણાવેલ નથી તેમજ ગલત કામમાં શુ કરેલ તે જાહેર કરેલ નથી તેમજ તેના ફોટા તથા વીડીયો કોણે પાડેલા અને કેવી સ્થિતિમાં પાડેલા તે પણ તેણીએ જણાવેલ ન હોવાનુ કબુલ રાખેલ છે.

ઉપરોકત બંને તબીબી સાહેદોના પુરાવાથી પોતાની ફરજ દરમ્યાન જે કાંઈ કાર્યવાહી કરેલ તેનો પુરાવો આપેલ છે. જયારે ભોગબનનાર તથા તેણીના માતાપિતા તથા તેણીના મિત્રના સોંગદ પરના પુરાવાથી મહત્વની હકીકતો બાબતે વિરોધાભાસ રેકર્ડ આવે છે ત્યારે આ બંને ડોકટર સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી. આમ માત્ર તબીબી સાહેદોના પુરાવાના આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

**<u>અન્ય સાહેદોનો પુરાવો:–</u>**

**(૫૩)** ફરીયાદપક્ષે સાહેદ નં.૫ હરીશભાઈ સ્વામીનાથ ગુપ્તા આંક–૪૩, સાહેદ નં.૬ મુનીર હુસેન રફીક હુસેન ખૌજા આંક–૪૫ નાઓને તપાસેલ છે. આ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, સાહેદ નં.૫ સાંઈ મોબાઈલ નામની

દુકાન ધરાવે છે. જેમાં સાહેદ નં.૬ નોકરી કરતા હોવાનુ રેકર્ડ પર આવે છે. ભોગબનનાર, ભોગબનનારનો મિત્ર તથા આરોપીઓ સાંઈ મોબાઈલ શોપમાં થી મોબાઈલ તથા સીમકાર્ડ આરોપી બલીરામભાઈના નામે ખરીદ કરેલ હોવાનુ રેકર્ડ પર આવે છે.

જયારે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, આ કામે જે ઈન્વોઈસ રજુ કરેલ તે ઈન્વોઈસવાળુ બીલ મેં પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી., આ કામે જે મેં સરતપાસમાં નામો વ્યકિતઓના લખાવેલ છે તે તમામ નામો મને સોનગઢ પોલીસ ધ્વારા જણાવવામાં આવેલ હોવાથી તે વ્યકિતઓના નામનો ઉલ્લેખ આજરોજ મેં સરતપાસમાં કરેલ છે., પોલીસે લખેલ તે મુજબનુ મને નિવેદન કોર્ટમાં બોલવાનુ કહેવામાં આવેલ. આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપીઓ મારી દુકાને તા.૩૧/૫/૨૧ ના રોજ આવેલા તે હું ન કહી શકુ., ઓળખપરેડ પહેલા પોલીસે તે માણસોને મને પોલીસ સ્ટેશનમાં બતાવેલ., તે પછી મેં તે માણસોને પાંચ-છ માણસોમાંથી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા., મેજીસ્ટ્રેટ રૂબરૂ મેં જે નિવેદન આપેલ તેમાં પોલીસે કહેલ કે, તારે અમે જે કહીએ તે પ્રમાણે કહેવાનુ છે જેથી મેં તે પ્રમાણે લખાવેલ હોવાનુ કબુલ રાખેલ છે.

જયારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૬૪ મુજબ નિવેદનમાં (આંક-૪૪ થી હરીશભાઈ સ્વામીનાથ ગુપ્તા તથા આંક-૪૬ થી મુનીશ ખૌજા) પણ સરતપાસમાં જણાવેલ મુજબની હુબહુ જ હકીકત જણાવેલ છે વિશેષ કોઈ હકીકત જણાવેલ નથી.

તે જ રીતે સાહેદ નં.૭ ઉમેદભાઈ ભગુભાઈ ગામીત આંક-૪૯ થી તપાસેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેઓ સોનગઢમાં ભારત ઈલેકટ્રોનીકસ નામની દુકાન ધરાવે છે. આરોપી બલીરામ તેમના

ગામની બાજુમાં રહેતા હોવાથી ઓળખે છે. આરોપી બલીરામે સને– ૨૦૧૮–૧૯ માં તેમની દુકાનેથી ઓપો કંપનીનો મોબાઈલ ખરીદ કરેલ. તેમની દુકાનમાં સી સી ટી વી. કેમેરા છે. જયારે ઉલટતપાસમાં કહેવાતો મોબાઈલ મેં આપેલ નથી તેથી આ મોબાઈલ કોને આપાયેલો અને કોણે આપેલ તે હું ન કહી શકુ. મારા કહેવા મુજબ હું તે સમયે સુરત હતો. મારી દુકાને કોઈ વ્યકિત માલ ખરીદવા આવે ત્યારે તેનો આધાર કાર્ડ મેળવી તેના નામની ખરાઈ કરવામાં આવતી નથી. મે જે સરતપાસમાં મોબાઈલ ઓપો–એ–પ–એસ(ર પ્લસ–૩ર જી.બી.) મોબાઈલનો ઉલ્લેખ કરેલ છે તેની મને કોઈ જાત માહિતી નથી. હું જે ૧૬૪–મુજબનુ નિવેદન આપવા સોનગઢ કોર્ટમાં ગયેલ તે અગાઉ પોલીસે મને મારા નિવેદન મુજબ નામદાર કોર્ટમાં જવાબ આપવાનો છે તેવુ કહેલ તેથી મેં તે મુજબનો નામદાર સોનગઢ કોર્ટમાં જવાબ આપેલ. સોનગઢ કોર્ટમાં ૧૬૪–મુજબનુ નિવેદન આપવા મારે બપોર બાદ જવાનુ થયેલ. પોલીસે જયારે શરૂઆતમાં મારી પુછપરછ કરેલ ત્યારે મારી પુછપરછ કરી લખાણ કરેલ નહીં પરંતુ પુછપરછ કરી મને મોકલી આપેલ હોવાનુ કબુલ રાખેલ છે.

જયારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબ નિવેદનમાં (આંક–પ૦) પણ સરતપાસમાં જણાવેલ મુજબની હુબહુ જ હકીકત જણાવેલ છે વિશેષ કોઈ હકીકત જણાવેલ નથી.

તે જ રીતે સાહેદ નં.૮ આશીષભાઈ અર્જુનભાઈ ગામીત આંક –પ૧ થી તપાસેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેઓ સોનગઢ માં ભારત ઈલેકટ્રોનીકસ નામની દુકાન જે ઉમેદભાઈ ગામીત ધરાવે છે. તેમાં તેઓ ઓપો કંપનીના પ્રમોટર તરીકે સને–૨૦૧૮ થી ૨૦૨૨ સુધી કામ કરતા હતા. તેઓ દુકાન પર હતા ત્યારે આરોપી બલીરામ આવેલ અને ઓપો કંપની

નો મોબાઈલ ખરીદ કરેલ હોવાનુ જણાવેલ છે. જયારે ઉલટતપાસમાં મેં ઓપો કંપનીના પ્રમોટર તરીકે ૧૬૦૦ થી ૨૦૦૦ મોબાઈલ વેચેલા છે. મે આ મોબાઈલ કોને, કયારે, કઈ તારીખે અને કયા મોડલનો વેચેલ તેવુ યાદ નથી. મને બીલીરામ વિશેની માહિતી એટલે યાદ છે કેમકે તેનુ બીલ પોલીસે તપાસમાં આવેલ અને માંગેલ એટલે યાદ છે. હું મહેન્દ્રભાઈ રમણભાઈ કોંકણી પોલીસમાં નોકરી કરે છે તેમને હું ઓળખુ છુ તેઓ અમારા ગામના છે. મને જયારે પોલીસે પુછપરછ કરવા દુકાને આવેલ અને પોલીસ સ્ટેશને લઈ ગયેલ ત્યારે ત્યાં પોલીસ સ્ટેશને અને દુકાને આ મહેન્દ્રભાઈને જોયેલ નથી. આ મહેન્દ્રભાઈના પત્ની અમારા ગામમાં સરપંચના હોદદા માટે ઉભી રહેલી અને તેની સામે રાહુલ ગામીત સરપંચમાં ઉભા રહેલા. બલીરામ અને તેનુ કુટુંબ જે મહેન્દ્રભાઈની પત્નીના વિરૂઘ્ધના ગૃપનો પ્રચાર કરતા હતા. આ મહેન્દ્ર ભાઈને અને બીલરામ ૨૦૨૧ ની સાલ પહેલા જ તેમની વચ્ચે તે કારણે અણ બનાવ ચાલી રહેલ હતો. કોર્ટમાં લઈ ગયેલા ત્યારે મેં આ જે ૧૬૪–મુજબનુ નિવેદન નોંધાવેલ તે પોલીસના કહેવાથી નોંધાવેલ છે. હું મારી ઈચ્છાથી કોર્ટમાં ગયેલ નથી. પોલીસે મારૂ નિવેદન નોંધેલ તેના એક અઠવાડિયા બાદ કોર્ટમાં ગયેલ. હું જે ૧૬૪–મુજબનુ નિવેદન આપવા સોનગઢ કોર્ટમાં ગયેલ તે અગાઉ પોલીસે મને મારા નિવેદન મુજબ નામદાર કોર્ટમાં જવાબ આપવાનો છે તેવુ કહેલ તેથી મેં તે મુજબનો નામદાર સોનગઢ કોર્ટમાં જવાબ આપેલ આ મોબાઈલ સળગાવવામાં આવે તો સમગ્ર મોબાઈલ ન સળગે અમુક ભાગ રહી જાય. મોબાઈલનુ મધરબોર્ડ સળગે કે કેમ તે હું ન કહી શકુ. જો મોબાઈલ ને બેટરી સહિત સળગાવવામાં આવે તો તેની બેટરી ફાટી શકે હોવાનુ કબુલ રાખેલ છે.

આંક–પર થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબ નિવેદનમાં મહદઅંશે સરતપાસમાં જણાવેલ હકીકત મુજબની હુબહુ જ હકીકત જણાવેલ છે. આરોપીઓની સંડોવણી કરતો વિશેષ કોઈ પુરાવો આપેલ નથી.

ઉપરોકત ચારેય સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓ એ પોલીસના કહેવા મુજબ મેજીસ્ટ્રેટર રૂબરૂ નિવેદન તથા કોર્ટ રૂબરૂ જુબાની આપેલાનો પુરાવો આપેલ છે. આમ આવા પુરાવાથી આરોપીઓને આ ગુનામાં સંડોવણી કરતો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આવા પાયાવિહોણા પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૫૪)** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ કપીલાબેન મહેન્દ્રભાઈ કોંકણી(આરોપની બહેન) આંક–૬૧ તથા સાહેદ નં.૧૧ મહેન્દ્રભાઈ દેવજીભાઈ કોંકણી (આરોપીની બહેનના પતિ) આંક–૬૨ થી તપાસેલ છે. આ સાહેદોએ પોતાના સોંગદ પરના પુરાવામાં તેઓએ પાંચ–છ વર્ષ પહેલા સોનગઢ દેવજીપુરામાં છન્યાભાઈ ચામડીયાભાઈ ગામીતનુ ભાડાનુ મકાન રાખેલ. તે મકાન અમે પહેલુ લોકડાઉન આવેલ ત્યારે ખાલી કરી નાંખેલ. અગાઉ અમે સોનગઢ રહેતા હતા પણ કોરોનાના કારણે અમે મોટા તારપાડા રહેવા જતા રહેલા. મકાનની ચાવી કદી હાલના આરોપીને આપેલી ન હોવાનો પુરાવો આપેલ છે.

*આ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને કે પોલીસ તપાસ દરમ્યાન લેવામાં આવેલ પોલીસ નિવેદનની હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલો નથી. જેથી ફરિયાદપક્ષે તેઓને **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરેલ છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે. ત્યારબાદ પણ આ સાહેદે પોલીસ નિવેદનની હકીકતને કે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલો નથી.*

જયારે બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં અમારા આંબા ગામની જે ચુંટણી હતી તેમાં મહેન્દ્રભાઈની પત્નીની વિરૂધ્ધ તારાચંદભાઈ ઉભા હતા તેને મારો ભાઈ અને તેના ઘરના સમર્થન આપતા હતા. મહેન્દ્રભાઈના પત્ની તે ચુંટણીમાં હારી જતા તેમને એવુ લાગેલ કે, જો મારો ભાઈ અને કુટુંબે તેમની પત્નીને સમર્થન આપેલ હોત તો તેઓ તે ચુંટણીમાં જીતી જાત. **<u>પોલીસ સ્ટેશનમાં મને મહેન્દ્રભાઈએ એવુ કહેલ કે, જો તમે ચાવી બલીરામને નથી આપતા તેવુ જણાંવશો તો તમારૂ ઘર છે તેથી તમને સહઆરોપી તરીકે ફીટ કરી દઈશુ.</u>** મારા પોલીસ નિવેદનમાં આ પોલીસ અધિકારીએ શું લખેલ છે તેની મને ખબર નથી. મને નિવેદન વાંચવા આપેલ નથી. સાહેદ જણાવે છે કે, મેં નિવેદન વાંચવા માંગેલ પણ મને કહેલ કે, જો નિવેદન માંગીશ તો તને સસપેંડ કરાવી દઈશુ. આરોપીઓ કદી મારા ઘરે આવીને રહેલા નથી. અમે જે ભાડાના મકાનમાં રહેતા હતા તે દેવજીપુરામાં આજુબાજુમાં ઘણાં મકાનો આવેલા છે. અમારા ઘરમાં કોઈ આવે અને જાય તો અમારા પડોશીઓને ખબર પડે હોવાનુ કબુલ રાખેલ છે.

આમ ઉપરોકત બંને સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કે પોલીસ નિવેદનની હકીકતને સમર્થન કરેલ નથી. ઉલટાનુ ફરીયાદપક્ષના કેસથી વિરૂધ્ધની હકીકત આ સાહેદોના પુરાવાથી આવેલ છે. આમ આ સાહેદોના પુરાવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

તે જ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ છનીયાભાઈ ચામડીયાભાઈ ગામીત(મકાન માલીક) આંક-૬૩ થી સોંગદ પર તપાસેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ જે મકાનમાં બનાવ બનેલ તે મકાનના માલીક છે. આ સાહેદે સરતપાસમાં આ મકાન મહેન્દ્રભાઈએ બીજીવારનુ કોરોનાનુ લોક

ડાઉન થયેલ ત્યારે ખાલી કરી દીધેલુ. તેમના મકાનમાં કઈ બનેલ હોય તેની ખબર ન હોવાનુ જણાવેલ છે.

જયારે ઉલટતપાસમાં મકાનની આજુબાજુ બીજા મકાનો આવેલા છે જેમાં બધા માણસો રહે છે. મકાનમાં કોઈ આવજા કરે અને રહે તો આજુ બાજુવાળાને ખબર પડે. કોરોનાનુ બીજુ લોકડાઉન જે એપ્રીલ–૨૦૨૧ થી શરૂ થયેલ ત્યારે મહેન્દ્રભાઈએ મારૂ મકાન ખાલી કરી દીધેલ હતુ. ડિસેમ્બર–૨૦૨૧ માં મહેન્દ્રભાઈ મારા મકાનમાં રહેતા ન હોવાનુ કબુલ રાખેલ છે.

આમ ઉપરોકત સાહેદના પુરાવાથી આરોપીઓને આ ગુનામાં સંડોવણી કરતો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આવા પાયાવિહોણા પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

તે જ રીતે ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ નં.૧૩ મહીમાબેન પરમેલભાઈ વળવી (તલાટી કમ મંત્રી) આંક–૬૮ થી તપાસેલ છે. આ સાહેદે બનાવ વાળી જગ્યાની સ્થળ ચકાસણી કરેલ અને તે સ્થળના ૭/૧૨ ના ઉતારાની નકલ પોલીસને આપેલ તે સિવાય અન્ય કોઈ હકીકત જણાવતા નથી. આમ આ સાહેદે પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીની હકીકત જણાવેલ છે. જેથી આ સાહેદના પુરાવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૫૫) ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ અજયસિંહ જશવંતસિંહ રાઠોડ આંક–૭૦ થી તપાસેલ છે આ સાહેદ ગુનાવાળી જગ્યા(મકાન) નો નકશો તૈયાર કરનાર સાહેદ છે તથા સાહેદ નં.૧૬ પ્રતાપભાઈ પોપટભાઈ મેર આંક–૮૭ થી તપાસેલ છે. આ સાહેદ ગુનાવાળી જગ્યા(ખેતર)નો નકશો તૈયાર કરનાર સાહેદ છે. આ બંને સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનુ વર્ણન કરેલ છે, તે સિવાય અન્ય ફરીયાદપક્ષના કેસને મદદરૂપ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ આ ફોર્મલ સાહેદો છે. આ સાહેદોના પુરાવાથી

આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તે મતલબનો લેશમાત્ર હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૫૬)** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ ભરતભાઈ સખારામભાઈ કોંકણી આંક-૯૦ તથા સાહેદ નં.૧૮ હર્ષાબેન સુભાષભાઈ કોંકણી આંક-૯૫ થી સોંગદ પર તપાસેલ છે. આ બંને સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કે ફરીયાદની હકીકતો ને સમર્થન આપેલ નથી. જેથી વિ.સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે અને ત્યાર પછીની જુબાનીમાં પણ આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કે ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ આ સાહેદોના પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**<u>પંચસાહેદોનો પુરાવો:-</u>**

**(૫૭)** ફરીયાદપક્ષે સાહેદ નં.૨૩ પંચ સાહેદ સતીષભાઈ જયંતિભાઈ બગથરીયાભાઈ આંક-૧૨૩ થી તપાસેલ છે. આ પંચ આંક-૧૨૪ થી આરોપીની અટક તથા શરીર સ્થિતિ, આંક-૧૨૫ થી ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ તથા આંક-૧૨૬ ગુનાવાળી જગ્યા તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૧૦ ના પંચનામાના પંચ સાહેદ છે.

તે જ રીતે સાહેદ નં.૨૪ પંચ સાહેદ કિશોરભાઈ અમરસિંહ ભાઈ સોંદરવા આંક-૧૩૭ થી તપાસેલ છે. આ પંચ સાહેદ આંક-૧૩૮ થી રીસ્ટ્રકશન પં ચનામુ, આંક-૧૩૯ થી આરોપી પાસેથી મળી આવેલ સીમકાર્ડ, આંક-૧૪૦ થી વીડીયોગ્રાફીની ડી.વી.ડી. કબજે કર્યાનુ પંચનામાનાના પચસાહેદ છે.

તે જ રીતે સાહેદ નં.૨૫ પંચ સાહેદ હિતેશભાઈ કિશોરભાઈ શાહ આં ક-૧૪૨ થી તપાસેલ છે. આ પંચ સાહેદ આંક-૧૪૩ તથા ૧૪૪ થી પુરાવા

અધિનિયમ કુમલ–૨૭ મુજબનુ ડિસ્કવરી પંચનામુ (મોબાઈલ તથા મો.સા. , આરોપીની ઘરની ઝડતી તથા આરોપીએ ગુનો કરતી વખતે પહેરેલ કપડા), આંક–૧૪૫ થી ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ થી ૨૮ ના પંચનામાની કાપલીઓમાં સહી કર્યાના પંચ સાહેદ છે.

વધુમાં આ કામે તપાસ કરનાર અમલદારના આંક–૧૬૭ ના પુરાવામાં માત્ર સદર બાબતનુ પંચનામુ પંચના લખાવ્યા મુજબ લખેલાનુ જણાવેલ છે અને ફરીયાદની હકીકત મુજબની પંચનામાની હકીકત જણાવે છે. અલબત તેટલા માત્રથી પંચનામાના કન્ટેન્સ પુરવાર કરતા નથી. આમ ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ છે.

આ કામે ઉપરોકત પંચ સાહેદો રૂબરૂ પંચનામાઓ કરેલાની હકીકત રેકર્ડ પર આવે છે પરંતુ માત્ર પંચનામાની વિગતો રજુ થયેથી પંચનામાઓ સહાયક પુરાવો હોય મુખ્ય સાહેદ ભોગબનનાર, ભોગબનનારના માતાપિતા તથા તેણીના મિત્રના જેવા મુખ્ય સાહેદોના પુરાવાની ગેરહાજરીમાં પંચનામાઓના પુરાવાથી જ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર થઈ શકે નહી. જેથી સદર પંચનામાઓનો પુરાવો ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ નિર્ણાયક બની રહેલ નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો:–</u>**

**(૫૮)** ફરીયાદપક્ષે સાહેદ નં.૨૨ પૂર્વા વ્રજેશભાઈ ઘનેશા(ફરીયાદ નોંધનાર) આંક–૧૧૨ થી તપાસેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ સાહેદ પોલીસ સાહેદ છે. તેઓને સોનગઢ પોલીસ સ્ટેશનથી પી.એસ.ઓ. ફોન કરીને જણાવેલ કે, તમો તાત્કાલીક સિવીલ ડ્રેસમાં સોનગઢ પો.સ્ટે. આવો સાહેબ બોલાવે છે. તેથી તેઓ સોનગઢ પોલીસ સ્ટેશન સિવિલ ડ્રેસમાં ગયેલ. પી.આઈ.શ્રી એન.એસ.ચૌહાણને ચેમ્બરમાં મળેલ અને જણાવેલ કે,

તમારે પોકસોની ફરીયાદ લેવાની છે. તેથી ભોગ બનનાર તેમજ તેની માતા તથા પિતા તથા વુ.પો.કોન્સ મીનાબેન બાબલાભાઇ, બ.નં.૭૮૪ નાઓ ત્યાં હાજર હોય અમોએ ભોગબનનારને પૂછપરછ કરી તેણી એ લખાવ્યા મુજબની ફરીયાદ કોમ્પ્યુટરમાં લખી લીધેલ.જે આ કામે આંક–૧૪ થી રજુ છે. જયારે ઉલટતપાસમાં ફરીયાદ ગુનો રજીસ્ટર્ડ કરવા મેં આપેલી તે સિવાય બીજુ કંઈ હું જાણતી નથી.

આ સાહેદે માત્ર ફરીયાદ નોંધ્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી. માત્ર ફરજના ભાગરૂપે કરેલ કામગીરી કર્યા મુજબની હકીકત જણાવેલ છે. જેથી આ પોલીસ સાહેદના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાં કળી દોષિત ઠરાવી શકાય નહી.

**(૫૯)** તે જ રીતે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં–૨૬ થી નગીનભાઈ દલા ભાઇ ચૌધરીને આંક–૧૬૩ (પી.એસ.ઓ.) તેમજ તપાસ કરનાર અધિકારી નયનભાઈ સુરેશભાઈ ચૌહાણ આંક–૧૬૭ તથા બીજા તપાસ કરનાર અમલદાર રામજી લક્ષ્મણભાઈ માવાણી આંક–૧૭૪ થી તપાસવામાં આવેલ છે. સદર પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, સાહેદ નં.૨૬ નાએ ફરજ દરમ્યાન આ કામે ફરીયાદીએ પી.વી.ધનેશા રૂબરૂ ફરીયાદ આપેલ તે ફરીયાદ તેઓએ નિયમ નમુનામાં ઓનલાઇન રજીસ્ટર કરવા સારૂ આપત તે ફરીયાદ રજીસ્ટર્ડ કરેલ. જેની જાણ તેમના ઉપલી અધિકારીને કરેલ. બાદ તપાસ કરનાર અધિકારી તરફથી આ કામે તપાસ સંભાળીને લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલાનુ સમર્થન કરે છે. ફરીયાદી, ભોગબનનારના માતાપિતા, ભોગબનનારના મિત્ર તથા સાહેદોના ૧૬૪ મુજબના નિવેદન લેવા માટે તજવીજ કરેલી અને પુરતા પુરાવા મળી આવતા આરોપીઓ સામે ચાર્જશીટ કરેલાનુ જાહેર કરેલ છે. તેઓ તરફે કરેલ કાર્યવાહીના સમર્થનરૂપ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરેલ છે. મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આરોપીઓ તર્ફે ની ઉલટતપાસમાં તપાસ અમલદારની તપાસની મહત્વની

ખામી નીકળી આવેલ છે. જે ધ્યાને લેતાં, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે ફરજના ભાગરૂપે કરેલ કામીગીરીને સમર્થન કરેલ છે. પરંતુ આ કામે બનાવમાં મહત્વના સાહેદ ભોગબનનાર દ્વારા ફરીયાદપક્ષના કેસ અનુરૂપ સમર્થન આપવામાં આવેલ ન હોય તપાસનીશ અધિકારીની ઉપરોક્ત જુબાની સ્વતંત્ર રીતે આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુનાનો તહોમત પુરવાર કરવા પર્યાપ્ત હોવાનું સ્વીકારી શકાય તેમ નથી.

(૬૦) સદર ગુનાના કામે એફ.આઈ.આર. આશરે ૭ મહિના બાદ કરવામાં આવેલ છે અને તેમ છતાં વિલંબ અંગે કોઈ વાજબી કારણ દર્શવવામાં આવેલ નથી. આરોપીઓ સોનગઢમાં મોબાઈલની દુકાને ગયેલા તેના માલીક તથા ત્યાં કામ કરનાર સાહેદને તપાસેલ છે. પરંતુ આ પુરાવો ફરીયાદપક્ષના કેસને મજબુત બનાવતો નથી. ત.ક.અમલદાર ધ્વારા સી.સી.ટી.વી કબજે કરેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. હાલના ગુનાના કામે આઈ.ટી એકટ ની કલમ લગાવવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ તરફથી તે મુજબનો કોઈ પુરાવો રેકોર્ડ પર આવેલ નથી. આરોપીના ખેતરમાં બનાવેલ ઝુપડા પાસે મોબાઇલના જે બળી ગયેલ હાલતમાં પાર્ટ મળી આવેલ તે જગ્યાના માલીકી દર્શાવતા અંગેના કોઇ પુરાવા રજુ રાખેલ નથી. બળી ગયેલા પાર્ટ મળી આવેલ છે તે મોબાઇલ આરોપીના કબજાનો હતો કે કેમ? તેમજ આજ મોબાઇલમાં ભોગબનનારના વીડીયો તથા નગ્ન ફોટા ઉતારેલ હતા તેવુ પણ આંક--૧૯૬ થી રજુ એફ.એલ.એલ.ના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં કોઈ ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ કે તેના ભાગો જોવા મળેલ નથી અને આ સિવાય મોડલ/સિરિયલ નંબર કે અન્ય માહિતી મળેલ નથી અને બળેલ અવશેષો ઘણા પ્રમાણમાં બળેલ હોવાથી તે બળેલ-અર્ધ બળેલ અવશેષોમાં રહેલ બળેલ મોબાઈલ ફોનના જ ભાગો છે કે કેમ? એ સ્પષ્ટ કહી શકાય નહીં.

આમ જે ફોટા અને વિડીયો ઉતારેલાની વાત છે તેવા કોઈ ફોટા કે વિડિયો મળેલા નથી. ભોગબનનાર અને આરોપી નં.1 બલીરામ વચ્ચે કોઈ ચેટીંગ થયેલ છે કે કેમ? જેના Examination Report FSL દ્વારા રીસલ્ટમાં એવુ સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે ભોગબનનાર અને આરોપી નં.૧નાઓ વચ્ચે કોઈ કોલ મેસેજ થયેલ નથી. ફરીયાદપક્ષે આરોપી બનાવ સમયે જે તે સ્થળ

પર હાજર હોય તેવા કોઇ લોકેશન ડીટેલ્સ રજુ રાખેલ નથી જે કેસને નબળો બનાવે છે. મેડીકલ ઓફીસર સમક્ષ ભોગબનનારના પિતાએ હીસ્ટ્રી લખી આપેલ છે. તા.૩૧/૦૫/૨૦૨૧ થી તા.૨૭/૦૬/૨૦૨૧ સુધી ભોગ બનનાર એ પોતાના પાસેના મોબાઇલથી આમીર સાથે કુલ–૧૯૪ વખત વાતચીત થયેલ છે તે દિશામાં કોઈ તપાસ કરેલ નથી. ભોગબનનાર ૨૦૨૧ ના વર્ષમાં હાલનો ગુનો જાહેર કરવાના એક મહિના પહેલા ઘર છોડીને સુનિલ છગન નામના વ્યક્તિ પાસે જતી રહેલ તે તે દિશામાં કોઈ તપાસ કરેલ નથી. વધુમાં હાલના આરોપીઓ એ ગામમાં ચૂંટણી થયેલ ત્યારે તારાચંદ કોંકણીના પક્ષને મદદ કરતાં હતા અને ભોગબનનારનો પરિવાર મનીષાબેન ને સાથ સહકાર આપતા હતા અને મનીષાબેન ના પતિ મહેન્દ્રભાઈ પોલીસમાં નોકરી કરતા હોવાનુ રેકર્ડ પર આવેલ છે. સોનગઢ પો.સ્ટે ફરિયાદ આપવા ગામના સરપંચ સાથે ગયેલા અને ચર્ચા વિચારણા કરીને ફરિયાદ આપેલ હતી. આમ સદર કામે રેકર્ડ ઉપરના સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનુ તુલનાત્મક મૂલ્યાંકન, વિશ્લેષણ તથા ઝીણવટપૂર્વકનો અભ્યાસ કરતા રેકર્ડ ઉપર મહત્વના કોન્ટ્રાડીકશનો આવે છે, જે પુરાવાની વિશ્વસનીયતા ઘટાડે છે અને ઉપર ચર્ચા કરી તે અનુસાર ફરીયાદની હકીકત શંકાસ્પદ હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે.

ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે., જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતુ જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતુ સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા

થાય છે અને તેથી જ તમામ સુસંસ્કૃત સમાજમાં આરોપી સામેનુ તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે, તેવો સિધ્ધાંત આપનાવવા માં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકિકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપી ને મળવો જોઈએ, એક શંકા એક માનસિક ગ્રંથી છે, જેના પાયામાં તર્ક નહી પરંતુ માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનુ પરીણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણ કે ખોટા મૂલ્યાંકનના કારણે ન થાય અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુનો સાબિત થાય તે આવશ્યક છે કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતની સ્વતંત્રતા ઉપર તરાપ સમાન છે.

**(૬૧)** આમ, ભોગબનનાર, તેણીના માતાપિતા, તેણીના મિત્ર, અન્ય સાહેદોની જુબાની તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૬૪ મુજબના નિવેદનો જેવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલો છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંક રીતે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે જેથી **મુદ્દા નં-૨ નો નિર્ણય નકારમાં** ઠરાવવામાં આવે છે અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**- : : <u>આખરી હુકમ : :</u> -**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)મુજબ આરોપી નં.૧ **બલી રામભાઈ ગમનભાઈ ઉર્ફે ગમુભાઈ કોંકણી,** આરોપી નં.૨ **અનિતાબેન ઉર્ફે અનુબેન વા/ઓ બલીરામ કોંકણી,** બંને રહે. આંબા, તા.સોનગઢ, જી. તાપી ને ઇ.પી.કો.કલમ-૩૭૬ (૨) (એન), ૩૫૪ એ (૧) (।) (।।) (।।।),૩૫૪ (બી), ૫૦૬(૧), ૧૧૪ તથા પોક્સો એકટની કલમ-૬,

૧૦, ૧૪, ૧૭ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(ઇ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી મુજબનો બિન કિંમતી કપડાનો અપીલ સમય પુરો થયા બાદ, અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરીને નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓ જામીન મુકત હોય તેઓના જામીનખત રદ કરવા.

(૪) હાલના કામે જો અપીલ થાય તો એપેલેન્ટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ૦૬ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા ક્રિ.પ્રો. કોડ ની કલમ ૪૩૭ મુજબના રજુ કરવા.

સદર હુકમ આજરોજ તારીખ–૨૦ , માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૨૦/૦૬/૨૦૨૬
સ્થળ: તાપી, મુ: વ્યારા.

(એ.બી.ભોજક)
સ્પે.જજ **(પોક્સો)** અને
અધિક સેશન્સ જજ,
તાપી, મુ:વ્યારા.
(જી.જે–૦૦૪૭૬)

*// P.S.PATEL //*